श्री जिनाय नमः

श्रीरत्नमंदिरगणी कृत

उपदेशतरंगिणी

आ अमूल्य ग्रंथमां विविधोपदेशमय जेमां पांच तरंगोनुं मूलसहित भाषांतर.

आ ग्रंथमां अनेक प्रकारना अपूर्व विषयोनो समावेश होवाथी समस्तचतुर्विध श्रीसंघने अवश्य वांचवा जाणवा माटे घणोज उपयोगी जाणीने.

श्रावक. शा० भीमसिंह माणकें.

मुंबापुरीमध्ये

निर्णयसागर नामक मुद्रायंत्रमां मुद्रित कराव्यो.

वीर संवंत २४२७

वीक्रम सवंत १९५७

वैशाख शुदि ३ रवै.

प्रस्तावना.

सर्व सुज्ञ जैन बांधवोने मालुम थाय जे आ उपदेशतरंगिणी नामना अतिमनोहर ग्रंथनुं गुजराती जाषांतर छपावी प्रसिद्ध करवानो अमारो घणां वर्षो थयां विचार हतो पण केटलीक अगवडोने लीधे ते कार्य मूलतवी रह्युं हतुं. पण हालमां तेनुं आ गुजराती जाषांतर छपावी अमोए प्रसिद्ध करेलुं छे. आ ग्रंथना कर्ता श्री रत्नमंदिरगणी जीए तेना पांच तरंगो कर्या छे. पेहेला तरंगमां पांच प्रकारनां दानोनुं घणुंज रमणीक स्वरूप आपेलुं छे. तेम ते दरेक दानोनां स्पष्टी करण माटे मनोहर कथाउ आपीने घणाज उत्तम प्रकारथी तेनुं विवेचन करेलुं छे. बीजा तरंगमां जैनधर्मनां शास्त्रोमां कहेलां साते क्षेत्रोनुं घणाज खुलासाथी वर्णन करेलुं छे, तथा ते साते क्षेत्रोमां पोतानुं द्रव्य खरचवाथी केवो लाज थाय छे. ? ते सघलुं दृष्टांतो तथा पुरावाउ साथे स्पष्टरीते समजावेलुं छे. त्रीजो तरंग पूजा पंचासकनो छे. ते तरंगमा विविध प्रकारनी जिनपूजाउनुं स्वरूप तथा तेथी मलतां फलो मनोहर कथाउनी साथे समजावेलां छे. चोथा तरंगमां तीर्थयात्रानुं स्वरूप देखाडेलुं छे; अने ते साथे पूरातन कालमां जे जे महान जैनधर्मी शाहुकारोए अत्यंत द्रव्यखरचीने तीर्थ यात्राउ करेली छे, तेनुं लोकप्रिय वर्णन करवामां आवेलुं छे. पांचमो तरंग धर्मोपदेशरूप छे. तेमां विशेष प्रकारे जैन धर्म संबंधि अत्यंत रमणीक उपदेश कथाउ सहित आपेलो छे. एवी रीते आ ग्रंथ पांच तरंगोथी बनेलो छे. आ ग्रंथना कर्ता श्री रत्नमंदिरगणी तपगछमां थएला श्री सोमसुंदरसूरिजीना शिष्य श्री रत्नशेखरसूरिना शिष्य पंडित नंदिरत्न गणिना शिष्य हता.

तेउं महान् विद्वान् तथा इतिहासिक बाबतोथी वधारे माहित-
गार हता, एम आ तेमनो रचेलो ग्रंथ स्पष्ट रीते सूचवी आपे
छे. आ ग्रंथ एटलो तो उपयोगी तथा रसिक छे के तेनुं आ
जगोए बिलकुल वर्णन नहीं करतां अमो अमारा स्वधर्मी जैन-
बंधुउने ते समस्त ग्रंथ आद्यथी ते अंतसुधी वांची जवानीज
अमो जलामण करीए छीए. आ ग्रंथ उपदेशीक होवाथी ते
परम वैराग्यथी जरपूर बनेलो छे. अने तेथी एटलुंज कहेवुं बस
थशे के, दरेक जैन बंधुउए आ ग्रंथनुं मनन करवुं. आ ग्रंथ
वांचवाथी जैनधर्मनुं ज्ञान थवानी साथे जैनधर्ममां थएला म-
हान राजाउं तथा शाहुकारोना इतिहासिक वृत्तांतोनी पण मा-
हेतगारी मली शकशे. अने तेथी अमोने आशा छे के, दरेक
जैनबंधु आ ग्रंथ खरीद करी तेनो लाज लेशे. आ मूल ग्रंथ
संस्कृत जाषामां होवाथी, अने ते जाषानुं हालना समयमां सर्व
जैनबंधुउने जाणपणुं न होवाथी अमोए तेनुं गुजराती जाषांतर
छपावी प्रसिद्ध करेलुं छे. तेमां प्रमादथी के मतिदोषथी जो कंइ
विपरी के उत्सूत्र लखायुं होय ते " मिछामि फुक्कमं " इत्य-
लं विस्तरेण.

श्रावक. जीमसिंह माणेक.

અનુક્રમણિકા.

તરંગ પહેલો.

આંક.	વિષય.	પૃષ્ઠ.
१	मंगलाचरण.	१
२	पुरुषनुं माहात्म्य तथा रैवताचलनो महिमा.	२-३
३	नवखंडा पार्श्वनाथनुं वृत्तांत.	४
४	सेरिसक तीर्थनुं वृत्तांत.	५
५	तारंगदुर्गादिक तीर्थनुं वृत्तांत.	६
६	लक्ष्मीनुं माहात्म्य.	७
७	न्यायोपार्जित द्रव्यनुं निर्धन माणसनी जींदगीनुं वृ०	ए
८	दाननुं सामान्य स्वरूप.	११
ए	नव नंदोनुं तथा मम्मण शेठनुं वृत्तांत.	१२
१०	दाननी सफलतानो उपदेश.	१४
११	सुपात्र दाननुं स्वरूप.	१५
१२	सुपात्रदानपर युधिष्ठरराजानुं दृष्टांत.	१६
१३	दाननां दश हेतुउनुं स्वरूप.	१७
१४	अभयदाननुं स्वरूप.	१ए
१५	अभयदानपर शांतिनाथ प्रभुनुं दृष्टांत.	२१
१६	अभयदानपर सुमेरु हाथीनुं दृष्टांत.	२२
१७	अभयदानपर आरामिकनुं दृष्टांत.	२३
१८	अभयदानपर अवंति सुकुमालनुं दृष्टांत.	२४
१ए	अभयदानपर अभयकुमारनुं दृष्टांत	२५
२०	जीवहिंसापर माधव गोवालीआनुं दृष्टांत.	२६
२१	सुपात्र दाननो महिमा.	२७

२२ सुपात्र दानपर चंदनबालानुं तथा मूल देवनो दृष्टांत. २९
२३ सुपात्र दानपर बे ब्राह्मणोनुं दृष्टांत. ३०
२४ सुपात्र दानपर रथकार मृगनुं दृष्टांत. ३०
२५ सुपात्र दानपर धनसार व्यवहारीनुं दृष्टांत. ३१
२६ दान आपी तेनां प्रत्युपकारनी इच्छा न राखवाविषे दृ० ३२
२७ मुधाजीवी मुनीनुं दृष्टांत. अनुकंपादाननुं स्वरूप. ३३।३४
२८ अन्नदानपर रामचंद्रजीनुं दृष्टांत. ३५
२९ जगडुशाह शेठनुं दृष्टांत. ३६
३० विक्रम राजानुं दृष्टांत तथा उचीतदाननो स्वरूप.... ३८
३१ सिद्धराज अने श्रीपालकविनुं दृष्टांत. ३९
३२ सिद्धसेन दिवाकरनुं वृत्तांत..... .... ३९
३३ कीर्तिदाननुं स्वरूप तथा कीर्तिदानपरविक्रमराजानीक. ४२
३४ भोजराजा अने धनपालकविनुं दृष्टांत. ४६
३५ कीर्तिदानपर सिद्धराजनी तथा कुमारपाल राजानीक. ५०
३६ कीर्तिदानपर विशल देव राजानी कथा. ५२
३७ कीर्तिदानपर उदयसिंह राजानी. आम्रदेव मंत्रीनी क. ५३
३८ कीर्तिदानपर विमलशाह शेठनी कथा. ५५
३९ कीर्तिदानपर वस्तुपाल मंत्रीनी कथा. ५६
४० शालिगराजानुं दृष्टांत. ६३
४१ समराशाहनी कथा. ६४
४२ शील संबंधि उपदेश. ६५
४३ ब्रह्मचर्यव्रतपर जिनदासनी कथा. ७२
४४ तपसंबंधि उपदेश. ७३
४५ पादलिप्त सूरिअने नागार्जुननुं दृष्टांत. ७४
४६ भावनासंबंधि उपदेश. ७८

तरंग बीजो.

४७ सप्तक्षेत्रोपदेशस्वरूप तथा सालिग शेठनुं दृष्टांत. ८१

४८ जिनमंदिर बांधवामाटे आमराजानुं दृष्टांत. ८३
४९ कुमारपाल राजानुं दृष्टांत. ८४
५० संप्रति राजानी कथा. ८५
५१ जिनमंदिर बांधवामाटे सिद्धराज हांशी शरावीका दृ. ८७
५२ जीर्णोद्धार माटे सज्जन कोटवालनुं दृष्टांत. ८८
५३ पारस शेठनुं दृष्टांत. ८९
५४ विमलशाह शेठनी कथा. ९०
५५ जीर्णोद्धार माटे वस्तुपाल तेजपालनी कथा. ९३
५६ पेथडशाह तथा झांझण शाहनी कथा. ९७
५७ बाहडदे मंत्रीनुं दृष्टांत. ९८
५८ धनसार अने गुणसारनी कथा. १०२
५९ पौषध शालामाटे देदाशाहनी कथा. १०४
६० शांतु मंत्रीनी कथा. १०६
६१ आभडशाहनुं दृष्टांत. १०७
६२ जिनबिंबपर भरतचक्री तथा वस्तुपालनी कथा..... ११०
६३ भीमश्रावक तथा धनशाहनी कथा. १११
६४ समराशाह शेठ अने एक भाटनी कथा. ११२
६५ हांसी श्राविकानुं दृष्टांत. ११३
६६ जैनपुस्तकोपर पेथडशाहनुं दृष्टांत. ११५
६७ पंचपरमेष्टिनुं माहात्म्य. १२०
६८ परमेष्ठी मंत्रपर भीमाक शेठनी कथा..... .... १२४
६९ नीतिमार्गनो उपदेश. १२५
७० चतुर्विध संघनी पूजानो उपदेश संघपूजानो महिमा.१२७
७१ संघवात्सल्यपर धनाशाह शेठनी कथा..... .... १३३
७२ स्वामिवात्सल्यपर भरतचक्री तथा पुनड श्रावकनी कथा१३७
७३ आभुशेठ तथा झांझण शेठनी कथा.... .... १३८
७४ जगसिंहशाह विगेरेनां दृष्टांतो. १३९

तरंग त्रीजो.

७५ जिनपूजानुं माहात्म्य. १४१
७६ अंगपूजानुं स्वरूप. १४६
७७ दीपकपूजा पर स्वयंभू पूजारानुं दृष्टांत. १४९
७८ उंटणीनुं दृष्टांत. १५०
७९ जिणह कोटवालनी कथा. १५२
८० जिनपूजापर पेथडशाहनी कथा. १५५
८१ देवपालनी कथा..... .... १५६
८२ भील अने भीलडीनी कथा.... .... १५७
८३ नंदक अने भद्रक व्यापारीनी कथा. १५८
८४ सुंदर कुमारनी कथा. १६१
८५ पाल्हण राजानी कथा. १६२
८६ देवपाल शेठनुं दृष्टांत. १६३
८७ श्रीधरवणिकनी कथा. १६६
८८ दलीद्री डोशीनुं दृष्टांत. १६९
८९ साजणसिंह शेठनी कथा. १७१
९० परोपकारनुं स्वरूप. तथा धनसार शेठनी कथा.१७२-१७३
९१ वज्रकर्ण राजानी कथा. १७५
९२ आनंद अने कामदेवश्रावकनी तथा श्रीकृष्णनी कथा१८१
९३ जिनदास श्रावकनी कथा. १८४

तरंग चोथो.

९४ तीर्थयात्रानो उपदेश. १८५
९५ हेमाचार्य तथा कुमारपाल राजानी कथा. १८६
९६ धाराकशाह शेठनी कथा. १९०

तरंग पांचमो.

९७ धर्मोपदेशनुं स्वरूप. १९२
९८ धर्मोपदेशनो महिमा १९८

उपदेशतरंगिणी भाषांतर.

(कर्ता श्री रत्नमंदिरगणि)

श्रीनाभेयः स वो देया-दमेयाः परमा रमाः ॥
यन्नामध्यानतः सर्व-सिध्धयः स्युः स्वयंवराः ॥ १ ॥

अर्थ— श्री नाभि राजाना पुत्र प्रथम तीर्थंकर तमोने मापविनानी उत्कृष्ट लक्ष्मी आपो? के जे श्री नाभि राजाना पुत्रना नामना ध्यानथी सर्व सिध्धिउ पोतानी मेलेज आवीने वरे छे. ॥१॥

जेमना प्रभावना समूहोथी सर्प पण धरणेंद्र थएलो छे, ते श्री पार्श्वनाथ प्रभु भक्तिवंतोनी अत्यंत ऋध्धिमाटे थाउ?

श्री चंद्रमा सरखा सुंदर यशना समूहथी भरेल छे पृथ्वीनुं तल जेउए तथा मोक्षरूपी लक्ष्मीना मुकुट सरखा एवा श्रीवर्धमान प्रभुने हुं नमस्कार करुं छुं. (आ श्लोकमां कविए पोताना गुरु श्रीसोमसुंदर महाराज तथा श्री रत्नशेखर महाजने पण गर्भित नमस्कार कर्यो छे.)

जेनी कृपाथी जड माणस पण वृध्धवादीनी पेठे जगतमां पूजनीक थाय छे, ते सरस्वती देवी सज्जनोने आनंद आपो?

अमृतसरखी देशनाना रसथी मनोहर थएली, तथा मुनिराजोने पण माननीक एवी आ उपदेशतरंगिणी घणा कालसुधी जय पामो?

श्रीनंदिरत्नना शिष्य एवा श्री रत्नमंदिरगणी साधु हवे उपदेशरूपी मधथी प्राणीउने खुशी करे छे.

ते नीचे प्रमाणे—

वसुधाभरणं पुरुषः, पुरुषाभरणं प्रधानतरलक्ष्मीः॥
लक्ष्म्याभरणं दानं, दानाभरणं सुपात्रं च॥ १॥

अर्थ— पुरुष छे ते पृथ्वीनुं आभूषण छे, अने उत्तम लक्ष्मी ते पुरुषनुं आभूषण छे, लक्ष्मीनुं आभूषण दान छे, अने दाननुं आभूषण सुपात्र छे. ॥ १ ॥

परमार्थथी चतुर माणसोए पुरुषोनेज पृथ्वीना आभूषणरूप कहेला छे, केमके, जगतमां जे उत्तम भावो थाय छे, तेउ सघला उत्तम पुरुषना अवतारथी थाय छे. जेमके, पुरुषोमां सिंहसमान एवा तीर्थंकर महाराज ज्यारे विचरे छे, त्यारे आ पृथ्वी मणिना, सुवर्णना तथा रुपाना त्रण गढोवाली, चार द्वारवालां समोसरणवाली, देवोए करेलां सुवर्णमय कमलोवाली, घुंटणपर्यंत सुगंधि पुष्पोना समूहवाली, अशोकवृक्ष तथा सर्व ऋतुनी वनस्पति, पुष्प, तथा फलोना भारथी भूषित थाय छे, तेम मरकी, दुकाल, भय, ईतिउ, वैर, तथा रोग आदिकना उपद्रवो विनानी थाय छे. तेम चक्रवर्त्ती, तथा वासुदेव आदिक (त्रेसठ) शलाका पुरुषो राज्य करते छते नाना प्रकारनां नगरोनी स्थापना, मोटा मेहेलो, बगीचा, वावडी, कुवा, तलाव, किल्ला, खाइउ, कुंमो, परबो, मठो तथा देवमंदिरोथी पृथ्वी सुंदर थाय छे; तेम चोरोनी धाड, कुलटा स्त्रीउ, लुंटारानां टोलां आदिक दुष्टोनां कष्टोनी श्रेणिउथी रहित थइने मनोहर थाय छे. शास्त्रमां पण कह्युं छे के,

पुरिसेहिं रइय तित्थं, न हु पुरिसा हुंति तित्थरईयावि॥
इत्तो पवरं तित्थं, पुरिसं पभणंति सव्वण्णू॥ १॥
पुरिसाउ होइ तित्थं, न हुंति तित्थाउ तिहुअणे पुरिसा॥
सलिलाउ हवइ धणं, नो नीरं होइ धणाउ॥ २॥

अर्थ– एवी रीते तीर्थोने पण पुरुषोएज प्रवर्तावेलां छे. केमके, अतीत, अनागत अने वर्तमान कालमां अनेक सिद्धोने सिद्धपदनी प्राप्तिथी श्रीशत्रुंजय तीर्थनुं "श्रीसिद्धक्षेत्र तीर्थ" एवुं नाम प्रसिद्ध थयुं छे. कह्युं छे के.

उस्सप्पिणीइ पढमं, सिद्धो इह पढमचक्किपढमसुउ ॥
पढमजिणस्सय पढमो, गणहारो जत्थ पुंडरिउ ॥ १ ॥
चित्तस्स पुन्निमाए, समणाणं पंच कोडिपरिवरिउ ॥
निम्मलजसपुंडरियं, जयउ तयं पुंडरियतित्थम् ॥ २ ॥

अर्थ– आथी करीनेज हमणाना कालमां पण श्रीशत्रुंजय, सोपारक, वृद्ध नगर आदिक क्षेत्रोमां नाना प्रकारनां स्थानकोथी आवेला संघो चैत्री पुनेमने दिवसे पुष्प, दाम आदिकना दानपूर्वक सिद्धांतोमां कहेली विधिथी पूजा, ध्वजारोपण, घीनी धारावली, तथा प्रदक्षिणा आदिक महोत्सवो करे छे. वली कह्युं छे के, जे रायणना वृक्षनी नीचे नाभिराजाना पुत्र श्रीऋषभदेव प्रभु समोसर्या हता, ते रायणनुं वृक्ष वंदनिकपणाने प्राप्त थयुं छे. वली सारावलि प्रकीर्णकमां पण कह्युं छे के, नवाणु पूर्व वखत श्रीऋषभदेव प्रभु शत्रुंजयपर समोसर्या छे. एटले ६९८५४ ४०००००००००० वार समोसर्या छे.

तेम श्री रेवताचलजीनुं तीर्थ पण अनंता तीर्थंकरोनां त्रण कल्याणको थवाथी प्रख्यात थएलुं छे. कह्युं छे के,

दीक्षाकेवलनिर्वृत्ति-कल्याणत्रिकमनंततीर्थकृताम् ॥
युगपदथैकमभवत्, स जयति गिरिनारगिरिराजः १

श्री नेमीश्वर प्रभुनां ज्यां त्रण कल्याणको थयां हतां त्यां श्रीकृष्ण वासुदेवे त्रण प्रासादो कराव्यां हतां, तथा नाना प्रकारना प्रभाववाली राजीमती, सांब प्रद्युम्नकुमार, स्नात्र जलना

गलवाथी ज्रंगने प्राप्त थएली लेप्यमय प्रतिमाने जोवाथी खिन्न थएला रत्नसार श्रावके अंबिका देवीनुं आराधन कर्युं; त्यारे तेणीए श्री ब्रह्मेंद्रे बनावेली वज्रमयमूर्ति तेने आपी, अने तेणे ते मूर्तिने त्यां स्थापी; इत्यादि अनेक पूर्वे थइ गएला प्रधानपुरुषोना प्रज्ञावथी ते रैवताचल प्रसिद्धताने प्राप्त थयो, तथा सर्व दर्शनीउंथी जगतमां पूजावा लाग्यो. कह्युं छे के,

सारं सिद्धगिरेर्यदेव विदितं यन्नेमिनः स्वामिनः,
कंदर्पद्विपदर्पमर्द्दनहरेर्वीरावदातास्पदम् ॥
यन्निःसंख्यमहर्षिकेवलरमासंयोगसंकेतभू,
स्तीर्थश्रीगिरिनारनाम तदिदं दिष्ट्या नमस्कुर्महे १

अर्थ— जे श्रीगिरनार नामनुं तीर्थ सिद्धगिरिनो सार छे, तथा कामदेवरूपी हाथीना दर्पने नाश करवामां सिंहसमान एवा श्री नेमिनाथ प्रज्रुना वीरपणानुं स्थानक छे, तथा जे संख्याविनाना महान ऋषिउंनी केवलज्ञानरूपी स्त्रीना संयोगनी संकेतनी ज्रूमिसरखुं छे, एवा ते श्रीगिरनारजी नामना तीर्थने सारी रीते हुं नमुं छुं. वली तेमज श्री आबुजीनुं तीर्थ पण ज्ररतचक्रीए करावेला श्रीयुगादि प्रज्रुना प्रासाद तथा बिंबथी, तथा श्री नागेंद्रादिक आचार्योथी प्रतिष्ठित थएली श्री आदीश्वर प्रज्रुनी प्रतिमाना स्थापनथी, तथा श्रीविमलशा, वस्तुपाल आदिकोएं बनावेलां श्रीऋषज्रदेव, तथा नेमिनाथ प्रज्रुना प्रासाद आदिक पुण्यकार्योनी परंपराथी पृथ्वीमां प्रसिद्ध थएलुं छे. कह्युं छे के,

नागेंद्रचंद्रनिर्वृत्ति-विद्याधरप्रमुखसकलसंघेन ॥
अर्बुदकृतप्रतिष्ठो, युगादिजिनपुंगवो जयति ॥ १ ॥

तेवीज रीते नागहृदमां रहेलुं नवखंडापार्श्वनाथनुं तीर्थ पण जाणवुं. तेनुं वृत्तांत नीचे प्रमाणे छे.

चित्रकूटनो स्वामी श्री चित्रांगद राजा आघाटपुरत्तन जोवा माटे आव्यो हतो त्यां तेने रात्रिए स्वप्न आव्युं के, परवालां तथा मोतीना स्वस्तिकथी शोभिता थएला नागहृद नामना कुंडमां श्री पार्श्वनाथजीनी प्रतिमा छे. पछी ते कुंडमांथी ते प्रतिमाने तेणे कहाडीने नागहृद नामना नगरमां देहेरुं बांधीने तेमां स्थापन करी. हवे एक दहाडो ते नगरमां ते राजाना वंशनो सोम नामे राजा राज्य करतो हतो. त्यारे त्यां लडवा माटे योगिनी नामना नगरथी असुरोनुं लश्कर आव्युं. त्यारे ते सोम राजाए ते प्रतिमानुं पूजन कर्युं; त्यारे ते ते प्रतिमाना अधिष्ठायकथी अधिष्ठित शरीरवालो थइने लडवाने गयो; अने ते असुरोना सैन्यनो तेणे पराजय कर्यो. पण पोताना शरीरमां त्यां तलवारना नव घा वाग्या. पछी ज्यारे ते पाछो आव्यो, त्यारे तेणे पोताने अद्भुत शरीरवालो, तथा मूर्तिने नव टुकडावाली जोइ. त्यारे तेणे त्रण उपवास करीने देवतानुं आराधन कर्युं. पछी ते देवताए दीधेला स्वप्नने अनुसारे ते नवे टुकडाउने जोडीने तेणे प्रतिमाने सज्ज करी. अने तेथी महामहिमाना स्थानकरूप, तथा सर्व उपद्रवोने हरनारुं ते नवखंडा पार्श्वनाथनुं तीर्थ थयुं.

वली तेवीज रीते श्री अष्टापदना तीर्थने पण भरतचक्रीए प्रवर्ताव्युं छे. कह्युं छे के,

अष्टापदाद्रिशिखरे, निजनिजसंस्थानमानवर्णधराः ॥
भरतेश्वरनृपरचिताः, सद्रत्नमया जयंति जिनाः ॥१॥

तेवीज रीते सेरिसक तीर्थ पण जाणवुं, तेनुं वृत्तांत नीचे प्रमाणे जाणवुं.

देवचंद्र नामना क्षुल्लकने चक्रेश्वरी देवीए सर्व कार्योनी सिद्धिनुं वरदान आप्युं हतुं; तेणे त्रण भूमिवालुं एक अत्यंत सुंदर जिनमंदिर एक रात्रिमांज बनाव्युं. तथा तेमां श्री पार्श्वनाथ प्रभु

आदिक चोविसे जिनेश्वरोनी कायोत्सर्ग ध्यानमां रहेली प्रतिमाउने स्थापन करी. ते तीर्थ आ कलिकालमां पण अतुल्य प्रभाववालुं देखाय छे.

वली तेमज श्री कुमारपाल राजाए करावेलुं एवुं अत्यंत उंचा एवा श्री अजितनाथ प्रभुना प्रासादवालुं, अने सर्व लोकोना आनंदरूपी कंदने उत्पन्न करवामां नवीन मेघसरखुं श्री तारंगदुर्ग नामनुं तीर्थ पण प्रसिद्धज छे. तेमज मंडपाचलपर रहेला मोटा मंदिरवालुं तीर्थ पण प्रसिद्ध छे, के जेमां महा सती सीताए गोमयनी श्री पार्श्वनाथ प्रभुनी प्रतिमा बनावी हती, पण तेणीना शीलना माहात्म्यथी ते वज्रमय थइ गइ हती. वधारे शुं कहेवुं? जीरापल्ली, फलवर्धिक, कलिकुंड, कुक्कटेश्वर, पावक, आरासण, शंखेश्वर, रावण पार्श्वनाथ, वीणादीश्वर, चित्रकूट, आघाट, श्रीपूर, स्तंभनपार्श्व, राणकपुरनुं चौमुख प्रासाद, इत्यादिक अनेक तीर्थो के जे आ दुनीयापर हयात छे, थइ गयां छे, अने थवानां पण छे, ते ते सघलां तीर्थो, पुरुषोमां मुकुटसमान तथा पुरुषोमां इंद्र समान एवा प्रधानपुरुषोए प्रवर्तावेलां छे.पण कंइ पोतानी मेलेज उत्पन्न थयां नथी.वली एवुं पण कोइ तीर्थ सांभलाएलुं के जोवाएलुं नथी, के जेमांथी पुरुषो उत्पन्न थाय छे,आथी करीनेज पृथ्वीनुं आभूषण पुरुषज छे. कह्युं छे के,

हस्ती भाति मदेन कं जलरुहैः पूर्णेंदुना शर्वरी
वाणी व्याकरणेन हंसमिथुनैर्नद्यः सभा पंडितैः ॥
शीलेन प्रमदा जवेन तुरगो नित्योत्सवैर्मंदिरं
सत्पुत्रेण कुलं नृपेण नगरं लोकत्रयं धार्मिकैः॥ १ ॥

कारागृधावमृतं धने वितरणं वाणीविलासे श्रुतं
देहेऽन्योपकृतिः फलं वरतरौ वंशे च मुक्ताफलम् ॥

मृत्स्नायां कनकं सुमे परिमलः पंके पयोजं यथा
संसारे पुरुषायुषं निगदितं सारं तथा कोविदैः ॥२॥
गत्याऽघहत्या श्रुतसंयमाभ्यां,
सद्दानसद्ध्यानतपःक्रियाभिः ॥
अर्हत्पदज्ञानशिवर्द्धिभिश्च,
मानुष्यकं जन्म वरं सुरेभ्यः ॥ ३ ॥

वळी ते पुरुषोनुं आभूषण लक्ष्मीज छे. पण रूप अने कलादिक गुणो आभूषणरूप नथी. कह्युं छे के,

जाइरुवं विज्जातिन्नि, विनिवडंतु कंदरे विवरे ॥
अत्थुच्चिय परिवड्ढउ, जेण गुणा पायडा हुंति ॥१॥

वळी लक्ष्मीवान माणस अकुलिन होय तोपण उत्तम कुलनो, बन्ने कुलथी शुद्ध, एकसो एक कुलोनो उद्योत करनारो, बन्ने पक्षथी निर्मल राजहंसना अवतार सरखो गणाय छे; वळी ते कलाविनानो होय तोपण लक्ष्मीथी बहोंतेर कलानो जाण कहेवाय छे; वळी त्रीज के तेरस आदिकना भेदनुं जेने भान पण नथी, एवो पण पुरुष जो द्रव्यवालो होय तो चउद विद्यानो पारंगामी तथा बृहस्पति सरखो दुनियामां कहेवाय छे; कुरूपवालो होय तोपण उत्तम रूपवालो कामदेव सरखो, कालो होय तो कृष्णावतारवालो, ठींगणो होय तो वामन वासुदेवना अवतारवालो, उंचो होय तो घुंटणसुधि लांबा हाथवालो, लांबा कानोवालो होय तो चंपाना छोड जेवो, थोडुं बोलनारो होय तो मुखकमलमांथी कर्पूरनी चूरणने खरवावालो, बहुबोलो होय तो वाचाल चाणाक्य सरखो चकोर, थोडुं खातो होय तो देवांशी तथा पोपटनी पेठे आहार करनारो, घणुं खातो होय तो पूर्व भवे संपूर्ण दान देइने आवेलो अने तेथी पोतानी इच्छा प्र-

माणे भोजन करनारो, आलसु होय तो भाग्यशाली, उद्यमी होय तो साहसिकोमां शिरोमणि, लंगडो होय तो मनोहर हाथीना बच्चांसरखी लीलायुक्त गतिवालो, लोभीष्ट होय तो चिंतामणिनी पेठे गुप्त दान देनारो, पात्र अपात्रना विचार विनानो जो होय तो उदार चरित्रवालो तथा आषाढ मासना वरसादनी पेठे उंच नीच स्थाननो विचार कर्याविना दान देनारो, इत्यादि अनेक दूषणोना समूहवालो होय तो पण लक्ष्मीरूपी स्त्रीथी जे आलिंगित थयो छे, तेना दूषणोने पण लोको गुणपणाथीज जुए छे. कह्युं छे के,

विगुणमविगुणड्ढं रूवहीणं च रम्मम्
जडमवि मइमंतं मंदसत्तंपि सूरम् ॥
अकुलमविकुलीणं तं पयंपंति लोआ
नवकमलदललीणा जं पलोएइ लच्छी ॥ १ ॥
वयोवृद्धास्तपोवृद्धा, ये च वृद्धा बहुश्रुताः ॥
सर्वे ते धनवृद्धस्य, द्वारे तिष्टंति किंकराः ॥ २ ॥
वंद्यते यदवंद्योऽपि, यदपूज्योऽपि पूज्यते ॥
गम्यते यदगम्योऽपि, स प्रभावो धनस्य हि ॥३॥
यस्यास्ति वित्तं स नरः कुलीनः
स पंडितः स श्रुतवान् गुणज्ञः ॥
स एव वक्ता स च दर्शनीयः
सर्वे गुणाः कांचनमाश्रयंते ॥ ४ ॥
आलस्यं स्थिरतामुपैति भजते चापल्यमुद्योगितां
मूकत्वं मितभाषितां वितनुते मौग्ध्यं भवेदार्जवम् ॥
पात्राऽपात्रविचारसारविरहो यच्छत्युदारात्मतां ।
मातर्लक्ष्मि तव प्रसादवशतो दोषा अपि स्युर्गुणाः ॥

अर्थ– नवा कमलनां दलपर लीन थएली लक्ष्मी जेने जुए छे, ते माणस निर्गुणी होय तोपण गुणवान कहेवाय छे, तथा रूपविनानो होय तोपण मनोहर कहेवाय छे, मुर्ख होय तोपण बुद्धिवान कहेवाय छे, निर्बल होय तोपण शूरो कहेवाय छे, तथा अकुलिन होय तोपण लोको तेने कुलीन कहे छे. ॥ १ ॥ वयथी वृद्ध थएला, तपथी वृद्ध थएला, तथा घणा सिद्धांतो जाणीने तेमां जेउ वृद्ध थएला छे, ते सघलाउ धनथी वृद्ध थएलाउने बारणे चाकर थइने रहे छे. ॥ २ ॥ नहीं वांदवालायक पण जे वंदाय छे, नहीं पूजवालायक पण जे पूजाय छे, अगम्य पण जे गम्य थाय छे, ते सघलो द्रव्यनो प्रभाव छे. ॥३॥ जेनी पासे धन छे, ते माणस कुलीन, तेज पंडित, तेज शास्त्रवेत्ता, तेज गुणोने जाणनरो, तेज वाचाल तथा तेज जोवालायक थाय छे, माटे सर्वे गुणो धननो आश्रय करीने रहेला छे. ॥४॥ लक्ष्मीना प्रभावथी आलस स्थिरताने प्राप्त थाय छे, चपलता उद्योगपणाने प्राप्त थाय छे, मुंगापणुं मितभाषिपणाने विस्तारे छे, मुग्धपणुं आर्जवतारूप थाय छे, पात्र अपात्रनो विचार· उदारपणाने आपे छे, माटे हे लक्ष्मीदेवी! तमारी कृपाना वशथी दूषणो पण गुणरूप थाय छे. ॥ ५ ॥

हवे वधारे शुं कहेवुं? सर्व प्रकारोथी पुरुषोनुं आभूषण लक्ष्मीज छे. हवे ते लक्ष्मी पण जो न्यायथी उपार्जन करी होय, तोज ते वधारे उत्तम छे, पण अन्यायथी उपार्जन करेली लक्ष्मी उत्तम नथी. कह्युं छे के,

अन्यायसंभवा श्री-रन्यायेनैव याति सा नियतम् ॥
अर्जनहानिक्लेशः, केवलमवशिष्यते कुधियाम् ॥१॥

अर्थ– दुष्ट बुद्धि माणसोनी अन्यायथी उत्पन्न थएली ते

लक्ष्मी खरेखर अन्यायथीज चाली जाय छे, फक्त लक्ष्मीना कमावानो अने हानीनो क्लेशमात्र तेने तो बाकी रहे छे. ॥ १ ॥

अन्यायोपार्जितं वित्तं, दश वर्षाणि तिष्ठति ॥
प्राप्ते षोडशमे वर्षे, समूलं च विनश्यति ॥ २ ॥

अर्थ– अन्यायथी उपार्जन करेलुं धन फक्त दश वर्षोसुधिज रहे छे, पण शोलमुं वर्ष आवते छते ते मूल सहित नाश पामे छे.२

वली लक्ष्मीविनाना पुरुषोनां कुल, शील, लावण्य, रूप, तथा विद्यादिक गुणो पण दूषणपणाने प्राप्त थाय छे. कह्युं छे के,

साकारोऽपि सविद्योपि, निर्द्रव्यः क्वापि नार्थ्यते ॥
व्यक्ताक्षरः सुवृत्तोऽपि, द्रमः कूटो विवर्ज्यते ॥ १ ॥

अर्थ– उत्तमरूपवालो अने विद्वान एवो पण माणस जो धन रहित होय तो तेने लोको गणकारता नथी; केमके, प्रगट अक्षरवालो अने गोलाकारवालो पण खोटो पैसो वर्जी देवाय छे.॥१॥

वरं रेणुर्वरं भस्म, नष्टश्रीर्न पुनर्नरः ॥
मुक्त्वैनं दृश्यते पूजा, क्वापि पर्वणि पूर्वयोः ॥ २ ॥

अर्थ– धूल अने राख सारी छे, पण निर्धन पुरुष श्रेष्ठ नथी; केमके ते निर्धन पुरुषविना धूल अने राखनी कोइक पर्वमां पूजा थती देखाय छे. ॥ २ ॥

हवे निर्धन माणस जो उंचो होय तो ते थंभा सरखो, नीचो होय तो कुबडो, जो रुपालो होय तो आमवायुवालो, कालो होय तो वनमां रहेता भील सरखो, थोडुं खातो होय तो मंद, घणुं खानारो होय तो दुकालीउं, उदार होय तो उडाउ, आडंबरवालो होय तो दुराचारी, विनयी होय तो भीखारी, थोडुं बोलनारो होय तो मुंगो अने मूर्ख, वाचाल होय तो बहु बकबकीउं, क्षमावालो होय तो बीकण अने रांक अने शूरो होय

तो धाडपाडनारो कहेवाय छे; वधारे शुं कहेवुं? निर्धन माणस तो क्यांए पण पूजनीक थतो नथी. आथी करीनेज पुरुषनुं आभूषण उत्तम लक्ष्मी कहेली छे.

हवे लक्ष्मीनुं आभूषण दान छे. कह्युं छे के,

काव्येनेव कविर्धियेव सचिवो न्यायेन भूमीधवः
शौर्येणेव भटो ह्रियेव कुलजः सत्येव गेहस्थितिः ॥
शीलेनैव तपस्विषेव सविता विद्ययेव आध्यात्मवान्,
वेगेनेव हयो दृशेव वदनं दानेन लक्ष्मीस्तथा ॥१॥

अर्थ– काव्यथी जेम कवि, बुद्धिथी जेम मंत्री, न्यायथी जेम राजा, शूरापणाथी जेम सुभट, लज्जाथी जेम कुलपुत्र, सती स्त्रीथी जेम घरनी स्थिति, शीलथी जेम तप, कांतिथी जेम सूर्य, ज्ञानथी जेम अध्यात्मी, वेगथी जेम घोडो, तथा आंखथी जेम मुख तेम दानथी लक्ष्मी शोभे छे. ॥ १ ॥

वली दानविना लक्ष्मीनो नाश पण संभलाय छे; कह्युं छे के,

श्रीवृद्धिर्नखवच्छेद्या, न धार्यैव कदाचन ॥
प्रमादात्स्खलिते क्वापि, समूलापि विनश्यति ॥१॥

अर्थ– लक्ष्मीनी वृद्धिने नखनी पेठे छेदवी; पण तेने संची राखवी नहीं; केमके, प्रमादथी स्खलना होते छते ते समूली नाश पामे छे. ॥ १ ॥

दानं भोगो नाश-स्तिस्रो गतयो भवंति वित्तस्य ॥
यो न ददाति न भुंक्ते, तस्य तृतीया गतिर्भवति ॥ २ ॥

अर्थ– दान, भोग अने नाश एम त्रण गतिउ धननी छे; माटे जे दान देतो नथी के भोगवतो नथी, तेना धननी त्रीजी गति एटले नाश थाय छे. ॥ २ ॥

आयामशतलब्धस्य, प्राणेभ्योऽपि गरीयसः ॥
गतिरेकैव वित्तस्य, दानमन्या विपत्तयः ॥ ३ ॥

अर्थ– सेंकडोगमे प्रयासथी मळेला तथा प्राणोथी पण वहाला एवा धननी दानरूपज एक उत्तम गति छे, बाकी तो विपत्तिरूप गतिउं छे. ॥ ३ ॥

दातव्यं भोक्तव्यं, सति धने संचयो न कर्तव्यः ॥
पश्येह मधुकरीणां, संचितमर्थं हरंत्यन्ये ॥ ४ ॥

अर्थ– धन होते छते तेनुं दान देवुं, तथा तेने भोगववुं, पण संचय करी राखवो नहीं; केमके, जुउं? के अहीं भमरीउंए एकठां करेलां धनने (मधने) बीजाउं हरी जाय छे. ॥ ४ ॥

एवी रीते सर्व प्रकारथी विचार करतां थकां लक्ष्मीने शोभावनारुं दानज छे. कह्युं छे के,

सारं तदेव सारं, नियोज्यतेयज्जिनेंद्रभवनादौ ॥
अपरंपुनरफलं, पृथ्वीमलखंडपिंडं वा ॥ १ ॥

अर्थ– जे धनने जिनभुवनादिकमां जोडवामां आवे तेज धन उत्तम छे, पण बीजुं तो पृथ्वीना मेलना खंड अथवा पिंड सरखुं धन निष्फल छे. ॥ १ ॥

दानरूपी आभूषण विना लक्ष्मीने पाषाणना मेलरूपज जाणवी. जेम पूर्वे पाटलीपुत्र नामना नगरमां नव नंद नामना राजा थया हता; तेउं अत्यंत कृपण होवाथी तेउंए लोकोपर कर नाखीने तथा तेउंने पीडीने घणुं धन एकवुं कर्युं हतुं तथा ते धनना तेउंए सुवर्णना नव डुंगरो कर्या हता. पण तेउंना अभाग्यना योगथी ते डुंगरो पाषाणरूप थइ गया. अने आजे पण ते डुंगरो पाटलीपुरपासे गंगाना कांठापर पीला पत्थरना देखाय छे.

तेमज रंक श्रेष्ठिनी संपूर्ण लक्ष्मी पातालमां लुप्त थइ गइ छे. तेमज राजगृही नगरीमां रहेता मम्मण शेठे अत्यंत लक्ष्मी एकठी करीने मणिनो बलद बनाव्यो हतो. पण छेवटे दानादिकना अभावथी तेनी ते सर्व लक्ष्मी फोकटज पृथ्वीपर नाश पामी. तेमज संकुल नामना शेठे कपिल बटुने कह्युं के, हुं तने आवती काले भोजन करावीश; पण छेवटे तेने भोजन नहीं करावतां छमास सुधि तेणे तेने ठग्यो. त्यारे कपिल बटुए त्रण उपवासो करीने कालिका मातानुं आराधन कर्युं; पछी ते देवीए दीधेली रूप बदलाववानी विद्याना बलथी तेणे संकुलनुं रूप धारण कर्युं. तथा तेनी सघली लक्ष्मीनें भोगवी. पछी पोतानुं रूप प्रगट करीने तेणे संकुलने एवो उपदेश आप्यो के,

दातव्यं भोक्तव्यं, सति विभवे संचयो न कर्तव्यः ॥
यदि संचयं करिष्यसि, संकुल पुनरागमिष्यामि ॥१॥

अर्थ– हे संकुल! धन होते छते तेनुं दान देवुं, तथा तेने भोगववुं; पण तेनो संचय करी राखवो नहीं; माटे हवे फरीने जो तुं धननो संचय करीश, तो हुं पाछो आवीश. ॥ १ ॥

माटे हवे वधारे शुं कहेवुं? लक्ष्मीनुं आभूषण केवल दानज छे; पण भोगआदिकनी सामग्री तेना आभूषणरूप नथी कह्युं छे के,

आरोहंति सुखासनान्यपटवो नागान् हयांस्तज्जुष-
स्तांबूलाद्युपभुंजते नटविटाः खादंति हस्त्यादयः
प्रासादे चटकादयोऽपि निवसंत्येते न पात्रं स्तुतेः
स स्तुत्यो भुवने प्रयच्छति कृती लोकाय यः कामितम्।

अर्थ–(केटलाक) मूर्खो पालखीउपर बेसे छे, हाथी घोडाउवाला हाथी घोडाउपर चडे छे, नटविटो तांबूलआदिक खायछे,

हाथीआदिको पण खाय छे, मेहेलमां चीडीआदिको पण रहेछे, पण तेउ स्तुतिपात्र नथी; पण जे कृतार्थ माणस आ जगतमां लोकोने इच्छित दान आपे छे, तेज स्तुति करवा लायक छे ॥१॥

वली दीधेलुं दान क्यांएं पण निष्फल जतुं नथी. कह्युं छे के,

पात्रे धर्मनिबंधनं तदितरे प्रोद्यद्दयाख्यापकं
मित्रे प्रीतिविवर्द्धकं रिपुजने वैरापहारक्षमम् ॥
भृत्ये भक्तिभरावहं नरपतौ सन्मानपूजाप्रदं
भट्टादौ च यशस्करं वितरणं न क्वाप्यहो निष्फलम्।

अर्थ—सुपात्रप्रते आपेलुं दान धर्मना कारणरूप छे, तथा अन्यप्रत्ये दीधेलुं दान दयाने जणावनारुं छे, मित्रप्रते दीधेलुं दान प्रीति वधारनारुं छे, शत्रुने आपेलुं दान वैरनो नाश करवामां समर्थ छे, चाकरने दीधेलुं दान भक्तिना समूहने धारण करावनारुं छे, राजाने आपेलुं दान सन्मान अने पूजा आपनारुं छे, तथा भाटआदिकने दीधेलुं दान यशने करनारुं छे; एवी रीते अहो! दान क्यांएं पण निष्फल जतुं नथी. ॥ १ ॥

हवे ते दाननुं आभूषण सुपात्रनो संयोगज छे; केमके, सुपात्र प्रते जे दान देवाय तेज कल्याणने अने शांतिने करनारुं छे. नैषधकाव्यमां कह्युं छे के,

पूर्वपुण्यविभवव्ययबद्धा, संपदो विपद एव विमृष्टाः ॥
पात्रपाणिकमलार्पणमासां, तासु शांतिकविधिर्विधिदृष्टः

अर्थ—पूर्वे करेलां पुण्योरुपी विभावना खरचवाथी मलेली संपदाउने आपदाउरुपज मानेली छे; पण ते संपदाउनुं सुपात्रोप्रते हस्तकमलथी जे अर्पण करवुं, ते तेउने विषे ब्रह्माए दीठेलो शांतिनो विधि छे. ॥ १ ॥

सुपात्रोप्रते आपेलुं थोरुं दान पण बहुफलवालुं थायछे. कह्युंछे के,

जले तैलं खले गुह्यं, पात्रे दानं मनागपि ॥
प्राज्ञे शास्त्रं सतां प्रीति-र्विस्तारं यात्यनेकधा ॥ १ ॥

अर्थ—पाणीमां नाखेलुं तेल, खलप्रते कहेली गुप्तवात, सुपात्र प्रते आपेलुं थोरुं पण दान, विद्वानने (जणावेलुं) शास्त्र तथा सज्जनोनी प्रीति अनेक प्रकारे विस्तारने पामे छे. ॥ १ ॥

व्याजे स्याद् द्विगुणं वित्तं, व्यवसाये चतुर्गुणम् ॥
क्षेत्रे शतगुणं प्रोक्तं, पात्रेऽनंतगुणं पुनः ॥ २ ॥

अर्थ—व्याजमां बेवरुं धन थाय छे, व्यापारमां चोगणुं थाय छे, क्षेत्रमां सो गणुं थायछे, पण सुपात्रप्रते आपेलुं धन अनंतगणुं थाय छे. ॥ २ ॥

माटे सुपात्रप्रते आपेलुं धन बहु फलदायक छे, अने कुपात्र प्रते आपेलुं धन विपरीत फलने देनारुं छे.

हवे अहीं कोइ एम कहेके, पात्र अपात्रनो विचार तो कृपणज करे, पण उदार माणस करे नहीं. कह्युं छे के, "पात्रनी परीक्षा शा माटे करवी जोइएं? केमके वरसतो एवो वरसाद कंइ समविसमनी परीक्षा करतो नथी." तेने उत्तर आपे छे के, एम नहीं, केम के,

वरसीउं वरसीउं अंबुहर, वरसीडां फल जोइ ॥
धत्तुरए विष इक्कुए रस, एवड अंतर होइ ॥ १ ॥

वली स्वाति नक्षत्रमां पाणीमां पण पात्र विशेषनी अपेक्षाए मोटो अंतर छे; केमके, तेज पाणी जो सर्पना मुखमां पडेछे तो झेररूप थायछे, अने छीपना मुखमां जो पडेछे, तो मोतीरूप थशे. कह्युं छे के—

आम्रे निंबे सुतीर्थे कचवरनिचये शुक्तिमध्येऽहिवक्त्रे ॥
औषध्यादौ विषद्रौ गुरुसरसि गिरौ पांशुभूकृष्णभूम्योः
इक्षुक्षेत्रे कषायद्रुमवनगहने मेघमुक्तं यथांभ
स्तद्वत्पात्रे कुपात्रे जगति निजधनं दत्तमायाति पाकम्॥

अर्थ—आंबापर अने लींबडापर, उत्तम तीर्थमां अने कचराना समूहमां, छीपमां अने सर्पना मुखमां, औषधिआदिकमां अने झेरी वृक्षमां, मोटा तलावमां अने पर्वतपर, सफेद जमीनमां अने काली जमीनमां, तथा सेलडीना क्षेत्रमां अने कषाएला वृक्षोनां वनमां वरसादे वरसावेलुं पाणी जेम जुदा जुदा भावोने भजनारुं थाय छे तेम आ जगतमां सुपात्र अने कुपात्रने आपेलुं पोतानुं धन पण पक्वभावने प्राप्त थाय छे ॥ १ ॥

हवे पात्र पण तेज उत्तम जाणवुं के, जे नाम प्रमाणे गुणोवालुं होय; तेथी विपरीत जे होय ते उत्तम पात्र कहेवाय नहीं. कह्युं छे के—

भौमे मंगलनाम विष्टिविषये भद्रा कणानां क्षये
वृद्धिः शीतलिकेति तीव्रपिटके राजा रजःपर्वणः
मिष्टत्वं लवणे विषे च मधुरं रैकंटिकाद्यं यथा
पात्रत्वं च पणांगनासु रुचिरं नाम्ना तथा नार्थतः ॥१॥

पात्र तो ते कहेवाय के, जे पोते तरवामां अने परने तारवामां समर्थ होय. जेम के, बुडी जाय एवुं पण त्रांबुं पात्ररूप थयुं थकुं पोते तरे छे, तथा तेनो आश्रय करीने रहेली सर्व वस्तुउने पण तारे छे. पात्र परीक्षामां युधिष्ठिर अने भीमनो संवाद नीचे प्रमाणे छे.

हस्तीनागपुरमां एक दहाडो युधिष्ठिर राजा सभामां सिंहास-

नपर बेठा हता. एटलामां बारणे रहेला ज्ञीमे आवीने तेमने विनंती करी के, हे राजेंद्र! एक मूर्ख तपस्वी अने विद्वान शूद्र बन्ने जणा बारणे उन्ना छे, तेमांथी कोने दान आपवुं. ? त्यारे युधिष्ठिरे कह्युं के, हे ज्ञीम! तप तो सुखेथी तपी शकाय छे, पण विद्या मेलववी बहु मुश्केल छे, माटे हुं तो विद्वाननी पूजा करीश; तपोनुं शुं प्रयोजन छे? त्यारे ज्ञीमे कह्युं के, हे युधिष्ठर! जेम कुतराना चांबमांमां प्राप्त थएली गंगा, तथा मदिराना कुंज्ञमां पडेलुं दूध तेम कुपात्रमां प्राप्त थएली विद्या शा उपयोगनी छे? त्यारे कृष्ण द्वैपायने कह्युं के, केवल विद्या के तपसाथी पात्रपणुं थतुं नथी, जेनामां विद्या अने उत्तम आचार छे, तेज सुपात्र कहेवाय छे. माटे सुपात्र प्रते आपेलुं धन कल्याणकारी छे. कह्युं छे के, ॥ १ ॥

सा लक्ष्मीर्या धर्मकर्मोपयुक्ता,
सा लक्ष्मीर्या बंधुवर्गोपज्ञोग्या ॥
सा लक्ष्मीर्या स्वांगज्ञोगप्रसंगा,
यान्या मान्या सा तु लक्ष्मीरलक्ष्मीः ॥ १ ॥

अर्थ– जे लक्ष्मी धर्मकार्योमां जोडाय छे, तथा जे बंधुवर्गना उपज्ञोगमां आवे छे, अने जे पोताना पण उपज्ञोगमां आवे छे, तेज खरेखरी लक्ष्मी छे, पण तेथी विपरीत लक्ष्मीने तो " अलक्ष्मीज " मानवी.

माटे धर्मना अर्थी माणसे न्यायथी उपार्जन करेलुं, तथा क्षेत्र, काल अने ज्ञावथी निर्दोष थएलुं एवुं दान कीर्ति आदिकनी अपेक्षा राख्याविनाज सुपात्रने आपवुं.

हवे दान प्रायें करीने हेतुवालुं होय छे. ते दान देवामां दश हेतुउ नीचे प्रमाणे होय छे.

(१) रोगी अथवा ज्ञिक्षाचरोने दयाथी दान अपाय छे.

(२) मदद आपनारने संग्रहथी दान अपाय छे. (३) दुर्जनोने भयथी दान आपवुं पडे छे. (४) पुत्रादिकने जुदा करती वखते कारणीक दान अपाय छे. (५) लोकलज्जाथी दान आपवुं पडे छे. (६) भाट चारणादिकोने गर्वथी दान अपाय छे. (७) हिंसकोने अधर्मथी दान आपवुं पडे छे. (८) साधु आदिक चतुर्विध संघने धर्मबुद्धिथी दान अपाय छे. (९) आने हुं दान आपीश तो ते मने कोइ वखते पण उपकार करशे एवी बुद्धिथी दान अपाय छे. (१०) तथा पहेलां आणे मने बहु उपकार कर्यो छे, एवी बुद्धिथी दान अपाय छे. एवी रीते दान दश प्रकारनुं छे. तेमांथी त्रण प्रकार आलोक संबंधि दानना छे. कह्युं छे के,

भयलोभ स्तथास्नेह-स्त्रयो दानस्य हेतवः ॥
ये दातारस्त्रयं मुक्त्वा, धन्यास्ते मुक्तिगामिनः ॥१॥

अर्थ– भय, लोभ, तथा स्नेह ए त्रणे हेतुउ दानना छे, ते त्रणे हेतुउने छोमीने जेउ दान आपे छे, ते धन्य मनुष्यो मोक्षगामी थाय छे.

हवे वधारे शुं कहेवुं ? दाननुं भूषण सुपात्र छे. कह्युं छे के,

उत्तमफलं सुपात्रे, दानं विभवस्य मध्यमो भोगः ॥
अधमं व्यसनव्ययगति-रधमाधममवनिविन्यासः ॥ १ ॥

अर्थ– सुपात्र प्रते जे दान देवुं, ते धननुं उत्तम फल छे, भोगो भोगववा ते मध्यम फल छे, तथा व्यसनमां खरचवुं ते अधम फल छे, अने धनने जे जमीनमां भंडारी राखवुं, ते अधममां अधम फल छे. ॥ १ ॥

अधः क्षिपंति कृपणा, वित्तं तत्र यियासवः ॥
संतस्तु गुरुचैत्यादौ, तदुच्चैः पदकांक्षिणः ॥ १ ॥

अर्थ– कृपण लोको नीची गतिमां जवानी इच्छावाला होवाथी धनने नीचे जमीनमां भंडारी राखे छे, पण सज्जनो उंची गतिना इच्छको होवाथी ते धनने उंचां जिनप्रासादादिकमां वापरेछे.
माटे हे भव्यलोको ! भाग्यवान एवा तमोए सुपात्रदानरूप धर्मविधिमां सर्वदा उद्यम करवो.

॥ इति सुपात्रदानोपदेशः ॥

हवे दानना फलनो उपदेश कहे छे.

अभयं सुपत्तदाणं, अणुकंपा उचिअ कित्तिदाणं च ॥
दोहि विमुक्को भणिउ, तिन्नि विभोग्गाइअं दिंति ॥१॥

अर्थ– आ जगतमां दान पांच प्रकारनुं प्रसिद्ध छे. वधबंधनादिक भयथी भयभीत थएला जंतुउने, तेउना प्राणो बचावीने जे तेउने निर्भय करवां, तेने पहेलुं अभयदान कहेलुं छे. कह्युं छे के, ॥ १ ॥

जीवानां रक्षणं श्रेष्टं, जीवा जीवितकांक्षिणः ॥
तस्मात्समस्तदानेभ्यो-ऽभयदानं प्रशस्यते ॥ १ ॥

अर्थ– जीवोनुं रक्षण करवुं ते श्रेष्ठ कार्य छे, केमके, जीवो जीवितना अभिलाषिउ छे, माटे सर्व दानोथी अभयदान प्रशंसवा लायक छे. ॥ १ ॥

यो दद्यात्कांचनं मेरुं, कृत्स्नां चैव वसुंधराम् ॥
एकस्य जीवितं दद्यात्, न च तुल्यं युधिष्टिर॥ २ ॥

अर्थ– हे युधिष्ठिर ! कोइ माणस कोइने सुवर्णनो मेरु पर्वत आपी दीए, अथवा समस्त पृथ्वीने आपी दीए; तथा एक जीवने जीवितदान आपे, ते बन्ने एक सरखां नथी. (अर्थात् जीवितदान सर्वथी श्रेष्ठ छे. ॥ २ ॥

अहिंसा सर्वजीवानां, सर्वज्ञैः परिभाषितम् ॥
इदं हि मूलं धर्मस्य, शेषस्तस्यैव विस्तरः ॥ ३ ॥

अर्थ– श्री सर्वज्ञ प्रभुउंए एम कह्युं छे के, सर्व जीवोनी हिंसा नहीं करवी, ए धर्मनुं मूल छे, अने बाकीनी धर्मक्रियाउं तो ते अहिंसानोज विस्तार छे. ॥ ३ ॥

अभयं सर्वसत्वेभ्यो, यो ददाति दयापरः ॥
तस्य देहाद्विमुक्तस्य, भयं नास्ति कुतश्चन ॥ ४ ॥

अर्थ– जे माणस दयामां तत्पर थइने सर्व प्राणीउंने अभयदान आपे छे, तेने मृत्युबाद क्यांय पण भय थतो नथी. ॥ ४ ॥

अभयदान देवाथी "आ माणस कल्याणकारी, दयालु, तथा कृपाना समुद्र सरखो छे" एवी रीतनी कीर्त्ति आ लोकमां थाय छे; अने परलोकमां राज्यसंपदादिक भोगोनो समूह मले छे. कह्युं छे के–

दीर्घमायुः परं रूप-मारोग्यं श्लाघनीयता ॥
अहिंसायाः फलं सर्वं, किमन्यत्कामदेव सा ॥ १ ॥

अर्थ– लांबुं आयुष्य, उत्कृष्टरूप, आरोग्यता तथा कीर्त्ति ए सघलुं अहिंसानुं फल छे; माटे कामदुघा वली बीजी कई छे? ते अहिंसाज कामदुघा छे. ॥ १ ॥

पण जेउं धर्मबुद्धिथी हिंसा करे छे, तेउंने कल्याण के, पुण्य थतुं नथी. कह्युं छे के,

हिंसा विघ्नाय जायेत, विघ्नशांत्यै कृतापि हि ॥
कुलाचारधियाप्येषा, कृता कुलविनाशिनी ॥ १ ॥

अर्थ– विघ्नोनी शांतिमाटे पण करेली हिंसा खरेखर विघ्न करनारी थाय छे; तेम कुलाचारनी बुद्धिथी करेली हिंसा पण कुलनो नाश करनारी थाय छे. ॥ १ ॥

यदि ग्रावा तोये तरति तरणिर्यद्युदयति,
प्रतीच्यां सप्तार्चिर्यदि भजति शैत्यं कथमपि ॥
यदि क्ष्मापीठं स्यादुपरि सकलस्यापि जगतः,
प्रसूते सत्वानां तदपि न वधः क्वापि सुकृतम् ॥२॥

अर्थ–जो पत्थर पाणीमां तरे, सूर्य पश्चिम दिशामां उदय पामे, अग्नि कोइक यत्ने शीतलताने भजे, तथा आ पृथ्वीतल कदाच सर्व जगतनी उपर थइ जाय, तोपण प्राणीओनी हिंसा क्यांय पण पुण्य उत्पन्न करे नहीं. ॥ २ ॥

स कमलवनमग्नेर्वासरं भास्वदस्ता,
दमृतमुरगवक्त्रात्साधुवादं विवादात् ॥
रुगुपगममपथ्याज्जीवितं कालकूटा,
दभिलषति वधाद्यः प्राणिनां धर्ममिच्छेत् ॥३॥

अर्थ– जे माणस प्राणीओनी हिंसाथी धर्मने इच्छे छे, ते अग्निथी कमलोना वनने, सूर्यास्तथी दिवसने, सर्पना मुखमांथी अमृतने, विवादथी कीर्तिने, अपथ्य भोजनथी रोगना नाशने, तथा झेरना भक्षणथी जीवितने इच्छे छे. ॥ ३ ॥

एवी रीते अभयदानरूप धर्मना आराधनथी घणां भव्य माणसो मोक्षनगरमां गया छे. जेम श्री शांतिनाथ प्रभुए बाज पक्षीने पोतानुं मांस आपीने पारापतनुं रक्षण कर्युं छे, एवा ते श्री शांतिनाथ प्रभु तमोने शांति आपो? एवीरीते ते श्री शांतिनाथ प्रभुए मेघरथ राजाना भवमां पारापतने अभयदान आपीने त्रणे लोकमां करुणासागरपणुं मेलव्युं. तेम सुमेरु नामनो हाथी ससलाने अभयदान आपवाथी मगधना राजा श्रेणिकनो मेघकुमार नामनो पुत्र थयो छे. तेनी कथा नीचे प्रमाणे जाणवी.

विंध्याचलनी अटवीमां सातसो हाथणीउंनो स्वामी सुमेरु नामे एक हाथी हतो. एक दहाडो त्यां दावानलने जोइने तेने जातिस्मरण ज्ञान थयुं. तेथी पूर्वभवमां दावानलथी थएला दुःखथी भय पामीने तेणे वर्षाकालमां एक योजनसुधिनी भूमिपरथी घास आदिक वृक्षोने उखेडीने चोख्खुं मेदान करी राख्युं. हवे एक दहाडो ते वनमां फरीने दावानल लाग्यो; त्यारे ते सुमेरु हाथी ते मेदानमां परिवारसहित रह्यो; तेम हरिणादिक बीजा जीवोपण ते मेदानमां आवीने भराया. ते वखते शरीरे खरज आववाथी ते सुमेरु हाथीए पोतानो एक पग उंचो कर्यो. त्यारे बीजाउंथी हडसेलातो एक ससलो ते हाथीना पगनी नीचे जग्या खाली थवाथी आवीने भरायो. त्यारे हाथीने दया आववाथी तेणे त्रण दिवसो सुधि पोतानो ते पग उंचोज धारी राख्यो. पछी दावानल शांत थवाथी सर्व जीवो पोतपोताने स्थानके गया; त्यारे ते हाथीए पोतानो ते पग नीचो मूक्यो; पण लोही भराइ जवाथी ते हाथी त्यां पडी गयो; तथा क्षुधा अने तृषाथी पीडित थइने त्यां ते मृत्यु पाम्यो. पछी ते पुण्यना प्रभावथी ते हाथी मगधना राजा श्रेणिकनी धारिणी नामनी राणीना पुत्रपणे उत्पन्न थयो. ते वखते ते राणीने मेघवृष्टिनो दोहलो उत्पन्न थवाथी तेनुं मेघकुमार नाम पाडवामां आव्युं. पछी त्यां ते अत्यंत सौभाग्यना भाजनरूप थयो. छेवटे ते दीक्षा लेइने विजय नामना विमानमां एकावतारी देव थयो. एवी रीते सुमेरु हाथीनुं अभयदान उपरे दृष्टांत जाणवुं.

हवे तेज अभयदान उपरे सौभाग्य देवीनुं दृष्टांत कहे छे.

जयपुर नामना नगरमां मकरकेतु नामना राजाए कोइक चोरने पकडी बांधीने शूलिए चडाववानो हुकम कर्यो. पण कमला नामनी पट्टराणीए तेने एकदिवस माटे छोडाव्यो. तथा ते दिवसे तेनो भोजन, वस्त्र, तथा तांबुलादिकथी सत्कार करीने तेणीए

तेने राजाने सोंप्यो. पछी बीजे दिवसे बीजी राणीए, त्रीजे दिवसे त्रीजी राणीए, एम साते राणीओए तेनो धनादिकथी सत्कार करीने राजाने सोंप्यो. आठमे दिवसे सौभाग्यदेवी नामनी अणमानीती राणीए विनयपूर्वक राजाने खुशी करीने ते चोरने अभयदान अपाव्युं; तथा तेने अल्प अने सामान्य भोजन, वस्त्रादिक आपीने छोडी मेल्यो. त्यारे ते चोर नृत्य, गीत आदिक करतो थको हर्षित थयो. त्यारे राजाए तेने पूछ्युं के, अरे! आजे तो तने सामान्य प्रकारनुं भोजनादिक मळ्युं छे, त्यारे तुं केम नाच्या करे छे? त्यारे ते चोरे कह्युं के, हे स्वामी! आजदनसुधि सर्व राणीओए जोके मारो घणो सत्कार कर्यो, तोपण मृत्युना भयथी वाघनी समीपे बांधेला एवा लीला यवना भोजनवाळा पण घेटानी पेठे में तो दुःखज अनुभव्युं; पण आजे तो रसविनाना घांससरखा आहारथी पण व्यापारीने घेर बांधेला बळदनी पेठे हुं अभयदानथी सुख अनुभवुं छुं; अने तेथी हुं नाच्या करुंछुं. एवीरीते अभयदानपर सौभाग्य देवीनुं दृष्टांत जाणवुं.

हवे तेज अभयदानपर आरामिकनी कथा कहे छे.

जयपूर नामना नगरमां धन नामना माळीए दयाना परिणामथी पांच पूराओनुं रक्षण कर्युं हतुं. पछी ते माळी मरीने एक कुळपुत्र थयो. तेनां मातपिता बाल्यावस्थामांज मृत्यु पाम्यां. पछी ते देशांतर जातो थको वनमां एक वडना वृक्षनी नीचे बेठो. त्यां रहेता पांच यक्षोए तेने जोयो त्यारे ते कुळपुत्रने तेओए पूर्वभवनो पोतानो उपकारी जाणीने कह्युं के, तने आजथी पांचमे दिवसे राज्य मळशे. ते सांभळी ते हर्षित थयो. पछी पांचमे दिवसे नरपाळ राजा अपुत्रीओ मरी जवाथी तेने वाराणसी नगरीनुं राज्य मळ्युं. पछी ते तो मंत्रीओने राज्य सोंपीने सुख अनुभववा लाग्यो. एटलामां सीमाडाना राजाओए तेनां नगरने घेरो घाल्यो. ते वात मंत्रीओए राजाने जणावी; पण ते तो जुगारनी

क्रीमामां आसक्त थयो हतो, तेथी ते वात तेणे सांजली नहीं. त्यारे राणीए कहेवाथी तेणे तेणीने कह्युं के, हे कल्याणि! ते वडपर रहेला पांच यक्षो राज्य आपेछे, अने हरेछे; माटे जे थवानुं होशे ते थशे, माटे तुं पाशा नाख? एम कहेवाथी ते यक्षोएज सीमाडाना राजाउने बांधीने तेने पगे पडाव्या. ते जोइ लोकोने आश्चर्य थयुं. पछी एक दिवसे त्यां ज्ञानी महाराज आव्या, तेमने लोकोए पूछवाथी ज्ञानीए कह्युं के, आणे पूर्वजवमां पांच पुराउनुं रक्षण कर्युं हतुं; तेज पूराउना जीवो आ यक्षरूप थयाछे; अने तेउएज तेना राज्यनुं रक्षण कर्युं छे.

वली तेज अजयदान उपरे अवंतिसुकुमालनी कथा कहेछे. श्रीपुर नामना नगरमां कोइक मछीमार हतो; ते पोतानी क्रूर स्त्रीना कहेवाथी रात्रिने चोथे पहोरे जाल लेइने माछलां पकडवा गयो; पण हजु घणी रात्रि होवाथी मार्गमां आवेला आंबाना वृक्षनीचे बेठेला कोइ मुनिपासे गयो. त्यां ते महात्माना उपदेशथी तेणे एवुं नियम लीधुं के, जालमां जे पेहेलुं माछलुं आवे, तेने मारे छोडी देवुं. पछी तेणे समुद्रने कांठे जइ जालमां पेहेला आवेला माछलांने छोडी दीधुं. हवे त्यां देवे तेनी परीक्षा करवा मांडी. तेथी तेने तेज माछलुं वारंवार तेनी जालमां आववा लाग्युं. त्यारे तेणे कोडी बांधीने ते माछलांने निशानी करी. छेवटे निराश थइने ते घेर गयो. त्यां तेनी क्रूर स्त्रीए तेने क्रोधथी घरमांथी कहाडी मेल्यो. त्यारे तेणे तेज साधुनी पासे जइ फरीने धर्म पूछ्यो. त्यारे साधुए जीवदयारूप पेहेलुं व्रत तेने कह्युं. फरीने पूछवाथी पांच अणुव्रतो पण कह्यां. पछी ते धर्मने सारीरीते आराधिने अंते शुजध्यानथी मृत्यु पामीने ते नलिनीगुल्म विमानमां देव थयो. त्यांथी चवीने जद्रा नामनी सार्थवाहनी स्त्रीने पेटे बत्रीस स्त्रीउनो स्वामी अवंतिसुकुमाल नामे पुत्र थयो. त्यां पोताना घरनी चित्रशालामां उतरेला सु-

हस्ति आचार्यना मुखथी पठन थता नलिनीगुल्म अध्ययननुं स्वरूप सांजलीने तेने जातिस्मरण ज्ञान थयुं. तेथी पूर्वजवनुं स्मरण करीने, तथा दीक्षा लेइने ते स्मशानमां रह्या. त्यां शियालणीए करेला उपसर्गोने सहन करीने ते फरीने नलिनीगुल्म विमानमां उत्पन्न थया. तेमने ज्यां उपसर्ग थयो ते जगोए (उज्जयनीमां) तेमना पुत्रे महाकालनुं प्रासाद बनाव्युं. ते श्री सिद्धसेनजीए करेला प्रजाववालुं महाकालनुं देवल आजे पण उज्जयनीमां हयात छे. एवीरीते अजयदानपर अवंतिसुकुमालनुं दृष्टांत जाणवुं.

वली तेज अजयदानपर अजयकुमारनी कथा कहेछे.

एक दहाडो श्रेणिक राजाए सजामां कह्युं के, हमणां नगरमां कइ वस्तु सोंघी छे ? त्यारे निर्दय एवा क्षत्रिउए कह्युं के, हमणां मांस सोंघुं छे. त्यारे अजयकुमारे विचार्युं के, आजे मारे तेउनी परीक्षा करवी. पछी तेणे रात्रिए सर्व क्षत्रिउने घेर जइने जुदुं जुदुं कह्युं के, अरे! राजपुत्रो ! आजे राजाने मोटो रोग थयो छे. तेनां वैद्योए घणां औषधो कर्यां, पण ते मटतो नथी. पण जो मनुष्यना कालजानुं बेटांकजार मांस मले तो ते राजा जीवी शके; नहींतर ते मृत्यु पामशे. माटे तमो आ राजाना गरासीआ छो, तो शुं आटलुं पण कार्य तमो नहीं करो? त्यारे एके कह्युं के, तमारे जोइए तो एक हजार सोनामोहोर ल्यो? पण मने ते कार्यथी मुक्त करो? अने बीजापासे जाउ. पछी अजयकुमार ते द्रव्य लेइने बीजापासे गया, अने तेने पण तेम कह्युं. त्यारे तेणे पण एकहजार सोनामोहोरो आपी, पण मांस आप्युं नहीं. एवीरीते दरेकने घेर आखीरात जमीने तेणे एकलाख सोनामोहोरो एकठी करी. तथा प्रजाते सजामां ते सोनामोहोरो देखाडीने तेणे क्षत्रीउने कह्युं के, अरे क्षत्रिउ! तमो कहेता हता के, आजकाल मांस सोंघुं छे, पण ते तो आ-

टलाबधा धनथी पण मलतुं नथी. त्यारे तेउ सर्व लज्जित थइने मौन धारी बेठा. त्यारे अन्नयकुमारे सर्वेने निष्ठुर्या के, अरे! मूर्खो! पोतानुं मांस तो सर्व जीवोने वहालुं ने; तमो मांसलुब्ध थइने फोकटज बबड्या करो गो. केमके, विष्ठामां रहेला कीडाने अने देवलोकमां रहेला इंद्रने जीवितनी इच्छा तथा मृत्युनो नय तुल्यज ने. वली दुर्गतिमां गएलो जीव पण मरवाने इच्छतो नथी; तथा कुत्सित एवा पण पोतानां नोजनने तेउ स्वादिष्टज माने ने. वली पशुना शरीरपर जेटला रोमकूपो ने, तेटलाहजार वर्षोसुधी पशुहिंसा करनार प्राणी पकवाय ने. वली आ जगतमां सुवर्ण, गाय, तथा धन आदिकनुं दान देनाराउ तो सुलन्न ने; पण जे प्राणीउने अन्नयदान आपेने ते दुर्लन्न ने. एवीरीते अन्नयदान उपेर अन्नयकुमारनुं दृष्टांत जाणवुं.

हवे जे माणस जीवहिंसा करे ने, ते वध बंधनादिक दुःखोने नोगवनारो थाय ने. जेम एक गोवालीउ बावलनी शूलमां जुंउने परोवतो हतो, अने ते पापथी तेने एकसो आठवार शूलीपर चडवुं पड्युं ने. तेनी कथा नीचे प्रमाणे जाणवी.

नागपुर नामना नगरमां एक माधव नामे गोवाल हतो. एक दहाडो ते गायो चराववा माटे मोटी अटवीमां गयो. त्यां तापथी पीडायो थको बावलना वृक्षनीचे बेठो. एटलामां तेनां मस्तक परथी जुउ तेना खोलामां खरीने पडी. त्यारे निर्दयपणाथी तेणे ते जुने बावलनी तीक्ष्ण शूलमां परोवी; अने तेणे विचार्युं के, अरे!! आ मारा शरीरना बलने (रुधिरने) चोरनारी ने. पनी ते पापना उदयथी तेज नवमां तेने शूलीपर चडीने मरवुं पड्युं. अने एवी रीते बीजा एकसोने सात जुदा जुदा नवो सुधि चोरी आदिकना अपराधथी शूलिपर चडीने तेने मरवुं पड्युं. पनी एकसोने सातमे नवे ते कर्म थोडुं रहेवाथी तेणे तापसी दीक्षा अंगीकार करी. त्यां हमेशां ते वनमां रहीने सुकेलां फल-

पत्रो खावा लाग्यो. तथा निःसंग व्रत धारण करवा लाग्यो. त्यां छेवटे तेने विभंग ज्ञान उत्पन्न थयुं. एटलामां त्यां नजदीकमां रहेली चंपा नामनी नगरीना नरसिंह राजानी पटराणी रत्नादेनां आभूषणोनी पेटी एक चोरे चोरी. त्यारे पगीओ तेनी शोध करता थका तेनी पाछल लाग्या. त्यारे ते चोर ते पेटीने ते तापसपासे मुकीने एक वडपर चढी गयो. त्यारे पगीओ ते सुतेला तापसने पेटी सहित पकडीने राजापासे लेइ गया. पछी ते तापस विभंगज्ञानी होवाथी पोतानां कर्मने निंदतो थको त्यां मौन रह्यो; तेथी राजाए तेने शूलीए चडाव्यो. एवी रीते कर्म क्षय करीने ते देवता थयो. एवी रीते जीवहिंसापर ते गोवालनी कथा जाणवी.

वली शास्त्रोमां संभलाय छे के, जीवहिंसाथी रूद्र ध्यानमां तत्पर थएला सुभूम अने ब्रह्मदत्त चक्रीओ पण सातमी नरके गया छे. वधारे शुं कहेवुं? पोतानुं हित इछनार माणसे बन्ने लोकमां सुख करनारा एवा अभयदाननुं आराधन करवुं.

हवे सुपात्रदाननुं विवेचन करे छे.

ज्ञान, दर्शन, चारित्र, तप, क्षमा, समता, शील, दम तथा संयम आदिक गुणोने धारण करवामां जे पात्ररूप छे, ते सुपात्र कहेवाय छे. कह्युं छे के,

पाकारेणोच्यते पापं, त्रकारस्त्राणवाचकः ॥
अक्षरद्वयसंयोगे, पात्रमाहुर्मनीषिणः ॥ १ ॥

अर्थ– "पा" एटले पाप, अने तेथी "त्रा" एटले (आत्मानुं) रक्षण करवुं; एवी रीते ते बन्ने अक्षरोना संयोगथी "पात्र" शब्द थाय छे; एम विद्वानो कहे छे. ॥ १ ॥

एवी रीते नामप्रमाणे गुणवालुं "सुपात्र" दुर्लभ छे. कह्युं छे के, आ दुनीयामां लक्ष्मी मले छे, तथा सर्व इच्छित सुख पण

मळे छे, पण जगतमां उत्तम एवुं सुपात्रदान दुर्लभ छे. वळी भाग्यवानोनीज लक्ष्मी सुपात्रे देवाय छे. केमके, दुःखेथी मेळवेली एवी केटलाकनी लक्ष्मीने तो राजा बलात्कारे लेइ ले छे, केटलाकोनी लक्ष्मीने अकस्मात् अग्नि बाळी नाखे छे, विषयिओनी लक्ष्मी वेश्याओना घरोमां जाय छे, पण पुण्यशालीओनी लक्ष्मी अरिहंत प्रभुना बिंबमां, प्रासादमां तथा उत्तम साधुओने उपयोगमां आवतां वस्त्रादिकमां वपराय छे, श्रावक उदार मनथी जो न्यायोपार्जित द्रव्यथी मुनिओने कल्पे एवां वस्त्र, पात्र, भोजन, औषध विगेरे भक्तिथी आपे, तो तेने मोक्ष मळे छे, तो पछी देवगति तथा मनुष्यगतिनी तो वातज शी करवी? जेम सुपात्र दानथी शालिभद्र त्रणे लोकोमां प्रख्यात थएला छे. केमके, देवरूप थएला तेमना पिता गोभद्र हमेशां तेमने आभूषणादिकनी पेटी आपता हता, तेणे खरीदेलां तथा तेमनी स्त्रीओए पगे लुछीने फेंकी दीधेलां रत्नकंबलो राजानी राणीओने पण दुर्लभ थइ पड्यां, ते सघलुं तेमनां सुपात्रदाननुं फल हतुं.

वळी पण सुपात्ररूपी ते क्षेत्र लांबा काळसुधि जय पामो, के जेमां एकवार वावेला द्रव्यरूपी चोखा हजारो वखत सुधि लणी शकाय छे. पाछलथी अथवा परे दीधेला दाननुं फल तो मळे अथवा न पण मळे, पण पोताने हाथे दीधेला दाननुं फल तो मळेज छे, तेमां संशय नथी. धनसार्थवाहना भवमां श्री ऋषभदेव प्रभुए पण साधुओने घृतदान दीधुं हतुं, के जेथी तेमने पण श्री तीर्थंकर पदवी मळी छे. भरत चक्रीए पण पूर्वभवमां मळेला अन्ननो पांचसो साधुओ वच्चे संविभाग करी भोजन कर्युं हतुं, तेथी तेमने चक्रीनी तथा मोक्षनी पदवी मळेली छे. तेम श्रेयांसकुमारे पण श्री प्रथम प्रभुने सेलडी रस वोरावीने सुपात्रदान दीधुं छे, अने तेथी अक्षय त्रीजना पर्वनी प्रवृत्ति थएली छे.

वळी उचित काळे सुपात्रप्रते आपेलुं अल्पदान पण, चंदन-

बालाए वीर प्रभुप्रते आपेला बाकुलानी पेठे बहु फलवालुं थाय छे. ते चंदनबालानुं दृष्टांत नीचे प्रमाणे जाणवुं.

श्री वीर प्रभुए एवो अभिग्रह लीधो हतो के, राजानी पुत्री होय, दासीपणाने प्राप्त थइ होय, पगमां बेडी होय, मस्तके मुंडी होय, क्षुधातुर होय, रडती होय, एक पग डेहेलीमां होय अने एक पग बहार होय, एवी कोइ स्त्री भावथी जो मने सुपडाना खुणामां रहेला बाकुला वहोरावे, तो मारे पारणुं करवुं. अने एवी रीतनो प्रभुनो अभिग्रह छ मासे चंदनबालाथी संपूर्ण थयो; अने ते वखते देवोए त्यां धनावह शेठने घेर साडाबार क्रोड सोनइआनी वृष्टि करी. ते जोइ तेनी पडोशणे विचार्युं के, ज्यारे आणे फक्त आ तपस्वीने बाकुला वहोरावीने आटली बधी ऋधि मेलवी, त्यारे हुं तपस्वीने वोरावेला एवा घृतसाकर आदिके करीने युक्त दुधपाकना भोजनथी पण वधारे ऋद्धि मेलवीश; एम विचारि तेम करीने ते आकाश सन्मुख जोवा लागी. ते जोइने ते तपस्वीए कह्युं के, अरे मुग्धे! तारा भावथी अने तें आपेला आधाकर्मिक आहारथी तो पाषाणोनी वृष्टि थशे; पण रत्नोनी कंइ वृष्टि थशे नहीं. एवीरीते सुपात्रदानपर चंदनबालानुं दृष्टांत जाणवुं.

वली तेवीजरीते देशांतर गएला मूलदेवे एक महिनाना उपवासी मुनिने दीधेला बाकुलाना दानना पुण्यथी उत्कृष्ट राज्य मेलव्युं हतुं. तेमज श्री वीरप्रभुने हुं चतुर्मासनुं पारणुं करावीश, एवा उत्तम ध्यानथी मृत्यु पामीने जीर्ण शेठे बारमो देवलोक मेलव्यो हतो. तेमज कोल्लर नामना गाममां एक चंपक नामे शेठ वसतो हतो, तेणे गुणाकर मुनिनुं पात्र छेक कांठासुधि घीथी भरी आप्युं, पण तेने लाभ थवानो जाणीने तेणे निषेध कर्यो नहीं. अने एवीरीते भावनाना वशथी ते शेठ सर्वार्थसिद्धिप्रते गया. अहीं ध्याननो भांगो एवो छे के, ते शेठे दान देतां

विचार्युं के, अहो! आ मुनि लोजी छे, केमके, ते एकला छतां आटलाबधा घीने शुं करशे? एवीरीतना तेना चित्तने जाणीने "अरे पड नहीं पड नहीं" एम कहीने मुनिए तेमने बारमा देवलोकमां स्थाप्या. एवीरीते चंपकश्रेष्ठिनुं उदाहरण जाणवुं. वली बीजुं दृष्टांत कहेछे.

हब्बूर नामना गाममां देवशर्मा अने सोमशर्मा नामना बे ब्राह्मणो हता. तेउमां देवशर्मा मिथ्यात्वी हतो, अने सोमशर्मा श्रावक हतो, पण निर्धन हतो. देवशर्मा धनवान हतो, पण कुपात्रोप्रते दान आपनारो हतो. तेणे लक्ष जोजननो याग कर्यो. सोमशर्मा तेने घेर जोजन पीरसवा आदिकनुं कार्य करतो हतो, अने एवुं जूवुं जोजन खाइने तेनी चाकरी करतो हतो. एक दहाडो पोताना जागमां आवेला सर्व प्रासुक लाडु आदिक तेणे साधुउने अने साधर्मीउने आप्या. ते दानपुण्यना प्रजावथी ते मगध देशना राजा श्रेणिकनो पांचसो राणीउनो स्वामी एवो नंदिषेण नामे पुत्र थयो. तथा ते अत्यंत जाग्यशाली थइने जोगो जोगववा लाग्यो.

वली तेज सुपात्रदानपर रथकार मृगनुं दृष्टांत कहेछे.

श्रीकृष्णना मोटा जाइ रामे दीक्षा लीधी, तथा एक दहाडो ते नगरमां जता हता, त्यां तेमनुं अद्भुतरूप जोइने कुवाना कांठापर पाणी जरवाने आवेली स्त्रीउ तेनापर अत्यंत मोहित थइ. अने तेमनुं रूप जोवामां लीन थएली एक स्त्री घडाने बदले पोताना पुत्रना गलामां रसी बांधीने कुवामां पाणी लेवामाटे नाखवा लागी. ते जोइ मुनिए तेणीने उपयोग आपी तेम करतां निवारी. तथा ते वखते पोते एवो अजिग्रह लीधो के, धिक्कार छे मारारूपने!! आजथी मारे नगरमां जवुं नहीं, एम अजिग्रह लेइने ते राममुनिराज वनमां रहेवा लाग्या. तथा त्यांथी ज्यारे कोइक सार्थ वटाय, त्यारे तेमनी पासेथी जिक्षा

लेइने धर्मध्यानपूर्वक काल निर्गमन करवा लाग्या. हवे एटला-मां त्यां कोइक रथकार काष्ठ लेवामाटे आवी चड्यो, तथा अरधी भांगेली डालवाला कोइक वृक्षनी नीचे भोजनमाटे बेठो. त्यां एक हरिणे देखाडेल छे मार्ग जेमने एवा राममुनिराजने जोइने ते खुशी थयो थको तेमने आहार पाणी देवामाटे तैयार थयो. ते मुनि पण त्यां आव्या, एटलामां अकस्मात प्रचंडवायुना वेगथी ते डाल त्रुटी पडी, अने तेथी ते त्रणे त्यां मृत्यु पामीने पांचमे देवलोके गया.

वली एवीज रीते सुपात्रदान देनारा वंकचूलादिको, कोशा वेश्या, तथा अवंति सुकुमाल आदिको पण संसाररूपी समुद्रने तरी गया छे.

हवे वली तेज सुपात्रदानपर धनसार व्यवहारीनुं दृष्टांत कहे छे.

राजग्रही नामनी नगरीमां धनसार नामे एक व्यवहारी रहेतो हतो, ते महा धनाढ्य तथा एकांतरे उपवास करनारो, बन्ने वखत प्रतिक्रमण करनारो, तथा त्रिकाल देवपूजा करनारो हतो. केटलेक काले कर्मयोगे ते निर्धन थयो. पछी स्त्रीना कहेवाथी ते साथवानुं भातुं लेइने द्रव्य मागवामाटे गोबर नामना गाममां पोताना शालापासे गयो. पण निर्धनपणाथी त्यां पण तेनुं धन नहीं मलतां उलटुं अपमान थयुं. त्यारे दिलगीर थइ ते पाछो वल्यो, अने रस्तामां भावपूर्वक एक मासोपवासी मुनिने तेणे ते साथवाथी पारणुं कराव्युं. तथा पछी स्त्रीने खुशी करवामाटे तेणे नदीमांहेथी केटलाक गोल रंगबेरंगी कांकराउ एकठा करीने पोताना खडीआमां भर्या, तथा पछी घेर आव्यो. ते वखते शासन देवीना प्रभावथी तेना खडीआमानां कांकराउ बहु मूल्यवालां रत्नो थइ गयां. एवी रीते सुपात्रदानना प्रभावथी ते फरीने धनवान थइ दान आपवा लाग्यो, तथा जिनमंदिरो आदिक पुण्यनां कार्यो करी पृथ्वीमां ते प्रख्यात थयो.

वळी आठ स्त्रीउनो ज्ञरतार धन्य शेठ सुपात्रदानना महात्म्यथी एकावतारी थइ सर्वार्थसिद्धे गएला छे. वळी तेवीज रीते कयवन्नादिक घणा ज्ञव्य माणसो सुपात्रदानथी संसाररूपी समुद्रने तरी गया छे. तेम वळी दुराचारी माणसो पण सुपात्रदानना महात्म्यथी सारी गति मेळवे छे.

वळी अनादर, विलंब, विमुखता, अप्रिय वचन, तथा पश्चात्ताप ए पांचे उत्तम दाननां दूषणो छे. तेम आनंदाश्रु, रोमांच, बहुमान, प्रियवचन, तथा अनुमोदना ए पांच उत्तम दाननां ज्ञूषणो छे. प्रियवाणीसहित दान, अहंकारविनानुं ज्ञान, क्षमावाळुं शौर्य, तथा त्यागवाळुं धन ए चारे बाबतो दुर्लज्ञ छे. वधारे शुं कहेवुं? कृपणोनुं धन निष्फळज छे. कह्युं छे के, निर्बुद्धि माणसने शास्त्रोथी, अंधने दीपकोथी, नपुंसकने स्त्रीउथी, कायरने हथियारोथी, बहेराने वाजित्रोथी, कदरूपाने आज्ञूषणोथी, ज्वरवाळाने ज्ञोजनोथी, तथा कृपणने मळेलां घणां द्रव्योथी शुं थवानुं छे? माटे जे माणस सुपात्रप्रते धन आपे छे, तेज धन्य छे. कह्युं छे के, पंडित माणस पोतानुं धन सुपात्रने आपे छे, मुग्ध माणस पोतानुं धन ज्ञोगोमां वापरे छे, तथा कृपणना धननो फोगट विनाश थाय छे.

एक दहाडो ज्ञोजराजा वनमां गया हता, त्यां तेणे एक गळता मधुकने जोइने धनपाळ कविने पूछ्युं के, आ मधुक केम गळे छे? त्यारे कविए कह्युं के, ज्यारे पात्र मळे छे, त्यारे धन होतुं नथी, अने ज्यारे धन होय छे त्यारे पात्र होतुं नथी, एवी रीतना शोकमां पडेलो आ मधुक अश्रुपातथी रुदन करे छे, एम हुं मानुं छुं.

स्थावर अने जंगम, एम बे ज्ञेदथी सत्पात्र छे. तेमां जिनप्रासादादिक रूप स्थावर सत्पात्र दश प्रकारनुं छे. अने एवी रीतना सुपात्रोप्रते दीधेलुं दान महा फळदायक थाय छे.

हवे सुपात्र प्रते जे दान आपवुं, ते प्रतिउपकारनी अपेक्षा राख्याविनाज आपवुं. तेने माटे एक जागवतनुं उदाहरण कहे छे.

कोइक परिव्राजके कोइक जक्तिवान जागवतने कह्युं के, वर्षाकाले हुं तारा मकानमां रहीश. त्यारे ते जागवते कह्युं के, जो तुं प्रतिउपकार मारापर न करे, तो जले सुखेथी रहे. पछी ते वात ते परिव्राजके अंगीकार करवाथी ते जागवते तेने मकान आप्युं तथा जोजनादिकथी ते हमेशां तेनो सत्कार करवा लाग्यो. एम करतां केटलोक समय गया बाद ते जागवतनो घोडो चोरो चोरी गया. पण एटलामां प्रजात थवाथी ते चोरो ते घोडो लइ जवाने अशक्त थवाथी, तेउ ते घोडाने वनमां एक वृक्षसाथे बांधीने नाशी गया. एटलामां प्रजाते ते परिव्राजक स्नान करवा माटे तलावपर गयो. त्यां तलावपासे रहेली जाडीमां ते अश्वने जोइ उलखी कहाड्यो के आ अश्व मारा उपकारी जागवतनो छे. पछी तेणे ते जाडीमां पोतानुं धोएलुं वस्त्र मुकीने पोताने स्थानके आवी ते जागवतना माणसोने कह्युं के, हुं मारुं वस्त्र पेली जाडीमां वीसरी आव्यो छुं माटे लावी आपो? त्यारे तेउए त्यां माणसोने मोकल्यां, अने त्यां ते घोडाने जोइने तेउ तेने लाव्या. ते बाबतनी जागवतने खबर पड्याथी तेणे विचार्युं के, आ परिव्राजके आवो मिष करीने पण मारापर प्रतिउपकार कर्या छे, पछी तेणे ते परिव्राजकने बोलावीने कह्युं के, हे जद्र! हवे तुं चाल्यो जा? केमके, उपकारी प्रते दीधेलुं दान निष्फल थाय छे.

वली पण एक मुधाजीवी मुनिनुं दृष्टांत कहेछे.

कोइक वैराग्यवान राजाए धर्मनी परीक्षा करवामाटे एवो ढंढेरो नगरमां वगडाव्यो के, राजा लाडुउ आपेछे, माटे जेने जोइता होय तेमणे आववुं. ते सांजली कापडी आदिक घणा लोको त्यां गया. त्यारे राजाए तेउने पूछयुं के, तमो तमारी आजीविका शीरीते चलावो छो ? त्यारे एके कह्युं के, हुं मुखथी

बीजे कह्युं के, हुं पगोथी, त्रीजे कह्युं के, हुं हाथोथी, तथा चोथे कह्युं के, हुं लोकोनी दयाथी आजीविका चलावुं बुं. पढी राजाए एक जैन साधुने बोलावी पूछयुं के, तमो तमारी आजीविका शीरीते चलावो गो? त्यारे ते जैनसाधुए कह्युं के, हुं तो मुफत आजीविका चलावुंबुं. त्यारे वली ते राजाए तेउ सर्वने पूछयुं के, तमो ते आजीविका शीरीते चलावोछो ? त्यारे पेहेले कह्युं के, हुं कथा करनारोबुं, तेथी रामायणादिक कथाउ लोकोने संनलावी आजीविका चलावुं वुं, बीजे कह्युं के, हुं खेपीयो बुं, तेथी बेघडीवारमांज एक योजन पगे चाल्यो जाउंबुं, अने एवीरीते खेप करीने आजीविका चलावुंबुं, त्रीजे कह्युं के, हुं लहीउंबुं, तेथी पुस्तको लखीने आजीविका चलावुंबुं, चोथे कह्युं के, हुं निक्षुक बुं तेथी लोकोनी दयाथी आजीविका चलावुंबुं. पढी जैनसाधुए कह्युं के, हुं एक मोटा शाहुकारनो पुत्र हतो, पण आ संसारने असार जाणीने में दीक्षा लीधीछे, अने तेथी जैनधर्मनी आ कृपा मुजब जेवो आहार मलेछे, तेथी हुं मारी आजीविका चलावुंबुं. ते सांनली राजाए कह्युं के, अहो! आ महानधर्म सर्व दुःखोथी मुकावनारो छे, एम विचारि पुत्रने राज्य सोंपीने ते राजाए जैनाचार्यपासे दीक्षा लीधी.

एवीरीते सुपात्रदानपर शास्त्रोमां अनेक दृष्टांतो प्रसिद्ध छे, अहीं ग्रंथगौरवना नयथी वधारे लख्यां नथी.

हवे त्रीजा अनुकंपादाननुं विवेचन करेछे.

दीन, दरिद्री, तथा दुर्बल आदिक जीवोने पात्रापात्रनी विचारणा कर्याविना दयाथी जे अन्नपानादिक देवुं तेनुं नाम अनुकंपादान छे, कह्युं छे के, उत्तम माणसो निर्गुणी लोकोपर पण दया करे छे, केमके, चंद्र छे ते चांडालना घरपरथी पोताना प्रकाशने कंइ खेंची लेतो नथी. महान पुरुषो दान देती वखते कंइ पात्रापात्रनो विचार करता नथी, केमके, दयाने खातर श्री वी-

रप्रभुए पण पोतानुं अर्ध देवदुष्य वस्त्र ब्राह्मणने आप्युं छे. उत्तम बुद्धिवान माणसे पोताना अपकारीपर पण विशेष प्रकारे दया करवी, केमके, दंशता एवा पण सर्पने श्री वीर प्रभुए प्रबोध कर्यो छे.

वली शुद्ध धर्मीपणुं तो दयाथीज शोभे छे जेम आर्यसुहस्ति महाराजे संप्रति राजाना जीव रंकने यथेष्ट भोजनथी संतुष्ट कर्यो हतो, तथा छेवटे ते रंक मृत्यु पामीने संप्रति राजा थयो, अने जैनधर्मनी घणीज उन्नति तेणे करी.

हवे अन्नदानपर श्रीरामचंद्रजीनुं दृष्टांत कहेछे.

रामचंद्रजीए वनवासथी आवीने पोतानी प्रजाने पूछ्युं के, तमारे अहीं धान्यनी तो सुलभता छे नी? त्यारे लोकोए विचार्युं के, रामचंद्रजीने वनवासमां अन्न मलेलुं लागतुं नथी, तेथी तेओ आवी रीते पूछे छे, एम विचारि तेओ हसी पड्या. पछी केटलाक दिवसो गयाबाद रामचंद्रजीए पोतानी प्रजाने भोजनमाटे निमंत्रण कर्युं. सघलाओ भोजनमाटे बेसी गया बाद रामचंद्रजीए रत्नोथी थालीओ भरीने तेओने पीरसी त्यारे तेओ कहेवा लाग्या के, हे स्वामी! आवी रीतनी नवीन रसवती अमो खाइ शकता नथी. त्यारे रामचंद्रजीए कह्युं के, त्यारे तमोए ते वखते केम हांसी करी हती? माटे तमो सांभलो के, जे धान्यनी उत्पत्ति दुर्लभ छे, अने जेनो व्यय तो दनदन प्रते छे एवा सर्व प्रकारना रत्नोमां पण उत्तम रत्नसरखुं धान्य छे. केमके, प्राणो अन्नने आधिन छे, माटे ते अन्न सरखुं रत्न आ पृथ्वीमां कोइ पण नथी. आ पृथ्वीमां जल, अन्न, अने मिष्ट बचन एज उत्तम रत्नो छे, पण जवाहिर तो पाषाणरूप छे. उत्तम गायनो, स्त्री, कर्पूर, कस्तूरि, चंदन, अगर, सुवर्ण, रत्न विगेरे उपभोग वखते तो उत्तम लागे छे, पण तेमनो विरह थया बाद तो ते दुःखदाइ

छे, पण अन्न तो हमेशां प्रीति करावनारुं छे. हवे अनुकंपादानपर जगडुशा शेठनुं दृष्टांत कहेछे.

पाटण नामना शेहेरमां रहेता महा धानाढ्य जगडुशाह नामना जैनधर्मी शेठ एक दहाडो भोजन करवाने बेठा हता. ते वखते कोइक वृद्ध सिद्ध पुरुष तेमना द्वारपासे आवी पहोंच्यो, तथा मध्यानकाल थवाथी तेने शेठे भोजन माटे बेसाड्यो. पछी तेने सर्व अन्नपीरस्युं, तथा सर्व पाणी पायुं तो पण ते तृप्त थयो नहीं. त्यारे ते जोइ चमत्कार पामेला जगडुशाह शेठे तेने तेनुं कारण पूछ्युं. त्यारे ते सिद्ध पुरुषे कह्युं के, आजथी मांडीने पांचमे वर्षे नवुं जल अने नवुं धान्य दृष्टिए पडशे. एम कहीने तेज क्षणे ते अदृश्य थइ गयो. पछी ते जगडुशाह शेठे पांच वर्षसुधि दुकाल पडवानो जाणीने पोतानुं सर्व द्रव्य खरचीने सघला देशोमांथी आडतीआउ मारफते जेटलुं मळ्युं तेटलुं धान्य खरीद करावीने तेनो संग्रह कर्यो. पछी ज्यारे ते भयंकर दुकाल लोकोने दुःख देवा लाग्यो, त्यारे तेणे दील्ही, खंभात, धोलका आदिक बारसो मोटा मोटा शेहेरोमां दानशालाउ करावी. तथा दुष्ट राजाना डरथी ते दरेक दानशालाउपर एवी रीतनां नामनां पाटीआं चोडाव्यां के, आ दानशालाउ "रंकमाटेनी" छे. पछी तेणे घणां राजा आदिकोने पण धान्यनी सहायता करी. हवे एवी रीतनी जगडुशाहनी कीर्ति सांभळीने विशलदेव राजाने इर्षा थइ; अने तेथी तेणे पण पोताना नगरमां एक दानशाला मांडी. पण धन खुटवाथी तेणे तेमां अर्थिउने तेल पीरसवा माड्युं. पण छेवटे ते राजाए पण पोतानो अहंकार तजीने ते जगडुशाहशेठने नमस्कार कर्यो. हवे प्रभातमां जे जगोए बेसीने जगडुशाह दान आपता, त्यां आडो एक पडदो बंधावता, तथा पडदामां पोते बेसीने तेनी अंदरथी याचकना हाथमां दान आपता, के जेथी कुलीनोने ते दानथी लज्जा थाय नहीं. एवी रीते

याचको पोतानो हाथ ते पडदानी अंदर जगडुशाहपासे धरता अने जगडुशाह तरफथी तेमने तेमना भाग्यप्रमाणे मलतुं. एम करतां करतां एक दहाडो विशलदेव राजाने एवी इच्छा थइ के, हुं पण मारां भाग्यनी परीक्षा तो करुं, एम विचारि एक दहाडो वेष बदलीने ते त्यां एकाकी गयो, तथा तेणे पोतानो जमणो हाथ पडदानी अंदर नांख्यो. त्यारे सामुद्रिक शास्त्रना पारंगामी एवा जगडुशाहे तेना हाथनी रेखाउ जोइ विचार्युं के, आ कोइ महा भाग्यवान राजा छे, तथा तेनापर संकट आवी पड्युं छे, माटे तेने एवी वस्तु हुं आपुं के, जेथी तेने जीवन पर्यंत दुःख सहन करवुं पडे नहीं. एम विचारि तेणे पोतानी आंगलीमां पेहेरेली अमूल्य मणिनी वींटी उतारीने तेना हाथमां मूकी. पछी राजाए थोडीवार रहीने पाछो पोतानो डाबो हाथ पडदानी अंदर राख्यो, त्यारे जगडुशाहे वली पोतानी बीजी तेवीज वींटी तेना हाथमां मुकी. एवी रीते बन्ने वींटीउ लेइने राजा तो पोताना मेहेलमां आव्यो. पछी बीजे दिवसे तेणे जगडुशाहने सन्मानपूर्वक बोलावीने ते वींटीउसंबंधि हकीकत जाहेर करी. त्यारे जगडुशाह शेठे कह्युं के,

सर्वत्र वायसाः कृष्णाः, सर्वत्र हरिताः शुकाः ॥
सर्वत्र सुखिनां सौख्यं, दुःखं सर्वत्र दुःखिनाम् ॥१॥

अर्थः— सर्व जगोए कागडाउ श्याम होय छे, तेम सर्व जगोए पोपटो लीला होय छे, वली सुखी माणसोने सर्व जगोए सुख होय छे, अने दुःखिउने सर्व जगोए दुःख होय छे.

पछी राजाए ते वींटीउ जगडुशाह शेठने पाछी पहेरावी. तथा अत्यंत सन्मान पूर्वक हाथीपर चडावीने तेमने घेर पहोंचाड्या. एवी रीते अनुकंपादानपर जगडुशाह शेठनी कथा कही.

वळी विक्रमराजानी कथा कहेछे.

विक्रमादित्यराजाए सुवर्णपुरुषना प्रसादथी पृथ्वीपरना मनुष्योने सुवर्ण आपीने तेउने करजरहित करेला छे, अने हजुसुधि पण तेथी तेनो संवत्सर चाले छे. एक दहाडो ते विक्रमादित्य राजा हाथीपर बेसी मार्गे जता हता, तेवामां जमीनपर वेराएला केटलाक चोखाना दाणाउ तेनी दृष्टिए पड्या, तेथी हाथीपरथी उतरीने ते चोखाना दाणाउने तेणे मस्तके धर्या. ते वखते अन्नाधिष्ठायिका लक्ष्मी देवीए प्रसन्न थइ प्रत्यक्ष थइने तेने कह्युं के, हे विक्रमादित्य राजा! तमो मारी पासे वरदान मागो? त्यारे लोकोपर अनुकंपावाला विक्रमराजाए तेणीने कह्युं के, हे लक्ष्मी देवी! तमो मने एवुं वरदान आपो के, आ मालव देशमां कदीपण दुकाल पडे नहीं. त्यारे देवीए पण ते वरदान तेने आप्युं. अने तेथी आजदनसुधि पण मालवा देशमां दुकाल पडतो नथी. कह्युं छे के, दयायुक्त मन आरोग्यताने नजदीक करे छे, प्रशंसा वधारे छे, संसाररूपी समुद्रथी तारे छे, आयुष्य विस्तारे छे, शरीरने सुंदर करे छे, गोत्रनी वृद्धि करे छे, धनने वधारे छे, तथा बलनी पण वृद्धि करे छे.

हवे चोथा उचितदाननुं स्वरूप कहेछे.

अवसर आव्ये छते योग्य परोणाने, देवगुरूना समागम वखते, मंदिर चणाववा समये, प्रतिमानी प्रतिष्ठा करावती वेलाए, वधामणी आपनारने, अथवा काव्य, कथा आदिक संभलावनार उत्तम कवि आदिकने दान आपवुं, ते उचितदान कहेवाय छे.

हवे ते उचितदानपर कुंभकारनी कथा कहेछे.

पाटलिपुत्र नामना नगरमां पंकप्रिय नामनो एक कुंभार वसतो हतो. पण ते कोइक कारणे इर्षाथी ते नगर तजीने वनमां जइ एक मोटा तलावनी पालपर झुंपडी बांधीने रह्यो हतो. एक दहाडो अवळी चालना घोडाथी खेंचाएलो नरवाहन राजा त्यां

आवी चड्यो. ते राजा क्षुधा अने तृषाथी अत्यंत पीडित थयो हतो. तेने आ कुंजारे जोजन तथा शीतल पाणी आप्याथी ते बहु खुशी थयो. अने तेथी राजाए तेनापर खुशी थइने तेने नगरमां लइ जइ घणुं द्रव्य आप्युं, तथा गरास पण आप्यो.

वली कोइ कविनी कविताथी खुशी थइ तेने जे राजा आदिको दान आपे छे, ते पण उचित दान कहेवाय छे. तेपर कथा कहे छे. एक दहाडो शक्तिसिंह राजानो मुंगलराज नामनो पुत्र घोडा खेलाववा माटे वनमां गयो. त्यां तेने कोइक गोपाले अन्योक्तिनी कविताथी रंजन कर्यो. त्यारे राजाए तेने अल्पदान आप्युं, तेथी फरीने तेणे वडवृक्ष प्रतेनी अन्योक्तिथी रंजन कर्यो, त्यारे राजाए तेने घेर बोलावीने तेने जोजनमाटे बेसाड्यो. तथा तेनी थालीमां हीरा माणेक, मोती विगेरे अमूल्य वस्तुउ पीरसीने तेने संतुष्ट कर्यो.

वली तेवीज रीते सिद्धराज नृपतिए पोतानी समस्या पुरवामाटे पोताना शरीरपरनो सर्व शृंगार श्रीपाल कविने आप्यो छे. वली तेवीज रीते जीर्ण गढनो राजा खेंगार एक दहाडो शिकारमाटे वनमां गयो हतो, त्यां मार्ग चूकी जवाथी तेणे एक चारणने मार्ग पूछवाथी तेणे वक्रोक्तिपूर्वक कह्युं के, जीवहिंसा नहीं करवी तेज शुद्ध मार्ग छे. ते सांजली राजाए खुशी थइ जीवितपर्यंत जीवहिंसानो त्याग करीने ते चारणने गरास आप्यो. वली तेवीज रीते स्तंजपुरमां केटलाक जैनी साधुउए त्यांना यवन राजाने पोतानी कविताथी खुशी करीने जैनशासननी प्रजावना विस्तारी हती.

वली एक दहाडो ज्यारे सिद्धसेन दिवाकरनो उजयनीमां प्रवेश महोत्सव थतो हतो, त्यारे बंदिलोको तेनी सर्वज्ञपुत्रादिकनी प्रशंसापूर्वक बिरुदावलि बोलता हता. ते वखते विक्रमादित्य राजा घोडा खेलाववा माटे निकल्यो हतो. त्यारे ते राजाए

आचार्यजीनी परीक्षामाटे मनथी तेमने नमस्कार कर्यो, त्यारे आचार्यजीए तेने धर्मलाभ आप्यो. त्यारे राजाए कह्युं के, तमोए मने नमस्कार विनाज धर्मलाभ केम आप्यो? त्यारे आचार्यजीए कह्युं के, हे नरेंद्र! प्रणाम मन वचन अने कायाथी त्रण प्रकारे थाय छे. तेमांथी तमोए मने मानसिक प्रणाम कर्यो छे. त्यारे राजाए खुशी थइने आचार्यजीने पूछ्युं के, आ धर्मलाभनी आशिषथी शुं थाय छे? त्यारे आचार्यजीए कह्युं के, जे धर्मलाभनी आशिषथी महान हाथीओ, पवनना वेगने पण जीतनारा घोडाओ, रथो, लीलायुक्त स्त्रीओ, चामरोथी शोभिती राज्यलक्ष्मी विगेरे उत्तम वस्तुओ मले छे, एवा धर्मलाभ तमोने जय आपो? वली जो दीर्घायुनी आशिष आपवामां आवे तो ते नारकीओने पण होय छे, घणा धनवानपणानी आशिष आपवामां आवे तो ते म्लेछोने पण होय छे, घणा पुत्रवाननी आशिष आपवामां आवे तो ते कुतराओने पण होय छे, माटे सर्व सुखने आपनारी तो धर्मलाभनीज आशिष छे. ते सांभली विक्रमराजाए हाथीपरथी उतरी आचार्यजीने पंचांग प्रणाम कर्यो, तथा तेमने एक क्रोड सोनामोहोरो देवा मांडी. त्यारे आचार्यजीए कह्युं के,

भुंजीमहि वयं भैक्ष्यं, शीर्णं वासोवसीमहि ॥
शयीमहि महीपीठे, कुर्वीमहि किमीश्वरैः ॥ १ ॥

अर्थः– अमो तो भिक्षा मागीने भोजन करीए छीए, जीर्ण वस्त्रो पेहेरीए छीए, तथा पृथ्वीतलपर शयन करीए छीए, माटे अमोने धननुं शुं प्रयोजन छे?

एवी रीते आ निस्पृही आचार्यजीए ते धन लीधुं नहीं. त्यारे राजाए पण ते धन पाछुं लेवानी ना पाडवाथी आचार्यजीना उपदेशथी ते धन संघना प्रधान पुरुषोए जिनमंदिरोना जीर्णोद्धार

माटे वापर्युं. एवी रीते उचित दानपर विक्रमादित्य राजानी कथा जाणवी.

वळी तेज उचित दानपर विक्रमराजानी बीजी कथा कहेछे.

एक दहाडो विक्रमराजा वसंत ऋतुमां वनमां क्रीडा करवा गयो हतो. त्यां ते सुंदर केळोना वृक्षोना मंडपमां सुवर्णना सिंहासनपर बेठो हतो. ते वखते त्यां छत्रीस जातना वाजित्रोथी मनोहर पात्रोनुं नृत्य थइ रह्युं हतुं. एवी रीते त्यां ते अनेक प्रकारनां सांसारिक सुखो भोगवतो थको वारंवार नीचेनुं काव्य भणतो हतो.

कचिद्वीणावेणुप्रवणरमणीगीतभणितिः
क्वचिद्भट्टश्रेणिः पठति बिरुदालीमविरतिः ॥
सहर्षं हेषंते क्वचिदपि हया दंतिनिवहाः
नदंति क्ष्मांतर्न प्रवरमपरं राज्यसदृशम् ॥ १ ॥

एवी रीते संसारसुखमां निमग्न थएला राजाने धर्माधिकारी मंत्रीए कह्युं के, हे राजन्! जो आ आत्माने संसाररूपी केदखानामांथी आपणे छोडावीएं नहीं तो पछी, राज्य, धन, धान्य, आभूषणो, उत्तम जाति, कुळ तथा उत्तम गुणो पण शा कामना छे? वळी भोगोमां तो रोगोनो भय छे, सुखमां क्षयनो भय छे, धनने अग्नि आदिकनो भय छे, दासपणामां स्वामिनो भय छे, कुळमां खराब चाळनी स्त्रीनो भय छे, मानमां ग्लानिनो भय छे, गुणोप्रते दुर्जननो भय छे, शरीरने यमनो भय छे, पण हे राजन्! वैराग्यने कोइनो पण भय नथी. ते सांभळी वैराग्यवान् राजाए कह्युं के, अहो! आ धर्माधिकारिए युक्त वात कही. केमके, भ्रमण करी रहेल छे भ्रूकुटिरूपी जळचरो जेमां, तथा केशोरूपी छे शेवाळ जेमां, अने कर्णोरूपी छे, आवर्तो जेमां, तथा स्फुरायमान् नेत्रोरूपी छे कमळो जेमां एवां आ शरीररूपी तळावमांथी हमेशां तृषातुर एवो काळ आयुष्यरूपी पाणीने पी

जाय छे. वळी आ संसारमां आयुष्य तो जळना मोजांनीपेठे नंगुर छे, अने लक्ष्मीतो स्वप्ननी पेठे नश्वर छे, अने यौवन तो वादळांनीपेठे क्षणिक छे, माटे खरेखर आ संसार वैराग्यरूपज छे. एवी रीते संसारनी असारता नावीने विक्रमराजाए ते धर्माधिकारीने आठ क्रोड सोनामोहोरो इनाम तरीके आपी. एवी रीते उचित दानपर अनेक दृष्टांतो छे.

हवे पांचमा कीर्तिदाननुं स्वरूप कहेछे.

पोतानां कुळ, वंश, रूप, विद्या, गुण आदिकोना वर्णनमाटे जे नाट, चारण, गवैया, तथा मागण आदिकने जे दान देवुं ते कीर्तिदान कहेवाय छे.

ते कीर्तिदानपर विक्रमराजानी कथा कहेछे.

एक दहाडो विक्रमराजा ज्यारे सनामां बेठेला हता, त्यारे तेमने तृषा लागवाथी नीचेप्रमाणे काव्य नणीने पाणी माग्युं.

स्वछं सज्जनचित्तवल्लघुतरं दीनार्थिवछीतलं
पुत्रालिंगनवत्तथा च मधुरं बालस्य संजल्पवत्॥
एलोसीरलवंगचंदनलसत्कर्पूरपालीमिलत्-
पाडल्युत्पलकेतकीसूरनि तत्पानीयमानीयताम्॥ १॥

अर्थः– सज्जनोना मननीपेठे स्वछ, दीनयाचकनी पेठे हलकुं, पुत्रालिंगननीपेठे शीतल, बालकना वचननीपेठे मधुर, तथा एलची, लविंग अने चंदनथी उल्लसायमान तथा कपुरनी श्रेणिथी मळेला गुलाब, कमळ अने केतकीथी मनोहर एवुं पाणी लावो ! ॥ १ ॥

त्यारे मंत्रि सुवर्णना कचोळामां राजामाटे जल लाव्यो. त्यारे पासे बेठेला कवीश्वरे नीचे प्रमाणे काव्य कह्युं.

वक्रांनोजे सरस्वत्यधिवसति सदा शोण एवाधरस्ते
बाहूः काकुत्स्थवीर्यस्मृतिकरणपटुर्दक्षिणस्ते समुद्रः॥

वाह्निन्यः पार्श्वमेताः कथमपि ज्ञवतो नैव मुंचंत्यजस्त्रं
स्वच्छेऽतर्मानसेऽस्मिन् किमवनिपते तेऽबुपानाभिलाषः

एवी रीतना कवीना काव्यने सांजलीने तुष्टमान थएला वि-क्रमराजाए पांड्यराजापासेथी दंम तरीके आवेली सर्व वस्तुओ तेने इनाममां आपी. ते जेट आप्रमाणे हती. आठ क्रोड सोनामोहोरो, त्राणु मोतीओना हारो, पचास हाथीओ, दश हजार घोमा, तथा चारसो नाटको तेमां हतां.

वली पण तेज कीर्ति दानपर विक्रमराजानी बीजी कथा कहेछे.

एक दहामो विक्रम राजानी धोबण वस्त्रो धोईने तेमने आपवा आवी, त्यारे ते वस्त्रोमां हजु किंचित् मेल बाकी रहेलो होवाथी राजाए तेणीने तेनुं कारण पूछ्युं. त्यारे ते महा चतुर धोबणे कह्युं के, हे राजन्! आ वर्षाकाल गयो तोपण आपना हाथीओ नदीकिनारापर आवीने एटली बधी धूड उमामे छे के, तेथी हजु नदीनुं पाणी स्वच्छ थतुं नथी. धोबणना ते वचनथी खुशी थइने विक्रमराजाए ते वस्त्रो तथा एक क्रोम सोनामोहोरो तेणीने इनाम आपी.

एक दहामो श्री सिद्धसेन दिवाकर विहार करता थका उज्जयनीमां पधार्या. त्यारे संघे एकठा थइने आचार्यजीने विनंती करी के, हे जगवन्! आप जो विक्रमराजाने वश करीने, ओंकार नगरमां जे ब्राह्मणो जिनमंदिर बांधवा नथी आपता, ते बांधी शकाय तेवुं जो आप करी आपो, तो आपनी विद्या प्रमाणजूत कहेवाय. ते सांजली सिद्धसेनजी चार नवीन श्लोको रचीने राजदरबारमां गया. अने छमीदारने मुखेथी राजापासे नीचेप्रमाणे श्लोक जणाव्यो.

दिदृक्षुर्भिक्षुरेकोऽस्ति, वारितो द्वारि तिष्ठति ॥
हस्तन्यस्तचतुःश्लोको, यद्वागछतु गछतु ॥ १ ॥

अर्थः– आपने मलवानी इछावालो कोइक भिक्षु चार श्लोको हाथमां लेइने अटकाव्याथी बारणे उभो छे, ते आवे के चाल्यो जाय? त्यारे राजाए कह्युं के, तेने दश लाख सोना मोहोरो आपो? अने तेनी इछा होय तो सुखेथी अहीं आवे, अने जो तेनी इछा न होय तो ते सुखेथी जाय. त्यारे सिद्धसेनजीए छडीदारने कह्युं के, मारे सोनामोहोरोनो खप नथी, एम कही ते राजसभामां गया. त्यां विक्रमराजा पूर्व सन्मुख सिंहासनपर बेठा हता. तेने जोइ आचार्यजीए नीचे प्रमाणे एक श्लोक कह्यो.

अपूर्वेयं धनुर्विद्या, भवता शिक्षिता कुतः ॥
मार्गणौघः समभ्येति, गुणो याति दिगंतरम् ॥ १ ॥

अर्थः– हे राजन्! आवी अपूर्व धनुर्विद्या तमो क्यांथी शीख्या? केमके, तमारां बाणोनो समूह (पक्षे–याचकोनो समूह) नजीक आवे छे, अने दोरी (पक्षे–तमारा गुणो) उलटा दिशांतरमां जाय छे!! ॥ १ ॥

ते सांभली राजा पूर्व सन्मुखनुं सिंहासन छोडीने दक्षिणतरफ बेठा त्यारे आचार्यजीए नीचे प्रमाणे बीजो श्लोक कह्यो.

सर्वदा सर्वदोऽसीति, मिथ्या संस्तूयसे बुधैः ॥
नारयो लेभिरे पृष्ठं, न वक्षः परयोषितः ॥ २ ॥

अर्थः– हे राजन्! हमेशां तमो "सर्व वस्तु आपनारा छो" एवी रीते पंडितो तमारी फोकट स्तुति करे छे, केमके शत्रुउ तमारी पीठने मेलवी शकता नथी, तेम परस्त्रीउ तमारां वक्षस्थलने मेलवी शकती नथी. ॥ २ ॥

ते सांभलीने विक्रमराजा पश्चिम दिशातरफ बेठा. त्यारे आचार्यजीए नीचेप्रमाणे त्रीजो श्लोक कह्यो.

आहते तव निःस्वाने, स्फुटितं रिपुहृद्घटैः ॥
गलिते तत्प्रियानेत्रे, राजंश्चित्रमिदं महत् ॥ ३ ॥

अर्थः— हे राजन् ! तमारुं निसान वागते छते शत्रुओना हृदयरूपी घमाओ फूटी गया; पण जल तो तेओनी स्त्रीओना नेत्रोमांथी निकल्युं ! ए मोटुं आश्चर्य छे ! ॥ ३ ॥

ते सांजलीने विक्रमराजा उत्तरतरफ बेठा. त्यारे आचार्यजीए नीचेप्रमाणे चोथो श्लोक कह्यो.

सरस्वती स्थिता वक्त्रे, लक्ष्मीः करसरोरुहे ॥
कीर्तिः किं कुपिता राजन्, येन देशांतरं गता ॥४॥

हे राजन् ! सरस्वती तो तमारा मुखमां बेठेली छे, अने लक्ष्मी तो तमारा हस्तकमलमां बेठेली छे, त्यारे तमारी कीर्ति शुं (शोक्यपणाना) जयथी कोप पामी छे ? के जे ते देशांतरमां चाली गइ छे. ॥ ४ ॥

एवी रीते चोथो श्लोक सांजलीने विक्रमराजाए सिंहासनथी उतरीने आचार्यजीने नमस्कार कर्यो; अने कह्युं के हे जगवान् ! में आपने चारे दिशाओनुं राज्य आपी दीधुं छे. त्यारे आचार्यजीए कह्युं के, हे राजन् ! अमो निस्पृही मुनिओ राज्यने शुं करीऍं ? एम कही आचार्यजीए पोतानो मुनिव्यवहार तेमने कही संजलाव्यो. छेवटे राजाए घणी खेंच करी पण आचार्यजीए कंइ पण वस्तु लीधी नहीं. पछी विक्रमराजा त्यारथी जैनधर्मी थइ शुद्ध श्रावकपणुं पालवा लाग्या, तथा हमेशां सिद्धसेनदिवाकरना चरणो सेवीने तेणे शत्रुंजयादिक तीर्थोनो उद्धार कर्यो, तथा ओंकारादिक शेहेरोमां जिनमंदिरो बंधाव्यां.

एवी रीते कीर्तिदानपर विक्रमादित्य राजानी कथा जाणवी.

वली एवीज रीते जोजराजाए पण पोतानी कीर्तिमाटे का-

लिदास, वररुचि, मयूर, तथा बाण आदिक कविउने सेंकडो गमे गाम आदिकनुं दान आप्युं छे.

वळी ते कीर्तिदानपर जोजराजा अने धनपाल कविनी कथा कहेछे.

सर्वदेव ब्राह्मणनो पुत्रधनपाल पोताना जाइ शोजनाचार्ये करेला उपदेशथी प्रतिबोध पामीने परम जैनी थयो हतो. एक दहामो जोजराजा ज्यारे शिकारे जतो हतो, त्यारे तेणे बलात्कारे धनपाल पंडितने साथे लीधो. पछी त्यां पोताना बाणथी एक हरिणने मार्याथी ते हरिण पृथ्वीपर पडीने पोतानी पुंछमी फफडाववा लाग्युं. त्यारे जोजराजाए धनपाल कविने तेनुं कारण पूछ्युं. त्यारे कवीश्वरे कह्युं के, हे राजन्! ते हरिण पुंछडी फफडावीने एम सूचवे छे के,

रसातलं यातु तदत्र पौरुषं
दुर्नीतिरेषा धरणीजृतानां ॥
निहन्यते यद्बलिनापि दुर्बलो
हहा महाकष्टमराजकं जगत् ॥ १ ॥

अर्थः– राजाउनुं ते पौरुष रसातलमां जाउ? तेम आ तेउनी कुनीति छे; केमके, बलवान माणस पण दुर्बलने जे हणे छे, तेथी अरेरे!! आ जगत् तो राजाविनानुं लागे छे. ॥ १ ॥

पदे पदे संति जटा रणोद्यता,
न तेषु हिंसारस एष पूर्यते ॥
धिगीदृशं ते नृपते कुविक्रमः,
कृपाश्रये यः कृपणे मृगे मयि ॥ २ ॥

अर्थः–वळी आ जगतमां पगले पगले सुजटो रणसंग्राममां तत्पर थएला छे; पण तेउनो हिंसारस संपूर्ण थतो नथी; माटे हे रा-

जन्! दया करवाने योग्य एवा हुं मृगप्रते जे तें आ तारूं खराब पराक्रम फोरव्युं ते, ते तारा पराक्रमने धिक्कार छे.

वैरिणोऽपि हि मुच्यंते, प्राणांते तृणभक्षणात् ॥
तृणाहाराः सदैवैते, हन्यंते पशवः कथम् ॥ ३ ॥

प्राणांतकाले मुखमां तृण लेवाथी माणसो वैरिउने पण छोडी मुके छे; तो हमेशां तृण भक्षण करनारा एवा आ पशुउने शामाटे हणवा जोइए?

आवी रीतनी धनपालनी वाणी सांभलीने भोजराज मनमां जरा क्रोधातुर थयो. पछी आगल चालतां ते राजा पोते बनावेला एक तलावपासे आव्यो, तथा ते तलावनुं वर्णन करवाने तेणे धनपाल कवीश्वरने कह्युं, त्यारे धनपाले कह्युं के,

एषा तटाकमिषतो वरदानशाला,
मत्स्यादयो रसवतीप्रगुणा सदैव ॥
पात्राणि यत्र बकसारसचक्रवाकाः,
पुण्यं कियद्भवति तत्र वयं न विद्मः ॥ १ ॥

अर्थः— तलावना मिषथी खरेखर आ तो एक दानशाला लागे छे, केमके त्यां मत्स्यादिकरूप रसोइ हमेशां तैयार होय छे, तथा तेमां बगलां, सारस, चक्रवाक आदिक पक्षिउ अतिथि तरीके आवे छे, माटे आ तलाव बांधवाथी केटलुंक पुण्य थाय छे? ते अमो जाणी शकता नथी. ॥ १ ॥

ते सांभलीने पण भोजराजा तो मनमां गुस्से थयो. पछी तेउ नगरमां आव्याबाद त्यां यज्ञमंडपमां होमवामाटे बांधेला बकरानी बूमो सांभलीने राजाए धनपाल पंडितने कह्युं के, आ बकरो शुं बोले छे? त्यारे धनपाले कह्युं के ते एम कहेछे के.

नाहं स्वर्गफलोपभोगतृषितो नाभ्यर्थितस्त्वं मया
संतुष्टस्तृणभक्षणेन सततं साधो न युक्तं तव ॥
स्वर्गं यांति यदि त्वया विनिहता यागे ध्रुवं प्राणिनो
यज्ञं किं न करोषि मातृपितृभिः पुत्रैस्तथा बांधवैः ॥१॥

अर्थ—हे राजन्! मने स्वर्गफलना उपभोगनी तृष्णा नथी, तेम में तमारी पासे कंइं याचना करी नथी; तेम हुं तृणभक्षणथी संतुष्ट थयो छुं. माटे तमारे मने मारवो उचित नथी; वळी कदाच तमोए यज्ञमां मारेला प्राणीउ जो स्वर्गमां जता होय, तो तमो तमारा मातपिता तथा पुत्रो अने बांधवोनो यज्ञ केम करता नथी? १

ते सांभळी क्रोधायमान थएला भोजराजाए धनपालनी आंखो कढाडी लेवाने इछयुं. धनपाल पंडिते पण चेष्टाथी राजानो ते विचार जाणी लीधो. पछी चालतां थकां ज्यारे तेउ दरवाजामां आव्या, त्यारे कोइक डोशीने मस्तक धुणावती तेउए दीठी, तथा तेनीपासे एक मुग्ध छोकरी पण उभी हती. ते जोइ राजाए धनपालने तेनुं कारण पूछ्युं. त्यारे धनपाल कविए कह्युं के, हे स्वामी! आ डोशीने ते मुग्धबालिका नीचेप्रमाणे पूछे छे, अने तेनो ते डोशी निषेध करे छे.

किं नंदी किं मुरारिः किमुत
सुरपतिः किं जलः किं कुबेरः
किं वा विद्याधरोऽसौ किमु
रतिरमणः किं विधुः किं विधाता ॥
नायं नायं न चायं न खलु
न हि न वा नापि नासौ न चैष
क्रीडां कर्तुं प्रवृत्तः स्वयमिह
हि हले भूपतिर्भोजदेवः ॥ १ ॥

अर्थः– शुं आ महादेव छे? के विष्णु छे? के इंद्र छे? के नल छे? के कुबेर छे? के कोइ विद्याधर छे? के कामदेव छे? के चंद्र छे? के ब्रह्मा छे? त्यारे ते कोशीए कह्युं के, अरे मुग्धे सखि! तेओमांथी ते कोइ पण नथी; आ तो भोजराजा पोते क्रीडा करवाने जाय छे.

ते सांभली भोजराजाए कह्युं के, हे कवीश्वर! मने विष्णु आदिकनी उपमा शीरीते घटी शके छे? त्यारे धनपाल कवीश्वरे कह्युं के, हे राजन्! सांभलो.

अभ्युद्धृता वसुमती दलितं रिपूरः-
क्रोडीकृता बलवता बलिराजलक्ष्मीः॥
एकत्र जन्मनि कृतं तदनेन यूना,
जन्मत्रये यदकरोत्पुरुषः पुराणः॥ १॥

अर्थ–बलवान एवा तमोए एकज जन्ममां पृथ्वीने उंधरी छे, शत्रुओने दल्या छे, तथा (बलिराजनी) बलवान राजाओनी लक्ष्मीने वश करी छे; अने विष्णुए तो त्रण जन्ममां ते त्रणे कार्यो कर्यां छे.

ते सांभली तुष्टमान थएला भोज राजाए कवीश्वरने कह्युं के, हे कविराज! तमो कंइ पण वरदान मागो? त्यारे धनपाले कह्युं के, जो एम छे तो मने (मारी) आंखो आपो? त्यारे राजाए कह्युं के, ते आंखो तो प्रथमथीज तमारीपासे छे. त्यारे कवीश्वरे कह्युं के ते आंखो छे, पण नहीं होवासरखी हती, केमके, आपे मनथी ते लेइ लेवानीज इच्छा करी हती. त्यारे राजाए कह्युं के, तमोए ते शी रीते जाण्युं? त्यारे कविराजे कह्युं के,

आकारैरिंगितैर्गत्या, चेष्टया भाषणेन च॥
नेत्रवक्त्रविकारैश्च, लक्ष्यतेऽंतर्गतं मनः॥ १॥

आकार, इंगित, गति, चेष्टा, वचन, अने नेत्र तथा मुखना विकारथी प्राणीओनुं अंतरंग मन जणाय छे.॥ १॥

ते सांजली राजाए कह्युं के, हे कविराज! तमो शांत थाउ? में तमोने ते तमारां चक्षुउ आप्यां. इत्यादि जोजराजाए घणां कीर्तिदानो आप्यां ले.

वली तेज कीर्तिदानपर सिद्धराज राजानी कथा कहेले.

एक दहाडो सिद्धराज ग्रीष्मऋतुमां, क्रीडा करवामाटे वनमां गया हता. त्यां मार्गमां रामचंद्र नामना साधु तेमने मल्या. त्यारे ते राजाए तेमने पूछ्युं के, ग्रीष्म ऋतुमां दिवसो लांबा केम होय ले? त्यारे रामचंद्रे कह्युं के,

देव श्रीगिरिदुर्गमल्ल जवतो दिग्जैत्रयात्रोत्सवे
धावद्धीरतुरंगनिष्ठुरखुरक्षुण्णक्ष्मामंडलात्‌ ॥
वातोद्धूतरजोमिलत्सुरसरित्संजातपंकस्थली-
दूर्वांचुंबनचंचुरा रविहयास्तेनातिवृद्धं दिनम्‌ ॥१॥

अर्थ– हे गिरिदुर्गने जीतनारा राजन्‌! तमारा दिग्विजय समये दोडता एवा सुजटोना घोडाउनी उग्र खरीउना घातथी खोदाएली पृथ्वीपरथी पवने करीने उडेली रजथी आकाशगंगामां कादव थयो, अने तेथी तेमां उगेली ध्रोकडने खावानी लालचथी सूर्यना घोडाउ थोजी गया ले, अने तेथी दिवसो मोटा थया ले.

ते सांजली तुष्टमान थएला सिद्धराजे तेमने "कविकट्टारमल्लनुं" बिरुद आप्युं. एवी रीते सिद्धराजे पण श्रीपाल आदिक कविउने घणुं कीर्तिदान आप्युं ले.

वली तेज कीर्तिदानपर कुमारपाल राजानी कथा कहेले.

एक दहाडो कुमारपाल राजाए सपाद लक्षना राजाअर्णाधिपपर चडाई करी; ते वखते तेना सामंतोए गुप्त रीते तेनी हांसी करीके, अरे! आ वणिकनी पेठे जैनधर्म पालनारो ले, तो हिंसाथी डरीने शत्रुउने शी रीते जीती शकशे? ते वात राजाना क-

णपर आववाथी ते सामंतोने पोतानुं बल देखाडवा माटे कुमारपाले मार्गमां पडेली एक आखी सोपारीनी गुणीने पोताना भालांवती उंचकी लीधी, तथा एक धोबीना सात कपडायां के, जे एक बीजापरसाथे पडेलां हतां, तेउने भालांथी वींधी नांख्यां. ते समये आम्रभट्ट कविए समयोचित राजानी प्रशंसा करवाथी कुमारपाले तेने दरेक अक्षरप्रते घोडाउ आप्या.

पछी अर्णराजाए केटलुंक द्रव्य आपीने कुमारपालना केटलाक सामंतोने ज्यारे पोताना पक्षमां लीधा त्यारे कुमारपाल शोकातुर थयो, त्यारे एक चारणे तेने कह्युं के,

कुमारपाल मम चिंत करेइ, चिंतिउं किंपि न होइ ॥
जिणें तुज राज समप्पिउं, चिंत करेसिइ सोइ ॥ १ ॥

पछी ज्यारे कुमारपालनो जय थयो त्यारे कविए कह्युं के,

जीयाच्चिरं कीर्तिलतालवाल,
कुमारपाल क्षितिपाल भास्वान् ॥
यस्य प्रतापो हि वनेऽप्यरीणां,
स्वेदोदबिंदून्नधिकांश्चकार ॥ १ ॥

अर्थ– हे कीर्तिरूपी वेलडीना क्यारासमान अने सूर्यसरखा कुमारपाल राजा तमो घणा कालसुधी जय पामो? के जे कुमारपालराजाना प्रतापे वनमां रहेला शत्रुउने पण अधिक पसीनाना बिंदुउ करेला छे. ॥ १ ॥

विहारं कुर्वता वैरि-वनिताकुचमंडलम् ॥
महीमंडलमुद्दंड-विहारं येन निर्ममे ॥ २ ॥

अर्थ– वली जे कुमारपाल राजाए पृथ्वीपर विहार करतां थकां शत्रुउनी स्त्रीउना स्तनमंडलने हारोविवानुं कर्युं छे. ॥२॥

इत्यादि तेनी प्रशंसाना अनेक काव्यो कविए कह्यां छे, अने तेथी कुमारपालराजाए तेने घणुंज कीर्तिदान आपेलुं छे.

वली एवीज रीते कुमारपाल राजा एक दहाडो पोताना गुरु श्री हेमचंद्राचार्यनीसाथे शत्रुंजयपर जई चैत्यनां दर्शन करता हता, ते वखते हेमचंद्रजीए तेमनो डाबो हाथ झाल्यो हतो, ते जोइ कपर्दि कविए कह्युं के,

श्रीचौलुक्य स दक्षिणस्तवकरः पूर्वं समासूत्रित-
प्राणिप्राणविघातपातकसखः शुद्धो जिनेंद्रार्चनात् ॥
वामोऽप्येष तथैव पातकसखः शुद्धिं कथं प्राप्नुयात्
न स्पृश्येत करेण चेद्यतिपतिः श्रीहेमचंद्रः प्रभुः ॥१॥

अर्थ– हे चौलुक्यवंशना राजा कुमारपाल ! पूर्वे करेली प्राणीहिंसाथी पापिष्ट थएलो तमारो जमणो हाथ तो श्री जिनेश्वर प्रभुनी पूजाथी शुद्ध थएलो छे; अने तेवीज रीते तमारो डाबो हाथ पण के जे पापिष्ट हतो, तेने जो आ महान आचार्य श्री हेमचंद्रजीए स्पर्श कर्यो नहोत, तो ते पण शुद्ध क्यांथी थात?

ते सांभली कुमारपालराजाए कपर्दि कविने घणुं द्रव्य आपी संतुष्ट कर्यो.

वली तेज कीर्तिदानपर विशलदेवराजानी कथा कहेछे.

एक दहाडो विशलदेवराजाए भोजन कर्याबाद हाथमां एक तृण लेइने अरिसिंह नामना कविने कह्युं के, तमो आ तृणनुं वर्णन करो? अने तेमां जो तमो चमत्कारिक भंगीउथी वर्णन करशो, तो तमोने हुं बेवडो गरास आपीश, अने तेम जो नहीं थाय, तो तमारो जे गरास छे, ते पण आंचकी लेइश. ते सांभली कविराजे कह्युं के,

क्षारोऽब्धिः शिखिनोमखा विषमयं श्वभ्रं क्ष्मांडमुधा
प्राहुस्तत्र सुधामियं तु दनुजस्तत्रैव लीनातृणे ॥

पीयूषप्रसवो गवां यदशनाद्दत्वा यदासोनिजे
देव त्वत्करवालकालमुखतो निर्याति जातिर्द्विषाम् ॥१॥

एवी रीतना चमत्कारिक वर्णनने सांभळीने विशालदेवराजाए ते कविराजने बमणो गरास आप्यो.

वळी तेज कीर्तिदानपर उदयसिंह राजानी कथा कहेछे.

एक दहाडो योगिनी नामना नगरथी जलालुद्दिन नामनो बादशाह मोटुं लश्कर लेइने गुजरातपर चडी आव्यो, तथा ते देश जीतीने ज्यारे ते पाछो वळ्यो त्यारे गोपगिरिना राजा उदयसिंहे पोतानुं लश्कर लेइने तेनापर हुमलो कर्यो; तथा ते बादशाहना लश्करने हरावीने तेनो सघळो असबाब पोते लुंटी लीधो तथा एवी रीते जय पामीने ज्यारे ते नगरमां प्रवेश करतो हतो त्यारे एक चारणे तेने कह्युं के,

सुंदरसरिअसुरहंदतलि, जलपिधउं वयणेहिं ॥
उदयनरिंदहिं कढ्ढीउं, तीहं नारीनयणेहिं ॥ १ ॥

एवी रीतनी चारणे कहेली गाथाने सांभळीने तुष्टमान थएला उदयसिंहराजाए ते चारणने पोताने लुंटमां मळेलो सर्व असबाब आपी दीधो.

एवी रीते कर्णराजा, वनराज, भीम, आमराजा आदिक राजाउना कीर्तिदानना प्रबंधो जाणी लेवा.

हवे मंत्रि, प्रधान, व्यापारि आदिकोना कीर्तिदाननुं स्वरूप कहे छे. तेमां प्रथम आम्रदेव मंत्रिनी कथा कहेछे—

एक दहाडो गुजरातना राजा कुमारपाळे कोई बंदिना मुखथी कोंकणना राजा मल्लिकार्जुननी प्रशंसा सांभळी. तेथी तेने क्रोध चड्यो, अने तेटलामाटे तेणे पोताना मंत्रि आम्रदेवने तेने जीतवामाटे बळवान लश्करसहित त्यां मोकल्यो. त्यां लडाइमां

ते आम्रदेव मंत्रिए मल्लिकार्जुनने मार्यो, तथा त्यां रहेता माछी-मारोनी आजीविकानो बंदोबस्त करावीने तेउपासेनी त्रणसो जालोने बाली नाखी. तथा ते देशमां सर्व जगोए कुमारपालनी आज्ञा वर्तावी. पछी त्यांथी पाछा वलतां सोपारक नगरमां जीवंत स्वामी तथा श्री युगादि प्रभुना मंदिरमां तेणे अष्टाइ महोत्सव कर्यो, तथा त्यांथी मेलवेली अमूल्य वस्तुउ लेइने तुरत पाटणमां आव्यो, अने सर्व वस्तुउ तेणे कुमारपालराजाने सोंपी. ते जोई तुष्टमान थएला राजाए ते आम्रदेवने "राजपितामहनुं" बिरुद आप्युं, तथा तेनीसाथे एक क्रोड सोना मोहोरो, त्रण सोनाना कलशो, अने चोवीस उत्तम घोडाउ पण आप्या. त्यारे आम्रदेवे ते त्रण कलशोने भृगुकछादिकमां जिनमंदिरोपर चडाववामाटे राख्या, अने बाकीनुं राजाए आपेलुं द्रव्य तथा पोताना घरमां रहेलुं द्रव्य पण तेणे भाट चारण आदिकोने आपी दीधुं. ते जोई राजाने ईर्षा थई, त्यारे आम्रदेवे कह्युं के, हे स्वामी! आप तो बार गामना स्वामी एवा त्रिभुवनपालना पुत्र छो, अने हुं तो तमो के जे अढार देशोना राजा छे, तेनो पुत्र छुं, माटे अधिक दान केम न आपुं? ते सांभली कुमारपालराजा संतुष्ट थया. वली ते आम्रदेव मंत्रिए भरुचमां श्री मुनिसुव्रतस्वामिना मंदिरमां आरति उतारतीवखते घणुं द्रव्य याचक लोकोने आप्युं हतुं. कह्युं छे के,

द्वाविंशद्रुम्मलक्षा भृगुपुरवसतेः सुव्रतस्यार्हतोऽग्रे
कुर्वन्मांगल्यदीपं स सुरनरवरश्रेणिभिःस्तूयमानः ॥
यो ऽदादर्थिव्रजस्य त्रिजगदधिपतेः सद्गुणोत्कीर्तनायां
स श्रीमानाम्रदेवो जगति विजयतां दानवीराग्रयायी १

अर्थ- भरुचमां श्रीमुनिसुव्रतस्वामिजीपासे मंगल दीपकरतां थकां, देवो अने उत्तम मनुष्योनी श्रेणिउथी स्तुति करा-

एला जे श्री आम्रदेव मंत्रीए, त्रिलोकना स्वामिना गुणोत्कीर्तन करनार नोजक आदिकोने बत्रीस लाख सोनामोहोरो आपी छे, एवा महा दानेश्वरी श्रीआम्रदेव मंत्री जगतमां जय पामो?

वली ज्यारे ते मंत्रीश्वरे नरुचमां जिनमंदिरनो प्रतिष्ठामहोत्सव कर्यो त्यारे तेनी उदारता जोई चकित थएला हेमचंद्राचार्यजीए पण कह्युं के,

किं कृतेन न यत्र त्वं यत्र त्वं, किमसौ कलिः॥
कलौ चेद्भवतो जन्म, कलिरस्तु कृतेन किम ॥ १ ॥

ते सांनली एक लाख अने बत्रीस हजार सोनामोहोरोनुं श्री हेमचंद्राचार्यपर लुंछन करीने आम्रदेवे ते सर्व द्रव्य याचकोने वहेंची आप्युं.

एवी रीते किर्तिदानपर कुमारपालराजाना महामंत्री आम्रदेवनी (अंबडदेवनी) कथा कही.

हवे तेज कीर्तिदानपर विमलशाहनी कथा कहे छे.

विमलशाह शाहुकारे ज्यारे आबु पर्वतपर जिनमंदिरो बांधवानो प्रारंन कर्यो, तेसमये ते नूमिनो अधिष्ठाता वालिनाह तेमने अंतराय करवा लाग्यो, तथा मदिरा अने मांसना निवेदनी याचना करवा लाग्यो; त्यारे विमलशाहे अंबिकादेवीना आराधनथी तेने वश कर्यो, अने तेथी ते फक्त वडांना निवेदथीज खुशी थयो. पछी ते विमलशा शेठे जिनमंदिर पूरुं कर्याबाद अत्यंत नक्तिथी संघनी सेवा करी तथा निक्षुक लोकोने एवा तो संतुष्ट कर्या के, हजुसुधि पण " विमलश्रीसुप्रनात " एवी रीतनी लोकवाणी चाली आवे छे; अने याचक विगेरे पोताना यजमानने ते वचन कहीने आशीर्वाद आपे छे. ते आशीर्वाद वचननो अर्थ एवो छे के, जेम विमलशाह शेठ अने तेनी स्त्री श्रीदेवीनो

प्रजात जगतो हतो, तेवो प्रजात तमारो पण जगो? वली एक चारणे विमलशाह शेठनी प्रशंसा करी के,

मंडीमुरकीरइ करइ, मिल्हीअमंसग्गाह ॥
विमलहिं खंडऊंकढ्ढीउं, नठउ वालिनाह ॥१॥

ते सांभली विमलशाह शेठे ते चारणने एक लाख सोनामोहोरो आपी हती. एवी रीते विमलशाह शेठना कीर्तिदाननी कथा जाणवी. वली तेज कीर्तिदानपर वस्तुपालनी कथा कहे छे.

वस्तुपाल मंत्री दर वर्षे त्रणवार चतुर्विध संघनी पूजा करता हता; अने अत्यंत दान आपता हता. एक दहाडो कोइक दरिद्री ब्राह्मणे तेमने विनंति करी के, हे देव! तमो तो कल्पवृक्षनीपेठे सर्व लोकोनी इच्छाउं पूरो छो, तो एक दिवस मारा तरफ पण दृष्टि करो के, जेथी मारी दरिद्रताने तो हुं जलांजलिज देउं. ते सांभली मंत्रिए पोताना माणसोने कह्युं के, अरे! आने कंइक वस्त्र आपो? त्यारे माणसोए कह्युं के, वस्त्रो बांधवानी एक जाडी चादर अहीं हाजर छे. त्यारे मंत्रिए जरा हसीने कह्युं के, ते आपो? पछी ते चादर लेइने ब्राह्मणे कह्युं के,

क्वचित्सूत्रं क्वचित्तूलं, कार्पासास्थि क्वचित् क्वचित् ॥
देव त्वदरिनारीणां, कुटीतुल्या पटी मम ॥ १ ॥

अर्थ— आ वस्त्रमां तो कोइक जगोए सुतर, तो कोइक जगोए पुंबडां, तो क्यांक क्यांक तो वली कपासीआ पण वलगेला छे, माटे हे देव! आ मारुं वस्त्र तो आपना शत्रुउंनीकुटी सरखुं छे. ॥१॥

ते सांभली जरा हसीने मंत्रीश्वरे कह्युं के, फरीने ते श्लोक तुं बोल? ते सांभली ते ब्राह्मण सत्तर वखत ते श्लोक फरी फरीने बोली गयो; तेथी तुष्टमान थएला मंत्रीश्वरे तेने सत्तरसो सोनामोहोरो आपी.

एक दहाडो वस्तुपालमंत्री यात्रा वखते नरचंद्र आचार्यजीने वांदवा माटे आव्या; त्यारे आचार्यजी जरा ध्यानमां हता. त्यारे मंत्रीश्वरे कह्युं के, हे भगवन्! आ समये आप निद्रामां केम छो? त्यारे आचार्यजीए कह्युं के, हुं कंइ निद्रामां नथी, पण समुद्रमां रहेला लक्ष्मी अने विष्णु वातो करे छे, ते सांभलुं छुं. त्यारे मंत्रीश्वरे पूछ्युं के, तेओ शुं वातो करे छे? त्यारे आचार्यजीए कह्युं के,

लक्ष्मि प्रेयसि केयमास्यशितिति वैकुंठकुंठोऽसि किम् ॥
नो जानासि पितुर्विनाशमसमं संघोत्थितैःपांसुभिः
माभीर्भीरु गभीर एव भवितांभोधिश्चिरं नंदतात्,
संघेशो ललितापतिर्जिनपतेःस्नानांबुकुल्यां सृजन् १

ते सांभली मंत्रीश्वरे तेमना मानमाटे सुवर्णनुं सिंहासन रचाव्युं.
एक दहाडो बालचंद्र साधुए वस्तुपालनी प्रशंसा करी के,

गौरी रागवती त्वयि त्वयि वृषो बध्धादरस्त्वं पुन-
र्भूत्या त्वं च समुल्लसद्गुणगणः किं वा बहु ब्रूमहे
श्रीमंत्रीश्वर नूनमीश्वरकलायुक्तस्य ते युज्यते
बालेंदुं चिरमुच्चकैरचयितुं त्वत्तोऽपरः कः क्षमः २

ते सांभली मंत्रीश्वरे तेमनुं पादोपवेशन कर्युं.

एक दहाडो तेजपालमंत्री भृगुकच्छ (भरुच) नामना नगरमां पधार्या. त्यारे मुनिसुव्रतस्वामिना चैत्यमां रहेता आचार्योए तेमने कह्युं के, हे मंत्रीश्वर! एक संदेशो हुं तमोने कहुं ते सांभलो? त्यारे मंत्रीश्वरे हाथ जोडीने कह्युं के, हे भगवन्! आप फरमावो? त्यारे आचार्यजीए कह्युं के, आजे पाछली रात्रिए मने एक वृद्ध स्त्रीए आवीने कह्युं के,

तेजःपालकृपालुधुर्यविमलप्राग्वटावंशध्वज
श्रीमन्नंबडकीर्तिरर्ध वदति त्वत्संमुखं मन्मुखात्॥

आजन्मावधि वंशयष्टिकलिता भ्रांताहमेकाकिनी
वृद्धा संप्रति पुण्यपुंजभवतः सौवर्णदंडस्पृहा॥१॥

ते सांभळी तेजपाल मंत्रीश्वरे जिनमंदिरोपर बहोतेर सोनाना कलशो अने दंडो चडाव्या. तथा दश हजार सोनामोहोरोनुं आचार्यजीने लुंछणुं कर्युं.

वळी एक दहाडो वस्तुपालमंत्री शत्रुंजय पर्वतपर सर्व संघनी समक्ष श्री युगादीश प्रभुनी आरति उतारता हता ते वखते याचको दान लेवामाटे उपरा उपर पडता हता. ते वखते सोमेश्वर कविए कह्युं के,

इच्छासिद्धिसमुन्नते सुरगणे कल्पद्रुमैः स्थीयते
पाताले पवमानभोजनजने कष्टं प्रणष्टो बलिः॥
नीरागानगमन् मुनीन् सुरभयश्चिंतामणिःक्वाप्यगात्
तस्मादर्थिकदर्थनां च सहतां श्रीवस्तुपालःक्षितौ १

अर्थः— कल्पवृक्षो तो इच्छासिद्धिवाला देवोपासे गया, अने महादानेश्वरी बलिराजा पातालमां गया, कामधेनुउ नीरागी मुनिउपासे गइउ, अने चिंतामणिरत्न तो कोण जाणे क्यांयें चाल्युं गयुं; माटे हवे तो आ पृथ्वीपर याचकोनी पीडा तो वस्तुपालनेज सहन करवी बाकी रही छे.

ते सांभळी मंत्रीश्वरे सोमेश्वर कविराजने एक हजार सोनामोहोरो आपी. त्यारे फरीने सोमेश्वरे कह्युं के,

के निधाय वसुधातले धनं, वस्तुपाल न यमालयं गता
त्वं तु नंदसि निवेशयन्निदं, दिक्षु धावति जने क्षुधावति

अर्थ—हे वस्तुपालमंत्री! आ पृथ्वीपर धनने छोडीने यमने स्थानके कोण गया नथी! पण तमोतो ते धनने दिशाउप्रते दोडता एवा क्षुधातुर माणसने आपता थका आनंद पामो छो.॥१॥

ते सांभली मंत्रीश्वरे फरीने तेने एक हजार सोनामोहोरो आपी. वली ते समये अरिसिंह कविराजे कह्युं के,

श्रीवासांबुजमाननं परिणतं पंचांगुलिच्छद्मतो
जग्मुर्दक्षिणपंचशाखमयतां पंचापि देवद्रुमाः ॥
वांछापूरणकारणं प्रणयिनां जिह्वैव चिंतामणि-
र्जाता यस्य किमस्य शस्यमपरं श्रीवस्तुपालस्य न

अर्थ– जे वस्तुपालनुं मुख तो लक्ष्मीने निवास करवाने कमल सरखुं छे, तथा हाथमां रहेली पांचे आंगलीउना मिषथी पांचे जातिनां कल्पवृक्षो तो जेने स्वाधीन थएलां छे, तेम लोकोनां वांछितोने पूरनारी जेनी जिह्वा तो चिंतामणिरत्नसमान छे, माटे एवी रीते श्रीवस्तुपालमंत्रीनुं बीजुं पण शुं प्रशंसवालायक नथी?

ते सांभली मंत्रीश्वरे तेने बे हजार सोनामोहोरो आपी.

एक दहाडो वीरधवल राजाए तुष्टमान थइने वस्तुपाल मंत्रीने दश लाख सोनामोहोरो इनाममां आपी; पण ते सघली सोनामोहोरो तेणे घेर पहोंचतां पेहेलांज मार्गमां याचकोने आपी दीधी. त्यारे कोइ कविए कह्युं के,

श्रीमंति दृष्ट्वा द्विजराजमेकं
पद्मानि संकोचमवाप्नुवंति
समागतेऽपि द्विजराजलक्षे,
सदा विकाशी तव पाणिपद्मः ॥ १ ॥

अर्थ– लक्ष्मीवान एवां कमलो एकज द्विजराजने कहेतां चंद्रने जोइने संकोचाइ जाय छे, पण हे मंत्रीश्वर! लाखो द्विजराज (ब्राह्मणो) आवते छते पण तमारुं हस्तकमल तो हमेशां प्रफुल्लितज रहे छे!! ॥ १ ॥

एवी रीतनी पोतानी स्तुति सांजलीने वस्तुपाल मंत्री लज्जाथी नीचुं जोवा लाग्या; ते जोइ नाना नामना कविए कह्युं के,

एकस्त्वं ज्जुवनोपकारकइति श्रुत्या सतां जल्पितं
लज्जानम्रशिरा धरातलमिदं यद्वीक्षसे वेद्मि तत् ॥
वाग्देवीवदनारविंदतिलकश्रीवस्तुपाल ध्रुवं
पातालाद्बलिमुद्दिधीर्षुरसकृन्मार्गं ज्जवान् मार्गसि॥१॥

अर्थ– " तुं एकज जगतनो उपकारी छे" एवी सज्जनोनी वाणी सांजलीने लज्जाथी मस्तक नमावीने जे तमो नीचे जुओ छो तेनुं कारण हुं जाणुं छुं; हे सरस्वतीना मुखपर तिलकसमान एवा वस्तुपाल मंत्री ! खरेखर तमो पातालमांथी बलिराजाने खेंची कहाडवानी इच्छाथी मार्गने शोधो छो. ॥ १ ॥

ते सांजली मंत्रीश्वरे ते कविराजने सुवर्णनी जीज्ञ आपी.

एक दहाडो सोमेश्वर कवि वस्तुपालने घेर आव्यो, त्यारे मंत्रीश्वरे तेमने बेसवामाटे उत्तम आसन आप्युं, पण तेपर ते बेठो नहीं; त्यारे मंत्रीश्वरे तेनुं कारण पूछ्युं; त्यारे कविए कह्युं के,

अन्नदानैः पयः पानै-धर्मस्थानैश्च ज्जूतलम् ॥
यशसा वस्तुपालेन, रुद्धमाकाशमंडलम् ॥ १ ॥

अर्थ– वस्तुपाल मंत्रीश्वरे अन्नदानथी, जलदानथी, तथा धर्मनां मकानोथी पृथ्वीतलने रोक्युं छे, तेम यशथी आकाशमंमलने रोक्युं छे, (माटे जगो नहीं मलवाथी हुं बेसतो नथी.)

ते सांजली मंत्रीश्वरे तेने नव हजार सोनामोहोरो आपी.

एक दहाडो वस्तुपाल मंत्री संघपूजा करता हता त्यारे विजयसेनसूरिजीए कह्युं के, आजे तो इंद्रना नंदनवनना उद्यानपालके इंद्रनी सज्जामां जइ एवो पोकार कर्यो छे के,

देव स्वर्नाथ कष्टं ननु क इह भवान्नंदनोद्यानपालः ॥
खेदस्तत्कोऽथ केनाप्यहह हत हृतः काननात्कल्पवृक्षः॥

अर्थ- हे इंद्र महाराज आजे तो मने मोटुं कष्ट थयुं छे; त्यारे इंद्रे कह्युं के, तुं तो नंदनवननो उद्यानपाल छे; तने आजे शुं कष्ट छे? त्यारे उद्यानपाले कह्युं के, अरेरे !! आजे तो कोइ नंदनवनमांथी कल्पवृक्षने उपाडी गयुं छे ! ! ते सांभली इंद्रे कह्युंके,

हुं मा वादीस्तदेतत्किमपि करुणया मानवानां मयैष ॥
प्रीत्यादिष्टोऽयमुर्व्यास्तिलकयति तलं वस्तुपालच्छलेन॥१॥

अर्थ-अरे ! उद्यानपाल ! तुं एम नहीं बोल? ते कल्पवृक्षने तो में मनुष्योपर कृपा लावीने मनुष्य लोकमां जवाने कह्युं छे. अने तेथी आजे ते कल्पवृक्ष वस्तुपाल मंत्रीश्वरना मिषथी पृथ्वीतलने शोभावे छे ॥ १ ॥

वली ते समये कोईके रोहणाचल पर्वतने प्रश्न कर्यो के,

हंहो रोहण रोहति त्वयि मुहुः किं पीनतेयंसदा

अर्थ- हे रोहणाचल ! हालमां तने आवी पुष्टता ते हमेशां केम मलती जाय छे? त्यारे रोहणाचले कह्युं के,

भ्रातः संप्रति वस्तुपालसचिवत्यागैर्जगत्प्रीयते ॥
तेनास्तैव ममार्थिकुट्टनकथा प्रीतिर्दरीकिन्नरी-
गीतैस्तस्य यशोऽमृतैश्च तदियं मेदस्विता मेऽधिकम्॥१॥

अर्थ- हे भाई! हमणां तो वस्तुपाल मंत्रीश्वरना दानोथी जगत आनंद पामे छे; अने तेथी याचकोथी थता मारा खोदाणनी कथाज नष्ट थइ छे; तेम गुफाउमां रहेली किन्नरीउनां गीतोथी मने प्रीति थइ छे, अने ते वस्तुपाल मंत्रीश्वरना यशोरूपी अमृतथी मारी कष्टता अधिक अधिक वृद्धि पामे छे. ॥ १ ॥

एक दहाडो प्रनासपाटणथी सोमनाथ महादेवना पूजाराउ त्यां आव्या. त्यारे वस्तुपाल मंत्रीए कह्युं के, त्यां पूजा सेवा तो सारी रीते चाले छेनी? त्यारे ते पूजाराउए कह्युं के,

नादत्तेऽनसितं सितं सचिव ते कर्पूरपूरं स्मरन्
कौपीने न च कुप्यति प्रनुरसौ शंसन् डुकूलानि ते ॥
दिग्धो डुग्धनरैर्जलेषु विमुखः श्रीवस्तुपाल त्वया
कर्पूरागरुपूरितः पशुपतिर्नो गुग्गलं जिघ्रति ॥ १ ॥

ते सांनली ते पूजाराउने दश हजार सोनामोहोरो मंत्रीए आपी. वली ज्यारे मंत्रीश्वर दानमंडपमां रहीने याचकोने दान आपता हता त्यारे कविउ तेउनी स्तुति करता हता के,

ये पापप्रवणाः स्वनावकृपणाः स्वामिप्रसादोल्बणा
स्तेऽपि डव्यकणाय मर्त्यनषणा जिह्वे नवंत्यस्तु ताः ॥
तस्मात्तद्घापघातविधये बह्वादरा संप्रति
श्रेयःस्थानविधानधिकृतकलिं श्रीवस्तुपालं स्तुहि॥ १ ॥

सूरो रणेषु चरणप्रणतेषु सोमो,
वक्रोऽतिवक्रचरितेषु बुधोऽर्थबोधे ॥
नीतौ गुरुः कविजने कविरक्रियासु,
मंदोऽपि च ग्रहमयो न हि वस्तुपालः॥ २ ॥

एवी रीतनी स्तुति करनार कविउने दरेकने तेणे एकेक हजार सोनामोहोरो इनामदाखल आपी.

पीयूषादपि पेशलाः शशधरज्योत्स्नाकलापादपि
स्वन्ना नूतनचूतमंजरिनरादप्युल्लसत्सारनः ॥
वाग्देवीमुखसामसूक्तविशदोजारादपि प्रांजलाः
केषां न प्रथयंति चेतसि मुदः श्रीवस्तुपालोक्तयः ॥

श्रीवस्तुपाल तव भालतले जिनाज्ञा,
वाणी मुखे हृदि कृपाकरपल्लवश्रीः ॥
देहे द्युतिर्विलसतीति रुषेव कीर्तिः,
पैतामहं सपदि धाम जगाम नाम ॥ २ ॥
अनिःसरंतीमपि गेहगर्भा-
त्कीर्तिं परेषामसतीं वदंति ॥
स्वैरं भ्रमंतीमपि वस्तुपाल,
त्वत्कीर्तिमाहुः कवयः सतीं तु ॥ ३ ॥
सेयं समुद्रवसना तव दानकीर्तिः,
पूरोत्तरीयपिहितावयवा समंतात् ॥
अद्यापि कर्णविकलेति न लक्ष्यते य-
त्तन्नाद्भुतं सचिवपुंगववस्तुपाल ॥ ४ ॥

एवी रीतनी प्रशंसा करनारा दरेक कविजने मंत्रीश्वरे हजार हजार सोनामोहोरो आपी.

एवी रीते सेंकडोगमे कीर्तिदानो वस्तुपाल मंत्रिए आपेलां छे. तेनी विशेष हकीकत तेमना चरित्रथी जाणी लेवी.

शत्रुंजय नामना महातीर्थनी यात्रा करनार शालिगराजानीसभामां एक दिवसे कोइक कैलासवासि ब्राह्मण आव्यो; तेने राजाए पूछ्युं के हालमां कैलासमां शुं वर्ती रह्युं छे ? त्यारे ब्राह्मणे कह्युं के,

ब्राह्मी वीक्ष्य शरस्यकारणशिरोमालां मरालाश्रय
कंठकाल तवाधिकंठलुठितां वैरस्य शुम्भौ किल ॥
आधत्ते भवदालयस्य नितरां मूलोपलोन्मूलनं
का भीतिः परमस्य लक्षणविधौ श्रीशालिगो गर्जति ॥

एवी रीतनुं काव्य सांभळीने ते ब्राह्मणने शालिगराजाए घणुं धन आप्युं.

वळी विक्रम संवत् १३७१ मां समराशाहे ज्यारे शत्रुंजय तीर्थनो उद्धार कर्यो, त्यारे रामभट्ट नामना कविए कह्युं के,

अधिकं रेखया मन्ये, समरं सगरादपि ॥
कलौ म्लेछबलाकीर्णे, येन तीर्थं समुध्धृतम् ॥ १ ॥

अर्थ– हुं तो सगरचक्रीथी पण समराशाहने अधिक प्राक्रमवाळो जाणुं छुं, केमके तेणे आ कलिकाळमां म्लेछोना लश्करथी भरेला एवा पण समयमां तीर्थनो उद्धार करेलो छे. ॥१॥

ते सांभळी तुष्टमान थएला समराशाहे ते कविने सुवर्णनी जीभ आपी. एवी रीते सारंग, संग्रामसोनी, जगसी मोणसी, पेथरू, झांझण आदिकना कीर्तिदानो बीजा ग्रंथोथी जाणी लेवा.

एवी रीते अभयदान, सुपात्रदान, अनुकंपादान उचितदान तथा कीर्तिदान मळीने पांच प्रकारनां दानोनुं स्वरूप कह्युं.

हवे ते पांचे दानोमांथी अभयदान अने सुपात्रदानथी शांतिनाथ प्रभु तथा चंदनबाळा दिकोनीपेठे मोक्ष थाय छे, वळी अनुकंपादान, उचितदान, तथा कीर्तिदानथी मेघकुमारादिकनी पेठे भोगादिक मळे छे. एवुं जाणीने विवेकी माणसोए सर्व प्रकारे दानधर्मनुं आराधन करवुं.

हवे शीलसंबंधि उपदेश कहेछे.

ये यौवने शीलधरा नराः स्यु-
स्तेषामहो सत्पुरुषेषु रेखा ॥
ते तारकाः स्युः प्रविशंति पूरे,
तरंगिणीनां तरणक्षमा ये ॥ १ ॥

अर्थ– जे माणसो यौवन अवस्थामांज शीलने धारण करे छे,

तेउंनीज गणत्री सज्जनोमां थाय छे; केमके, जे तारूउं नदी-उंना पूरमां प्रवेश करे छे, तेउंज खरेखरा तारूउं कहेवाय छे. ॥

आ जगतमां जे लोको यौवन अवस्थामां पण शीलथी श-णगारेला थइने रहे छे, तेउंज सज्जतिए जनारा छे. कह्युं छे के,

ये न स्खलंति ते दक्षाः, कृष्णकेशतमोभरे ॥
वार्धके तु सदोद्योतः, शिरस्थपलितेंदुतः ॥ १ ॥

अर्थ– जेउं श्याम केशोरूपी अंधकारना समूहमां स्खलना पामता नथी, तेउंज डाह्या पुरुषो छे; केमके, वृद्धावस्थामां तो मस्तकपर रहेला श्वेतपालरूपी चंद्रथी हमेशां प्रकाश थाय छे.१

वळी यौवनावस्थामांज व्रतपालवुं दुकर छे. कह्युं छे के,

यौवनं विकरोत्येव, मनः संयमिनामपि ॥
राजमार्गे प्ररोहंति, वर्षाकाले किलांकुराः ॥ १ ॥

अर्थ– यौवनावस्था छे ते मुनिउंना मनमां पण विकार उ-त्पन्न करे छे; केमके, वर्षाकालमां तो राजमार्गमां पण अंकुराउं उगी निकले छे. ॥ २ ॥

शीलरूपी रत्नवाला पुरुषे हमेशां मनमां स्त्रीना स्वरूपनुं निं-दनिकपणुंज चिंतववुं. जेम के,

प्राप्तुं पारमपारस्य, पारावारस्य पार्यते ॥
स्त्रीणां प्रकृतिवक्राणां, दुश्चरित्रस्य नो पुनः ॥ १ ॥

अर्थ– अपार एवा समुद्रनो पार तो पामी शकाय छे, पण स्वभावथीज वक्र एवी स्त्रीउंना दुराचरणनो पार पामी श-कातो नथी. ॥ १ ॥

हय विहिणा संसारे, महिलारूवेण मंडिअं पासं ॥
बज्झंति जाणमाणा, अयाणमाणावि बज्झंति ॥ २ ॥

अर्थ– अरेरे !! ब्रह्माए आ संसारमां स्त्रीरूपी पास मांड्यो छे, के जे पासमां ज्ञानीओ अने अज्ञानीओ पण फसाइ जाय छे.॥

संसार तव निस्तार-पदवी न दवीयसी ॥

अंतरा दुस्तरा न स्यु-र्यदि रे मदिरेक्षणाः ॥ ३ ॥

अर्थ–हे संसार! तारामां अंदर जो दुस्तर एवी स्त्रीओ न होत तो तरा पारने पहोंचवुं कंइ मुश्केल न होतुं. ॥ ३ ॥

कामं कुलकलंकाय, कुलजातापि कामिनी ॥

शृंखला स्वर्णजातापि, बंधनाय न संशयः ॥ ४ ॥

अर्थ– कुलीन एवी पण स्त्री कुलना कलंक माटे खरेखर थाय छेज, केमके, सोनानी सांकल पण बंधनकारक छे, तेमां संशय नथी. ॥ ४ ॥

इत्यादिक स्त्रीनुं निंदनिक स्वरूप जाणीने शील पालवुं. हवे वली प्रकारांतरथी शीलनुं माहात्म्य कहे छे.

मनुष्याः किंकरायंते, देवा निर्देशवर्तिनः ॥

शीलभ्राजोऽथवा कस्य, कल्पवृक्षो न वल्लभः ॥१॥

अर्थ– शीलधारी पुरुषपासे मनुष्यो तो चाकर थइने रहे छे, तथा देवोपण तेनो हुकम माथे चडावे छे; वली एवुं कल्पवृक्ष सरखुं शील कोने वहालुं होतुं नथी? ॥ १ ॥

शीलं प्रधानं न कुलं प्रधानं,
कुलेन किं शीलविवर्जितेन ॥
नैके नरा नीचकुले प्रसूताः,
स्वर्गं गताः शीलमुपेत्य धीराः ॥ २ ॥

अर्थ– शील उत्तम छे, पण कंइ कुलनी प्रशंसा थती नथी,

केमके, शीलविना कुल शुं उपयोगनुं छे? वली घणा धीर पुरुषो नीच कुलमां पण जनमीने शीलने पामीने स्वर्गे गएला छे. ॥२॥

विभूतयोऽपि माऽभूवन्, शीलम्लानिपचेलिमाः ॥
गेहदाहसमुद्भूत-मुद्योतं कः समीहते ॥ ३ ॥

अर्थ– शीलने मलीन करनारी एवी विभूतिउ (द्रव्य) पण उपयोगनी नथी, केमके, घरने सलगाववाथी उत्पन्न थएला प्रकाशने कोण इच्छे छे? ॥ ३ ॥

हवे ते शील पालवा माटे स्त्रीउंने उपदेश करे छे.

ऐश्वर्यराजराजोऽपि, रूपमीनध्वजोऽपि च ॥
सीतया रावण इव, त्याज्यो नार्या नरः परः ॥ १ ॥

अर्थ– ऐश्वर्यथी राजाउंना पण राजा सरखा, तथा कामदेव सरखा रूपवंत एवा पण रावणने जेम सीताए तज्यो छे, तेम स्त्रीए परपुरुषने तजवो. ॥ १ ॥

सीतया दुरपवादभीतया,
पावके स्वतनुराहुतीकृता ॥
पावकस्तु जलतां जगाम य-
त्तत्र शीलमहिमाविजृंभितम् ॥ २ ॥

अर्थ– पोताना अपवादथी डरेली सीताए पोताना शरीरनी अग्निमां आहुति आपी, पण ते समये अग्नि तो जलरूप थइ गयो; माटे तेमां शीलनुंज माहात्म्य जाणवुं. ॥ २ ॥

सुविसुद्धसीलजुत्तो, पावइ कित्तिं जसं च इह लोए ॥
सव्वजणवल्लहच्चिअ, सुहगइभागीय परलोए ॥ ३ ॥

अर्थ– उत्तम अने शुद्ध शीलें करीने युक्त थयलो प्राणी आ

लोकमां कीर्ति अने जश मेलवे छे; तेम ते सर्व लोकोने वहालो थाय छे, अने परलोकमां शुभ गतिने भजनारो थाय छे. ॥ ३ ॥

देवदाणवगंधव्वा, जक्खरक्खसकिन्नरा ॥
बंभयारं नमंसंति, दुक्करं जे करंति ते ॥ ४ ॥

अर्थ— जे माणसो आ जगतमां दुष्कर ब्रह्मचर्य पाले छे, तेने देव, दानवो, गंधर्वो, यक्षो, राक्षसो अने किन्नरो नमस्कार करेछे.

जो देइ कणयकोडिं, अहवा कारेइ कणयजिणभवणं ॥
तस्स न तत्तीयपुन्नं, जत्तिय बंभवए धरीए ॥ ५ ॥

अर्थ— जे माणस क्रोडोगमे सोनामोहोरोनुं दान आपे छे, अथवा सोनानुं जिनमंदिर बंधावे छे, तेने पण तेटलुं पुण्य थतुं नथी, के जेटलुं ब्रह्मचर्य पालनारने थाय छे. ॥ ५ ॥

अन्यदर्शनीओना शास्त्रोमां पण कह्युं छे के,

एकरात्रोषितस्यापि, या गतिर्ब्रह्मचारिणाम् ॥
न सा क्रतुसहस्रेण, प्राप्तुं शक्या युधिष्ठिर ॥ १ ॥

अर्थ— हे युधिष्ठिर! ब्रह्मचर्य पालनाराओनी एक रात्रिना उपवासथी पण जे गति थाय छे, ते गति एक हजार यज्ञोथी पण मली शकती नथी. ॥ १ ॥

एक दहाडो अणहिल्लपुर पाटणमां श्री हेमचंद्राचार्य सिद्धराजनी सभामां पधार्या, त्यारे राजाए आसन आपवाथी तेपर ते बिराज्या. पछी राजाए पूछ्युं के, आजकाल व्याख्यानमां आप शुं वाचो छो? त्यारे हेमचंद्रजीए कह्युं के, हालमां तो स्थूलभद्र चरित्रनुं व्याख्यान वंचाय छे. त्यारे राजाए पूछ्युं के, ते चरित्रमां शुं वृत्तांत छे? त्यारे आचार्यजीए कह्युं के, पूर्वना परिचयवाली कोशा नामनी वेश्यानो तेमणे त्याग कर्यो छे, तथा

तेनेज घेर रही षट्रस भोजन करतां थकां तेमणे शील पाळ्युं छे; इत्यादिक वृत्तांत ते ग्रंथमां छे. ते सांभळी क्रोध पामेला देवबोधि आदिक ब्राह्मणो बोली उठ्या के,

विश्वामित्रपराशरप्रभृतयो ये शुष्कपत्राशिन-
स्तेऽपि स्त्रीमुखपंकजं सुललितं दृष्ट्वैव मोहं गताः ॥
आहारं सघृतं पयोदधियुतं भुंजंति ये मानवा-
स्तेषामिंद्रियनिग्रहः कथमहो दंभः समालोक्यताम्॥१॥

अर्थ– विश्वामित्र पारासर आदिक ऋषिउ के जेउ सूकां पांदडां आदिक खानाराउ हता तेउ पण मनोहर एवां स्त्रीना मुखरूपी कमळने जोइनेज मोह पामेला छे; तो जे माणसो हमेशां घृत, दहीं, दूध आदिकवाळां भोजनो जमे छे, तेउने इंद्रियदमन ते क्यांथी होय? माटे अहो आमनुं कपटीपणुं तो जुउ? ॥

ते सांभळी हेमचंद्र आचार्यजीए कह्युं के,

सिंहो बली द्विरदशूकरमांसभोजी,
संवत्सरेण रतिमेति किलैकवारम् ॥
पारापतः खरशिलाकणभोजनोऽपि,
कामी भवत्यनुदिनं वद कोऽत्र हेतुः ॥ १ ॥

अर्थ– बळवान एवा हाथीओना तथा शुकरना मांसने खानारो सिंह तो वर्षमां फक्त एकज वार कामविकारी थाय छे, अने पारेवुं (कबुतर) तो वेलु खाय छे छतां पण हमेशां कामी थाय छे; माटे हे ब्राह्मणो! तमो कहो के तेनो हेतु शुं छे? ॥१॥

एवी रीते आचार्यजीए सत्य उत्तर आप्याथी राजा खुशी थया. वळी तेज शीलना माहात्म्यनी प्रशंसा करे छे.

वेश्या रागवती सदा तदनुगा षड्भीरसैर्भोजनं
रम्यं धाम मनोरमं वपुरहो नव्यो वयःसंगमः ॥
कालोऽयं जलदागमस्तदपि यः कामं जिगायादरात्
तं वंदे युवतिप्रबोधकुशलं श्रीस्थूलभद्रं प्रभुम् ॥ १ ॥

अर्थ– जे स्थूलभद्रजीपर वेश्या हमेशां रागवाली हती, तथा तेना कहेवा प्रमाणे वर्तती हती, वळी, जे तेने त्यां रही षट्रस भोजन जमता हता, मकान पण सुंदर हतुं, शरीर पण मनोहर हतुं, वय पण युवान हती, समय पण वर्षाकालनो हतो, तो पण जेमणे आदरपूर्वक कामदेवने जीत्यो हतो, एवा ते स्त्रीउने प्रबोध करवामां कुशल एवा श्रीस्थूलभद्रजीने हुं नमस्कार करुं छुं. १

श्रीनेमितोऽपि शकडालसुतं विचार्य
मन्यामहे भटममुं वयमेकमेव ॥
देवोऽद्रिदुर्गमधिरुह्य जिगाय मोहं
यन्मोहनालयमयं तु वशी प्रविश्य ॥ २ ॥

अर्थ– श्रीनेमिनाथ प्रभु करतां पण अमो शकडालमंत्रीना पुत्र एकज श्रीस्थूलभद्रजीने वधारे शूरा मानीए छीए, केमके, श्रीनेमिनाथजी प्रभुए तो पर्वतना किल्लापर चडीने मोहराजाने जीत्यो हतो, पण आ जितेंद्रिय एवा स्थूलभद्रजीए तो मोहना स्थानकमांज जइने तेने जीत्यो ॥ २ ॥

एवी रीते श्रीस्थूलभद्रजीनुं दृष्टांत ध्यानमां लेइने हमेशां शीलनुं आराधन करवामां प्रयत्न करवो.

सीमाखानिषु वज्रखानिरगदंकारेषु धन्वंतरिः
कर्णस्त्यागिषु देवतासु कमला दीपोत्सवः पर्वसु ॥

उँकारः सकलाक्षरेषु गुरुषु व्योम स्थिरेषु क्षितिः
श्रीरामो नयतत्परेषु परमं ब्रह्म व्रतेषु व्रतम् ॥ १ ॥

अर्थ– खाणोमां जेम हीरानी खाण, वैद्योमां जेम धन्वंतरि, दातारोमां जेम कर्ण, देवीउमां जेम लक्ष्मी, पर्वोमां जेम दीवाली, सघला अक्षरोमां जेम उंकार, मोटी वस्तुउमां जेम आकाश, स्थिर वस्तुउमां जेम पृथ्वी, अने न्यायी राजाउमां जेम श्रीरामचंद्रजी तेम सर्व व्रतोमां ब्रह्मचर्य व्रत श्रेष्ठ छे. ॥ १ ॥

आ शीलव्रत उपरना हजारोगमे दृष्टांतो शीलोपदेशमाला, शीलकुलक आदिक ग्रंथोथी जाणी लेवां, अहीं ग्रंथगौरवताना जयथी लख्यां नथी.

श्रीमन्नेमिजिनो दिनोऽघतमसां जंबूप्रजुः केवली
सम्यक् दर्शनवान् सुदर्शनगृही स स्थूलजद्रो मुनिः ॥
साचंकारि सरस्वती च सुजगा सीता सुजद्रादयः
शीलोदाहरणे जयंति जनितानंदा जगत्यद्भुताः ॥ १ ॥

वली एवीज रीते श्रीनेमिश्वर प्रजुना जाइ रथनेमिजीने जो के रागरूपी घोडे पलाडी नाख्या हता तो पण, तथा पर्वतनी गुफामां रहेली नग्न राजीमतीने जोइने विकारयुक्त थया हता तो पण ते राजामतीना उपदेशथी प्रतिबोध पामी तप तपीने मोक्षे गएला छे. कह्युं छे के,

रागद्वेषतुरंगम-पौनःपोनाधिरोहपतनशतैः ॥
विहिताभ्यासस्तडुपरि-दत्तपदस्त्वरितमेति शिवम् ॥ १ ॥

अर्थ– रागद्वेषरुपी घोडापर वारंवार चडवाथी अने ते परथी सेंकडो गमेवार पडवाथी अभ्यासें करीने अनुक्रमे ते घोडापर पग मुकीने प्राणी तुरत मोक्षमां जाय छे. ॥ १ ॥

वली ते ब्रह्मचर्यव्रतपर जिनदासनुं दृष्टांत कहेछे.

वसंतपुर नामना नगरमां शिवंकर नामे एक शेठ वसतो हतो. ते परम जैनी हतो. एक दहाडो ते नगरमां श्रीधर्मदास नामना आचार्य महाराज पधार्या; तेमने वांदवा माटे ते शिवंकर शेठ त्यां गयो; पछी गुरुजीने वांद्याबाद हर्षसहित शिवंकरे कह्युं के, हे भगवन्! मने मारा मनमां एवो मनोरथ थयो छे के, हुं एक लाख साधर्मी भाइओने जमाडुं; पण शुं करुं के, तेटलुं धन मारी पासे नथी. त्यारे आचार्यजीए कह्युं के, तुं अहींथी भरुचमां श्रीमुनीसुव्रतस्वामिजीनी जात्रा करवा माटे जा? अने त्यांना रहेवासी जिनदास नामना श्रावकने तेनी स्त्री सुहागदेवी सहित भोजन करावजे, तथा तारी शक्ति मुजब तेने वस्त्राभूषणो आपजे? अने एवी रीते तेनुं वात्सल्य करवाथी तने लाख साधर्मीओने जमाड्या जेटलुं पुण्य प्राप्त थशे. पछी ते शिवंकरे त्यां भरुचमां जइ ते जिनदास शेठनुं यथोक्त वात्सल्य कर्युं. पछी ते शिवंकर शेठे बजारमां आवी लोकोने पूछ्युं के, आ जिनदास उत्तम माणस छे के, कपटी छे? त्यारे लोकोए ते शिवंकरने कह्युं के, तुं सांभल? आ जिनदास ज्यारे सात वर्षनी उमरनो हतो त्यारथी तो ते पौषधशालामां सुए छे; एक दहाडो त्यां गुरुना मुखथी शीलोपदेशमालानुं व्याख्यान सांभलीने एकांतरे ब्रह्मचर्य व्रत पालवानुं तेणे नियम लीधुं; हवे एवीज रीते आ सुहागदेवीए पण साधवीओ पासेथी एकांतरे शीलव्रत पालवानुं नियम लीधुं. त्यारबाद दैवयोगे तेओ बन्नेनां परस्पर लग्न थयां; अने तेमां एम बन्युं के, जे दिवस जिनदासने छुटो होय, ते दिवस सुहागदेवीने नियमवालो होय, अने जे दिवस सुहागदेवीने छुटो होय, ते दिवस जिनदासने नियमवालो होय. त्यारे एक दहाडो सुहागदेवीए पोताना स्वामिने कह्युं के, हे स्वामी! तमो बीजी स्त्री परणो? अने हुं दीक्षा लेइश. ते सांभली जिनदासे

छेक जीवितपर्यंत ब्रह्मचर्यव्रत अंगीकार कर्युं, एवी रीते ब्रह्मचर्य व्रतपर जिनदासनी कथा जाणवी.

एवीज रीते वली द्रौपदी, कलावती, मृगावती, शीलवती, सुभद्रा, सुलसा आदिकना शीलना महात्म्यवालां दृष्टांतो जाणवां. अहीं ग्रंथगौरवताना भयथी वधारे लख्यां नथी. एवी रीते शीलोपदेशनुं स्वरूप कह्युं. हवे तपोपदेशनुं स्वरूप कहेछे.

चक्रे तीर्थकरैः स्वयं निजगदे तैरेव तीर्थेश्वरैः
श्रीहेतुर्भ्रमहारि दारितरुजं सन्निर्जराकारणम् ॥
सद्यो विघ्नहरं हृषीकदमनं मांगल्यमिष्टार्थकृत्
देवाकर्षणमारदर्पदलनं तस्माद्विधेयं तपः ॥ १ ॥

अर्थ— जे तप तीर्थंकरोए पोते करेलो छे, तथा तेज तीर्थंकरोए जेने कह्यो छे, तेम जे लक्ष्मीनो हेतु छे, संसारने हरनारो छे, रोगोने दूर करनारो छे, उत्तम निर्जरा करावनारो छे, तुरत विघ्नने हरनारो छे, इंद्रियोने दमनारो छे, मंगलरूप छे, वांछित पदार्थोने करनारो छे, देवोनुं आकर्षण करनारो छे, कामदेवना दर्पने दलनारो छे, माटे ते तपने (हमेशां) आदरवो.

श्री ऋषभदेव प्रभुए वरसी तप करेल छे, तथा श्रीमहावीर प्रभुए छमासी तप करेल छे; वली श्री तीर्थंकर प्रभुजीए पोते पण बार प्रकारनो तप प्ररुप्यो छे. वली ते तपथी सुवर्णपुरुषादिकनी सिद्धिउ थाय छे, अने एवी रीते ते तप लक्ष्मीना हेतुरूप छे. वली तेज तप चिलातिपुत्रादिकनी पेठे संसारनो क्षय करनारो छे. वली श्रीपाल महाराजनी पेठे तेज तप कुष्टादिक रोगोने पण उपशमावे छे. दृढप्रहारि आदिकनी पेठे तेज तप कर्मोनी निर्जरा करे छे. वली द्वारिका नगरीमां द्वैपायन देवे करेला उपसर्गोने जेम आंबेल आदिक तपथी बार वर्षोसुधी रोकवामां आवेला छे, तेम ते तप विघ्नोने हरनारो छे. वली तेज तप

इंद्रिउने पण महामुनिराजोनी पेठे दमे छे. वली तेज तप पांरू-वादिकोनी पेठे मंगलिक करनारो छे. वली तेज तपथी हरिकेशी बलमुनिनी पेठे देवो पण सेवामां हाजर थाय छे. तथा तपस्याथी कामदेव पण पोतानुं प्रराक्रम प्राणीउपर चलावी शकतो नथी ते तो प्रसिद्धज छे. वली जेम दूषणवालुं एवुं पण सुवर्ण अग्निथी शुद्ध थाय छे, तेम तपथी प्राणीनुं शरीर अने तेनो आत्मा पण शुद्ध थाय छे.

श्री गोपगिरिमां आम राजाने एकांतरीउ ताव आवतो हतो, पण महातपस्वी एवा श्री बप्पनट्टिजी आचार्यजीए करेला उप-चारथी ते ताव शांत थयो छे. वली तपस्वीना मूत्रथी पाषाणो पण सुवर्णरूप थाय छे, जेम श्रीपादलिप्तसूरिजीने नागार्जुने सिद्ध रस मोकल्यो हतो, पण पादलिप्तसूरिजीए ते रसने पृथ्वीपर ढोली नाख्यो, अने खप्परमां पोतानुं मूत्र नरीने ते तेने आचार्यजीए मोकलाव्युं, तेथी क्रोधायमान थएला नागार्जुने ते मूत्रसहित खप्परने लोखंरूनी शीलापर पछारूी फोरूी नाख्युं, त्यारे ते शीला सुवर्णमय थइ गइ; ते जोइ नागार्जुने पादलिप्तसूरिजीने नमस्कार कर्यो, तथा तेमनो सेवक थयो.

वली तपस्वीना हाथना स्पर्शथी सर्व वस्तुउ अक्षय्य थाय छे. जेम श्रीगौतमस्वामिए पोतानी लब्धिथी पांचसो तापसोने एक पात्रमां रहेली क्षीरथी नोजन कराव्युं हतुं.

हवे तप केवो करवो तेने माटे कहे छे.

सोअ तवो कायवो, जेण मणो मंगुलं न चिंतेइ ॥
जेण इंदिअहाणी, जेण य जोगा न हायंति ॥ १ ॥

अर्थ- तप एवी रीतनो करवो के, जेथी मनने असमाधि न थाय, इंद्रिउनी हानी न थाय तथा जेथी मन वचन अने कायाना जोगोनी हानि न थाय.

पूजालोभप्रसिध्यर्थं, तपस्तप्येत योऽल्पधीः ॥
शोष एव शरीरस्य, न किंचित्तपसः फलम् ॥ १ ॥

अर्थ- जे अल्पबुद्धिवालो माणस मान, लोभ, अने कीर्तिमाटे तप तपे छे, तेने तो फक्त शरीरनो शोषज छे, पण तेने कंइं तपसानुं फल मलतुं नथी.

विवेकेन विना यच्च, तत्तपस्तनुतापकृत् ॥
अज्ञानकष्टमेवेदं, नो भूरिफलदायकम् ॥ १ ॥

अर्थ- विवेकविना जे तप तपवो, ते फक्त शरीरने खेदकारीज छे, तेम ते अज्ञानकष्टज छे, तेवी रीतनो तप कंइं घणुं फल आपनारो नथी. (अहीं तामलि तापसनुं दृष्टांत भावी लेवुं.)

ये रात्रौ सर्वदाहारं, वर्जयंति सुमेधसः ॥
तेषां पक्षोपवासस्य, फलं मासेन जायते ॥ १ ॥

अर्थ- जे सुबुद्धि माणसो रात्रिए सर्वथा प्रकारे आहारनो त्याग करे छे, तेउने एक मासमां पक्षोपवासनुं फल मले छे.

अने तेथीज आ दुर्लभ मनुष्य भव पामीने हमेशां तप करवो. अहीं बाहुबलि, ढंढणकुमार, गजसुकुमाल आदिकनां दृष्टांतो जाणी लेवां.

दुःखव्यूहापहाराय, सर्वेंद्रियसमाधिना ॥
आरंभपरिहारेण, तपस्तप्येत शुद्धधीः ॥ १ ॥

अर्थ- शुद्ध बुद्धिवान माणसे दुःखोनो समूह दूर करवा माटे सर्व इंद्रिउनी समाधिपूर्वक आरंभरहित तप तपवो.

यद्दूरं यद्दुराराध्यं, यच्च दूरे व्यवस्थितम् ॥
तत्सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमम् ॥ १ ॥

अर्थ- जे दूर तथा दुष्प्राप्य छे, ते सघलुं तपथी साधि शकाय छे, माटे तप महा बलवान छे.

तपस्वी माणसे क्रोधनो तो सर्वथा प्रकारे परिहार करवो; केमके नहींतर क्रोधरूपी अग्नि तपरूपी चंदनने बालीने ज्ञस्म करेछे.

एकेन दिनेन तनो-स्तेजः षाएमासिकं ज्वरो हंति ॥
कोपः क्षणेन सुकृतं, यदर्जितं पूर्वकोट्यापि ॥ १ ॥

अर्थ- ताव छे ते एकज दिवसमां छ मासना शरीरना तेजने हणे छे, पण क्रोध छे ते क्रोमोगमे पूर्वोमां मेलवेला पुण्यने एक क्षणवारमांज नष्ट करे छे.

द्रुमोद्भवं हंति विषं न हि द्रुमं,
न वा ज्ञुजंगप्रज्ञवं ज्ञुजंगमम् ॥
अदःसमुत्पत्तिपदं दहत्यहो,
महोल्बणं क्रोधहलाहलं पुनः ॥ १ ॥

अर्थ- वृक्षथी उत्पन्न थएलुं फेर वृक्षने हणतुं नथी, तेम सर्पथी उत्पन्न थएलुं फेर सर्पने हणतुं नथी, पण आ तपथी उत्पन्न थएलुं पद महाबलवान एवा क्रोधरूपी फेरने बाली नांखे छे.

कषाया देहकारायां, चत्वारो यामिका इव ॥
यावज्जाग्रंति पार्श्वस्था-स्तावन्मोक्षः कुतो नृणाम् ॥ १ ॥

अर्थ- आ शरीररूपी केदखानामां ज्यांसुधि चार कषायोरूपी चोकीदारो जागता बेठा छे, त्यांसुधि माणसोनो मोक्ष क्यांथी.

नाशांबरत्वे न सितांबरत्वे, न तत्ववादे न च तर्कवादे ॥
न पक्षसेवाश्रयणेन मुक्तिः, कषायमुक्तिः किल मुक्तिरेव ॥

अर्थ- दिगंबरपणामां, के श्वेतांबरपणामां, के तत्ववादमां, के तर्कवादमां के पक्षसेवामां पण मुक्ति नथी, पण कषायोने जे छोरूवा तेज खरेखरी मुक्ति छे. (अहीं कुरगडुक मुनिनुं दृष्टांत ज्ञावी लेवुं.)

हवे तप कर्याबाद तेनुं उजमणुं करवुं, ते विषेनो उपदेश.

प्रासादे कलशाधिरोपणसमं बिंबे प्रतिष्ठोपमं
पुण्यश्रीस्फुटसंविभागकरणं बिभ्रद्विशिष्टे जने ॥
सौभाग्योपरिमंजरीप्रतिनिभं पूर्णे तपस्यावधौ
यः शक्त्योद्यपनं करोति विधिना सम्यग्दृशां सोऽग्रणी।

अर्थ– देवल बनाव्या पछी जेम तेपर कलश चमावववो, तथा बिंब भराव्या पछी जेम तेनी प्रतिष्ठा कराववी, उत्तम माणसने जेम अतिथिसंविभाग करवो तेम जे माणस तप पूरो थये छते, सौभाग्यनी मांजर सरखुं पोतानी शक्तिमुजब उजमणुं करे छे, ते समकीतिउमां अग्रेसरी छे.

शुध्धं तपः केवलमप्युदारं,
सोद्यापनस्यास्य पुनःस्तुमः किम ॥
हृद्यं पयो धेनुगुणेन तत्तु,
द्राक्षासिताचूर्णयुतं सुधेव ॥ १ ॥

अर्थ– केवल शुद्ध तप तपवो ते पण मनोहर छे, त्यारे उजमणासहित तपनी तो वातज शी करवी? केमके, गायना गुणथी दूध मनोहर तो छे, तेमां पण ज्यारे साकर अने द्राक्षा मले, त्यारे तो ते अमृतसरखुं थाय छे.

सिंहस्तपःप्रक्रम एव ताव-दुःकर्मदंतावलमंमलीनाम ॥
तदद्य तस्मिन् प्रखरानिवेशो,यदद्यउद्यापनविस्तरोऽयम

अर्थ– तप छे ते दुःकर्मोरूपी हाथीउनी श्रेणिउनो नाश करवामां सिंहसमान छे, अने तेनुं उजमणुं करवुं, ते तपरूपी सिंहने पाखर पेराववा सरखुं छे.

वृक्षो यथा दोहदपूरणेन,
कायो यथा सद्रसभोजनेन ॥

विशेषशोन्नां लन्नते यथोक्ते-
नोद्यापनेनैव तथा तपोऽपि ॥ १ ॥

अर्थ– वृक्ष जेम दोहद पूरवाथी, शरीर जेम उत्तम रसवाळां न्नोजनथी, तेम यथोक्त उजमणाथी तप पण विशेष शोन्ना पामे ले.

लक्ष्मीः कृतार्था सफलं तपोऽपि,
ध्यानं सदोच्चैर्जिनबोधिलान्नः ॥
जिनस्य न्नक्तिर्जिनशासनश्री-
गुणाःस्युरुद्यापनतो नराणाम् ॥ १ ॥

अर्थ– उजमणुं करवाथी माणसोनी लक्ष्मी कृतार्थ थाय ले, तप सफल थाय ले, उत्तम ध्यान थाय ले, समकीतनी प्राप्ति थाय ले, प्रन्नुनी न्नक्ति थाय ले, तथा जिनशासननी शोन्ना थाय ले, इत्यादि गुणो प्राप्त थाय ले.

एवुं विचारीने पुण्यना अर्थी माणसोए हमेशां उजमणुं करवामां प्रयत्न करवो. हवे न्नावनानो उपदेश कहेले.

ज्ञेयान्यंगानि दानादी-न्येव धर्मनरेशितुः ॥
तस्य तेष्वधुना जीवो, न्नावनामा निगद्यते ॥ १ ॥

अर्थ– धर्मरूपी राजानां दान आदिक अंगो जाणवां अने तेउमां न्नावनारूपी जीव ले.

दानं तपस्तथा शीलं, नृणां न्नावेन वर्जितम् ॥
अर्थहानिक्षुधापीडा, कायक्लेशश्च केवलम् ॥ १ ॥

अर्थ– न्नावनाविनाना माणसोनां, दान, तप, अने शील फक्त (अनुक्रमे) धननी हानीरूप, क्षुधानी पीमारूप, तथा शरीरना कष्टरूपज ले.

चिरादेकेन दानादि-क्लेशैः पुण्यं यदर्जितम् ॥
तस्यानुमोदनान्नावात्, क्षणादन्यस्तदर्जयेत् ॥ १ ॥

अर्थ– कोइ माणसे घणा कालसुधी दानादिक क्लेशोने सहन करीने जे पुण्य मेलव्युं होय, ते पुण्यने तेना अनुमोदनथी बीजो माणस क्षणवारमां पण मेलवी शके छे.

भावना छे ते भरतराजानी पेठे उत्तम भोगोथी पण मुक्ति देनारी छे; वली मरुदेवा माता के जेणीए कोइपण दिवसे एकासणादिक कंइ पण तप कर्यो न होतो, ते पण भावनाथी मोक्षे गएलां छे. प्रसन्नचंद्र राजऋषि पण भावनाथी केवलज्ञान पाम्या छे. वली गौतमस्वामिए प्रतिबोधेला पंदरसो तापसो पण भावनाथी मोक्षे गएला छे. वली एक देडको के जे श्रीवीरप्रभुने वांदवामाटे आवतो हतो ते मार्गमां घोडानी खरीथी कचरावाथी मृत्यु पामीने दर्दुरांक देव थयो, तथा छेवटे ते भावनाथी केवलज्ञान पाम्यो छे. अहीं सर्व भावना कुलक पोतानी मेले वांची लेवुं.

औचित्येन गुणोच्चयः प्रियगिरा दानं गृहस्थक्रमः
लक्ष्म्यांभश्चयसेचनेन विपिनं सामेन तत्वज्ञता ॥
प्रेम्णा स्त्रीजनविभ्रमः सुमुनिता ब्रह्मव्रतेनांगिनां
धत्ते भावनयाश्रितः सफलतां सर्वोऽपि धर्मक्रमः॥१॥

अर्थ– जेम उचितताथी गुणोनो समूह, प्रिय वाणीथी दान, लक्ष्मीथी गृहस्थाश्रम, जलसमूहना सेचनथी वन, समताथी तत्वज्ञान, प्रेमथी स्त्रीओनो विलास, तथा ब्रह्मचर्यथी जेम उत्तम मुनिपणुं सफल थाय छे, तेम प्राणीओनो सर्व प्रकारनो धर्मक्रम भावनाथी सफल थाय छे.

वित्तसाध्यमिह दानमुत्तमं,
शीलमप्यविकलं सुदुर्धरम् ॥
दुःकराणि च तपांसि भावना,
स्वीयचित्तवशगेति भाव्यताम् ॥ १ ॥

अर्थ– अहीं उत्तम दान धनथी थाय छे तेम निर्मल शील पण दुर्धर छे, तपो पण दुःकर छे, अने भावना तो पोताना मनथी थाय छे, एम भाववुं.

भावस्यैकांगवीरस्य, सानिध्याद्बह्वः शिवम् ॥
ययुर्नैकोऽपि दानाद्यै-र्भावहीनैर्धनैरपि ॥ १ ॥

अर्थ– एक भावनारूपी सुभटना सहायथी घणाउ मोक्षे गएला छे, पणं भावना विनाना घणा एवा दानादिकथी पण कोइ मोक्षे गया नथी.

भावो धर्मस्य हृन्मित्रं, भावः कर्मैंधनानलः ॥
सत्कृत्यन्नघृतं भावो, भावो नीवी शिवश्रियः ॥१॥

अर्थ– भाव छे ते धर्मनो दिलोजान दोस्तदार छे, कर्मोरूपी काष्टोने बालवामां अग्निसमान छे, पुण्यरूपी अन्नमां घृतसमान छे, तथा मोक्षरूपी लक्ष्मीनी कटिमेखला छे.

इति भावनोपदेशः

जातः श्रीयुतसोमसुंदरगुरुः श्रीमत्तपागच्छप-
स्तत्पादांबुजषट्पदो विजयते श्रीनंदिरत्नोगणिः ॥
पादांभोरुहरत्नमंदिरगणिस्तस्यालिलीलाधर-
स्तद्दृब्धप्रभवोपदेशसरिति प्राच्यस्तरंगोऽभवत् ॥१॥

इति श्रीतपागच्छनायक श्रीसोमसुंदरसूरि श्रीरत्नशेखरसूरि नंदिरत्नगणिशिष्य रत्नमंदिरमुनिगुंफितायां श्रीउपदेशतरंगिण्यां दान, शील, तपो,भावभेद चतुर्विधजिनधर्म प्रकाशकः पंचदशोपदेशपेशलः प्रथमस्तरंगः ॥ श्रीरस्तु ॥

अथ द्वितीयः सप्तक्षेत्रोपदेशरूपस्तरंगः

जिनभवनबिंबपुस्तक-चतुर्विधश्रमणसंघरूपाणि ॥
सप्तक्षेत्राणि सदा, जयंति जिनशासनोक्तानि ॥ १ ॥

अर्थ– जिनशासनमां कहेलां जिनभवन, जिनबिंब, पुस्तक अने चतुर्विध श्रमण संघरूप साते क्षेत्रो हमेशां जयवंतां वर्ते छे.

हवे तेमांथी प्रथम जिनभवननो उपदेश कहे छे.

जिनभवनं निर्माप्यं, सफलीकर्तुं निजां लक्ष्मीम् ॥
धन्यैः स्वपरश्रेयः-पुण्योद्यद्बोधिलाभाय ॥ १ ॥

अर्थ– धन्य पुरुषोए पोतानी लक्ष्मीने सफल करवा माटे, अने पोताना अने परना कल्याणथी उत्पन्न थतां पुण्यथी बोधिलाभ माटे जिनमंदिर बंधाववुं. तेनापर दृष्टांत कहे छे.

एक दहाडो कोरंटक नामना गाममां विक्रम संवत १२५२ मां श्री देवसूरि महाराज चतुर्मास रह्या. त्यां नाहड नामे मंत्रि हतो; तेना नाना भाइनुं नाम सालिग हतुं. तेउ बन्नेना पांचसो कुटुंबोने आचार्यजीए प्रतिबोध कर्यो. आसु सुद पाप नवमीने दिवसे तेउए आचार्यजीने कह्युं के, अमारी गोत्रदेवी जे चंडिका छे, ते बलिदानमां पाडानी मागणी करे छे, माटे हवे अमारे शुं करवुं? ते सांभली गुरुमहाराजे रात्रिए चंडिकाने प्रत्यक्ष करीने तेणीने कह्युं के, तुं पूर्वभवमां श्रीपुर नामना नगरमां धनसार नामना व्यापारीनी जैनधर्मी स्त्री हती. पांचमने दिवसे पवित्र वस्त्रो पेहेरीने तुं बालक पुत्रने घेर राखीने देवमंदिरे गइ; ते जोइ तारो बालक पुत्र तारी पाछल रडतो रडतो रस्तामां चालवा लाग्यो; एटलामां कोइक भडकेला पाडाए तेने पाडी नाख्यो अने तेथी ते मृत्यु पाम्यो. त्यारे तुं पण ते पुत्रवियोगना दुःखथी मृत्यु पामीने चंडिका थइ छे, अने पूर्वभवना वैरथी तुं बीजा

पाडाउने पण शामाटे हणे छे? जरा दया राख? अने शांत था? त्यारे चंडिकाए कह्युं के, हे जगवन्! हुं जारेकर्मी छुं, अने तेथी जीवहिंसा तजवाने शक्तिवान थती नथी. त्यारे आचार्यजीए कह्युं के जो एम छे, तो तुं नाहडमंत्रिना कुटुंबने तारां बलिदानथी मुक्त कर? पछी ते वात तेणीए पण कबुल राखी. पछी धर्ममां दृढ थएला नाहडमंत्रिए कोरंटकादिकमां "नाहडवसहि" आदिक बहोतेर जिनमंदिरो बंधाव्यां. अने तेउनी प्रतिष्ठा आचार्यजीए विक्रम संवत १२५२ मां करी. वली नाहड मंत्रिए जावोजीवपर्यंत जोजन कर्या पेहेलां जिनपूजनादिकनो अभिग्रह लीधो.

रम्यं येन जिनालयं निजजुजोपात्तेन कारापितं
मोक्षार्थं स्वधनेन शुद्धमनसा पुंसा सदाचारिणा ॥
वेद्यं तेन नरामरेंद्रमहितं तीर्थेश्वराणां पदं
प्राप्तं जन्मफलं कृतं जिनमतं गोत्रं समुद्योतितम् ॥१॥

अर्थ– जे शुद्धमनवाला तथा सदाचारि माणसे पोताने हाथे उपार्जन करेला धनथी मोक्ष माटे जिनमंदिर बंधाव्युं छे, ते माणसो देवोथी पूजाएला तीर्थंकरपदने मेलवे छे, वली तेणेज पोताना जन्मनुं फल मेलव्युं छे, तथा तेणेज जिनशासनने अने पोताना गोत्रने पण दीपाव्युं छे.

वली पोतानां घरो तो सुघरी, कागडा, चकलां विगेरे पोतानी शक्ति मुजब बनावे छे, पण जाग्यवान तो तेनेज जाणवो के, जे पोतानी शक्ति मुजब उत्तम जिनमंदिर बंधावे छे. ते पर दृष्टांत कहे छे.

श्रीरियं पुरुषान् प्रायः, कुरुते निजकिंकरान् ॥
कुर्वंते किंकरीं तां ये, तैरसौ रत्नसूरसा ॥ १ ॥

अर्थ– प्रायें करीने लक्ष्मी पुरुषोने पोताना चाकर करे छे पण तेणीने जेउ दासीरूप करे छे,तेउथीज आ पृथ्वी रत्नगर्भा थएलीछे.

ते सांभलीने आमराजाए गोपगिरिमां श्रीमहावीरप्रभुनुं मंदिर बंधाव्युं ते मंदिर एकसो एक हाथ उंचुं हतुं. साडात्रण क्रोड सोनामोहोरोनो रस करीने तेनी प्रतिमा बनावीने तेमां स्थापन करी. ते मंदिरमां रंगमंडप बनाववामां एकवीस लाख सोनामोहोरो खरची. मूल मंडपमां एक लाख पचीस हजार सोनामोहोरो खरची. वली ते राजाए विक्रम संवत ८११ मां एक क्रोड सोनामोहोरो खरचीने श्री बप्पभट्टिजीना सूरिपदनो महोत्सव कर्यो. वली ते राजाए तेज आचार्यजीना उपदेशथी शत्रुंजय अने गीरनारपर उद्धारो कर्या छे. तेनुं विशेष वृत्तांत चतुर्विंशतिप्रबंधमांथी जाणी लेवुं.

ये कारयंति जिनमंदिरमादरेण
बिंबानि तत्र विविधानि विधापयंति ॥
संपूजयंति विधिना सततं जयंति
ते पुण्यभाजनजना जनितप्रमोदाः ॥ १ ॥

अर्थ– जे माणसो आदरपूर्वक जिनमंदिरो बंधावे छे, तथा तेमां विविध प्रकारनां बिंबो भरावे छे, अने तेउने हमेशां विधिपूर्वक जेउ पूजे छे, ते पुण्यशाली तथा हर्ष उत्पन्न करनारा लोको जयवंता वर्ते छे.

जे उत्तम पुरुषो आदरपूर्वक द्रव्य खरचीने उंचां तोरणोवालां जिनमंदिरो बंधावे छे, अने तेमां सुवर्णमय बिंबो स्थापे छे, ते पुरुषोज आ जगतमां जीवता बेठा छे, केमके, तेउ गणधरादिकनी पदवी भोगवीने मोक्षमां जाय छे. ते पर दृष्टांत कहेछे.

हेमाचार्यजीए प्रतिबोधेला श्रीकुमारपाल राजाए तारंगाजी, तथा खंभात आदिक नगरोमां १४४४ नवां जिनमंदिरो बंधाव्यां

छे. तेउपर तेणे सुवर्णना दंमो अने कलशो स्थापन कर्या छे. वली तेणे पाटणमां पोताना पिताजी त्रिजुवनपालना नामनी यादगीरी माटे "तिहुणविहार" नामनुं बहोतेर देवकुलिकासहित जिनमंदिर बंधाव्युं छे. ते मंदिरमां तेणे चोवीस सोनानी, चोवीस रुपानी, चोवीस पीत्तलनी इत्यादि प्रतिमाउ स्थापी हती. वली तेमां १२५ आंगुलनी अरिष्ठरत्ननी श्रीनेमिनाथ प्रजुनी प्रतिमा तेमणे स्थापी हती. सर्व मली तेमां छन्नु क्रोड सोनामोहोरो खरची हती. तेमां उदयन, आम्रदेव, कुबेरदत्त आदिक अढार हजार श्रावको हमेशां नृत्यगायन सहित स्नात्रमहोत्सव करता हता.

श्रीमज्जैनगृहे जिनप्रतिकृतौ जैनप्रतिष्ठाविधौ
श्रीजैने तपने जिनार्चनविधौ श्रीसंघपूजादिके ॥
श्रीजैनागमलेखने च सततं श्रीतीर्थयात्रादिके
येषां स्वं विनियोगमेति धनिनां धन्यास्तएव क्षितौ ॥१॥

अर्थ– जे धनवान माणसोनुं द्रव्य जिनमंदिरमां, जिनप्रतिमामां, जिनप्रतिष्ठाविधिमां जैन तपमां, स्वामिवात्सल्यमां, जैनागम लखाववामां, तथा तीर्थयात्रादिकमां वपराय छे, तेउनेज आ पृथ्वीमां धन्य छे. कह्युं छे के,

ज्वलनजलचौरचारण-नृपखलदायादबंदिकोधृतम् ॥
धन्योऽसौ यस्य धनं, जिनजवनादौ शुजे लग्नम्॥ १ ॥

अर्थ– अग्नि, जल, चोर, चारण, राजा, दुष्टपुरुषो, पितराइउ, तथा जाटआदिकना जयथी मुक्त थएलुं एवुं जे माणसनुं धन जिनमंदिर आदिक शुज कार्यमां लागेलुं छे, तेनेज धन्य छे. तेमां पण जिनमंदिर बंधाववाथी अपार पुण्य थाय छे, कह्युं छे के,

काष्टादीनां जिनावासे, यावंतः परमाणवः ॥
तावंति वर्षलक्षाणि, तत्कर्ता स्वर्गजाग् जवेत् ॥१॥

अर्थ– जिनमंदिर बांधवामां जेटलां काष्ट आदिकनां परमाणुउ होय छे, तेटलां लाख वर्षोसुधी तेनो कर्ता स्वर्गनुं आयुष्य ज्ञोगवे छे. परमाणुनुं लौकिक स्वरूप नीचेप्रमाणे छे.

जालांतरगते सूर्ये, यत्सूक्ष्मं दृश्यते रजः
तस्य त्रिंशत्तमो ज्ञागः,परमाणुः स उच्यते॥१॥

अर्थ– जालीमांथी सूर्यनो तडको पडतां जे सूक्ष्म रज देखाय छे, ते रजनो पण जे त्रीशमो ज्ञाग ते परमाणु कहेवाय छे.

नूतनार्हद्धारवास-विधाने यत्फलं ज्ञवेत् ॥
तस्मादष्टगुणं पुण्यं, जीर्णोद्धारे विवेकिनाम्॥१॥

अर्थ– नवुं जिनमंदिर बंधाववामां जेटलुं पुण्य थाय छे, तेथी आठगणुं पुण्य विवेकीउने जीर्णोद्धारथी थाय छे.

वली आज हेतुथी पद्म नामना चक्रवर्तीए पोतानी माताना हर्ष माटे हमेशां एकेकुं जिनमंदिर बंधाव्युं हतुं. वली तेज बाबतपर संप्रति राजानुं दृष्टांत कहेछे.

संप्रति राजा त्रिखंड ज्ञरतक्षेत्रनो दिग्विजय करीने शोल हजार मुकुटधारी राजाउथी परिवर्यो थको उज्जयनीमां आव्यो. ते वखते नगरना लोकोए तेनो घणाज आनंदथी प्रवेशमहोत्सव कर्यो. पछी ते पोताना मेहेलमां जइ पोतानी माता कमलाने पगे पड्यो. पण ते वखते पोतानी माताने दिलगिर मुखवाली जोइने तेणे पूछ्युं के, हे माताजी! मारा जेवो आपने पुत्र छे, तोपण तमो केम दिलगिर थाउ छो? त्यारे माताए कह्युं के, हे वत्स! संसार साधनारां, तथा छेवटे नरक आपनारां एवां तमारां राज्योपार्जनथी मने कंइ पण हर्ष थतो नथी; पण जो तमो जिनप्रासादो करावीने मारी पासे आवो, तो मने घणो हर्ष थाय. ते सांज्ञली संप्रतिराजाए मोटा निमित्तिआउने बोलावीने तेउने पो-

ताना आयुष्यनुं प्रमाण पूछ्युं; त्यारे तेउए कह्युं के, हे राजन्! तमारुं आयुष्य सो वर्षोनुं छे. त्यारे राजाए मंत्रिउने पूछ्युं के, एकसो वर्षना केटला दिवसो थाय? त्यारे मंत्रिउए कह्युं के, एकसो वर्षोना छत्रीस हजार दिवसो थाय. पछी तेणे शत्रुंजयादिक तीर्थोमां जिनमंदिरो बंधाववामाटे पोताना माणसोने हुकम कर्यो अने हमेशां एक मंदिर संपूर्ण थयानी खबर मेलवीने ते पोतानी माताने चरणे नमवा लाग्या. ते सांजली कमला माता पण हर्ष सहित हमेशां पोताना पुत्रने पोताने हाथे तिलक करती हती. एवी रीते संप्रति राजाए सवालख जिनमंदिरो बंधाव्यां. तेउमा छत्तुं हजार तो सिद्धपुरादिकमां श्रीनेमिश्वरविहारादिक कराव्यां. नेव्यासी हजार जीर्णोद्धार कराव्या. सवाक्रोड जिनबिंबो जराव्यां. हालमां पण सिंधुदेशमां आवेला मरोठपुरमां संप्रति राजानी बनावेली पंचाणु हजार मोटी पित्तलनी जिनप्रतिमाउ छे. ते मांहेली श्रीमहावीर प्रजुनी प्रतिमा गिरनारपर खरतरवसतिमां विद्यमान छे. वली ते संप्रति राजाए सातसो तो दानशालाउ करावी. वली तेणे अनार्य देशोमां पण जैनधर्मना फेलावा माटे प्रथम साधुवेषधारी पुरुषोने मोकल्या हता, तथा एवी रीते त्यांना लोकने साधुउना व्यवहारथी जाणीता करीने पाछलथी त्यां उत्तम साधुउने पण जैनधर्मना फेलावा माटे मोकल्या हता. एवी रीतनां पुण्यनां कार्यो करीने संप्रति राजाए पोतानुं धन, अने पोतानो जन्म सफल कर्यो हतो.

जिनजवनं जिनबिंबं, जिनपूजां जिनमतं च यः कुर्यात्
तस्य नरामरशिवसुख-फलानि करपल्लवस्थानि ॥ १ ॥

अर्थ– जे माणस जिनमंदिर, जिनपूजा, अने जिनमतनो फेलावो करे छे, तेने नर, देव, अने मोक्षनां सुखो हथेलीमां आवी पडे छे.

श्री देवसूरिजीना उपदेशथी सिद्धराजे पण विक्रम संवत् ११८३ मां पाटणमां श्रीऋषभदेव प्रभुनुं जिनमंदिर बंधाव्युं हतुं. तेमां पंच्यासी अंगुलना प्रमाणवाली श्रीऋषभदेव प्रभुनी प्रतिमा स्थापन करी हती, अने ते मंदिरनुं नाम "राजविहार" राखवामां आव्युं हतुं. एक दहाडो ते जिनमंदिरमां पासिल नामनो कोइक निर्धन श्रावक पूजा करवा माटे आव्यो; तथा मोटी प्रतिमा जोइने आश्चर्यसहित ते प्रतिमानुं ते माप लेवा लाग्यो. ते वखते नेवु लाख सोनामोहोरोना अधिपति छाडा नामना व्यापारीनी हांसी नामनी बालविधवा पुत्री पण दर्शन करवा आवी हती. पासिलने ते प्रतिमानुं माप लेतो जोइने तेणीए हांसीथी तेने पुछयुं के, शुं तारे आवी नवी प्रतिमा कराववी छे? ते सांभली पासिले कह्युं के, हे बेहेन! ते समये तमारे प्रतिष्ठामहोत्सवपर जरूर पधारवुंज. तेणीए पण ते कबुल कर्युं. पछी पासिले दश उपवास करीने आरासणनी अधिष्ठाता अंबिकादेवीनुं आराधन कर्युं. त्यारे तेणीए संतुष्ट थइने तेने कह्युं के, आ सुवर्णनी खाणमांथी तने नवुं जिनमंदिर बांधवा माटे जोइशे तेटलुं धन निकलशे; एम कही ते अदृश्य थइ. पछी ते खाणमांथी पस्तालीस हजार सोनामोहोरोनी किमत जेटलुं सुवर्ण निकल्याथी ते द्रव्य खरचीने पासिले एक सुंदर जिनमंदिर बंधाव्युं. ते वखते तेणे हांसीने पण निमंत्रण करीने श्री देवसूरिजीने हाथे प्रतिष्ठा करावी. हांसीए पण नव लाख सोनामोहोरो खरचीने ते जिनमंदिरनो रंगमंडप बांध्यो. हवे जीर्णोद्धारनो उपदेश कहे छे.

जीर्णोध्धारःकृतो येन, विभवेन सुचारुणा ॥
जिनाज्ञा पालिता तेन, क्लेशकूपारपारदा ॥१॥

अर्थ– जे माणसे पोताना उत्तम द्रव्यथी जीर्णोद्धार करेलो छे, तेणे क्लेशरूपी समुद्रनो पार पहोंचाडनारी जिनाज्ञा पालेली छे

हवे ते जीर्णोद्धारपर दृष्टांत कहेछे.

जांब नामना मंत्रिना वंशमां थएलो सज्जन नामनो सिद्धराजनो एक कोटवाल हतो; तेने योग्य जाणीने सिद्धराजे सौराष्ट्र देशनो हाकेम कर्यो हतो. ते सज्जने त्रण वर्षनी उपज एकठी करीने राजानी आज्ञा लीधाविनाज बहोतेर लाख सोनैया खरचीने गिरनारपर श्रीनेमिश्वर प्रभुना जिनमंदिरनो उद्धार कराव्यो, केमके, ते जिनमंदिर पूर्वे काष्ठोनुं बांधेलुं हतुं, अने तेनापर वीजली पडवाथी तेमां नुकशान थयुं हतुं. पछी केटलेक काले कोइक दुर्जने ते वात जाहेर करी राजाने कह्युं के, सज्जन तो राजद्रव्यनो आवी रीते गेर उपयोग करे छे. त्यारे राजाने सोमनाथ जवानो अभिग्रह होवाथी ते मिष करीने ते पाटणथी चाल्यो. सोमनाथने नमन करीने ते संकली नगरीमां आव्यो. ते वखते सज्जने तेमनी सामे आवीने तेमने नमस्कार कर्यो पण राजाए ते वखते पोतानुं मुख फेरवी नांख्युं. त्यारे सज्जने विचार्युं के, राजा मारापर गुस्से थया छे. पछी सज्जने तो वामनस्थलीमां (वणथलीमां) जइने सांमतो तथा व्यापारिउ पासेथी बहोतेर लाख सोनामोहोरो एकठी करी. पछी सिद्धराजे आलिंग प्रधानने पूछयुं के आ पर्वत कयो छे? अने अहीं कयुं तीर्थ छे ? त्यारे प्रधाने कह्युं के, हे स्वामी! आतो श्री गिरनार तीर्थ छे, माटे तेनां दर्शन कर्याविना आपणे जवुं उचित नथी. ते सांभली राजा गिरनारपर चढ्या, अने त्यां नवुं मनोहर जिनमंदिर जोइने हर्षथी बोली उठ्या के, जे माणसे आवुं सुंदर जिनमंदिर बंधाव्युं छे, तेनी माताने धन्य छे!! तेज समये पाछल रहेला सज्जने कह्युं के, धन्य छे माता मयणल्लदेवीने के, जेणीए एवी रीतना पुरुषरत्नने जन्म आप्यो छे. ते वचन सांभलीने सिद्धराजे सज्जननी सन्मुख जोयुं, अने मंत्रिने पूछयुं के, आ शुं छे? त्यारे आलिंगमंत्रिए कह्युं के, हे स्वामी! एक बाजु तो आ श्रीगिरनारजीना जीर्णोद्धारनुं पुण्य छे, तथा ते

उद्धार करवामां जेटलुं द्रव्य खरचायुं छे, तेटलुं द्रव्य संघ आपने समर्पण करे छे, माटे ते बन्नेमांथी जे लेवानी आपनी इच्छा होय ते फरमावो? ते सांभली अत्यंत प्रमुदित थएला सिद्धराजे कह्युं, के 'मारे तो तीर्थोद्धारना पुण्यनीज जरूर छे; द्रव्यनी जरूर नथी. एम कही तेणे ते तीर्थनी पूजा माटे, तथा तेना रक्षण माटे बार गामो भंडारमां आप्यां; तथा शत्रुंजय अने गिरनार, ए बन्ने तीर्थोने जोडवामाटे तेणे बार योजननी रेशमी वस्त्रनी धजा बंधावी; तथा संघेपण एकठुं करेलुं द्रव्य खरचीने वामनस्थलीमां (वनथलीमां) वीरप्रभु आदिकनां चार जिनमंदिरो बंधाव्यां. एवी रीते सज्जन (साजण) कोटवालनुं दृष्टांत सांभलीने बीजा भव्य लोकोए पण जिनमंदिरोनो जीर्णोद्धार कराव्यो.

यावत्तिष्ठति जैनेन्द्रं, मंदिरं धरणीतले ॥
धर्मस्थितिः कृता ताव-ज्जैनसौधविधायिना ॥ १ ॥

अर्थ– आ दुनीआपर ज्यांसुधि जैनमंदिर हयातिमां रहे छे, त्यांसुधि जैनमंदिर बंधावनारे (आ जगतमां) धर्मनी स्थिति करेली छे, एम जाणवुं.

एक दहाडो श्रीदेवसूरि महाराज मेडता गाममां चतुर्मास करीने फलवर्धि गाममां पधार्या; अने त्यां मासकल्प कर्यो त्यांना पारस नामना एक श्रावके ते समये नगरनी नजदिक झाडीमां एक मटोडीनो ढग जोयो, तथा तेपर पुष्पो पडेलां जोयां. ते वात आचार्यजीने कहेवाथी आचार्यजीए ते ढगने बहुज जालवणीथी खोदवानुं कह्युं. पछी ते पारस श्रावके तेम कर्या बाद तेमांथी श्री पार्श्वनाथजीनी प्रतिमा निकली. पछी तेमना अधिष्ठाता पार्श्व नामना यक्षे ते श्रावकने स्वप्नमां एक जिनबंदिर बांधी तेमां ते प्रतिमा स्थापन करवानुं कह्युं. त्यारे पारस श्रावके कह्युं के, मारी पासे द्रव्य नथी, माटे प्रासाद शी रीते बंधावुं. त्यारे यक्षे कह्युं

के, आ प्रतिमानीपासे तुं अक्षतनो स्वस्तिक हमेशां करजे, अने ते अक्षतो सुवर्णमय थइ जशे, अने ते द्रव्य वापरीने तुं जिनमंदिर बंधावजे. पछी ते पारस श्रावक हमेशां तेम करतो गयो, अने जिनमंदिर बंधाववा लाग्यो. एम करतां थकां एक बाजुनो तो सर्व मंरूप तैयार थयो. एटलामां ते श्रावकना पुत्रे पोताना पिताजीने पूछ्युं के, आ द्रव्य तमोए क्याथी मेलव्युं? ते पारस श्रावके द्रव्यागमननुं खरेखरुं स्वरूप तेने कही बताव्युं. अने त्यारथी तेने द्रव्य मलवा न लाग्युं, अने तेथी आजदनसुधि पण ते जिनमंदिर तेटलुंज अधुरुं छे. ते मंदिरमां विक्रम संवत ११एए मां फागणसुदि दशमने दिवसे प्रतिमानी प्रतिष्टा थइ; तथा १२०४ मां माहासुदि तेरसने दिवसे तेपर धजा चरूी; अने एवी रीते ते फलवर्धि (फलोधि) पार्श्वनाथजीनुं तीर्थ प्रसिद्ध थयुं.

कारयंति जिनेंद्राणां, तृणवासानपीह ये ॥
मणिरत्नविमानानि, तैर्लभंते भवे भवे ॥ १ ॥

अर्थ– जेउ आ जगतमां श्री जिनेश्वरोनां घासनां पण मंदिरो बंधावे छे, तेउने दरेक भवोमां मणि अने रत्नोनां विमानो मले छे.

माणिक्यहेमरत्नाद्यैः, प्रासादान् कारयंति ये
तेषां पुण्यैकमूर्तीनां, को वेद फलमुत्तमम् ॥ १ ॥

अर्थ– वली जे माणसो माणेक, सुवर्ण तथा रत्नादिकोथी जिनमंदिरो बंधावे छे, ते पुण्यशालीउना उत्तम फलने तो जाणीज कोण शके छे? (हवे तेपर दृष्टांत कहे छे.)

श्री विमलशाह नामना शेठ गुजरातना राजा भीमदेवना प्रधान हता. एक दहडो कोइ दुष्टे राजाना कर्णो भंभेरवाथी राजानी तेनापर इतराजी थइ. तेथी पांचसो घोरूा, पांच क्रोड सोनामोहोरो, तथा घणां उंटोसहित ते त्यांथी रात्रिए नाशीने चं-

ज्ञावतीमां गयो त्यारे तेना मरथी त्यांनो धारावर्ष राजा नाशी गयो; पछी त्यांना मांडलिकोए विमलशाहने त्यांनो राजा ठराव्यो. पछी ते विमलशाह शेठे शाकंन्नरी, मेदपाट, जावालिपुर विगेरेना राजार्जने जीतीने आबुपर छत्र धारण कर्युं. वली एक दहाडो तेणे रोम नगरना बार सुबार्जने हरावीने पोताना चाकरो कर्या; अने तेर्जनां बारे छत्रो पोते धारण कर्यां. वली आबुपर वागतां तेनां निशानोनां शब्दो सांन्नलीने न्नय पामेला न्नीमराजाए तेने क्रोड सोनामोहोरोनी न्नेट करी. एक दहाम्मो ते विमलशाह शेठे धर्मसार सूरिजीना मुखथी एवी वाणी सांन्नली के,

चउहिं ठाणेहिं नरयाउअं
बज्झंति जीवा, तं जहा म- ॥
हारंन्नयाए महापरिग्गहाए
कुणिमाहारेणं पंचिंदिअवहेणमिति ॥

अर्थ- जीवो चार स्थानकोथी नरकनुं आयुष्य बांधे छे. ते आवी रीते के महा आरंन्नथी, महापरिग्रहथी, (मांसादिकना) क्लीष्ट न्नोजनथी, अने पंचेंद्रिना वधथी.

ते सांन्नलीने पापोथी डरेला विमलशाह शेठे गुरुमहाराजने चरणे नमीने कह्युं के, हे स्वामी! में संग्राममां हजारो मनुष्योनो वध कर्यो कराव्यो छे; तो मने तेनी आलोचना आपो? ते सांन्नली आचार्यजीए कह्युं के, हवे तमो सर्व जीवोप्रते अमारीपटह वजडावो? तथा जिनमंदिर आदिक बंधावीने पुण्योनां कार्यो करो? ते सांन्नली विमलशाह शेठे अंबा माताजीनुं आराधन कर्युं. त्यारे ते प्रसन्न थइने तेमने कहेवा लागी के, तमो कंइ वरदान मागो? त्यारे विमलशाह शेठे कह्युं के, पुत्रनी प्राप्ति तथा जिनप्रासादनी निष्पत्तिरूप बे वरदान आपो? त्यारे देवीए कह्युं के, कांतो पुत्रप्राप्तिनुं वरदान मागो? अथवा प्रासादनिष्प-

त्तिनुं वरदान मागो? ते बेमांथी एक वरदान आपीश. त्यारे ते माटे शेठे पोतानी स्त्री श्रीदेवीने पूछ्युं, त्यारे तेणीए कह्युं के, प्रासादनी निष्पत्तिनुंज वरदान मागो? पुत्रनी आपणे कंइ जरूर नथी. पछी अंबामाताए बहोंतेर लाख सोनामोहोरो सहित जिनप्रासाद बांधवामाटे विमलशाह शेठने अर्बुदाचलपर भूमि सोंपी. पछी त्यां विमलशाह शेठे जिनमंदिर बांधवानो प्रारंभ कर्यो, पण दिवसे करेली चणतर रात्रिए पडीजवा लागी. अने एवी रीते छ महिनाउं वीती गया. त्यारे शेठे अंबिका मातानुं स्मरण करीने तेनुं तेणीने कारण पूछ्युं; त्यारे देवीए कह्युं के, आ भूमिना अधिष्ठाता वालीनाहनुं तारे त्रण उपवासपूर्वक आराधन करवुं; अने तेम करवाथी जो ते विरवद्य नैवेद्य मागे तो तारे तेने ते आपवुं. पण मदिरादिक सावद्य नैवेद्य आपवुं नहीं; अने तेम छतां जो ते सामो थाय, तो तारे खड्ग कहाडीने तेने डराववो. पछी विमलशाह शेठे तेने आराधवाथी ते प्रत्यक्ष थइ सावद्य नैवेद्य याचवा लाग्यो; त्यारे विमलशाह शेठे खड्ग कहाडी तेने डराव्यो; अने ते खड्गमां अंबिकाना अवतरणथी ते वालीनाह त्यांथी नाशी गयो. तथा छेवटे अंबाजीना वचनथी त्यां क्षेत्रपाल थइने ते रह्यो. अने पछी विघ्नरहित जिनमंदिर संपूर्ण थयुं. तेमां विक्रम संवत १०८८ मां मूलनायक श्री युगादीश प्रभुनी स्थापना थइ. वली त्यां अंबिका देवी तथा वालिनाह क्षेत्रपालनी पण देरीमां स्थापना करी. वली ते प्रतिष्ठामहोत्सवमां विमलशाह शेठे चतुर्विध संघनी अत्यंत सेवा करी; तथा याचकोने एवा तो तेणे खुशी कर्या के, आजे पण तेउ यजमानने “ विमल श्री सुप्रभातनी ” आशिष आपे छे.

सारं तदेव सारं, नियुज्यते यज्जिनेंद्रभवनादौ ॥
अपरं पुनरपरधनं, पृथ्वीमलखंडपिंडं वा ॥ १ ॥

अर्थ— तेज द्रव्यने उत्तम जाणवुं, के जे जिनेंद्रनुवनादिकमां वपराय छे, अने बाकीनुं धन तो परनुं अथवा पृथ्वीना मेलना पिंड सरखुं छे.

ते पर हवे वस्तुपाल तेजपालनी कथा कहे छे.

महामंत्री वस्तुपाल अने तेजपाल प्रथम यात्रा माटे ज्यारे धोलकाथी हडाला गामे आव्या, त्यारे एवी खबर मली के, मार्गमां लुंटारुउनी मोटी धाड तेमनी राह जोती बेठेली छे. त्यारे तेउए परस्पर विचार करीने रात्रिए सर्व द्रव्य त्रांबाना कलशोमां नरीने एक तलावने कांठे आवेला घउंना क्षेत्रमां रहेला खीजमाना वृक्ष नीचे दाटवा मांड्युं, पण त्यां जमीन खोदतां तेमनां नाग्योथी उलटुं सुवर्णनिधान निकल्युं. ते जोइ तेमने मोटुं आश्चर्य थयुं. पछी ते निधान तथा पोतानुं पण सघलुं द्रव्य त्यां तेउए स्थापन कर्युं. पछी तेउ चिंतातुर थया थका ज्यारे पाछा आव्या त्यारे, अनुपम देवीए तेनुं कारण पूछ्युं; त्यारे तेउए तेणीने एकांतमां सर्व हकीकत कही. त्यारे तेणीए कह्युं के, हे स्वामी! धन एवी रीते गुप्त न रखाय, पण एवी रीते राखवुं के, जे धनने सर्व कोइ जोइ शके, पण लेइ शके नहीं; अर्थात् ते द्रव्य खरचीने जिनमंदिरो बंधाववां; केमके, उत्तम पुरुषोनो तेज आचार छे. कह्युं छे के,

अधः क्षिपंति कृपणा, वित्तं तत्र यियासवः ॥
संतस्तु गुरुचैत्यादौ, तदुच्चैःपदकांक्षिणः ॥ १ ॥

अर्थ— जे कृपणोने नीची गतिमां जावानी इछा होय, तेउज नीचे नूमिमां द्रव्यने दाटे छे, पण जेउने उंचि गतिमां जावानी इछा छे, एवा उत्तम माणसो तो मोटां जिनमंदिरादिकमां ते द्रव्य खरचे छे.

एवी रीतनां तेणीनां वचनोथी उत्पन्न थएल छे विवेक जेउने

एवा ते वस्तुपाल अने तेजपाले ते धनने शत्रुंजयादिकपर जिन-मंदिरो बांधवामां वापर्युं. एवी रीते ते मंत्रीश्वरोए १३१३ नवां जिनमंदिरो बंधाव्यां छे, तथा ३३०० जिनमंदिरोनो जीर्णोद्धार करेलो छे. वळी तेओए एक लाख आडत्रीस हजार नवां जिनबिंबो भराव्यां छे, पचीसो माहेश्वरोनां प्रासादो बंधाव्यां छे बत्रीस कील्लाओ कर्या छे, सातसो दानशालाओ करावी छे, चोर्यासी वावो बंधावी छे, पांचसो पौषधशालाओ, पांचसो जैनमठो, पांचसो शैवमठो, तथा पांचसो पाठशालाओ पण बंधावी छे; वळी हमेशां पांत्रीससो जैन मुनिओ तेमने त्यांथी आहारपाणी लेता हता. पूर्वे धोलकामां लुणिग, मालदेव, वस्तुपाल अने तेजपाल निर्धन स्थितिमां रहेता. हता. लुणिगनी ज्यारे अंतावस्था आवी त्यारे तेणे पोताना कुटुंब पासे पुण्य माटे त्रणलाख नवकारो माग्या हता. त्यारे वस्तुपाले तेमने कह्युं के बीजुं कांइ पण तमो मागो? त्यारे लुणिगे कह्युं के, अर्बुद पर्वतपर विमलवसतिमां एक जिन-मंदिर बंधाववानो मने मनोरथ हतो, माटे ते जो बने तो करजो? पछी व्यापारमां धननी वृद्धि थवाथी वस्तुपाले चंद्रावतीना राजा पासेथी वीश लाख रुपीआ जमीनपर पाथरीने ३६ मूढक जमीन लीधी. ते वखते माताना पूजारीओए कह्युं के, हजु रुपीआनी चारे बाजुओए जमीन खाली रहे छे, त्यारे तेपर पण रुपीआओ मूकीने तेओने संतोष्या. पछी त्यां जिनमंदिर बांधवानी तैयारी करी, त्यारे शोभनशिल्पीए कह्युं के, आ जिनमंदिरनो पायो तो सुवर्णथी पुरवो जोइयें. त्यारे मंत्रीश्वरे सुवर्णनी इंटो लावी आपी. त्यारे ते शिल्पीए कह्युं के, हे स्वामी! में तो तमारी उदारतानी परीक्षा करी छे, माटे आ इंटो तो आप आपना भंडारमांज राखो? पछी मंत्रीश्वरे आरासण अने अर्बुदाचल वच्चे कारीगरो अने मजुरो माटे जगोए जगोए लाडुओना रसोडां स्थाप्यां, तथा गाडांओना बेलो माटे जगोए जगोए घासनी गंजीओ

अने पाणीना अवाडाउ तथा धान्यना कोठारो स्थाप्या. ते जिनमंदिर बांधवा पाछल पंदरसो शलाटोने कामे लगाडवामां आव्या हता; तथा तेउमाटे भोजनादिकनो सर्व बंदोबस्त मंत्रीश्वरे करी आप्यो हतो. तेमां चणवा माटे लाववामां आवेला आरसपहाणोनी किम्मत तेटलां वजनना रूपां सरखी पडी हती. विक्रम संवत १२८३ मां ते प्रासाद बांधवानो प्रारंभ करवामां आव्यो हतो, अने १२९२ मां तेमां प्रतिष्ठा करवामां आवी हती. तेनी पाछल कुल खरच बारक्रोड अने त्रेपन लाख सोनामोहोरोनो थयो हतो. ते प्रासादनुं "लुणिगवसही" नाम पाड्युं, पण लोकोमां "तेजलवसही" ना नामथी प्रसिद्ध थयुं. प्रतिष्ठा समये त्यां जालपुरना राजा उदयसिंहादिक चोर्यासी राणाउ बार मांडलीको, चार महाधरो, तथा चोर्यासी ज्ञातिउनुं महाजन एकवुं थयुं हतुं. ते वखते वस्तुपाले उदयसिंह राजाना प्रधान यशोवीरने पूछयुं के, आ जिनप्रासादनी बांधणीमां जे गुण दोषो होय ते कही बतावो? त्यारे तेणे सद्भावथे शोभन शिलाटने कह्युं के, हे शोभन! आ कीर्तिस्तंभपर जे तारी मातानो हाथ तें कोतर्यो छे, ते अयुक्तज छे; केमके, आपर तो द्रव्य खरचनार वस्तुपालनी मातानो हाथ जोइतो हतो, के जेणीए आवां पुरुषरत्नोने पोतानी कुक्षिमां उत्पन्न कर्यां छे; तुं तो तेनो फक्त पैसा माटेनो चाकरज छे. हवे तें बांधेलां आ जिनमंदिरमां नीचे प्रमाणे दोषो छे. एक तो जे तें आ स्तंभोमां जिनबिंबो कोतर्यां छे ते अयुक्त छे, केमके, तेथी आशातना थाय तेम छे. गर्भागारमां प्रवेश करवानी जगोए जे बन्ने सिंहोथी तोरण कर्युं छे, ते देवनी विशेष पूजानो अभाव सूचवे छे. पूर्वजनी मूर्तिउने जिननी पाछल बेसाडवाथी संतान अने ऋद्धिनो नाश थाय तेवुं छे. आकाशमां मुनिउनी मूर्तिउने बेसाडवाथी अन्यदर्शनीउथी आनी अल्प पूजा थशे. जिनमंदिरना रंगमंडपमां पुत्तलीउनो

विलास अघटित छे. वली अहीं करेलां नानां पगथीआंउ संता-ननो अन्नाव सूचवनारां छे. बार हाथ लांबां न्नारोटीआं अनुचित छे, केम के, तेउना न्नांगवाथी प्रासादनो विनाश थवानो संन्नव छे. वली बाह्यघारमां जे कसोटीना स्तंन्नो कर्या ते पण अयुक्त छे, केमके, ते मूल्यवान होवाथी सर्वनी दृष्टिए पमवाथी कदाच प्रासादन्नंगनो न्नय रहे छे. इत्यादि घणां दूषणो निवेदन कर्यां. तेनां ते वचनोने सत्य मानीने शोन्ननादिके यशोवीरनी स्तुति करी तथा कह्युं के, जे बनवानुं हतुं ते बनी चुक्युं छे.

एक दहाडो मंत्रीश्वरनी स्त्री अनुपमदेवी एक जैनसाधुने आहार आपी नमस्कार करती हती, ते वखते प्रमादथी साधुनुं घीथी न्नरेलुं पात्र तेणीनापर पडी गयुं, अने तेथी तेणीनुं नव-रंगी चीर घीवालुं थयुं, ते जोइ घरना कोइक छुष्ट चाकरे सा-धुने गाल आपी. त्यारे अनुपमदेवीए क्रोध पामीने तेने घरमांथी कहामी मेल्यो, अने कह्युं के, हुं जो कोइ तेलीनी के कंदोइनी स्त्री होते तो, दरेक पगले मारां वस्त्रो घृत अने तेलथी मलीन थते. आ तो मारुं परम न्नाग्य छे के, मुनिराजना पात्रथी मारुं देहसिंचन थयुं. इत्यादि आ मंत्रीश्वर माटेनुं विशेष वृत्तांत प्र-बंधामृतदीर्घीका विगेरेथी जाणी लेवुं; तथा एम विचारि सर्व लोकोए पोतानी लक्ष्मीने धर्ममार्गे वापरीने पोतानो जन्म स-फल करवो.

स्वैर्द्रव्यैर्जिनमंदिराणि रचयत्यभ्यर्चयत्यर्हत-
स्त्रिन्नक्त्या यतिनां तनोत्युपचयं वस्त्रान्नपात्रादिन्निः ॥
धत्ते पुस्तकलेखनोद्यममुपष्टभ्यातिसाधर्मिकान्
दीनाभ्युद्धरणं करोति कलयत्येवं सुपुण्यार्जनम् ॥ १ ॥

अर्थ— प्राणी पोतानां द्रव्योथी जिनमंदिरो बंधावे छे, जिने-

श्वरोने पूजे छे, त्रण प्रकारनां भक्तिथी मुनिउंने वस्त्र, अन्नं तथा पात्र प्रमुख आपे छे, पुस्तको लखावे छे, स्वामीवात्सल्य करे छे, दीनोनो उद्धार करे छे, तथा एवी रीते उत्तम पुण्य उपार्जन करे छे.

तप गछनायक श्री धर्मघोषसूरिजीना उपदेशथी पेथडशाहे तथा झांझणशाहे विक्रम संवत १३२१ मां जीरावली तथा शत्रुंजयादिकपर सुवर्ण कलशो सहित चोर्यासी जिनमंदिरो बंधाव्यां छे. ते वखते देवगिरि तथा ओंकार आदिक नगरोमां ब्राह्मणोए जिनमंदिर नहीं बांधवा देवाथी तेमणे त्यांना राजा रामदेवना मोटा प्रधान हेमादिकना नामोथी घणी दानशालाउं मांडी; तथा तेमां कापडी विगेरे पंथिउंने लाडु, दाल, शाक, भात विगेरे तेउंने पेटपूर आपवा माड्युं. अने तेथी ते पंथिउ हेमादिकनी अत्यंत प्रशंसा बोलवा लाग्या; अने ते नगरोमां पण हेमादिकनी कीर्त्ति लोको घरे घरे गावा लाग्या. ते जोइ ते हेमादिक प्रधानोए विचार्युं के, आपणे तो कंइ पण दान आप्युं नथी, माटे खरेखर कोइक कारणथी महा पुण्यशाली जीवे आपणां नामोथी आ दानशालाउं खुल्ली करी छे. पछी ते विषेनी बातमी मेलवतां ते सर्व वृत्तांत तेउंना जाणवामां आव्यो. पछी ते हेमादिक प्रधानोए राजाने कहीने ते पेथडशाहने देवगिरिना चौटामां जिनमंदिर माटे जगो अपावी. पछी ज्यारे त्यां पायो खोदवा मांड्यो, त्यारे जमीनमांथी मीठुं पाणी निकल्युं. ते देवगिरिमां मीठुं पाणी बहु दुर्लभ हतुं, तेथी कोइ चाडीआए जइने कह्युं के, त्यां तो मीठुं पाणी निकल्युं छे, माटे त्यां आप वाव बंधावो, अने पेथडशाहने साटे बीजुं स्थानक आपजो. त्यारे राजाए कह्युं के, प्रभाते हुं तेनो तपास करीश. ते वातनी पेथडशाहने बातमी मलवाथी तेणे गुप्त रीते रात्रिए ते पाणीमां निमक नखाव्युं; पछी प्रभाते राजा ज्यारे तेनी तपास करवा आव्यो; त्यारे ते पाणी

खारुं जणायाथी त्यां जिनप्रासाद करवानी पेथडशाहने तेणे बुट आपी. पछी अनुक्रमे केटलेक काले सुवर्णकलश तथा ध्वज सहित ते जिनप्रासाद विक्रम संवत १३३५ मां संपूर्ण थयुं. तेना चाकरो ज्यारे तेनां खरचनुं नामुं मांडवा बेठा, त्यारे फक्त तेमां खपेलां दोरडांउनीज किम्मत चोर्यासी हजार रुपीआनी थइ; एवुं विचारि तेउए नामुं मांडवुं तजी दीधुं. पछी ते प्रासादनुं " अमूल्यप्रासाद " नाम पाडवामां आव्युं. तेमां चोर्यासी आंगुलनी आरसनी श्री महावीरप्रजुनी मूर्ति स्थापवामां आवी. तेनुं विशेष वृत्तांत रत्नमंडनसूरिए करेला सुकृतसागर नामना काव्यथी जाणी लेवुं.

जर्णोध्धारः श्रुतपरिमलामोदितात्मन्यजस्रं
पात्रे दानं जगवति जिनाधीश्वरे नित्यजक्तिः ॥
दीनानाथोध्धरणमनिशं विश्वविश्वोपकारः
प्राणित्राणं फलमिदमहो चंचलायाः श्रियोऽस्याः

अर्थ– जीर्णोध्धार करवो, सिध्धांतोना परिमलथी सुगंधि आत्मावाला एवा सुपात्र प्रते हमेशां दान आपवुं, जिनेश्वर प्रजुनी हमेशां जक्ति करवी, तेम हमेशां दीन अने अनाथ माणसोनो उध्धार करवो; समस्त जगतपर उपकार करवो, तथा प्राणीउनुं रक्षण करवुं; एज आ चंचल लक्ष्मीनुं फल छे.

हाथीना कानसरखी चंचल एवी लक्ष्मीनुं तेज फल छे के, तेथी जीर्णोध्धारादिक पुण्यकार्य करवुं. जेम बाहडदेवमंत्रिए, शत्रुंजय तीर्थनो उध्धार, रेवताचलपर पगथीआं बांधवानुं कार्य, जृगुकछमां समलिका विहारनो उध्धार, तथा बन्ने तीर्थोनी यात्रा, एवी रीतना पोताना पिता उदायन मंत्रिना चारे मनोरथो सफल कर्या छे. ते नीचे प्रमाणे जाणवा.

बाहडदेवमंत्रि एक दहाडो श्री शत्रुंजयपर यात्रा माटे गया,

त्यां सकल संघनुं वात्सल्य कर्याबाद तेमणे पूर्वनुं जीर्ण थयलुं काष्टमय देवल दूर करीने नवुं पाषाणमय जिनमंदिर बंधाववानुं शरु कर्युं; अने ते कार्य पोताना माणसोने सोंपीने ते पाटणमां गया, त्यां राजाए तेमनो मोटा आडंबरथी प्रवेशमहोत्सव कर्यो. केटलेककाले ते जिनमंदिर संपूर्ण थयाथी, तेनी वधामणी आपनार माणसने तेमणे शोल सुवर्णनी जीह्वाउ आपी. एटलामां पांच दिवसो वीत्याबाद कोइक बीजा माणसे आवीने खबर आपी के, भमतीमां वायु भरावाथी तमारुं जिनमंदिर फाटी गयुं छे. ते सांभली बाहड मंत्रीए तेने बत्रीस सोनानी जीह्वाउ आपी. ते जोइ परिवारे कह्युं के, हे स्वामी! आ वखते तो आपने शोक थवानुं कारण छे, छतां आपने हर्ष केम थयो? ते सांभली मंत्रिए कह्युं के, हजु मारुं ऐश्वर्य दनदनप्रते वधतुं छे, अने तेथी आ समये तेवा खबर जे मल्या छे, ते हर्षदायक छे, केमके, तेथी हुं ते मंदिर फरीने पण बंधावी शकीश. पछी तेणे शलाटोने कह्युं के, हवे तमो भमतीविना फरीने ते उत्तम जिनमंदिर बंधावो? त्यारे शलाटे कह्युं के, भमतीविना जिनप्रासाद कराववाथी संतान थतां नथी. ते सांभली मंत्रिए कह्युं के, दुर्गतिनी वधामणी आपनार संताननुं मारे प्रयोजन नथी, मारे तो फक्त जिनप्रासादनुंज प्रयोजन छे. पछी तेणे ते जिनप्रासाद त्रण क्रोड अने त्रण लाख सोनामोहोरो खरचीने फरीथी बंधाव्युं. पछी त्यां शत्रुंजयपर ज्यारे कुमारपाल राजा हेमचंद्राचार्य सहित पधार्या, त्यारे पर्वतपर धडधडाट शब्द थयो, ते सांभली हेमचंद्राचार्यजीए कुमारपाल राजाने कह्युं के, एवो वृद्धवाद छे के, एकी वखते जो बे पुण्यशाली जीवो आ पर्वतपर चडवा मांडे तो, उपरनी छत्रशिला तेउपर पडे. माटे हुं अने आप जुदे जुदे समये तेपर चडीशुं. जो के तीर्थमां मृत्यु तो भाग्यथीज थाय छे, पण तेथी जिनशासननी हीलना थाय. पछी तेपर तेउ जुदे जुदे समये चड्या.

वली ते बाहड मंत्रीए गिरनारपर पगथीउं बंधावी, के जेथी वृद्धो अने बालोने पण तेपर चडवानुं सुगम थयुं. ते पगथीउं बांधवा पाछल तेमणे त्रेसठ लाख सोनामोहोरो खरची हती. कह्युं छे

त्रिषष्टिलक्षद्रम्माणां, गिरिनारगिरौ व्ययात् ॥
नव्या बाहडदेवेन, पद्या हर्षेण कारिता ॥ १ ॥

अर्थ— त्रेसठ लाख सोनामोहोरो खरचीने बाहडदेव मंत्रिए श्री गिरनार तीर्थपर हर्षथी मनोहर पगथीउं बंधावी छे.

जिणभवणाणि जे उद्धरंति, भत्तीइ सडीयपडियाइं ॥
ते उद्धरंति अप्पाणं, भीमाउ भवसमुद्दाउ ॥ १ ॥

अर्थ— जे माणसो भक्तिथी जीर्ण थएलां तथा पडी गएलां जिनमंदिरोनो उद्धार करे छे, ते माणसो भयंकर एवा आ भव-समुद्रमांथी पोताना आत्मानो उद्धार करे छे.

गोपगिरिपर आमराजाए पोतानुं अमूल्य सिंहासन श्री बप्पभट्टिजी सूरिजीने बेसवा माटे अर्पण कर्युं, ते जोइ क्रोधातुर थएला ब्राह्मणोए राजाने कह्युं के, हे स्वामी! आ श्वेतांबरो तो शूद्रो छे, तेउने सिंहासन आपवुं उचित नथी. एवी रीते वारंवार राजाने कहेवाथी राजाए ते नवलक्ष नामनुं सिंहासन पाछुं पोताना भंडारमां मुकाव्युं, तथा तेनी जगोए एक नानुं सिंहासन राख्युं. प्रभाते ज्यारे आचार्यजीए ते जोयुं, त्यारे राजाना मननो अभिप्राय जाणी तेमणे कह्युं के,

मर्द्दयमानमतंगजदर्पं,
विनयशरीरविनाशनसर्पम् ॥
क्षीणो दर्पोद्दशवदनोऽपि,
यस्य न तुल्यो भुवने कोऽपि ॥ १ ॥

ते सांभली लज्जातुर थएला आमराजाए फरीने ते नवलक्ष

सिंहासन त्यां स्थाप्युं. फरीने ते ब्राह्मणो राजाने ज्यारे कहेवा गया, त्यारे राजाए पात्र अपात्रनी परीक्षा माटे तथा ते ब्राह्मणोने प्रतिबोध आपवा माटे आठ हजार रुपामोहोरो सन्नामां मंगावी अने ब्राह्मणोने कह्युं के, मारे आ सुपात्रोने आपवी छे. ते सांन्नली सर्वे ब्राह्मणो कहेवा लाग्या के, हे स्वामी! अमो चतुर्वेदी ब्राह्मणो छीये, माटे अमारासरखा बीजां कोण उत्तम पात्रो छे? एवी रीते आत्मप्रशंसा करता थका कहेवा लाग्या के, ते द्रव्य अमोने आपो? एम कही एक बीजापर हडसेला मारी तेउए ते सर्व द्रव्य लुंटी लीधुं. बीजे दिवसे श्री बप्पन्नट्टीजी सूरिराजने बोलावी तेमनी पासे सवा क्रोड सोनामोहोरो मुकीने राजाए तेमने कह्युं के, हे न्नगवन्! आप कृपा करीने आ द्रव्य ग्रहण करो? एवी रीते वारंवार राजाए कहेवाथी आचार्यजीए तेने कह्युं के, हे राजन्!

आरंन्ने णत्थि दया, महिलासंगेण नासए बंन्नं ॥
संकाए सम्मत्तं, पव्वज्जा दव्वगहणेण ॥ १ ॥

अर्थ– आरंन्न करवाथी दया रहेती नथी, स्त्रीना संगथी ब्रह्मचर्यव्रत नाश पामे छे, शंकाथी सम्यक्त्व खंडित थाय छे, तथा द्रव्य लेवाथी प्रव्रजानो विनाश थाय छे.

इत्यादिक शास्त्रोनी गाथाउ कहीने ते द्रव्य तेमणे लीधुं नही. पछी ते आम राजाए आचार्यजीना उपदेशथी ते द्रव्य खरचीने एकसो जिनमंदिरोनो उद्धार कराव्यो.

यस्तृणमयीमपि कुटीं, कुर्याद्दद्यात्तथैकपुष्पमपि ॥
न्नक्त्या परमगुरुभ्यः, पुण्योन्मानं कुतस्तस्य ॥ १ ॥

अर्थ–जे माणस न्नक्तिथी परम गुरुमाटे एक घासनी पण झुंपडी बंधावी आपे छे, तथा तेमने फक्त एकज पुष्प आपे छे, तेनां पुण्यनुं पण कोण माप करी शके तेम छे? ॥ १ ॥

किंपुनरुपचितघन-शिलासमुद्घातघटितजिनभवनम् ॥
ये कारयंति सुमतयो-विमानिनस्ते महाधन्याः ॥ २ ॥

अर्थ– जे उत्तम बुद्धिवान माणसो महान् अने उत्तम पाषाणोथी जिनभवन बंधावे छे, तेउना पुण्यनी तो त्यारे वातज शुं करवी? ते महा भाग्यवंत पुरुषो देवलोकमां जइ वसे छे.॥२॥

जिनभुवन बंधाववा माटे कयो माणस अधिकारी छे? ते हवे कहेछे.

न्यायोपार्जितवित्तो, मतिमान् स्फीताशयः सदाचारः ॥
गुर्वादिमतो जिनभवन-कारकस्याधिकारी स्यात् ॥ १ ॥

अर्थ– जे माणसे न्यायथी धन उपार्जन करेलुं छे, तेम जे बुद्धिवान् छे, मनोहर आशयोवालो छे, सदाचारि छे, तथा जे गुरु आदिकथी अनुमत थएलो छे, तेज माणस जिनमंदिर बंधाववाने अधिकारी छे. (तेपर हवे दृष्टांत कहेछे.)

राजगृही नामनी नगरीमां धनसार अने गुणसार नामना बे बांधवो हता. तेउमांथी मोटा धनसारनी स्त्री शिलादिक गुणोएं करीने शोभिती हती; पण नाना भाइ गुणसारनी काली नामनी स्त्री महा दुराचारी हती, अने तेणीना कहेवाथी ते नानो भाइ पोताना मोटा भाइथी जुदो थइ पृथक् घरमां रहेवा लाग्यो. दैवयोगे ते नाना भाइने त्यां लक्ष्मी वृद्धि पामी, अने मोटा भाइनी लक्ष्मी अल्प थइ गइ. एक दहाडो नगरमां केटलाक शलाटो धंधा अर्थे आवी चड्या, अने तेउए गुणसारना घरनां द्वारपासे तेनी स्त्री कालीने अमूल्य आभूषणोवाली जोइ पूछ्युं के, हे शेठाणी! आ नगरमां कोइ भुवन बंधवनारो छे? ते सांभली पोताना धनना मदथी तेणीए कह्युं के, मारो जेठ धनसार भुवन बंधाववानो छे, माटे तेने त्यां तमो जाउ? पछी तेउ ज्यारे धनसारने घेर गया त्यारे तेनी स्त्रीए तेउने आववानुं का-

रण पूछीने बेसाड्या. भोजन माटे धनसार शेठ ज्यारे घेर आव्या, त्यारे तेणीए ते शलाटोनी सर्व हकीकत कहीने कह्युं के, आ लोकोने मारी देराणीए मोकल्या छे. ते सांभली ते शेठे ते स्त्रीनां आभूषणो वेंचीने त्यांना एक जीर्ण प्रासादनो जीर्णोद्धार ते शलाटो पासे कराव्यो. पछी प्रतिष्ठाना खरच माटे द्रव्य उपार्जन करवा माटे ते धनसार शेठ परदेश चाल्या, त्यां मार्गमां तेमने एक योगी मल्यो. ते योगीने शेठे पोतानुं वृत्तांत जणाववाथी ते योगी तेने एक पर्वतनी गुफामां तेडी गयो. ते गुफामां अंधारुं होवाथी योगीए भेंसनां पुंछडांउ शलगावीने तेमां अजवालुं कर्युं. त्यार बाद ते गुफामां तेउने वींछी, भमरा तथा स्त्री आदिकना उपद्रवो थया, पण शीलव्रतधारी ते साहसिक शेठ तेथी डर्यो नहीं. योगी तो त्यां एक स्त्रीने जोइ लपटाइ गयो, तथा ते स्त्रीए त्यांज तेने मारी नांख्यो. शेठ तो ज्यारे गुफानी अंदर पहोंच्यो त्यारे तेणे त्यां एक सुवर्णना हिंचोलापर एक महा तेजस्वी व्यंतरेंद्रने जोयो. ते व्यंतरेंद्रे पण शेठने जोइ तेने घणां आदरमानपूर्वक पोतानी पासे बेसाड्यो, अने कह्युं के, हे शेठ ! तमो मारा भाइ तुल्य छो, पूर्वजन्ममां हुं राजगृही नगरीमां जिनदास नामे व्यापारी हतो, अने ते समये में जे जिनमंदिर बंधाव्युं हतुं, तेनो तमोए जीर्णोद्धार कराव्यो छे, माटे हुं तमारापर तुष्टमान थयो छुं; एम कही तेणे तेने अमूल्य रत्नोनी पोटली आपीने तेने स्थानके मेल्यो. पछी त्यां ते धनसार शेठे मोटा महोत्सवपूर्वक प्रतिष्ठामहोत्सव कर्यो, संघनुं अत्यंत भक्तिथी स्वामिवात्सल्य कर्युं, अने एक रत्नजडित सुवर्णनी जीह्वा तेणे पोतानी भाभी काढीने आपी. त्यारे संघादिक लोकोए ते जीह्वा आपवानुं तेने कारण पूछयाथी तेणे जणाव्युं के, अमोने आ जीर्णोधार तथा प्रतिष्ठा आदिक माटे धनप्राप्तिनुं कारण ते मारी भाभीनी जीह्वाज छे. पछी ते धनसार शेठे छेक जीवित-

पर्यंत पोतानुं द्रव्य धर्ममार्गे वापरी सफल कर्युं. छेवटे स्त्रीसहित श्री धर्मघोष आचार्यजी पासे दीक्षा लेइ काल करी पेहेला देवलोकमां ते महा ऋद्धिवंत देव थया.

हवे पौषधशाला माटेनो उपदेश कहेछे.

पुण्याट्टं पौषधागारं, तत्रैत्य ग्राहको जनः ॥
व्रतादिपण्यं क्रीणाति, क्रमेणानंतलाभदम् ॥ १ ॥

अर्थ— पौषधशाला छे ते एक पुण्यनी दुकान छे, केमके, त्यां आवेलो ग्राहक व्रतादिरूप करीआणुं खरीद करे छे, के जे करीआणुं अनुक्रमे अनंत लाभ देनारुं थाय छे ॥ १ ॥

कलिबुद्धिः कुरुक्षेत्रे, यथा स्नेहवतामपि ॥
तथा स्याद्धर्मशालाया-मधमस्यापि धर्मधीः ॥ २ ॥

अर्थ— जेम स्नेहीउने पण कुरुक्षेत्रमां क्लेशनी बुद्धि उत्पन्न थाय छे, तेम धर्मशालामां अधम प्राणीने पण धर्मबुद्धि थाय छे.

हवे तेपर दृष्टांत कहेछे.

पेथडदेनो देद नामनो पिता कोइक कार्यप्रसंगे देवगिरि नामनी नगरीमां गयो; त्यां रहेला आचार्यजीने नमवा माटे ते कोइक उपाश्रयमां गयो, अने त्यां आचार्यजीने वांद्याबाद, त्यां एक बाजुए बेठेला केटलाक श्रावकोने पण तेणे नमस्कार कर्यो, ते श्रावको त्यां एकठा थइने एक पौषधशाला बांधवानो विचार करता हता. तेउना ते विचारने जाणीने देदा शेठे तेमनी पासे खोलो पाथरी कह्युं के, जो मारापर कृपा करीने तमो मने आज्ञा आपो तो हुं अहीं ते पौषधशाला बंधावुं, केमके, हुं तो एक संघनो दास छुं. ते सांभली ते श्रावकोमांना एक मुख्य श्रावके तेमने कह्युं के, आप कहो छो ते युक्तज छे, पण ते पौषाधशाला सर्व संघनी बंधावेली जोइए, पण एक धणीनी बंधावेली न जोइए. केमके, जो एक आसामी ते बंधावे तो ते शय्यातर थाय,

अने तेथी मुनिओ तेना घरनुं अन्नादिक ले नहीं; अने जो घणां लोको एकठा थइ बंधावे तो मुनिओ हमेशां अकेकना घरनो त्याग करे. एवी रीते युक्तिओथी तेने समजाव्या छतां पण तेणे मान्युं नहीं. त्यारे वली एक बीजो श्रावक बोली उठ्यो के, अहीं जो कोइ पौषधशाला बांधवाने शक्तिवान् न होय तो तो आपनी हठ पण व्याजबी गणाय, पण अत्रे तेवा घणाओ छे, पण ते छतां जो तमो ते पौषधशाला सुवर्णनी इंटोनी बंधावो, तो तेम पण करीएं. ते सांभली देदा शेठे संघने पगे पडी कह्युं के, हुं ते पौषधशाला सुवर्णनी इंटोथी बंधावीश. पछी ते शेठने आचार्य महाराजे समजाव्या के, तेम करवाथी आ कलिकालमां बहु विघ्न थवानो संभव छे, केमके, ते कीमती जाणीने दुष्ट लोको लोभना मार्या तेनो विनाश करशे. त्यारे शेठे कह्युं के, हुं ते पौषधशाला इंटोनी बनावी तेनापर सुवर्णनुं पतरुं जमावीश. तेम करवानो पण गुरु महाराजे ज्यारे निषेध कर्यो, त्यारे तेणे ते सुवर्ण जेटली किम्मतनुं केशर लेइ ते घुंटावीने चुनामां नाख्युं, अने एवी रीते करीने पण ते पौषधशाला तेणे बंधावी. अने ते पौषधशाला "कुंकुलोलशालाना" नामथी जगतमां प्रसिद्ध थइ.

यस्तनोति वरपौषधशालां,
सर्वसिद्धिललनावरमालाम् ॥
सर्वदैव लभते सुविशालां,
बोधिबीजकमलां विमलां सः ॥ १ ॥

अर्थ– जे माणस सर्व प्रकारनी सिद्धिओरूपी स्त्रीने वरवामां वरमाला सरखी एवी विशाल पौषधशाला बंधावे छे, ते माणस हमेशां निर्मल एवी बोधिबीजरूपी लक्ष्मीने मेलवे छे. ॥ १ ॥

जेम गोपगिरिपर श्री बप्पभट्टिजी महाराजना उपदेशथी आम राजाए एक मनोहर अने विशाल पौषधशाला बंधावी

हती. ते पौषधशालामां एक हजार तो स्तंजो हता. तेमां साधु, साधवी, श्रावक अने श्राविकाउं सुखेथी आवी जइ शके, ते माटे तेनां त्रण विशाल घारो कर्यां हतां. वली तेमां दूर दूर बेठेला साधुउंने पमिलेहण तथा स्वाध्यायादिक सात मांमलिक वेलाउंनी चेतवणी आपवामाटे मध्यस्तंजमां मोटा नादवालो घंट बांधवामां आव्यो हतो. तेमां वली व्याख्याननो मंडप त्रणलाख सोनामोहोरो खरचीने बांध्यो हतो. अने तेमां एवां तो चंडकांतादिक तेजस्वी रत्नो जडाव्यां हतां के, जेथी रात्रिए पण त्यां बिलकुल अंधकार जणातो नहोतो, अने तेना तेजथी रात्रिए पण साधुउं त्रसकायादिकनी विराधना विना पुस्तको विगेरे वांची शकता हता.

पापनिष्कंधनं धर्म-सदनं कारयंति ये ॥
तारयंति जवाब्धेः स्वं, ते जनाः कुलतेजनाः ॥१॥

अर्थ— कुलनो उद्योत करनारा एवा जे माणसो पापोने नाश करनारी पौषधशाला बांधे छे, तेउं पोताना आत्माने आ जवरूपी समुडथी तारे छे. ॥ १ ॥ तेपर दृष्टांत कहेछे.

सिद्धराज जयसिंहना वखतमां तेना राज्यनो पांच हजार घोडेस्वारोनो अधिपति शांतु नामे एक सेनापति हतो. ते श्री देवसूरिजी महाराजनो परमजक्त हतो. एक दहाडो तेणे चोर्यासीहजार सोनामोहोरो खरचीने राजमेहेल सरखुं एक पोतानुं घर बंधाव्युं, अने ते घरने जोइ सर्व लोको तेनी तारिफ करवा लाग्या. एक दहाडो तेणे पोतानुं ते घर श्री देवसूरिजी महाराजने पण बताव्युं, पण गुरुमहाराजे तेनां वखाण कर्यां नहीं; त्यारे सेनापतिए पूछ्युं के, हे जगवन्! सर्व लोको तो आ सुंदर घरनां वखाण करे छे, पण आप केम करता नथी? ते सांजली देवसूरिजीना शिष्य श्री माणिक्यचंडसूरिजीए कह्युं के, हे सेनापति! तमोए जो आवी पौषधशाला बंधावी होते तो तो, गु-

रुमहाराज तेनी प्रशंसा करते, पण गृहस्थीना घरनी प्रशंसा साधु करे नहीं, केमके गृहस्थीना घरमां चुलो, खांडणी, सावरणी विगेरे हिंसक पदार्थोनो उपयोग थाय छे. ते सांभली शांतु मंत्रिए ते घरनी पौषधशाला बनावी, अने तेमां पुरुषना शरीर जेवडा बे दर्पणो बंधाव्या.

कारयंति नरा धन्या, भावात्पौषधशालिकाम् ॥
संसारसागरं तीर्त्वा, ते लभंते परं पदम् ॥ १ ॥

अर्थ– जे धन्य माणसो भावथी पौषधशाला बंधावे छे, ते आ संसाररूपी समुद्रने तरीने मोक्षे जाय छे.

हवे ते पर दृष्टांत कहे छे.

पाटणमां एक आभड नामे कोइक निर्धन श्रावक रहेतो हतो. ते कंसाराउने घेर घूघराउ घसीने तेथी हमेशां मलता पांच द्रम्मोथी ते पोतानी आजीविका चलावतो हतो. एक दहाडो तेणे हेमचंद्राचार्यजीने कह्युं के, हे भगवन्! मने सातसो सोनामोहोरोना परिग्रहनुं प्रत्याख्यान करावो. ते सांभली हेमचंद्राचार्ये तेना हस्तनी रेखाउ जोइ पराणे त्रण लाख सोनामोहोरोनुं नियम कराव्युं. एक दहाडो तेने घेर पुत्र आववाथी तेने दूध पावा माटे एक बकरी वेचाती लेवा माटे ते ग्रामांतरे गयो. त्यां बकरीना टोलांमां एक बकरीने गले तेणे इंद्रनीलमणी बांधेलुं जोयुं. ते बकरीनुं तुछ मूल्य आपीने तेणे गोवाल पासेथी वेचाती लीधी. पछी ते मणि सिद्धराजने तेणे देखाड्याथी तेणे पोताना हारमां नाखवा माटे सवा लाख सोनामोहोरो आभडने आपी खरीद कर्युं. एक दहाडो तेणे केटलीक मंजीठनी गुणीउ वेंचाती लीधी, पण तेना भाग्यथी तेमांथी सुवर्ण नीकली पड्युं, अने तेथी ते करोडपति थइ गयो. पछी पोताना परिग्रहप्रमाणने याद लावीने तेणे चोर्यासी पौषधशालाउ बंधावी, तथा चोवीसे

तीर्थंकरोनां चोवीस जुदां जुदां जिनमंदिरो बंधाव्यां, अने एवी रीते तेणे साते क्षेत्रोमां नेवु लाख सोनामोहोरो खरची. वली स्तंभतीर्थमां कोइक भीम नामना श्रावके नगरनी अंदर जगो नहीं मलवाथी नगरनी बहार घणुं द्रव्य खरचीने चंदन अने हाथीदांतोथी एक पौषधशाला बंधावी. त्यारे कोइके तेने कह्युं के, आ नगरनी बहार पौषधशाला करी, ते तो फोकट द्रव्य खरच्युं, केमके, तेमां तो कदाच भिल्लो आवीने निवास करशे. ते सांभली भीमे कह्युं के, कोइक विहार करीने थाकेला मुनि खरेखर तेमां कायोत्सर्गादिक ध्यान धरशे, अने तेथी ते पौषधशाला सफल थशे. छेवटे नगरनी वसती वधवाथी ते पौषधशाला हाल नगरनी अंदरज आवी गइ छे. वली वस्तुपाले पण सातसो पौषधशालाउ बंधावी छे. एम विचारि बीजा भाग्यवान् पुरुषोए पण पौषधशाला बंधावी पुण्य संपादन करवुं.

हवे जिनबिंबोनो उपदेश कहेछे.

अंगुष्ठमानमपि यः प्रकरोति बिंबम्
वीरावसानवृषभादि जिनेश्वराणाम् ॥
स्वर्गे प्रधानविपुलर्धिसुखानि भुंक्त्वा
पश्चादनुत्तरगतिं समुपैति धीरः ॥ १ ॥

अर्थ—जे धीर माणस ऋषभदेव प्रभुथी मांडीने महावीर प्रभुपर्यंतना अंगुठा जेवडां पण बिंबो भरावे छे, ते स्वर्गमां उत्तम ऋद्धिनां सुखोने भोगवीने पाछलथी मोक्षे जाय छे.

भरतचक्रीए पोतानी वींटीमां श्री आदिनाथ प्रभुनी मणिमय प्रतिमा करावी हती; अने ते प्रतिमा आजे पण देवगिरि देशना कल्यपाक नगरमां माणिक्यस्वामिना नामथी प्रसिद्ध छे. वली तेज चक्रीए अष्टापद तीर्थपर सर्व जिनेश्वरोनी पोतपोताना शरीरना प्रमाणनी रत्नमय मूर्तिउ भरावेली छे. वली ब्रह्मेंद्रे

भरावेली श्रीनेमिनाथ प्रभुनी मूर्ति गिरनारपर बिराजे छे. संप्रति राजाए सवाक्रोड नवां जिनबिंबो भराव्यां छे. जावडीशाहे पोताना पिताना पुण्य माटे ओगणीश लाख सोनामोहोरो खरचीने शत्रुंजयपर श्री ऋषभदेव प्रभुनी तथा बे पुंडरीकजीनी प्रतिमा करावी छे. ते प्रतिमाओनी प्रतिष्ठा विक्रमनी १०८ नी सालमां श्रीवज्रस्वामीजीए करावेली छे. कह्युं छे के,

अष्टोत्तरे च किल वर्षशते व्यतीते
श्रीविक्रमादथ बहुद्रविणव्ययेन ॥
यत्र न्यवीविशत जावडिरादिदेवं
श्रीपुंडरीकयुगलं भवभीतिभेदि ॥ १ ॥

एम विचारि भव्य पुरुषोए जिनबिंबो करावकां.

भो भव्या भवभीमसागरगतैर्मानुष्यदेहादिका
सामग्री न सुखेन लभ्यत इति प्रायः प्रतीतं सताम् ॥
तद्युष्माभिरिमां पुरातनशुभैरापाद्य सद्योऽनघां
सर्वज्ञप्रतिमादिके प्रतिदिनं धर्मे कुरुध्वं मनः ॥ १ ॥

अर्थ– हे भव्य लोको! आ भवरूपी भयंकर समुद्रमां पडीने मनुष्यदेहादिकरूप सामग्री सुखेथी प्राप्त थती नथी, एम सर्व बुद्धिवानोने खातरी छे. माटे हमेशां जिनप्रतिमादिक धर्मकार्यमां मनने जोडवुं.

हवे ते पर वस्तुपालमंत्रीनुं दृष्टांत आपे छे.

एक वखते दिल्हिना बादशाहनी माता मक्के हज करवा माटे जवा सारुं ज्यारे खंभातबंदरमां आवी त्यारे वस्तुपाल मंत्रीए प्रथम तेणीने माणसो मारफते लुंटावी, अने पछी तेनो सर्व असबाब तेणीने पोते स्वाधिन कर्यो, अने छेक मक्कासुधि ते तेणीनी साथे गयो. वली त्यां मक्कामां पण तेणीना मान खातर तेणे त्रण लाख सोनामोहोरो खरचीने तोरण बांध्युं. अने पाछी तेणीने

सुखे समाधे दीह्ही पहोंचाडी. ते वखते सन्मुख आवेला बादशाहे तेणीने पुछयुं के, तारी हज तो सुखे समाधे थइनी? ते सांजली तेनी माताए कह्युं के, मारा धर्मपुत्र वस्तुपालनी कृपाथी मारी हज सुखे समाधे थइ छे. ते सांजली हर्षित थएला बादशाहे तुरत वस्तुपालने दीह्ही बोलाव्यो. ते ज्यारे दिह्ही आव्यो त्यारे बादशाहे तेनी सन्मुख जइ घणा आदरमानथी तेनुं सामैयुं कर्युं. पछी बादशाहे तेने ज्यारे पोतानुं अर्ध राज्य आपवा मांड्युं त्यारे वस्तुपाले कह्युं के, मारे राज्यनो खप नथी, फक्त नागपुर पासे आवेली मम्माणीनी खाणमांथी त्रण जिनप्रतिमा थाय तेवा पत्थरो जोइए छीए. ते सांजली तुष्टमान थएला बादशाहे ते आखी खाण तेने स्वाधिन करी. पछी वस्तुपाले ते खाणमांथी मम्माणीना उत्तम पत्थरो कढावीने तेमांथी एक ऋषजदेवप्रजुनी एक पुंडरीकजीनी, अने एक पार्श्वनाथजीनी एम त्रण जव्य प्रतिमाउं करावी. अने अनुक्रमे शत्रुंजय पर्वतपर तथा तेजलपुरमां सुंदर जिनप्रासादो करावी तेमां स्थापी. वली ते मंत्रिए रत्नोनी, सुवर्णनी, रूपानी, पित्तलनी, आरसपाणनी, तथा मम्माणीनी सर्व मली सवा लाख जिनप्रतिमाउं करावी छे, अने ते सर्व प्रतिमाउंने तेणे पोते करावेला पांच हजार जिनालयोमां स्थापन करी छे.

जे माणसो पोते करावेली जिनप्रतिमामे पोताने हाथे पूजे छे, तथा ते प्रतिमाउंने जिनालयोमां स्थापी बीजाउंने हाथे पूजावे छे, तेउंनुं पुण्य व्याजु मुकेला ड्व्यनी पेठे वृद्धि पामे छे. वली जिनपूजा करनारने हीनजातिपणुं प्राप्त थतुं नथी.

जेम अजयकुमारे आदन नामना म्लेछना पुत्र आर्द्रकुमारने जिनप्रतिमानी जेट मोकली हती, अने ते प्रतिमा जोइने ते आर्द्रकुमारने जातिस्मरण ज्ञान थवाथी तेणे दीक्षा लीधी हती, तथा छेवटे ते मोक्षे गया हता. कह्युं छे के,

निर्मायार्हतबिंबमार्हतपदस्थानाग्रिमं धार्मिकः
स्वात्मानं च परं च निर्मलयति स्तुत्यर्चनावंदनैः ॥
मंत्रीश्रेणिकसूरिवाडुकसुतं मोहांधकारस्थितं
दीपः पुष्यति कस्य चापि न मुदं श्रेयःश्रियामास्पदम् ॥

वली स्वयंभूरमण समुद्रमां मत्स्यरूपे रहेला भव्य जीवो त्यां जिनप्रतिमाना आकारवाला मत्स्योने जोइने जातिस्मरण ज्ञान पामी अनशन करी स्वर्गे जाय छे, वली शय्यंभवसूरिजी पण जिनप्रतिमाना दर्शनथी प्रतिबोध पामेला छे. कह्युं छे के,

सिज्जंभवं गणहरं, जिणपडिमादंसणेण पडिबुद्धं ॥
मणगपिअरंदसका-लिअगस्स निज्जुहगं वंदे ॥ १ ॥

श्री शय्यंभवाचार्यजीनी कथा लोकप्रसिद्ध छे.

पित्तलसुवन्नरुप्पय- रयणेहिं चंदकंतमाईहिं ॥
जो कारवेइ जिणवर-पडिमं सो पावए मुक्खं ॥ १ ॥

अर्थ– पित्तलनी, सोनानी, रूपानी, तथा चंद्रकांतादिक रत्नोनी जिनप्रतिमाओ जे कोइ करावे छे, ते खरेखर मोक्ष पामे छे.

जेम भीमश्रावके आबु पर्वतपर जिनमंदिर बंधावीने तेमां मूल नायकनी ७१ अंगुलनी प्रतिमा स्थापवा माटे घणीवार गाली गालीने उत्तम पित्तलनो रस कराववा मांड्यो. एटलामां पालणपुरना रहेवासी धनाशाए आवी तेने विनंति करी के, हे भीम! आ प्रतिमा बनाववामां तुं मारो भाग ले? पण भीमे ना पाडवाथी ते रस ढालती वखते धनाशा पोताना झभ्भानी बांहोमां गुप्तरीते केटलुंक सुवर्ण लाव्यो, अने हाथ पहोला करवाना मिषथी ते सुवर्ण ते पित्तलना रसमां नांखी दीधुं, अने तेथी आजे पण ते प्रतिमा अत्यंत झगझगायमान देखाय छे, ते पर श्यामता आवती नथी. अने हालमां ते प्रतिमा कुंभमेरुपर

पूजाय छे. वली वनवासमां रहेला लक्ष्मणजीए सीताने पूजवा माटे एक छाणनी पार्श्वनाथजीनी प्रतिमा बनावी आपी हती, पण सीताना शीलना माहात्म्यथी ते प्रतिमा वज्रमय थइ गइ. अने आजे पण मंडपदुर्गमां ते प्रतिमा पूजाय छे, ते प्रतिमानो महिमा एवो छे के, तेथी सर्व उपद्रवोनो नाश थाय छे.

सन्मृत्तिकामलशिलातलदारुरूप्य-
सौवर्णरत्नमणिचंदनचारुबिंबम् ॥
कुर्वंति जैनमिह ये स्वधनानुरूपं
तेऽप्यामरीं च शिवसंपदमाप्नुवंति ॥ १ ॥

अर्थ- जे लोको अहीं पोतानी शक्तिमुजब उत्तम माटीनी, उत्तम पत्थरनी, काष्ठनी, रूपानी, सोनानी, मणिउनी, तथा चंदननी जिनप्रतिमा बनावे छे, तेउ पण देवलोकनी तथा मोक्षनी संपदा मेलवे छे.

संवत १३७१ मां ज्यारे समराशाहे शत्रुंजयनो उद्धार कर्यो, त्यारे तेणे न्नाट आदिकोने चौदसो सोनानी वींटीउ आपी. ते समये मल्लन्नट्ट नामना न्नाटने शेठे न्नूलथी लाखनी वींटी आपी. पछी ज्यारे तेउ सर्वने न्नोजनमाटे बेसाड्या, त्यारे ते मल्लन्नट्टे पोतानी वींटी आंगलीमांथी कहाडीने नीचे मेली. ते जोइ शेठे तेनुं कारण पूछवाथी तेणे कह्युं के, आ वखते आ उष्ण न्नोजनथी तमारी आपेली लाखनी वींटी उंगली जाय माटे में नीचे मूकी छे, अने तेम जो न करुं तो पछी मारा देशमां जइ हुं लोकोने तमारी तरफथी न्नेट मलेली वस्तु शीरीते बतावी शकुं? ते सांन्नली शेठे ते वींटी हाथमां लेइ तपासी जोइ, अने ते लाखनी मालुम पमवाथी तेनी माफ मागीने शेठे तेने दशे आंगलीउमां रत्नजमित सुवर्णनी वींटीउ पहेरावी. ते वखते सकल संघनी समक्ष ते मल्लन्नाट बोली उठ्यो के,

अधिकं रेखया मन्ये, समरं सगरादपि ॥
कलौ म्लेच्छबलाकीर्णे, येन तीर्थं समुद्धृतम् ॥ १ ॥

ते सांभली तुष्टमान थएला समराशाह शेठे तेने जीवितपर्यंत वरशासन करी आप्युं.

काराप्य प्रतिमां जैनीं, पूजयंतीह चानिशं ॥
ये जनास्ते द्रुतं पूज्या, भवंति महतामपि ॥ १ ॥

अर्थ– जे माणसो जैन प्रतिमा करावीने आ जगतमां हमेशां पूजे छे, तेओ तुरत महान पुरुषोने पण पूजनीक थाय छे. ते पर दृष्टांत कहेछे.

जिनदासनी पुत्री हांसीनां गांधार नगरना रहेवासी केशवना पुत्र मुकुंद साथे लग्न कर्यां हतां. लग्न कर्याबाद जान तेणीने लेइने गांधार नगर प्रते चाली, अने सेढी नदीने किनारे सर्व लोको भोजन माटे बेठा. त्यारे हांसीए कह्युं के, हुं जिनपूजा कर्याविना भोजन करती नथी. ते सांभली तेणीना देवरोए मश्करीथी छाण अने वेलु एकठी करीने तेणीना माटे एक जिनप्रतिमा बनावी, तथा ते प्रतिमापर पत्रो अने पुष्पो चडावीने हांसीने तेनुं पूजन करवाने कह्युं. तेणीए पण नमस्कारपूर्वक ते प्रतिमानुं भावथी पूजन कर्युं, अने त्यारबाद तेणीए भोजन कर्युं. तेज वखते तेणीना शीलमाहात्म्यथी ते प्रतिमा वज्रमय थइने देवताथी अधिष्ठित थइ. पछी ज्यारे त्यांथी जान चालवा लागी त्यारे ते अधिष्ठायक देवे सर्व गाडांओने थंभी राख्यां. त्यारे ते लोकोए त्यां एक जिनमंदिर बंधावीने तेमां ते प्रतिमाने स्थापी, अने ते प्रभाव जोइने सर्व लोको जैनधर्मी थया, तथा पछी सुखे समाधे गांधार नगरे तेओ पहोंच्या. हवे ते प्रतिमाने हमेशां त्यां

एक वृद्ध स्त्री पूजवा लागी, तथा तेनी पासे द्रव्यनी याचना करवा लागी. एक दहाडो तेणीनी भक्तिथी तुष्टमान थएला अधिष्ठायक देवे तेणीने स्वप्नमां कह्युं के, तारे हमेशां हवेथी प्रभातमां आवी प्रतिमाना हाथमां रहेली एकेक सोनामोहोर लेवी. पछी तेम करतां ते वृद्ध स्त्री पासे घणुं द्रव्य थयुं. एक दहाडो तेणीनी पडोशणे तेणीने पूछयुं के, तारी पासे आटलुं बधुं द्रव्य क्यांथी आव्युं? ते सांभली ते डोशीए मुग्धपणाथी यथार्थ वात कही संभलावी. ते सांभलीने बीजे दिवसे ते पडोशण प्रभातमां वहेली त्यां जइने प्रतिमाना हाथमांथी सोनामोहोर लेवा लागी, तो ते सोनामोहोर तुरत ते प्रतिमाजीना हाथमांज चहोंटी गइ, अने त्यारथी रूष्टमान थएला अधिष्ठायके पेली डोशीने पण सोनामोहोर आपती बंध करी. हजुसुधि पण ते सोनामोहोर ते प्रतिमाजीना हाथमां चोंटेली मालुम पडे छे, वली त्यां जलथी दीवाउ बले छे, अने पखालनुं पाणी क्यां जाय छे? ते मालुम पडतुं नथी. एम विचारी बीजा भव्य माणसोए पण जिनप्रतिमा भरावबी.

हवे जैन पुस्तको लखाववा माटेनो उपदेश कहेछे.

ये लेखयंति जिनशासनपुस्तकानि
व्याख्यानयंति च पठंति च पाठयंति ॥
शृएवंति रक्षणविधौ च समाद्रियंते
ते देवमर्त्यशिवशर्म नरा लभंते ॥ १ ॥

अर्थ— जे माणसो जिनशासननां पुस्तको लखावे छे, तेनी व्यांख्या करे छे, भणे छे, भणावे छे, सांभले छे, तथा ते पुस्तकोनुं जेउ रक्षण करे छे, तेउ देवतानां, मनुष्यनां अने मोक्षनां सुखो मेलवे छे.

लेखयित्वा सदा शास्त्रं, श्रोतव्यं च विचक्षणैः॥
निरंतरसुखप्राप्त्यै, प्रारंभादासमाप्तिकम् ॥ १ ॥

अर्थ- हमेशां विचक्षण माणसोए शास्त्र लखावीने निरंतर सुखनी प्राप्ति माटे आद्यथी ते अंत सुधि सांभलवुं.

सद्ज्ञानांबुप्रपा धर्म- सत्रं पुस्तकवाचना ॥
येन कार्येत तेनाप्त-मैहिकामुष्मिकं सुखम् ॥ १ ॥

अर्थ- उत्तम ज्ञानरूपी पाणीना परब सरखुं, तथा धर्मनी दानशाला सरखुं, एवुं पुस्तकोनुं वांचवुं जे करे छे, तेणे आ लोक अने परलोकसंबंधी सुख मेलव्युं छे.

एषा शुभा पुस्तकदानशाला,
नानाविधार्थावलिभोज्यमाला ॥
पूर्वर्षिनामामृतपूरपूर्णा,
सदा सतां स्यात्सुखसेवनीया ॥ १ ॥

अर्थ- विविध प्रकारना अर्थोनी श्रेणिरूपी भोजनोवाली, तथा पूर्वाचार्योना नामोरूपी अमृतना समूहथी भरेली एवी आ पुस्तकरूपी दानशालाने सज्जनोए हमेशां सुखेथी सेववी.

धर्मे यत्नः शुभा बुद्धिः, सारासारत्वनिर्णयः ॥
हेयोपादेयविज्ञानं, संवेगोपशमौ श्रुते ॥ १ ॥

अर्थ- सिद्धांतो जाणवाथी धर्ममां प्रयत्न थाय छे, उत्तम बुद्धि आवे छे, सारासारपणानो निश्चय थाय छे, हेयोपादेयनुं ज्ञान थाय छे, तथा छेवटे तेथी वैराग्य अने शांतता थायछे. श्रीधर्मघोष सूरिजीना उपदेषथी पेथडशाहे तेमना मुखथी अग्यारे अंगो सांभलवा मांड्यां, तेमां पांचमा अंग मध्ये ज्यां ज्यां "गोअमाए" एवी रीतनो शब्द आवतो गयो, त्यां त्यां ते ना-

मथी आनंद पामीने दरेक नामे तेणे एकेक सोनामोहोर मुकी, अने एवी रीते तेणे छत्रीस हजार सोनोमोहोरोथी ते आगमनी पूजा करी, अने ते द्रव्यथी तेणे सर्व शास्त्रो लखावीने भृगुकच्छादिक दरेक शेहेरोना भंडारमां राख्यां. वळी तेवीज रीते श्रीकुमारपाल राजाए सातसो लैयाउं राखीने छ लाख अने छत्रीस हजार आगमो लखाव्यां छे. वली तेमणे दरेक आगमनी छ छ प्रतिउं तो सोनाना अक्षरोथी लखावी छे. हेमचंद्राचार्ये रचेलां व्याकरण तथा चरित्रादिक ग्रंथोनी तेमणे एकवीस एकवीस प्रतिउं लखावी छे. वधारे शुं कहेवुं? सर्व दानोमां ज्ञानदान अति श्रेष्ठ छे एम ज्ञानीउए कहेलुं छे. कह्युं छे के,

ज्ञानाभयोपग्रहदानभेदा-त्तच्च त्रिधा सर्वविदो वदंति॥
तत्रापि निर्वाणपथप्रदीप-ज्ञानस्य दानं प्रवरं वदंति १

हवे ते ज्ञानदान आ पुस्तकविना थइ शकतुं नथी, अने तेथी हमेशां भाविक श्रावकोए पुस्तक लखाववां ते युक्तज छे.

लेखयंति नरा धन्या, ये जैनागमपुस्तकान् ॥
ते सर्ववाङ्मयं ज्ञात्वा, सिद्धिं यांति न संशयः १

अर्थ—जे धन्य पुरुषो जैनागमनां पुस्तको लखावे छे, तेउं केवलज्ञान पामीने मोक्षे जाय छे, तेमां संशय नथी.

वळी जिनागम लखावनारने आ संसारमां पण कंइ कष्ट थतुं नथी. कह्युं छे के,

न ते नरा दुर्गतिमाप्नुवंति, न मूकतां नैव जडस्वभावम्
नैवांधतां बुद्धिविहीनतां च, ये लेखयंत्यागमपुस्तकानि १

अर्थ— जे लोको आगमोनां पुस्तको लखावे छे, तेउं दुर्गतिमां जता नथी, तेउंने मुंगापणुं, मूर्खता, अंधपणुं, तथा निर्बुद्धिपणुं पण थतुं नथी. ॥ १ ॥

पुस्तको लखाववां ए सर्व प्रकारनुं पुण्य करेवाय छे, केमके ते पुस्तको धर्मनी दानशालाउ सरखां छे. जेम पर्युषण पर्वमां श्री कल्पसूत्र वांचवा सांभलवाथी श्रावको दान, पूजा, शील, तप विगेरेमां उद्यम करे छे, अने तेथी घणुं पुण्य मेलवे छे. वली पुस्तकविना पंडितपणुं पण प्राप्त थतुं नथी. जेम श्रीवस्तुपाल मंत्रिए सात क्रोड सोनामोहोरो खरचीने सुवर्णनी शाहीथी तथा मषीनी शाहीथी, ताडपत्रो अने उत्तम कागलोपर पुस्तको लखावीने सात सरस्वती भंडारो स्थाप्या हता, अने तेथी श्रीउदयप्रभसूरिजीए तेमने नीचेप्रमाणे आशिर्वाद आप्यो हतो.

जंबूद्वीपो जलधिपरिखाभूषितो यावदास्ते
ज्योतिष्चक्रं सुरगिरितटीं पर्यटत्येव यावत् ॥
यावत्कूर्मो वहति वसुधां त्वद्यशःपुंजसार्धं
जीयाज्जैनं मुखमिव परं पुस्तकं वस्तुपाल ॥१॥

अर्थ– हे वस्तुपाल ! ज्यांसुधी समुद्ररूपी खाइथी भूषित थएलो आ जंबूद्वीप हयात छे, तथा आ ज्योतिष्चक्र ज्यांसुधी मेरुपर्वतना तटने भ्रमण करे छे, अने ज्यांसुधी काचबाए आ पृथ्वीने धारी राखी छे, त्यांसुधी आ श्री जिनेश्वर प्रभुना उत्तम मुख सरखुं पुस्तक तमारा यशनी साथे जयवंतुं वरतो ?

एम विचारि बीजाउए पण पुस्तको लखाववां तथा ते पुस्तकोना रक्षणमाटे उंदरादिक जीवोना तथा जल अग्नि विगेरेना उपद्रवविनानां स्थानको बंधाववां. एम जाणी पुस्तको लखाववानो आदर करवो. कह्युं छे के,

तैरात्मा सुपवित्रितः स्वजननं तैर्निर्मलं निर्मितं
तैः संसारमहांधकूपपततां हस्तावलंबो ददे

दत्तं तैरिह सर्वसौख्यजननं सद्ज्ञानदानं नृणा
श्रीसर्वज्ञचरित्रपुस्तकमहो ये लेखयंत्यादरात्॥१॥

अर्थ– जे माणसो आदरपूर्वक श्री सर्वज्ञ प्रभुउंना चरित्ररूप पुस्तकने लखावे छे, तेउंए पोतानो आत्मा पवित्र करेलो छे, तेउंए पोतानो जन्म निर्मल करेलो छे, तेउंए संसाररूपी मोटा अंधारा कुवामां पडता प्राणीउंने हाथथी टेको आपेलो छे, अने तेउंए आ जगतमां सर्व सुख उत्पन्न करनारुं उत्तम ज्ञाननुं दान लोकोने आपेलुं छे.

ये तीर्थनाथागमपुस्तकानि,
न्यायार्जितार्थैरिह लेखयंति
ते तत्वतो मुक्तिपुरोनिवास-
स्वीकारपत्रं किल लेखयंति ॥ १ ॥

अर्थ– जे माणसो आ जगतमां पोतानां न्यायोपार्जित द्रव्यथी जिनेश्वर प्रभुना आगमोनां पुस्तको लखावे छे, तेउ तत्वथी (जोइयें) तो खरेखर मुक्ति पुरीना निवासनां स्वीकारपत्रो लखावे छे.

वली ज्ञान जाणनार माणस हिंसादिकनो पण त्याग करे छे, अने तेथी तेने सुगति मले छे. कह्युं छे के–

न शुकः क्वापि मांसाशी, चत्वरे रामपाठतः
यस्याभ्यासः श्रुतांऽशेपि, तस्य हिंसामति कुतः १

अर्थ– चौटावच्चे रामनो पाठ करनारो होवाथी पोपट कोइ पण जगोए मांसभक्षी होतो नथी, केमके, ज्ञानना अंशनो पण जेने अभ्यास होय छे, तेने हिंसाबुद्धि क्यांथी होय?

अहीं ज्ञानथी केवा केवा फायदा थाय छे? तेपर चिलाती

पुत्र, रौहिणेयक, क्षुल्लककुमार, हरिभद्रसूरिजी, सिद्धसेनदिवाकरादिकना दृष्टांतो जाणी लेवां.

यदि गाथापदं चैकं, गुणाय महते भवेत् ॥
धन्यास्त एव ये ज्ञानं, सम्यगाराधयंत्यहो ॥ १ ॥

अर्थ– ज्यारे गाथानुं एक पद पण मोटा गुणमाटे थाय छे, त्यारे तेउनेज धन्य मानवा के, जे सम्यक् प्रकारे ज्ञानने आराधेछे.

यानपात्रसमं ज्ञानं, ब्रुडतां भववारिधौ ॥
मोहांधकारसंहारे, ज्ञानं मार्तंडमंडलम् ॥ २ ॥

अर्थ– आ भवरूपी समुद्रमां बुडता प्राणीने ज्ञान छे ते वहाणसरखुं छे, तेम मोहरूपी अंधकारनो नाश करवामां ते सूर्यना मंडलसरखुं छे.

तृतीयं लोचनं ज्ञानं, द्वितीयो हि दिवाकरः ॥
अचौर्यहरणं वित्तं, विनास्वर्णविभूषणम् ॥ ३ ॥

अर्थ– ज्ञान छे ते त्रीजां लोचनसरखुं, बीजा सूर्यसरखुं, तथा चोरोथी पण न हराय एवां द्रव्यसरखुं, अने सुवर्णविना आभूषणसरखुं छे.

लेखनीयमतो जैनं, शास्त्रं वाच्यं सुबुद्धिभिः ॥
श्रोतव्यमुत्तमैर्ज्ञानं, तृतीयं नेत्रमिछुभिः ॥ ४ ॥

अर्थ– माटे ज्ञानरूपी त्रीजा नेत्रनी इछावाला उत्तम बुद्धिवान् माणसोए जैनशास्त्रो लखाववां, वांचवां अने सांभलवां. ४

हवे नियमग्रहणनो उपदेश कहे छे.

नियम ग्रहण करवाथी आ लोक अने परलोकमां पण लाभ थाय छे. जेम वंकचूल श्रावकने अजाण्या फलआदिकनां नि-

यमो पोतानां आत्मानी रक्षा माटे अपेलां छे. वली विमलना पुत्र कमले जो के उल्लंठ नियमो लीधां हतां, तो पण तेने ते नियमो महालाभकारक निवडेलां छे.

हवे नमस्कारस्मरणनो उपदेश कहे छे.

विमुच्य निद्रां चरमे त्रियामा
यामार्धभागे शुचिमानसेन ॥
दुष्कर्मरक्षोदमनैकदक्षो,
ध्येयस्त्रिधा श्रीपरमेष्ठिमंत्रः ॥ १ ॥

अर्थ– रात्रिना छेल्ला अर्ध पहोरे निद्रा छोडीने शुद्ध चित्तथी दुष्कर्मरूपी राक्षसने दलवामां समर्थ एवा पंच परमेष्ठी मंत्रने मन, वचन अने कायाथी ध्याववो.

किं मंत्रयंत्रौषधिमूलिकाभिः
किं गारुडस्वर्गमणींदुजालैः ॥
स्फुरंति चित्ते यदि मंत्रराज-
पदानि कल्याणपदप्रदानि ॥ २ ॥

अर्थ– जो मनमां कल्याणपद आपनारां मंत्राधिराजनां पदो स्फुरायमान थइ रहेलां छे, तो मंत्र, यंत्र, औषधिउ, जमीबुटी गारुडीविद्या, चिंतामणि तथा इंद्रजालोनो पण शुं खप छे?

श्रीमन्नमस्कारपदानि सर्व-सिध्धांतसाराणि नवापि नूनं
आद्यानि पंचातिमहांति तेषु,मुख्यं महाध्येयमिहामनंति

अर्थ– नवे नमस्कारनां पदो खरेखर सर्व सिध्धांतोनां साररूप छे; तेउमां पण पहेलां पांच पदो महान् छे, केमके, तेउनुं ध्यान अहीं मुख्य कहेलुं छे. ॥ ३ ॥

पंचादौ यत्पदानि त्रिभुवनपतिभिर्व्याहृता पंचतीर्थी तीर्थाण्येवाष्टषष्टिर्जिनसमयरहस्यानि यस्याक्षराणि यस्याष्टौ संपदश्चानुपमतममहासिध्धयोऽद्वैतशक्ति- र्जीयाल्लोकद्वयस्याभिलषितफलदःश्रीनमस्कारमंत्रः ४

अर्थ- जे नमस्कारना पहेलां पांच पदोने तो श्री जिनेश्वर प्रभुउए पंचतीर्थीरूप कह्यां छे, अने जेना अडसठ अक्षरोने जिनसिद्धांतना रहस्यरूप कहेला छे, अने तेनी आठ संपदाउने तो अपूर्व शक्तिवाली अनुपम महासिद्धिरूप कहेली छे, एवी रीतनो बन्ने लोकोमां इच्छित फलोने देनारो श्री नवकार मंत्र जय पामो

पंचतायाः क्षणे पंच-रत्नानि परमेष्टिनाम् ॥
आस्ये दधाति यस्तस्य, सद्गतिः स्याद्भवांतरे ॥१॥

अर्थ- जे माणस मृत्यु समये परमेष्ठी नमस्कार रूप पांच रत्नोने पोताना मुखमां धारण करे छे, तेनी भवांतरमां सद्गति थायछे.

याताः प्रयांति यास्यंति, पारं संसारवारिधेः ॥
परमेष्ठिनमस्कारं, स्मारं स्मारं घना जनाः ॥ १ ॥

अर्थ- परमेष्ठि नमस्कारनुं स्मरण करीने घणा माणसो आ संसाररूपी समुद्रना पारने पहोंच्या छे, पहोंचे छे, तथा पहोंचशे.

सिंहेनेव मदांधगंधकरिणो मित्रांशुनेव क्षपा-
ध्वांतौघो विधुनेव तापततयः कल्पद्रुणेवाधयः ॥
तार्क्ष्येणेव फणाभृतो घनकदंबेनेव दावाग्नयः
सत्वानां परमेष्ठिमंत्रमहसा वल्गंति नोपद्रवाः ॥१॥

अर्थ- सिंहथी जेम मदोन्मत्त गंधहस्तीउ, सूर्यना किरणथी जेम रात्रिसंबंधी अंधकारनो समूह, चंद्रथी जेम तापनी श्रेणिउ, कल्पवृक्षथी जेम आधिउ, गरुडथी जेम सर्पो अने वरसादना

समूहथी जेम दावानलो तेम परमेष्ठिमंत्रना तेजथी प्राणीउने उपद्रवो वृद्धि पामता नथी.

संग्रामसागरकरींद्रभुजंगसिंह-
दुर्व्याधिवह्निरिपुबंधनसंभवानि ॥
चौरग्रहभ्रमनिशाचरशाकिनीनां
नश्यंति पंचपरमेष्ठिपदैर्भयानि ॥ १ ॥

अर्थ– पंच परमेष्ठिना पदोथी, सांग्राम, समुद्र, हाथी, सर्प, सिंह, दुर्व्याधि, अग्नि, शत्रु, बंधन, चोर, ग्रह, भ्रम, राक्षस, के शाकनीना भयो नाश पामे छे.

ध्यातोऽपि पापशमनः परमेष्ठीमंत्रः
किं स्यात्तपःप्रबलितो विधिनार्चितश्च ॥
दुग्धं स्वयं हि मधुरं कथितं तु युक्त्या
संमिश्रितं च सितया वसुधासुधेव ॥ १ ॥

अर्थ– परमेष्ठीमंत्र छे ते ध्यान• धरवाथी पण पापोने उपशमावनारो छे; त्यारे तेने जो तपथी बलवान कर्यो होय, अने विधिपूर्वक ते मंत्रने जो पूज्यो होय, तो तो पछी तेना माहात्म्यनी वातज शुं करवी? केमके, दुधने स्वभावथीज मधुरुं तो कह्युं छे अने तेमां जो साकर मिश्रित करवामां आवे, तो तो ते आ जगतमां अमृतसरखुंज छे.

मंताणमंतो परमोइमुत्ति, धेयाणधेयं परमंइमुत्ति ॥
तत्ताणतत्तं परमं पवित्तं, संसारिसत्ताणदुहाहयाणं १

अर्थ– आ नवकार मंत्र, सर्व मंत्रोमां परममंत्ररूप, सर्व ध्यानोमां परमध्यानरूप, सर्व तत्वोमां परमतत्वरूप, तथा संसारथी तारनारो, अने दुःखोने हरनारो छे.

ताणं अन्नं तु नो अत्थि, जीवाणं भवसायरे ॥
बुडुंताणं इमं मुत्तं, नवकारं सुपोयणं ॥ १ ॥

अर्थ— आ भवरूपी समुद्रमां बुडता जीवोने आ उत्तम नवकारमंत्रशिवाय बीजुं पण कोइ पण शरणुं नथी.

अणेगजम्मंतरसंचिआणं,
दुहाणसारीरियमाणसाणं ॥
कुत्तो अभघाणहविज्ज नासो,
न जाव पत्तो नवकारमंतो ॥ १ ॥

अर्थ— ज्यांसुधी नवकार मंत्र प्राप्त थयो नथी, त्यांसुधी अनेक भवोमां संचय थएलां एवां शरीर अने मन संबंधी दुःखोनो नाश क्यांथी थाय?

हरइ दुहं कुणइ सुहं, जणइ जसं सोसए भवसमुद्दं
इहलोए परलोए, सुहाणमूलं च नवकारो ॥ १ ॥

अर्थ— नवकार मंत्र छे ते दुःखने हरे छे, सुख करे छे, जश उत्पन्न करे छे, भवरूपी समुद्रने शोषे छे, तेम आ लोक अने परलोकमां पण सुखोनुं मूल नवकारमंत्रज छे.

आसतां मनुजा दूरे, तिरश्चामपिनिश्चितम् ॥
मंत्रोऽसौ सद्गतिं दत्ते, प्रांतकाले स्मृतोऽपिहि ॥१॥

अर्थ— मनुष्यो तो एक बाजु रहो, पण तिर्यंचोने पण आ नवकारमंत्र, मृत्यु समये स्मरण करवाथी खरेखर सद्गति आपे.

जिणसासणस्स सारो, चउदस्स पुव्वाण जो समुध्धारो॥
जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणइ ॥ १ ॥

अर्थ— जिनशासनना एक साररूप, तथा चौदे पूर्वना उद्धा-

रूप एवो आ नवकार मंत्र जेना मनमां वसी रहेलो छे, तेने आ संसार शुं करवानो हतो?

एसो मंगलनिलउ, भवविलउ सयलसंतिजणउअ ॥
नवकारपरममंतो, चिंतिअमित्तो सुहं देइ ॥ २ ॥

अर्थ— आ नवकारमंत्र परम मंगलरूप, भवोनो नाश करनारो, सर्व शांतिने उत्पन्न करनारो, अने चिंतित सुख देनारो छे.

आ नवकारमंत्रना माहात्म्यवाला राजसिंह, रत्नवती आदिकनां दृष्टांतो षडावश्यकमां प्रसिद्ध छे. तेम आ कालमां पण ते नवकारनो महिमा दृष्टिए पडे छे. तेपर कथा कहे छे.

द्याव नामना गाममां भीमाक नामे एक शेठ वसतो हतो. एक दहाडो तेने कोइ मंत्रवादी योगी मल्यो. तेने ते शेठे क्षीरनुं भोजन कराव्युं, तेथी ते मंत्रवादी योगीए तेने कह्युं के, हे श्रेष्ठि! तारे जो कंइं कार्य होय तो मने कहे, के जेथी मारी मंत्रशक्तिथी हुं तारो मनोरथ संपूर्ण करुं. ते सांभली शेठे कह्युं के, हे योगींद्र! मने अष्टापदपर्वतपर जवानो मनोरथ छे. ते सांभली योगीए एक पाटलो चंदनादिकथी पूज्यो, अने पोताना अमोघ मंत्रथी तेने मंतर्यो. पछी शेठ तेपर जेवो बेठो के, तुरत ते पाटलो आकाशमार्गे उडवा लाग्यो, अने मध्यान्हकाले अष्टापदप्रते पहोंच्यो. ते वखते त्यां सूर्यना अत्यंत उष्णकीरणोथी ते शेठने बहु ताप लागवा मांड्यो, पण ते पाटलो त्यांथी पाछो हठ्यो नहीं. ते जोइ शेठे मृत्युनो भय विचारि नमस्कारमंत्रनुं स्मरण कर्युं, अने ते मंत्रना प्रभावथी ते पाटलो पाछो आकाशवाटे उडीने ते योगी पासे शेठसहित आव्यो. ते जोइ योगीए कह्युं के, में हजु पाटलो पाछो आववानो तो मंत्र कह्यो नथी, छतां ते केम आव्यो? त्यारे शेठे कह्युं के, में नवकारमंत्रनो जाप कर्यो, तेथी ते पाछो आव्यो छे; ते सांभली ते योगीए पण

त्यारथी नमस्कार मंत्र जपवा मांड्यो, अने तेथी ते तेने सर्व सिद्धि करनारो थयो. एवी रीते आ नवकारमंत्रना माहात्म्यपर बीजां दृष्टांतो पण जाणी लेवां.

हवे न्यायनीतिनो उपदेश कहेछे.

न्यायमार्ग सेववाथी आ लोक अने परलोकमां पण यश, कीर्ति, प्रतिष्ठादिक लाभो थाय छे, तथा सद्गति मलेछे. कह्युं छे के,

यांति न्यायप्रवृत्तस्य, तिर्यंचोऽपि सहायताम् ॥
अपंथानं तु गच्छंतं, सोदरोऽपि विमुञ्चति ॥ १ ॥

अर्थ— न्यायमार्गे चालनार माणसने तिर्यंचो पण सहाय करेछे, अने अन्यायमार्गे चालनार माणसने सगो भाइ पण तजी आपेछे.

पंचेंद्रियनो निग्रह, प्रतिक्रमण, सामायिक, तथा पौषध, अने दुष्कर एवी प्रतिमादिक वह्याथी मोटो लाभ थायछे.

इंद्रिओना विषयो खरेखर अनर्थ करनारा छे. कह्युं छे के,

कुरंगमातंगपतंगभृंग-
मीना हताः पंचभिरेव पंच ॥
एकः प्रमादी स कथं न हन्यात्,
यः सेवते पंचभिरेव पंच ॥ १ ॥

अर्थ— हरिण, हाथी, पतंग, भ्रमर तथा मत्स्यो अनुक्रमे श्रोत्रेंद्रि, स्पर्शेंद्रि, नयनेंद्रि, घ्राणेंद्रि तथा रसेंद्रिना लोलुपीपणाथी हणाएला छे, तो जे प्रमादी माणस ते पांचे इंद्रियोने लोलुपी थइने सेवेछे, ते केम हणाय नहीं ?

चक्षुर्दग्धं परस्त्रीभिः, हस्तौ दग्धौ प्रतिग्रहैः ॥
जिह्वा दग्धा परान्नेन, गतं जन्म निरर्थकम् ॥१॥

अर्थ– जेनी आंखो परस्त्रीउने (जोवाथी) दग्ध थएली छे, जेना हाथो चोरी करवाथी दग्ध थएला छे, तथा जेनी जीह्वा-परना अन्नथी दग्ध थएली छे, तेनो जन्म निरर्थक गयेलो छे.

एवी रीते वैराग्यनी वासनावालो प्राणी शुभ गतिने मेलवे छे; अहीं प्रदेशी राजादिकनां दृष्टांतो जावी लेवां.

हवे चतुर्विध श्रमणसंघनी भक्तिपूजानो उपदेश कहेछे.

रत्नेषु चिंतामणिरत्नयद्द-त्सारस्तरूणामिव कल्पवृक्षः॥
देवेषु सर्वेष्वपि वीतराग-स्तद्वत्सुपात्रेषु सुसाधुसंघः॥१॥

अर्थ– रत्नोमां जेम चिंतामणिरत्न उत्तम छे, तथा वृक्षोमां जेम कल्पवृक्ष उत्तम छे, तथा देवोमां पण जेम वीतराग प्रभु उत्तम छे, तेम सुपात्रोमां श्रमणसंघ उत्तम छे.

ज्ञानादिनिश्शेषगुणौघरत्ना-
करे च बिंदुरिवांभसोऽंतः ॥
संघे नियुक्तो निजवित्तलेशः,
स्यादक्षयः क्षीणपरिक्षयेऽत्र ॥ १ ॥

अर्थ– ज्ञानादिकरूप सर्व गुणोना समूहरूपी रत्नोना समूह-वाला एवा संधमां, जलना बिंदुनी पेठे नाखेलुं पोतानुं अल्प द्रव्य पण अक्षय थाय छे.

श्री श्रमणसंघने रत्नाकरनी उपमा युक्तज छे. कह्युं छे के,

पंचपरमिठिरयणाइं, बहुमूलाइं जस्स मज्झंमि ॥
उपजंति सया विहु, स संघरयणायरो जयउ ॥१॥

अर्थ– जे संघरूपी रत्नाकरमांथी पंचपरमेष्ठीरूप अमूल्य रत्नो उत्पन्न थाय छे, ते संघरूपी रत्नाकर हमेशां जयवंतो वर्तो, श्रमणसंघ छे ते पचीसमा तीर्थंकररूप छे, केमके, तेने सर्व ती-र्थंकरो पण नमस्कार करेछे. कह्युं छे के,

लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः
सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः ॥
सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो
वज्रस्वामिवदुन्नतिं नयति तं यः स प्रशस्यः क्षितौ॥१॥

अर्थ– लोकोथी उत्तम राजा, तेथी उत्तम चक्री, तेथी उत्तम इंद्र, अने ते सर्वथी उत्तम त्रणे जगतना नायक श्री जिनेश्वर प्रभु छे; एवा ज्ञानना दरिया सरखा जिनेश्वर पण हमेशां जे संघने नमे छे, ते संघनी वज्रस्वामीनी पेठे जे उन्नति करे छे, ते जगतमां प्रशंसनीय थाय छे. (अहीं संघनी भक्तिपर श्री वज्रस्वामिनो समस्त प्रबंध वांची लेवो.)

पुत्रजन्मविवाहादि-मंगलानि गृहे गृहे ॥
परं भाग्यवतां पुंसां, श्रीसंघार्चादिमंगलम् ॥ १ ॥

अर्थ– पुत्रजन्मनां तथा विवाहादिकनां मंगलो तो घरे घरे होय छे, पण श्री संघनी पूजादिकनुं मंगल तो भाग्यवान पुरुषोनेज घेरं होय छे.

रुचिरकनकधारा प्रांगणे तस्य पेतुः,
प्रवरमणिनिधानं तद्गृहांतः प्रविष्टं ॥
अमरतरुलतानामुद्गमस्तस्य गेहे,
भवनमिह सहर्षं यस्य पस्पर्श संघः ॥ १ ॥

अर्थ– आ जगतमां जे माणसना घरने संघे स्पर्श करेलो छे, तेना आंगणामां मनोहर सुवर्णधारा पडेली छे, अने उत्तम मणिउनुं निधान ते माणसना घरमां दाखल थयुं छे, तथा तेने घेर कल्पवल्ली उगेली छे.

आ हेतुथीज श्री वस्तुपाल मंत्री दरेक वर्षे त्रणवार संघनी पूजा करता हता. कह्युं छे के,

एकं वासः सुरेशैः कृतसुकृतशतैर्जन्मकाले जिनानां
दत्तं दीक्षाक्षणे वा ध्वजवसनमथो एकमेवांबरं च ॥
सूर्यादीनां ग्रहाणां पुनरपि विधिना दत्तमस्मिन् क्षणेऽसौ
श्रीसंघे भूरि यच्छन्नधरितसुरपो दानदाता स मंत्री ॥१॥

अर्थ- करेलां छे सेंकडो गमे सुकृत जेओए एवा इंद्रोए जिनोना जन्म वखते एकज वस्त्र आप्युं छे, तथा दीक्षा वखते पण एकज वस्त्र आप्युं छे, तेम ब्रह्माए सूर्यादिक ग्रहोने पण एकज अंबर-वस्त्र (आकाश) आप्युं छे, पण आ वस्तुपाल मंत्रीए तो संघप्रते घणां वस्त्रो देइने इंद्रादिकोथी पण पोतानी कीर्त्ति वधारी छे. ते दान देती वखते वस्तुपाले कह्युं हतुं के,

कदा किल भविष्यंति, मद्गृहांगणभूमयः ॥
श्रीसंघचरणांभोज-रजोराजिपवित्रिताः ॥ १ ॥

अर्थ- श्री संघनां चरणकमलोनी रजोनी श्रेणिओथी मारा घरना आंगणानी भूमिओ हवे क्यारे पवित्र थशे ?

एम विचारिने भाग्यवान पुरुषे पोतानी शक्तिमुजब दरवर्षे श्री श्रमणसंघनी पूजा करवी.

अर्हतामपि मान्योऽयं, पूज्यः पुण्यवतामपि ॥
सेव्यः सुरासुरेशानां, संघः पूज्यस्ततो बुधैः ॥ १ ॥

अर्थ- आ संघ श्री अरिहंत प्रभुओने पण माननीक छे, तेम पुण्यवानोने पण पूजनीक छे, वली देव अने दानवोना इंद्रोने पण सेवनीक छे, माटे बुद्धिवान माणसोए संघने पूजवो.

संघः सद्गुणसंघसंहतिकरः संघो जिनैर्वंदितः
संघः शासनवृद्धिहेतुरसकृत्संघः सतां मुक्तिदः ॥
तद्भक्त्या विहितं भुजार्जितधनैः संघस्य यैः पूजनं
किं तैर्नाम न पूजितं सुकृतिभिः किं वा न लब्धं फलम्

अर्थ– संघ छे ते उत्तम गुणोना समूहने करनारो छे, तीर्थंकरोथी वंदाएलो छे, हमेशां शासननी वृद्धिनो हेतु छे, तथा उत्तम माणसोने मुक्ति उपजावनारो छे, एवी रीतना संघनुं पोतानी भुजाथी उपार्जन करेलां धनथी जे माणसोए पूजन करेलुं छे, ते पुण्यशालीओए शुं पूज्युं नथी? तथा शुं फल मेलव्युं नथी? अर्थात् सर्व मेलव्युं छे.

संघनी पूजा वस्त्र, पात्र, अलंकार तथा तांबूल आदिक भेदोथी चार प्रकारे कराय छे. कह्युं छे के,

न्यायोपात्तैः सितैर्वस्त्रैः, संघमभ्यर्चयंति ये ॥
तद्गेहपंजरे लक्ष्मीः, कुरुते सारिकाव्रतम् ॥ १ ॥

अर्थ– जे माणसो न्यायथी उपार्जन करेलां एवां निर्मल वस्त्रोथी संघनी पूजा करेछे, तेना घररूपी पांजरामां लक्ष्मी मेनानीपेठे आवीने रहेछे.

यज्जन्मैव गुणास्पदं जगति यच्छृंगार आद्यो नृणा
शीतोष्णाद्यमुपद्रवं हरति यन्निर्लज्जभावापहम् ॥
प्रासादध्वजकैतवादिव सुरैरारोप्यते मूर्ध्नि यत्
तद्देयं गुरवे विशुद्धवसनं धन्यैः सुपुण्यात्मने ॥ १ ॥

अर्थ– जे वस्त्रनो जन्मज गुणोथी (तंतुओथी) छे, तथा जे माणसोनो मुख्य शृंगार छे, तथा जे वस्त्र ठंडी तथा तापादि-

कना उपद्रवने हरे छे, वली जे निर्लज्जताना भावनो नाश करे छे, वली जे वस्त्रने देवो पण प्रासादपर रहेली ध्वजाना मिषथी मस्तके धरे छे, एवुं पवित्र वस्त्र पुण्यशाली गुरुने आपवुं.

पतद्ग्रहादिकं पात्रं, देयं योग्यं सुसाधवे ॥
संसारसागरोत्तार-हेतवे धातुवर्जितम् ॥ १ ॥

अर्थ– संसाररूपी समुद्रथी तरवामाटे धातुविनानुं योग्य पात्र उत्तम साधुने समर्पण करवुं.

पट्टकूलादिवासांसि, स्वर्णादितिलकानि च ॥
साधर्मिकाणां सम्यक्त्व-शुद्ध्यै देयानि भावतः ॥

अर्थ– सम्यक्त्वनी शुद्धिमाटे साधर्मिक लोकोने भावथी पट्टकूलादिक वस्त्रो तथा स्वर्णादिकना तिलको देवां. कह्युं छे के,

साहम्मियंमि पत्ते, घरंगणे जस्स हुइ नेहो ॥
जिणसासणभणियमिणं, सम्मत्ते तस्स संदेहो १

अर्थ– घेरने आंगणे स्वामीभाइ आव्या छतां पण, तेनापर जेने स्नेह थतो नथी, तेना सम्यक्त्वमां संदेह छे, एम जिनागमोमां कहेलुं छे.

रुप्यस्वर्णादिकैष्टंकैः, क्रमुकैः शुभभावतः ॥
नागवल्लीदलैर्देयं, तांबूलं श्रावकैः सदा ॥ १ ॥

अर्थ– श्रावकोए हमेशां शुभ भावथी रूपाना तथा सुवर्णना सिक्कासहित, सोपारीसाथे नागरवल्लीना पानोनुं तांबूल आपवुं.

एवी रीतना प्रकारोथी विवेकी माणसोए संघनी पूजा करवी.

यः ससारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते
यं तीर्थं कथयंति पावनतया येनास्ति नान्यः समः ॥

**यस्मै तीर्थपतिर्नमस्यति सता यस्माच्छुन्नं जायते
स्फुर्तिर्यस्य परावसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यताम्॥**

अर्थ– जे संघ संसारथी विरक्त बुद्धिवालो थइने मुक्तिमाटे प्रयत्न करे छे, तथा जेने पवित्रपणाथी तीर्थरूप कहे छे, तथा जेनासमान बीजो कोइपण नथी, वली जे संघने तीर्थंकर प्रभु पण नमस्कार करे छे, तथा जेथी बुद्धिवानोने कल्याण थाय छे, वली जे संघनी प्रख्याति छे, तथा जेनामां गुणो वसी रह्या छे, ते संघनी पूजा करवी.

भावार्थ– आचार्य, उपाध्याय, साधु, साध्वी, श्रावक अने श्राविकारूप एवो जे संघ, क्रिया, ज्ञान, दर्शन, दान, शील, तथा तपादिक रूप पुण्योथी मुक्तिमाटे उद्यम करे छे, वली जे संघने महान् ऋषिउ उत्कृष्ट तीर्थरूप गणे छे, वली आ आर्यदेशमां उत्पन्न थवाथी ते संघसमान बीजो कोइ पण नथी. केमके, सुद्रव्य, सुकुलमां जन्म, सिद्धक्षेत्र, समाधि, अने संघ ए पांचे सकारो दुर्लभ कह्या छे. वली धर्म देशना देती वेलाए "नमो तिथ्थस्स" एम कहीने श्री तीर्थंकर प्रभु पण ते संघने नमस्कार करे छे. वली ते संघथीज जिनप्रासाद, जिनप्रतिमा, तीर्थयात्रा, पदप्रतिष्ठा, स्वामिवात्सल्य, दान शालाउ, अमारी पटह विगेरे मांगलीकना कार्यो थाय छे. वली ते संघनो महिमा पण मोटो छे, केमके, राजा जेवाउ पण संघनी आज्ञा पोताना मस्तकोपर चडावे छे, अने तेनी विराधना करता नथी. वली जे संघनी सामे थइ उलटी रीते चाले छे, तेउ गर्दभिल्लराजा तथा नमुचीप्रधान आदिकनीपेठे दुःख पामे छे. वली तेज संघमां दान, शील तथा सत्यादिक गुणो वसी रहेला छे. एवी रीतना महा प्रभाविक संघने वस्तुपालमंत्रीनी पेठे पुण्यशालीउए भो-

जन, पान, खादिम, स्वादिम आदिक आहारोथी, तथा विविध प्रकारना वस्त्रो, पात्रो तथा आजूषणो आदिकथी सत्कारपूर्वक पूजवो. कह्युं छे के,

चौलुक्यः परमार्हतो नृपशतस्वामी जिनेंद्राज्ञया
निर्ग्रंथस्य जनाय दानमसमं न प्राप जानन्नपि ॥
संप्राप्तस्त्रिदिवं स्वचारुचरितैः सत्पात्रदानेछया
तद्रूपोऽवततार गुर्जरजुवि श्रीवस्तुपाल ध्रुवम् ॥ १ ॥

अर्थ– हे वस्तुपालमंत्री! परम जैनधर्मी, तथा सेंकडो गमे राजाउनो अधिकारी एवो चौलुक्यवंशनो राजा कुमारपाल जिनेंद्रप्रजुनी आज्ञाथी जाणता छतां पण साधुलोकने घणुं दान दइ शक्यो नहीं. (राजपिंड जैन मुनिउने लेवो कल्पे नहीं, एम श्री जिनेश्वरप्रजुउए जिनागमोमां कहेलुं छे.) छेवटे पोताना मनोहर आचरणोथी ते देवलोकमां गयो, पण सुपात्रोप्रते दान देवानी पोतानी इछाथी ते तमारुं रूप करीने खरेखर आ गुर्जर जूमिमां पाछो अवतरेलो होय एम जासन थाय छे. (आवी रीते कोइक कविए वस्तुपालमंत्रीमाटे उत्प्रेक्षा करेली छे.)

रत्नानामिव रोहणः क्षितिधरः खं तारकाणामिव
स्वर्गः कल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव ॥
पाथोधिः पयसां शशीव महसां स्थाने गुणानामसा-
वित्यालोच्य विरच्यतां जगवतः संघस्य पूजाविधिः॥१॥

अर्थ– रत्नोनुं स्थानक जेम रोहणाचल पर्वत छे, ताराउनुं स्थानक जेम आकाश छे, कल्पवृक्षोनुं स्थानक जेम स्वर्ग छे, कमलोनुं स्थानक जेम तलाव छे, पाणीनुं स्थानक जेम समुद्र छे, तथा तेजनुं स्थानक जेम चंद्र छे, तेम आ संघ, विनयादि अ-

नेक गुणोनुं स्थानक छे, एम विचारीने आ भाग्यवान संघनी पूजाविधि करवी.

यद्भक्तेः फलमर्हदादिपदवी मुख्यं कृषेः शस्यवत्
चक्रित्वत्रिदशेंद्रतादि तृणवत् प्रासंगिकं गीयते ॥
शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः
संघः सोऽघहरः पुनातु चरणन्यासैः सतां मंदिरम् ॥१॥

अर्थ– खेतीमांथी जेम धान्य, तेम जे संघनी भक्तिनुं मुख्य फल अरिहंतादिकनी पदवी छे, तथा चक्रीपणुं अने इंद्रपणुं तो खेतरमां उगतां घासनी पेठे प्रासंगिक छे, वली जे संघना माहात्म्यनी स्तुति करवामाटे बृहस्पतिनी वाणी पण समर्थ नथी, एवो पापोने हरनारो ते संघ पोताना चरणन्यासोथी सज्जनोनां घरने पवित्र करो ?

हवे ते संघवात्सल्यपर दृष्टांत आपे छे.

एक दहाडो श्री हेमचंद्राचार्य शाकंभरी नगरीमां पधार्या ते नगरमां एक धनाशा नामे निर्धन श्रावक रहेतो हतो. तेणे पोताने शीयालामां उढवामाटे, पोतानी स्त्रीने हाथे सुतर कंतावीने तेनो एक जाडो चोफाल बनाव्यो हतो, पण भाव आववाथी तेणे ते चोफाल श्री हेमचंद्रसूरिजीने वोराव्यो. पछी ज्यारे ते हेमचंद्राचार्य पाटणमां पधार्या त्यारे कुमारपालादिक बहोतेर राजाउ तथा कुबेर आदि अढार हजार श्रावको पोतपोतानी ऋद्धिसहित तेमनी सामे आव्या. ते वखते आचार्यजीए पोताना शरीरपर तेज जाडो पाणकोरांनो चोफाल उढ्यो हतो. ते जोइ कुमारपाल राजाए तेमने कह्युं के, हे भगवन्! आप मारा गुरु थइने आवां निर्माल्य वस्त्रो पहेरो छो, तेथी मने लज्जा थाय

छे. ते सांजली हेमचंद्र महाराजे तेमने कह्युं के, हे राजन्! तमो आ पृथ्वीपर राज्य करो छो, अने तमारा आ वस्त्रदान देनारा साधर्मी श्रावको ज्यारे महा मुशीबने पोतानुं गुजरान चलावे छे, तेथी तमोने शुं लज्जा नथी थती? अमो निस्पृही मुनिर्ज तो जो सामान्य वस्त्रो पेहेरीयें तोज अमारी गुरुना जलवाइ रहे छे. केमके सर्वज्ञ प्रजुए पण कह्युं छे के,

त्यक्तसंगो जीर्णवासा, मलक्लिन्नकलेवरः ॥
जजन् माधुकरीं वृत्तिं, मुनिचर्यां कदाश्रयेत् ॥ १ ॥

ते सांजली कुमारपाल राजाए अजिग्रह लीधो के, आजथी हवे मारे दरवर्षे स्वामिवात्सल्य करवुं, अने निराधार श्रावकने दरवर्षे मारे दरवर्षे हजार सोनामोहोरो आपवी. एवी रीते दान देतां थकां तेने वर्षनी एक क्रोड सोनामोहोरो जोइती हती अने चौद वर्षो दरम्यान तेणे एवी रीते चौद क्रोड सोनामोहोरो साधर्मी जाइर्जने आपी.

कल्पोर्वीरुहसंततिस्तदजिरे चिंतामणिस्तत्करे
श्लाघ्या कामडुघानघा च सुरजी तस्यावतीर्णा गृहे ॥
त्रैलोक्याधिपतित्वसाधनसहा श्रीस्तन्मुखं वीक्षते
संघो यस्य गृहांगणं गुणनिधिः पादैः समाक्रामति॥१॥

अर्थ— गुणोना जंडाररूप एवो संघ जे माणसना घरना आंगणामां आवे छे, तेना आंगणामां कल्पवृक्षोनी श्रेणि उगेली छे, तेना हाथमां चिंतामणि रत्न आवेलुं छे, तेने घेर मनोहर कामधेनु उतरेली छे, तथा त्रणे लोकना अधिपतिपणाने सूचवनारी लक्ष्मी तेनी सन्मुख जुए छे. (हवे तेपर दृष्टांत कहे छे.)

तपगच्छ नायक श्री सोमतिलकसूरि एक वखते सुरगिरिमां शा.

जगसिंहना घरमां तीर्थंकर प्रजुने नमवा माटे गया. ते वखते तेमना उपदेशथी जगसिंह शेठे सातसो सोनामोहोरो खरचीने संघने तांबूल आप्यां हतां. वळी विशलशाहनी स्त्री खीमाबाइए श्री सोमसुंदरजी महाराजना उपदेशथी सर्व देशोना श्रावकोने साकरनी लाणी करी हती.

एवी रीते अहीं संघपूजापर बीजां पण प्राचीन अने अर्वाचीन दृष्टांतो पोतानी मेळेज वांची लेवां.

हवे साधर्मिकवात्सल्यनो उपदेश कहे छे.

साधर्मिकाणां वात्सल्यं, जोजनाछादनादिजिः ॥
यस्तनोति नरो जावात्, तज्जन्म सफलं जवेत् ॥१॥

अर्थ– जे माणस जावथी जोजन तथा वस्त्रादिकोथी साधर्मी लोकोनुं वात्सल्य करे छे, तेनो जन्म सफल थाय छे. कह्युं छे के,

न कयं दिणुद्धरणं, न कयं साहम्मिआणवछलं ॥
हिययंमि वीअराउ, न धरिउ हारिउ जम्मो ॥ १॥

अर्थ– जेणे दीन लोकोनो उद्धार कर्यो नथी, तथा जेणे स्वामिवात्सल्य कर्युं नथी, तेम जेणे हृदयमां श्री वीतराग प्रजुने धार्या नथी, तेणे पोतानो जन्म फोकट गुमाव्यो छे.

हवे ते साधर्मिकवात्सल्य जावना वशथी अनेक प्रकारनुं छे. जेम प्रति उपकारनी इछाथी मोटा शाहुकारोने जोजन आपवुं ते शाहवात्सल्य कहेवाय छे. दुर्जनादिकोने जयथी जोजन आपवुं ते सांडवात्सल्य कहेवाय छे. मात पिता, तथा श्वसुरपक्षादिकना स्वजनोने प्रीति आदिकनी वृद्धिमाटे जे जोजन दान देवुं, ते स्वजनवात्सल्य कहेवाय छे. पण ते त्रणे दानोमां धर्मबुद्धिनो

अभाव होवाथी ते दानो निरर्थक छे. सार्थक दान तो ते कहेवाय के प्रति उपकारनी इच्छाविनाज फक्त धर्मबुद्धिथी पैसादार अने गरीब एवा साधर्मी भाइओने भेद राख्याविना सन्मानपूर्वक उदार चित्तथी जे दान देवुं. अने तेज दान महा लाभकारी थाय छे. कह्युं छे के,

मिथ्यादृष्टिसहस्रेषु, वरमेको ह्यणुव्रती ॥
अणुवृत्तिसहस्रेषु, वरमेको महाव्रती ॥ १ ॥

अर्थ– हजारो गमे मिथ्यादृष्टिओमां एक अणुव्रतधारी श्रेष्ठ छे, अने हजारो गमे अणुव्रतीओमां एक महाव्रतधारी श्रेष्ठ छे.

महाव्रतिसहस्रेषु, वरमेको हि तात्विकः ॥
तात्विकसमं पात्रं च, न भूतं न भविष्यति ॥१॥

अर्थ– हजारो गमे महाव्रतिओमां एक तत्ववेत्ता श्रेष्ठ छे, तत्ववेत्तासमान सुपात्र थयुं नथी, अने थशे पण नहीं.

जेम भरतचक्रीए बारव्रतधारी श्रावकोने तेओनी ओलखाणमाटे काकीणी रत्नथी बार तिलको कर्यां हतां, अने छेक जीवितपर्यंत तेमणे साधर्मीवात्सल्य कर्युं हतुं. वली तेवीज रीते संप्रति राजाए त्रिखंड भरतक्षेत्रमां दरेक गामे स्वामिवात्सल्य कर्युं छे. वली वढवाणना रहेवासी एवा रत्न नामना एक श्रावकपासे दक्षिणावर्त शंख हतो, ते शंखे तेने एक दहाडो स्वप्नमां कह्युं के, हवे हुं वस्तुपालपासे जवानो छुं. ते साभली तेणे बहुमानपूर्वक तेने सात दिवसोसुधि राख्यो. एटलामां सात लाख माणसो सहित वस्तुपाल त्यां संघ कहाडीने शत्रुंजय जतां आवी पहोंच्या. त्यारे ते रत्न श्रावके ते संघने अत्यंत आदरमानथी भोजन करावीने ते शंख वस्तुपालने सोंप्यो. ते रत्नश्रावकनुं वृत्तांत चतुर्विंशति प्रबंधथी जाणी लेवुं.

सिद्धिपुरंध्रीवरणं, श्रावकधर्मश्रियो वराभरणम् ॥
कृतजिनमतसाफल्यं, रचयत साधर्मिकेषु वात्सल्यम् ॥

अर्थ– मोक्षरूपी स्त्रीसाथे वरावनारुं, श्रावकधर्मनी लक्ष्मीना उत्तम आभूषण सरखुं तथा जिनमतने सफल करनारुं, एवुं साधर्मिकवात्सल्य करो ?

नागपुर नामना नगरमां पूनड नामे एक महा धनाढ्य श्रावक वसतो हतो. तेने मौजुद्दीन बादशाहनी बीबी प्रेमकलाए पोतानो भाइ कर्यो हतो. तेणे विक्रम संवत १२७३ मां पेहेली शत्रुंजयनी यात्रा करी हती. पछी विक्रम संवत १२८६ मां तेणे बीजीवार यात्रा करी. ते वखते तेनीसाथे संघमां १८०० गाडांउ तथा केटलाक मांडलिको पण हता. पछी ते पूनड श्रावक संघसहित ज्यारे धोलकापासे आव्यो त्यारे वस्तुपाल अने तेजपाल मंत्री तेनीसामे गया. ते समये पवनथी जेजे दिशामां संघनी रज उडती हती, ते ते दिशातरफ ते मंत्रिउ जवा लाग्या. ते जोइ बीजा माणसोए तेउने कह्युं के, हे मंत्रीराज ! ते बाजु तो घणी रज उडे छे, माटे तमो आतरफ आवो ? त्यारे मंत्रीए कह्युं के, आ रजनो स्पर्श तो पुण्योथी थाय छे. ते रजनो स्पर्श कर्मोनो नाश करे छे. कह्युं छे के,

श्रीतीर्थपांथरजसा विरजीभवंति,
तीर्थेषु च भ्रमणतो न भवे भ्रमंति ॥
द्रव्यव्ययादिह नराः स्थिरसंपदः स्युः,
पूज्या भवंति जगदीशमथार्चयंतः ॥ १ ॥

अर्थ– तीर्थमार्गनी रजथी माणसो कर्मरहित थाय छे, अने तीर्थोमां भमवाथी माणसोने भवमां भमवुं पडतुं नथी, वली

तीर्थमां धन खरचवाथी माणसो स्थिर संपदावाला थाय छे, तेम तीर्थमां प्रभुनी पूजा करवाथी पूजनीक थाय छे.

पछी त्यां ते मंत्री अने पुनड बन्ने एकठा थया, संघ पण तलावने किनारे स्थिर थयो. ते वखते मंत्रिए विचार्युं के, संघना चरणरजोथी मारां घरनुं आंगणुं क्यारे पवित्र थशे? एम विचारि तेणे संघने भोजनमाटे निमंत्रण कर्युं. पछी प्रभाते रसोइ तैयार थया बाद संघना लोको ज्यारे भोजन माटे आव्या, त्यारे मंत्रि ते सर्वना चरणोने पोताने हाथे क्षालन करवा लाग्या, तथा तेउने तिलक करवा लाग्या. एम करतां बे पोहोरो व्यतीत थया, त्यारे तेजपाले वस्तुपाल मंत्रीने कह्युं के, हे भाइ हवे संघनी भक्ति बीजाउ पण करशे, तमो भोजन करीह्यो? त्यारे वस्तुपाले कह्युं के, हुं पाछलथी भोजन करीश, केमके, आवो अवसर वारंवार मलतो नथी. पछी संघने भोजन करावीने तेमणे वस्त्रादिकनुं दान आप्युं. त्यारबाद पूनरुशाहनी प्रेरणाथी मंत्री पण संघनी साथे शत्रुंजयपर पधार्या, तथा त्यां भावपूर्वक यात्रा करीने तेउ बन्ने पोतपोताने स्थानके गया.

जिनभक्तिः कृता तेन, शासनस्योन्नतिस्तथा ॥
साधर्मिकेषु वात्सल्यं, कृतं येन सुबुद्धिना ॥ १ ॥

अर्थ— जे सुबुद्धि माणसे साधर्मीउनुं वात्सल्य कर्युं छे, तेणे जिनभक्ति तथा शासननी उन्नति करेली छे. (तेपर दृष्टांत कहे छे.)

थारापद्र नामना नगरमां श्रीमाली वंशनो आभू नामे एक शेठ वसतो हतो, तेने पश्चिम मांरूलीकनुं बिरुद मल्युं हतुं. एक दहाडो मंरूपदुर्गमां झांझणशाह पासे ते आभूना माटे एवुं वर्णन कर्युं के, आभूशा पोताने घेर आवेला साधर्मीकोने भोजन कराव्याविना पोते भोजन करता नथी. ते सांभली चमत्कार पामेला झांझणे तेनी परीक्षा करवा माटे तजवीज करी, अने तेथी ते

बत्रीस हजार साधर्मीकोना संघ सहित जुदे जुदे मार्गेथी चौद-सने दिवसे थारापद्र नगरमां आव्यो. ते दिवसे आज्ञूशाहे तो पौषध लीधो हतो, पण तेना जाइ जिनदासे संघने आवेलो जाणी तुरत तेमने जोजनमाटे निमंत्रण कर्युं, तथा एक पोहोरनी अंदर समस्त संघने सोना अने रूपाना थालोमां जोजन कराव्युं, तथा उपर वस्त्रादिकनुं दान पण आप्युं. ते जोइ जांजणशाहे आज्ञू शेठने पगे पमी कह्युं के, आपे मारो अपराध क्षमा करवो, केमके, आवी रीते करीने मे आपनी परीक्षा करी. एवी रीते तेनी क्षमा मागीने शत्रुंजयनी यात्रा करीने जांजण शेठ मंरूप दुर्गमां गया.

चक्रे तेन जिनार्चनं स विदधे सम्यग्गुरूपासनं
तत्वं तेन जिनागमस्य विदितं संघोन्नतिं स व्यधात् ॥
सत्यंकारितमेव तेन सुधिया निर्वाणसौख्यं जवात्
यः साधर्मिकगौरवं वितनुते हृष्टो गुरूणामिव ॥ १ ॥

अर्थ– जेणे हर्षित थइने गुरुउनी पेठे साधर्मीकोनुं वात्सल्य कर्युं छे, तेणे जिनपूजा करेली छे, सारी रीते गुरुनी उपासना करेली छे, तेणे जिनागमनुं तत्व जाण्युं छे, तेणे संघनी उन्नत्ति करी छे, वली ते सुबुद्धिए मोक्ष सुखने वेगथी हस्तगत करेलुं छे.

जेम सुरगिरिमां जगसिंहशाहे द्रव्य आपीने पोताना त्रणसो साठ साधर्मीकोने पोताना जेवाज शाहुकारो बनाव्या हता. एवी रीते अहीं जावमशाह, उदायनमंत्री, बाहडमंत्री, पेथडशाह, जांजणशाह, जगमुशाह, तथा जीमाशाह आदिकना हजारोगमे दृष्टांतो जाणी लेवां. एम विचारि सर्व माणसोए संघवात्सल्य करीने पोतानो जन्म सफल करवो.

जिनौकः पौषधौकश्च, जैनागमसुलेखनम् ॥
साधौ साधर्मिके जक्तिं, कुर्वन्नल्पजवो जवेत् ॥ १ ॥

अर्थ- जिनमंदिर, पौषधशाला, जिनागमोनुं लखाववुं, साधु तथा साधर्मीकोनी भक्ति इत्यादिक शुभ कार्यो करवाथी प्राणी अल्पभवी थाय छे.

जिनमंदिरादिक साते क्षेत्रोमां भक्ति करनारो माणस महा श्रावक कहेवाय छे. कह्युं छे के,

नरेषु धरणीपतिस्तरुषु दिव्यकारस्करः
करिष्वमरसिंधुरः फणधरेषु शेषः पुनः ॥
सुपर्वसु पुरंदरो गिरिषु रत्नसानुर्यथा
तथा सुकृतवत्स्वसौ महाश्रावकः कथ्यते ॥ १ ॥

अर्थ- माणसोमां जेम राजा, वृक्षोमां जेम कल्पवृक्ष, हाथीउमां जेम ऐरावण, नागोमां जेम शेषनाग, देवोमां जेम इंद्र तथा पर्वतोमां जेम मेरु तेम पुण्यशालीउमां (साते क्षेत्रोनी भक्ति करनारो माणस) महाश्रावक कहेवाय छे.

श्री हेमचंद्राचार्ये पण कुमारपाल पासे नीचे प्रमाणे महा श्रावकनुं लक्षण कह्युं छे.

एवं व्रतस्थितो भक्त्या, सप्तक्षेत्र्यां धनं वपन् ॥
दयावानतिदीनेषु, महाश्रावक उच्यते ॥ १ ॥

अर्थ- एवी रीते व्रतमां रहेलो, तथा भक्तिथी साते क्षेत्रोमां धनने वापरनारो, अने अति दीन प्राणीउ प्रते दयालु एवो माणस महाश्रावक कहेवाय छे.

इति श्री तपागच्छ नायक श्री सोमसुंदरसूरि, श्रीरत्नशेखरसूरि पं० नंदिरत्नगणि शिष्यरत्नमंदिरगणि गुंफितायां श्री उपदेशतरंगिण्यां श्री जिनभवनादि सप्तक्षेत्रवित्त वितरण विवेक प्रकाशकश्चत्वारिंशदुपदेशमनोहरो द्वितीयस्तरंगः समाप्तः श्रीरस्तु ॥

तृतीयस्तरंगः प्रारभ्यते

हवे पूजापंचाशक नामनो त्रीजो तरंग कहेछे.

पूजया पूर्यते सर्वं, पूज्यो भवति पूजया ॥
ऋद्धिवृद्धिकरी पूजा, पूजा सर्वार्थसाधनी ॥ १ ॥

अर्थ- पूजाथी सर्व वस्तुओ मळे छे, तेम पूजाथी प्राणी पूजनीक थाय छे, पूजा छे ते ऋद्धिनी वृद्धि करनारी तथा सर्व अर्थोने साधनारी छे.

जे माणस विधि पूर्वक रागद्वेष विनाना श्री जिनेश्वर प्रभुने पूजे छे, ते माणस त्रीजे भवे मोक्षे जाय छे, कदाच ते भारे कर्मी होय तो ते सात आठ भवे तो मोक्षे जाय छेज. कह्युं छे के,

जिणपूअणं तिसंझं, कुणमाणो सोहए सम्मत्तं ॥
तित्थयरनामगुत्तं, पावइ सेणीयनरिंदव्व ॥ १ ॥

अर्थ- त्रिकालजिन पूजा करनार माणस पोतानुं सम्यक्त्व शुद्ध करे छे, तथा श्रेणिक राजानी पेठे तीर्थंकर नाम गोत्रने पामे छे.

वेहेलां उत्तम अने सुगंधि पुष्पो नहीं मळवाथी सवारमां वासक्षेपनी पूजा करवी. कह्युं छे के,

प्रातः प्रपूजयेद्वासै, र्मध्याह्ने कुसुमैर्जिनं ॥
संध्यायां धूपनैर्दीपै-स्त्रिधा देवं प्रपूजयेत् ॥ १ ॥

अर्थ- प्रभाते वासक्षेपथी, मध्याह्ने पुष्पोथी, तथा संध्याकाळे धूप अने दीपकोथी, एवी रीते त्रिकाल श्री जिनेश्वर प्रभुनी पूजा करवी.

सामान्य प्रकारनां तुच्छ पुष्पोथी जिनपूजा करवी नहीं. कह्युं छे के,

न शुष्कैः पूजयेद्देवं, कुसुमैर्न महीगतैः ॥
न विशीर्णदलैस्तुछै-र्नाशुन्नैर्नाविकाशिन्निः ॥१॥

अर्थ– सूकां, पृथ्वीपर पमेलां, तुटेली पांखडीउं वालां, तुछ अशुन्न, तथा नहीं प्रफुल्लित थएलां एवां पुष्पोथी देवपूजा करवी नहीं.

पुष्पद्यर्चा तदाज्ञा च, तद्द्रव्यपरिरक्षणम् ॥
उत्सवस्तीर्थयात्रा च, न्नक्तिः पंचविधा जिने ॥१॥

अर्थ– जिनेश्वर प्रन्नुनी पुष्पादिकोथी पूजा, तेमनी आज्ञा, तेमना द्रव्यनुं रक्षण, तेमनो उत्सव, तथा तेमना तीर्थनी यात्रा एवी रीते पांच प्रकारे जिनन्नक्ति थाय छे.

चंपक, मालती, कमल, मोगरो, तथा गुलाब आदिक उत्तम पुष्पो, तथा आदि शब्दथी मोतीउंना हार, सुवर्णना छत्र, मुकुट, कुंडल आदिक पण जिनपूजा माटे जाणी लेवां. तेमां पण आन्नूषणनी पूजा शाश्वती छे. कह्युं छे के,

म्लायंति पुष्पनिचयाः प्रहरार्धकेन,
वैगंध्यमेति दिवसेन कृतोऽंगरागः ॥
जीर्यंति रम्यवसनान्यपि न्नूरिवर्षै,
र्नो जीर्यते युगशतैर्जिनरत्नपूजा ॥ १ ॥

अर्थ– पुष्पोना समूहो अरधा पोहोरमां म्लानि पामे छे, विलेपन एक दिवसमां निर्गंध थाय छे, मनोहर वस्त्रो घणे वर्षे जीर्ण थाय छे, पण रत्नादिकोना आन्नूषणोथी करेली पूजा सेंकडो गमे युगोमां पण जीर्ण थती नथी.

ज्यारे वस्तुपाल मंत्री सात लाख मनुष्यो सहित गिरनारपर यात्रा करवा गया हता, त्यारे तेमनी स्त्री अनुपमा देवीए बत्री-

सलाख सोनामोहोरोनी किमतनां आभूषणोथी श्री नेमीश्वर प्रभुनी पूजा करी हती. कह्युं छे के,

द्वात्रिंशतद्रम्मलक्षै-रेकदा रैवताचले ॥
नेमीश्वरस्यानुपमा, पूजां चक्रे प्रमोदतः ॥ १ ॥

अर्थ– अनुपमादेवीए एक दिवसे रैवताचलपर हर्षथी श्री नेमिनाथ प्रभुजीनी बत्रीसलाख सोनामोहोरोथी पूजा करी हती.

वली ते जोइने तेजपाल मंत्रीए हर्षित थइने बत्रीसलाख सोनामोहोरोनी पोते पण त्यां पूजा करी. वली शत्रुंजयपर अनुपमा देवीए श्री ऋषभदेव प्रभुनी पण बत्रीसलाखना आभरणोथी पूजा करी, ते जोइ तेनी देराणी ललिता देवीए पण बत्रीसलाखना आभरणोथी पूजा करी. शोभना नामनी दासीए पण ते वखते एक लाख सोनामोहोरोना आभरणोथी पूजा करी, अने वस्तुपाल मंत्रीए ते सर्वथी अधिक पूजा करी. वली देवगिरिना रहेवासी धाइ देव नामना श्रावके मोती, प्रवालां, हीरा, माणेक तथा सुवर्णनां पुष्पोथी श्री ऋषभदेव प्रभुनी आंगी करावी हती, अने पछी नवलाख चंपाना पुष्पोथी पूजा करी हती.
जिनेश्वर प्रभुनी आज्ञा पण सम्यक् प्रकारे पालवी. कह्युं छे के,

आणाइ तवो आणाइ संजमो, तहेव दाणमाणाए ॥
आणारहिउ धम्मो, पलालफुल्लव्व पडिहाइ ॥ १ ॥

अर्थ– जिननी आणा तेज तप, संयम, तथा दान छे, आणाविनानो धर्म पलाल पुष्पनी पेठे पडवाइ छे, अर्थात् निरर्थक छे.

आणाखंडणकारी, जइवि तिकालं महाविभूइए ॥
पूएइ वीयरायं, सव्वंपि निरत्थयं तस्स ॥ १ ॥

अर्थ– जिननी आणाने खंडित करनारो माणस कदाच त्रिकाल मोटी ऋद्धिथी प्रभुने पूजे, तो पण तेनुं ते सर्व कार्य निरर्थक छे.

वली देव द्रव्यनुं रक्षण करवुं, तथा ते द्रव्यनी जे वृद्धि करवी ते पण जिनपूजाज छे. कह्युं छे के,

वढ्ढंतो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ॥
भक्खंतो जिणदव्वं, अणंतसंसारिउ भणिउ ॥ १ ॥

अर्थ– जिनद्रव्यने वधारतो थको जीव तीर्थंकरपणुं पामे छे, अने जिनद्रव्यनुं भक्षण करतो थको जीव अनंत संसारि थाय छे, एम कह्युं छे.

भक्खणे देवदव्वस्स, परत्थीगमणेण य ॥
सत्तमं नरयं जंति, सत्तवाराउ गोअमा ॥ १ ॥

अर्थ– हे गौतम! देवद्रव्य भक्षण करवाथी, तथा परस्त्री गमन करवाथी माणस सात वार सातमी नरके जाय छे.

वली अठाइ महोत्सव, पर्युषणमां कल्पसूत्रनुं श्रवण, तथा प्रभावनादिक जे उत्तम कार्यो कराय छे, ते सघलां शासननी उन्नतिना हेतुउ होवाथी जिनभक्तिरूपज छे.

एवुं जाणीने पुण्यवान माणसोए तीर्थ यात्रादिक महोत्सवो पूर्वक जिनभक्ति करवी.

सयं पमज्जणे पुन्नं, सहस्सं च विलेवणे ॥
सयसाहस्सीआ माला, अणंतं गीयवाइअं ॥१॥

अर्थ– जिनप्रतिमानुं प्रमार्जन कर्याथी सोगणुं, विलेपन करवाथी हजारगणुं, पुष्पमाला चडाववाथी लाखगणुं, अने तेनी पासे गीत अने अने वाजित्रोनी पूजा कर्याथी अनंतगणुं उपवासोनुं पुण्य थाय छे.

मणसा होइ चउत्थं, छठफलं उठिअस्स संन्नवइ ॥
गवणस्सय पारंन्ने, होइ फलं अठमोवासो ॥ १ ॥
गमणे दसमं तु न्नवे, तहेव डुवालसमं गए किंचि॥
मज्झे पक्खुववासो, मासोवासं च दिठेणं ॥ २ ॥
संपत्तो जिणन्नवणे, पावइ छम्मासियं फलं पुरिसो॥
संवछरियं तु फलं, बारंमिय संठिउ लहइ ॥ ३ ॥
पायखणेण पावइ, वरिससयफलं तउ जिणे महिए॥
पावइ वरिससहस्सं, अणंतपुणं जिणे थुणीए ॥४॥

अर्थ– जिनमंदिर प्रते जवानी मनमां इछा करवाथी एक उपवासनुं, त्यां जवाने उठवाथी छठनुं, जवानी तैयारी करतां अठमनुं, जतां थकां दश उपवासनुं, थोडुंक चालवाथी बार उपवासनुं, मध्य न्नागे पहोंचवाथी पक्षोपवासनुं, जिनमंदिर जोवाथी मासोपवासनुं, जिनन्नुवनपासे पहोंच्याथी छमासीनुं, जिनमंदिरना घारमां गयाथी वरसीतपनुं, जिनेश्वरप्रन्नुने जोवाथी सो वर्षना उपवासनुं, जिनेश्वरप्रन्नुने पूजवाथी एक हजार वर्षोना उपवासनुं, तथा जिनेश्वर प्रन्नुनी स्तुति करवाथी अनंत उपवासोनुं पुण्य थाय छे.

जेम रावण राजाए अष्टापद पर्वतपर न्नरत राजाए बंधावेलां जिनमंदिरमां श्री ऋषन्नदेव प्रन्नुनी पूजा करीने, पोतानी मंदोदरी आदिक शोल हजार राणीउ सहित नृत्य करवा मांड्युं हतुं, अने ते समये वीणानो तार त्रुटी जवाथी, जिनगुणना गायनना रंगमां न्नंग पडवाना डरथी पोताना शरीरनी नस त्रोडीने पण तेवी रीतनी जिनन्नक्तिथी तेणे तीर्थंकर गोत्र कर्म बांध्युं हतुं अने तेथी ते महाविदेह क्षेत्रमां तीर्थंकर थशे. एम विचारि बीजाउए पण जिनपूजा माटे उद्यम करवो.

अंगपूजा, अग्रपूजा, अने भावपूजा एम पूजा त्रण प्रकारनी छे. पूष्पादिक चमावववाथी अंगपूजा थायछे, नैवेद्य आदिक मूकवाथी अग्रपूजा थाय छे, तथा स्तुति आदिकथी भावपूजा थाय छे. अंगपूजा जलथी, पुष्पोथी तथा आभूषणोथी एम त्रण प्रकारोथी थायछे. जलपूजा, कर्पूरना जलथी, पुष्पोना जलथी, केसरना जलथी तथा निर्मल सामान्य जलथी एम चार प्रकारे थायछे. पुष्प पूजा कमल, चंपक, मालती आदिक अत्यंत सुगंधि पुष्पोथी हारो गुंथीने तथा छुटां पुष्पोथी पण थायछे. आभूषण पूजा, मुकुट, कुंमल, रत्नजडीत हार विगेरेथी थायछे. एवी रीतेज धूपपूजा, वासक्षेपनी पूजा इत्यादिक अंगपूजामां आवी जाय छे. सोनारूपाना अक्षतो, नालीएर, मोदक, विविध प्रकारनां पकवानो विगेरे जिनप्रतिमापासे धरवां, ए अग्र पूजा छे. तथा स्तुति आदिकथी भावपूजा थायछे. ते पूजाउं अष्टप्रकारी, सतरभेदी, एकवीस प्रकारी विगेरे अनेक प्रकारोथी थाय छे. एम विचारि भाग्यवान माणसे यथाशक्ति जिनपूजा करवी. कह्युं छे के,

पुष्पैर्गंधैर्बहुपरिमलैरक्षतैर्धूपदीपैः
सन्नैवेद्यैः शुभफलगणैर्वारिसंपूर्णपात्रैः ॥
कुर्वाणास्ते जगदधिपतेरर्चनामष्टभेदां
सर्वाशंसारहितमतयो विश्ववंद्या भवंति ॥ १ ॥

अर्थ– सर्व प्रकारनी आशारहित बुद्धिवाला जे माणसो पुष्पोथी, सुगंधिउंथी, बहु परिमलवाला अक्षतोथी, धूपोथी, दीपकोथी, उत्तम नैवेद्योथी, उत्तम फलोना समूहोथी अने जलथी भरेलां पात्रोथी एवी रीते आठ प्रकारोथी जिनपूजा करे छे, तेउं जगतथी पण वंदाय छे.

एवी रीते आठे प्रकारनां साधनोनी जोगवाइ कदाच न मले

तो अक्षत अने दीपक पूजा तो अवश्य करवीज केमके, अक्षतपूजाथी अक्षय सुख मळे छे, तथा दीपकपूजाथी उत्कृष्टुं तेज मळे छे. वळी दीपकपूजाथी सर्व प्रकारनां विघनो तथा मरकी आदिकना उपद्रवनो नाश थाय छे. (हवे ते अष्टप्रकारी पूजाना फळोनो उपदेश कहे छे.)

पूअइ जो जिणचंदं, तिन्निवि संज्झासु पवरकुसुमेहिं ॥
सो पावइ सुरसुक्खं, कम्मेण मुक्खं सयासुक्खं ॥ १ ॥

अर्थ– जे माणस त्रणे संध्यावखते उत्तम पुष्पोथी श्री जिनेश्वर प्रभुने पूजे छे, ते देवलोकनुं सुख पामे छे, तथा अनुक्रमे शाश्वता सुखवाळी मुक्ति पामे छे.

इक्केणवि कुसुमेणं, भत्तीइ वीअरायपूआए ॥
पावइ परमविभूइं, जीवो सिरिकुमारपालुव्व ॥ १ ॥

अर्थ– भक्ति पूर्वक एक पुष्पथी पण जे माणस वीतराग प्रभुनी पूजा करे छे, ते श्रीकुमारपाळ राजानी पेठे उत्कृष्टी ऋद्धि पामेछे

श्री कुमारपाळ राजाए पूर्व भवमां पोतानी पासे रहेली पांचकोडीउनी किम्मतनां फक्त अढार पुष्पोथी वीतराग प्रभुनी पूजा करी हती, अने ते पुण्यथी ते महाराजाधिराज थया, बहोतेर राणाउ तेना चरणोनी सेवा करवा लाग्या, अढार देशोना ते राजा थया, चौदसो नवां जिनमंदिरो तेणे बंधाव्यां, साते व्यसनोनुं तेणे निवारण कर्युं, ब्रह्मचर्य व्रत धारण करीने तेणे अढारे देशोमां अमारीपटह वगडाव्यो. श्री हेमचंद्राचार्यना चरणोने आराधवावाळा थया, अने एवी रीते जिनभक्तिथी ते एकावतारी थया छे. इत्यादि तेनुं सर्व वृत्तांत कुमारपाळप्रबंधथी जाणी लेवुं.

अंगं गंधसुअंधं, वन्नं रुवं सुहं च सोहग्गं ॥
पावइ परमपयंपि, पुरिसो जिणगंधपूआए ॥ १ ॥

अर्थ– सुगंधि द्रव्योथी जिनपूजा करवाथी माणस पोतानुं सुगंधवालुं शरीर, रूप, वर्ण, सुख तथा सौभाग्य, अने मोक्ष पण पामेछे.

भावार्थ– सुगंधि बरास, चंदन, कर्पूर कस्तूरी विगेरे वास क्षेपथी जिनपूजा करवाथी माणसोनुं शरीर सुगंधयुक्त थायछे, तेने उत्तम स्वरूप मले छे, मोदक आदिकनां उत्तम भोजनो मले छे, पद्मिनी आदिक उत्तम सौभाग्यवाली स्त्रीउ मले छे, तथा छेवटे गुणधर कुमारनी पेठे मोक्ष पण मले छे.

वली श्री जिनेश्वर प्रभु पासे उत्तम प्रकारना अक्षत, घउं आदिकना लाखोगमे दाणाउथी, ज्ञान, दर्शन अने चारित्रनी कल्पना पूर्वक जे त्रण पुंजो करे छे, तेउ अखंड सुखोने मेलवे छे. कह्युं छे के,

अक्षतैरुज्ज्वलैः स्थालं, भृतं येन जिनाग्रतः ॥
श्रेयोभिस्तादृशैरेव, तेरात्मा परिपूरितः ॥ १ ॥

अर्थ– जे माणसे उज्ज्वल अक्षतोथी श्री जिनेश्वर प्रभु आगल स्थाल भरीने मेल्यो छे, ते माणसे तेवांज (उज्ज्वल) कल्याणोथी पोताना आत्माने परिपूर्ण करेलो छे. (आ अक्षत पूजापरनी कथा श्री पार्श्वनाथ प्रभुना चरित्रथी जाणी लेवी.)

कर्पूरादिकनो उत्तम धूप करवाथी तेनो धुंवाडो जे उंचो चडे छे, ते एवुं सूचवे छे के, ते धूपपूजा करनारी परलोकमां ऊर्ध्वगति थशे तथा आ लोकमां तेने उंचा प्रकारना भोगोनी सामग्री मलशे, अने सकल लोको तेनी प्रशंसा करशे.

जो देइ दीवयं जिणवरस्स, भवणंमि परमभत्तीए ॥
सो निम्मलबुद्धिधरो, रमइ नरो सुरविमाणेसु ॥ १ ॥

अर्थ– जे माणस परम भक्तिथी जिनेश्वर प्रभुना मंदिरमां

दीपक करे छे, ते निर्मल बुद्धिवालो थइने देवविमानोमां क्रीडा करेछे.

जो जिणवरस्स पुरउ, देइ पइवं पराइभत्तिए ॥
एमेव तस्स रुज्झइ, पावपयंगो न संदेहो ॥ २ ॥

अर्थ– जे माणस जिनेश्वर प्रभुनी समीपे उत्कृष्ट भक्तिथी दीपक धरे छे, तेनां पाप पतंगो बलीने भस्म थाय छे, तेमां संदेह नथी.

जिणबिंबाणं पुरउ, दीवं दिंतस्स पवरसद्धाए ॥
देहस्स होइ दीत्ति, रयणाणि बहुप्पयाराणि ॥ ३ ॥

अर्थ– परम श्रद्धाथी जिनबिंबनी पासे दीपक धरवाथी पोताना शरीरनी कांति वधे छे, तथा उत्तम रत्नो मले छे. ते दीपकपूजापर हवे दृष्टांत कहेछे.

मणियारपुर नामना नगरमां सूर्यना मंदिरमां एक स्वयंभू नामे पूजारो हतो. एक दहाडो कंइक कार्य प्रसंगे ते एक घांचीने घेर जइ तेल लावीने एक जिनमंदिरमां गयो. त्यां तेणे गंभारामां एक वस्त्राभूषणोथी शोभिती थएली जिनप्रतिमा दीठी. ते प्रतिमानी पासे तेणे भावथी दीपक कर्यो, अने तेनुं तेज जोइ ते विचारवा लाग्यो के, पूर्वे में घणा देवोनी पासे दीपको कर्या छे, पण आ देवनी पासे करेला दीपको सरखा शोभता नहोता. एम चिंतवतां तेणे मनुष्य भवनुं आयुष्य बांध्युं. अनुक्रमे त्यांथी काल करीने ते वीतशोका नामनी नगरीमां तेजसार नामे राजा थयो. त्यां केटलाक भोगो भोगव्याबाद वैराग्यथी पोताना मणिरथ कुमारने राज्य सोंपीने तेणे केवली भगवान पासे दीक्षा लीधी. दीक्षा पाली काल करी ते विजय विमानमां देव थयो, तथा त्यांथी चवीने ते मोक्षे जशे. आ तेजसारनी कथा पांचसो ग्रंथोना प्रमाणवाली छे, अने तेनुं विशेष वृत्तांत प्राकृतभाषामां मनोरमाना चरित्रथी वांची लेवुं.

दीपं विधाय देवाना-मग्रतः पुनरेव न ॥
गृहकार्यं च कर्तव्यं, तिर्यग्रूपी भवेन्नरः ॥ १ ॥

अर्थ– देवोनी पासे दीपक धरीने, ते दीपकथी घरनुं कार्य करवुं नहीं, नहींतर तेम कर्याथी तिर्यंचपणुं प्राप्त थाय छे.

इंद्रपुर नामना नगरमां ज्यारे अजितसेन नामे राजा राज्य करतो हतो, त्यारे त्यां एक देवसेन नामे शेठ वसतो हतो. तेज नगरमां एक धनसेन नाममो उंटोनो व्यापारी रहेतो हतो. तेने घेर रहेली उंटणीउमांथी एक उंटणी हमेशां देवसेनने घेर आववा लागी. ते उंटणीने धनसेन लाकडीउनो प्रहार करे तोपण ते ते देवसेननुं घर छोडे नहीं. पछी एवुं जाणीने देवसेने ते उंटणीने वेचाती लीधी. एक दहाडो ते नगरमां धर्मघोष नामना आचार्य पधार्या, तेमने देवसेन शेठे पूछ्युं के, हे भगवन्! आ उंटणी मारुं घर छोडीने बीजे कोइ पण स्थानके रहेती नथी, तेनुं शुं कारण छे? त्यारे आचार्यजीए पण पोताना ज्ञानथी जाणीने कह्युं के, हे श्रेष्ठी! आ उंटणी पूर्वभवमां तमारी माता हती. ते हमेशां जिनेश्वरप्रभु आगल दीपक करीने, तेज दीपकथी पोतानां घरनां कार्यों करती हती. ते दीपकमां काकडी सलगावीने चूलो संधरूकती हती. ते कर्मनी आलोचना नहीं लेवाथी ते उंटणी थइ छे, अने पूर्वभवना स्नेहथी ते तारा घरनुं आंगणुं छोडती नथी. एम विचारीने देवसंबंधि निर्माल्य वस्तु पण ग्रहण करवी नहीं, तेम देवद्रव्य व्याजे पण राखवुं नहीं.

ढोअइ बहुभत्तिजुउ, नेवज्जं जो जिणंदचंदाणं ॥
भुंजइ सो वरभोए, देवासुरमणुअनाहाणं ॥ १ ॥

अर्थ– जे माणस बहुभक्तिपूर्वक श्री जिनेश्वर प्रभुने नैवेद्य धरे छे, ते माणस देव, दानव, अने मनुष्योना अधिपतिउना उत्तम भोगो भोगवे छे.

पकवान, पुडला, जात, दाल, घी, जुदी जुदी जातिनां शाक, दहीं, शीखंड, लवंग, विगेरे नैवेद्य जाणवां. एवी रीते नैवेद्य पूजा जाणवी.

वरतरुपवरफलाइं, ढोयइ जो जिणवरस्स जत्तीए ॥
जम्मंतरेवि सहला, जायंति मणोरहा तस्स ॥ १ ॥

अर्थ– जे माणस जक्तिपूर्वक श्री जिनेश्वर प्रजु आगल उत्तम वृक्षोनां सुंदर फलो धरे छे, तेना सर्व मनोरथो जन्मांतरमां सफल थाय छे.

नालीएर, सोपारी, दाडिम, आंबा विगेरे फलो जाणवां. एवी रीते फलपूजा जाणवी.

ढोयइ जो जलजरिअं, कलसं जत्तीइ वीयरायाणं ॥
सो पावइ परमपयं, सुपसत्थं जावसुद्धीए ॥ १ ॥

अर्थ– जे माणस जक्तिथी श्री वीतराग प्रजुने जलथी जरेलो कलश चडावे छे, ते जावशुद्धिथी मोक्षपदने पामे छे.

कर्पूर, केसर, चंदन, कस्तुरी विगेरे सुगंधि द्रव्योथी मिश्रित करेलां जलोथी जलपूजा जाणवी.

आ आठे प्रकारी पूजापर तेनां फलोनां दृष्टांतो पूजाष्टक नामना ग्रंथथी वांची लेवां.

मनो वाक्कायवस्त्रोर्वी-पूजोपकरणस्थितौ ॥
शुद्धिः सप्तविधा कार्या, श्रीजिनेंद्रार्चनक्षणे ॥ १ ॥

अर्थ– श्री जिनेश्वर प्रजुनी पूजा समये, मनशुद्धि, वचनशुद्धि, कायशुद्धि, वस्त्रशुद्धि, जूमिशुद्धि, पूजानां उपकरणोनी शुद्धि, तथा स्थितिशुद्धि, एम सात प्रकारे शुद्धि करवी.

घर डुकान, व्यापार तथा स्त्री आदिकना ध्यानना परिहारथी

मननी शुद्धि थाय छे, सावद्यवचनना परिहारथी अने मौन धारण करवाथी वचनशुद्धि थाय छे; कह्युं छे के, विचक्षण माणसोए व्याख्या वखते, पूजा वखते प्रतिक्रमण वखते, भोजन वखते, गमनवखते तथा बीजाउनां दुषणो बोलवामां मौन रहेवुं. वली सावद्य कार्यने साधनारी एवी हाथनी के भ्रूकुटीनी संज्ञा पण करवी नहीं. ते पर जिणह कोटवालनुं दृष्टांत कहे छे.

एक दहाडो भीमराजाए जिणह कोटवालने तेनी बहादुरीथी खुशी थइने धोलका नगर आप्युं. ते नगरमां तेनी बाहादुरीथी कोइ पण चोर के लुंटारा वसता नहोता, अने तेथी ते पोतानुं निष्कंटक राज्य चलावतो हतो. त्यां तेणे श्री कलिकुंड पार्श्वनाथादिकना चार जिनमंदिरो बंधाव्यां, अने तेमां मौन धरीने ते त्रिकाल पूजा करतो हतो. एक दहाडो सौराष्ट्रना रहेवासी कोइक चारणे तेनी परीक्षा माटे राजानो एक उंट चोर्यो. त्यारे पोलीसना माणसो ते चारणने बांधीने जिणह कोटवालपासे लेइ गया. ते वखते मध्यान्हकाल होवाथी कोटवाल जिनमंदिरमां एकाग्र मनथी मौन धरीने पूजा करतो हतो. पोलीसना माणसोए तेने कह्युं के, आ उंटना चोरने अमोए पकड्यो छे. ते सांभली कोटवाले आंगलीनी संज्ञा करीने तेनुं मस्तक छेदवाने तेउने हुकम कर्यो. पण ते पोलीसना माणसो समजी शक्यां नहीं. ते जोइ कोटवाले पुष्पनुं एक डींटीउं तोडीने संज्ञा करी. ते जोइ भयभीत थएला चारणे कह्युं के,

इकजिणहा नइ जिणवरह, न मिलइं तारेतार
जेहिं अमारणपूजाइ, ते किम मारणहार ॥ १ ॥
इक्का चोरी सा करी, जा खोलडइ न माइ ॥
बीजा चोरी जु करइ, तु चारण चोर न थाइ ॥ २ ॥

ते सांजली मंत्रिए मिथ्यादुःकृत देइ, तेनुं स्वरूप पूछीने, ते चारणने पेहेरामणी सहित रवाना कर्यो.

स्नानादिकनीशुद्धि पूर्वक कायशुद्धि करवी. उपलक्षणथी जिनपूजन करतां शरीरे खरज करवी नहीं, तेम थुंकवुं के श्लेश्मादिक कहाडवुं नहीं. सांधेलुं, बलेवुं, फाटेलुं, अने परनुं वस्त्र जिनपूजा करतां नहीं पेहेरवुं, एवी रीते वस्त्रशुद्धि जाणवी. मल, तथा श्लेश्मादिक अशुचि पदार्थोथी अपवित्र थएली भूमिपर रही देवपूजा करवी नहीं. उपलक्षणथी कलश, रकाबी, लोटा विगेरे पूजानां उपकरणोने घरनां कार्योमां वापरवां नहीं. चोर्यासी प्रकारनी आशातना वर्जवाथी स्थितिशुद्धि थाय छे.

संसारपारगं वीत-रागं मुक्तिसुखप्रदम् ॥
चंपकादिकविस्तीर्ण-कुसुमैः पूजयेद्बुधः ॥ १ ॥

अर्थ– आ संसाररूपी समुद्रथी पार गएला, अने मोक्षसुखने देनारा एवा श्री वीतराग प्रभुने चंपक आदिक प्रफुल्लित पुष्पोथी डाह्या माणसे पूजवा.

जिनपूजा समये अपवित्र पुष्पो वापरवां नहीं, तेम हाथथी पडेलां, पृथ्वीपर पडेलां, पगे अडकेलां, सुकाएलां, खराब वस्त्रमां राखेलां, नाभिथी नीचे धारण करेलां, दुष्ट लोकोथी स्पर्शित थएलां, कीडाउथी खवाएलां विगेरे दूषणयुक्त थएलां पुष्पो जिनपूजामां वापरवां नहीं. जे माणस दूषणयुक्त पुष्पोथी जिनपूजा करे छे, तेने पण तेवुंज मले छे. तेपर दृष्टांत कहेछे.

कामरूप नामना नगरमां मातंगोना कुलमां एक दांतो सहित पुत्रनो जन्म थयो. एवी रीतनो तेने जोइ तेनो पिता तो नाशी गयो, अने तेथी ते पुत्रनी माता भयथी ते पुत्रने घरनी बहार छोडी आवी. एटलामां रयवाडीए चडेला राजाए ते बालकने जोइ तेने लेइ लीधो, अने पालीपोषीने मोटो कर्यो. पछी दीक्षा

लवानी इच्छाथी राजाए तेने राज्यनी गादीपर बेसाड्यो, अने पोते दीक्षा लीधी. केटलेक काले ते राजऋषिने ज्ञान थवाथी ते ते तेने प्रतिबोधेवामाटे त्यां पधार्या. ते समये राजा लोकोनी साथे तेमने वांदवा माटे गया. ते वखते पेली मातंगी पण तेमने वांदवा माटे त्यां आवी हती. राजाने जोइ तेणीने अत्यंत हर्ष थयो, अने राजाने पण तेणीनापर मातृस्नेह आव्यो. ते समये ते राजऋषिए सर्व वृत्तांत तेमने कही संभलाव्यो. पछी राजाए ज्यारे तेमने पोताना पूर्व भवनो वृत्तांत पूछ्यो, त्यारे राजऋषिजीए कह्युं के, तुं पूर्व भवमां कोइक नगरमां महा धनाढ्य व्यापारी हतो. एक समये जिनपूजा करतां पद्मासनपर पडेलां केटलांक पुष्पो तें प्रभुने चडाव्यां हतां. त्यारबाद ते कर्मनी आलोचना नहीं करवाथी तुं मृत्यु पामीने आ मातंगना कुलमां उत्पन्न थयो. पण जिनपूजाना प्रभावथी तने राज्य मल्युं. ते सांभली ते राजाने जातिस्मरण ज्ञान थयुं, अने तेथी दीक्षा लेइ ते स्वर्गे गयो, अने त्यांथी मोक्षे जशे. एवी रीतनी कथा सांभलीने अशुचि पुष्पोथी जिनपूजा करवी नहीं. वली दमयंतीए पोताना वीरमतीना पूर्व भवमां चोवीसे जिनेश्वरोनी रत्नोनां तिलकोथी पूजा करी हती, अने तेथी तेणीना ललाटमां महा तेजस्वी तिलक हतुं, अने त्रण खंडना स्वामी नलराजानी ते पटराणी थइ हती. वली पुष्पपूजा करवाथी तीर्थंकरनी पदवी पण मले छे, केमके, तीर्थंकरो पण पूर्वना तीर्थंकरोनीज पूजा करवाथी तीर्थंकर पदने पाम्या छे.

धूपं दहति पापानि, दीपो मृत्युविनाशकः ॥
नैवेद्यैर्विपुलं राज्यं, प्रदक्षिणा शिवप्रदा ॥ १ ॥

अर्थ—धूपपूजा पापोने बाले छे,दीपक मृत्युने नाश करनारोछे, नैवेद्यथी विस्तीर्ण राज्य मले छे,अने प्रदक्षिणा मोक्षने आपनारी छे.

वीतराग प्रभुनी रत्नोथी पूजा करवाथी चक्रवर्तिनी पदवी मळे छे, वधारे शुं कहेवुं ? तेथी मोक्षनी पण प्राप्ति थायछे.

वीतरागं स्मरन् योगी, वीतरागत्वमश्नुते ॥
ईलिका भ्रमरीभीता, ध्यायंती भ्रमरीं यथा ॥१॥

अर्थ– वीतरागनुं स्मरण करतो थको योगी वीतरागपणुं पामे छे, जेम भमरीने ध्यावती एवी ईलिका भ्रमरीपणाने पामी.

जिनस्य पूजनं हंति, प्रातः पापं निशाभवम् ॥
आजन्मविहितं मध्ये, सप्तजन्मकृतं निशि ॥ १ ॥

अर्थ– प्रभाते करेलुं जिनपूजन रात्रिना पापोनो नाश करे छे, मध्यानकाले करेलुं जिनपूजन जीवितपर्यंतनुं पाप नाश करे छे, तथा रात्रिए करेलुं जिनपूजन सात भवोनां पापोनो नाश करे छे

एवी रीते योग्य अवसरे करेली जिनपूजा लाभकारक थायछे. कह्युं छे के,

जलाहारौषधस्वाप-विद्योत्सर्गकृतिक्रियाः ॥
सत्फलाः स्वस्वकाले स्यु-रेवं पूजा जिनेश्वरे ॥१॥

अर्थ– जलपान, भोजन, औषधग्रहण, निद्रा, विद्या, तथा मलशुद्धि आदिक क्रियाओ पोतपोताने अवसरे करवाथी जेम सफल थाय छे, तेम जिनपूजा पण जाणवी.

ते जिनपूजा पण पेथडशाहनी पेठे एकाग्र मनथी करवी. पेथडशाह शेठ हमेशां त्रिकाल जिनपूजन करता हता. एक दहाडो ते पूजा समये सिद्धराज राजाए तेने पांच छवार माणसो मोकलीने बोलाव्यो, पण पूजाना एकाग्रपणाथी ज्यारे तेणे जवाब आप्यो नहीं, त्यारे राजा पोते त्यां आव्यो. ते समये पेथडशाहने देवपूजामां लीन थएलो जोइने तेनी पाछल पुष्पो आपवाने बेठेला माणसने उठाडीने राजा पोते गुप्त रीते बेसीने पुष्पो आपवालाग्यो.

पण पुष्पो आपवानी विधिने नहीं जाणवाथी ते बीजां बीजां पुष्पो आपवा लाग्यो. ते जोइ पेथडे पाछुं वालीने जोयुं, तो राजाने जोया; तेज वखते ते उन्नो थवा जतो हतो, पण सिद्धराजे तेनो हाथ झालीने तेने बेसाडी दीधो, अने देवपूजामां तेनुं एकाग्रपणुं जोइने खुशी थइ कहेवा लाग्यो के, हे पेथडशाह ! हुं तमोने बोलावुं ते वखते जो तमो जिनपूजामां हो तो तमारे आववुं नहीं. एम कहीने राजा पोताने स्थानके गयो. एवी रीते एकाग्र चित्तथी त्रिकाल देवपूजन करवुं.

स्वर्गस्तस्य गृहांगणं सहचरी साम्राज्यलक्ष्मीः शुन्ना
सौन्नाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेश्मनि ॥
संसारः सुतरः शिवं करतलक्रोडे लुठत्यंजसा
यः श्रद्धान्नरन्नाजनं जिनपतेः पूजां विधत्ते जनः ॥१॥

अर्थ– श्रद्धाना समूहनो नाजनरूप एवो जे माणस श्री जिनेश्वर प्रन्नुनी पूजा करे छे, तेने स्वर्ग तो घरना आंगणांरूप थाय छे, मनोहर एवी राज्यलक्ष्मी तो तेनी सोबतण थाय छे. तेम तेना शरीररूपी घरमां सौन्नाग्यादिक गुणोनी श्रेणि विलास करे छे, संसार सुखेथी तराय छे, अने मोक्ष तो तुरत तेनी हथेलीमां आवीने रहेछे. (तेपर दृष्टांत कहेछे.)

देवपाल नामे कोइक गोवाल गायोने वनमां चरावतो हतो. एक दहाडो नदीनी पडी गएली नेखडमां तेणे एक जिनप्रतिमा जोइ. पछी तेणे वनमांज एक झुंपडी बांधीने तेमां ते प्रतिमाने तेणे स्थापन करी, अने एवो अन्निग्रह लीधो के, आ प्रतिमानी पूजा कर्याविना हुं न्नोजन करीश नहीं. एवी रीते हमेशां ते प्रतिमाने ते पूजवा लाग्यो. एक दहाडो नदीमां पूर आव्युं, अने ते पूर सात दिवसोसुधि रह्युं, अने तेथी ते देवपालने सात उपवासो थया. आठमे दिवसे पूजा करीने तेणे न्नोजन कर्युं, तेनी

एवी द्दढता जोइने शासनदेवीए तुष्टमान थइ तेने वरदान मागवानुं कह्युं. त्यारे तेणे पासेना एक नगरनुं राज्य माग्युं. शासनदेवीए पण ते राज्य तेने आप्युं. पछी केटलाक अहंकारी सामंतो, जेउ ते देवपालनी आज्ञा नहीं मानता हता, तेउने पण तेणीए बांधीने वश कर्या. जीवित पर्यंत राज्य पालीने ते स्वर्गे गयो. (एवी रीते जिनपूजानुं फल जाणीने तेमां उद्यम करवो.)

जिनपूजनं जनानां, जनयत्येकमपि संपदो विपुलाः ॥
जलमिव जलदविमुक्तं, काले शस्यश्रियो ह्यखिलाः॥१॥

अर्थ— एक जिनपूजन पण (पुण्यानुबंधि पुण्यथी) माणसोने विस्तीर्ण संपदाउ आपे छे; केमके आर्द्रादिक अवसरे वरसादथी पडेलुं पाणी धान्यनी सघली संपदाउने आपे छे.

(तेपर दृष्टांत कहेछे.)

एक पर्वतमां एक भील अने भीलडी वसतां हतां. एक दहाडो त्यां कोइ जैनमुनि आवी चड्या. ते मुनिए तेउनी पासे जिनपूजानुं फल कह्युं. ते सांभली भीलडीए पोताना लघुकर्मपणाथी ते अंगीकार कर्युं, अने त्यारथी ते भीलडी वनमां रहेला एक जिनमंदिरमां जइने श्री ऋषभदेव प्रभुने पूजवा लागी. ते जोइ भीले तेणीने कह्युं के, अरे!! आ तो वाणीआना पारसनाथ छे, माटे ते आपणे पूजवाना नथी. एवी रीते ते भील तेणीने वारंवार वारतो, पण भीलडीए पोतानुं कार्य तज्युं नहीं. अनुक्रमे केटलेक समये ते भीलडी काल करीने पासेना एक नगरना राजानी पुत्री थइ. यौवनपणुं पामीने एक दहाडो ज्यारे ते झरुखामां बेठी हती, त्यारे तेज भीलने त्यांथी जतो तेणीए जोयो, अने तेने जोवाथी तेणीने जातिस्मरण ज्ञान उत्पन्न थयुं. पछी ते भीलने तेणीए बोलावीने कह्युं के, तुं मने उलखे छे? एवी रीते कहीने तेणीए तेने कह्युं के, पूर्व भवमां तें मारुं कह्युं

मान्युं नहीं. एवी रीते तेने उपदेश देइने तेने जिनपूजनमां दृढ कर्यो. ते राजपुत्री पण केटलुंक सुख भोगवीने स्वर्गे गइ.

माटे एम विचारिने भाग्यवान माणसे भावपूर्वक जिनभक्ति करीने पोतानुं जीवितव्य सफल करवुं. तेपर दृष्टांत कहेछे.

कोइएक नगरमां नंदक अने भद्रक नामना बे व्यापारीउ वसता हता. तेउ बन्नेनी दुकानो साम सामी हती. भद्रक हमेशां प्रभातमां उठीने पोतानी दुकाने जतो हतो, अने नंदक तो हमेशां प्रभातमां उठीने देवपूजा माटे जिनालयमां जतो हतो. ते जोइ भद्रक हमेशां मनमां एम विचारतो हतो के, धन्य छे आ नंदकने, के जे हमेशां प्रभातमां उठीने बीजुं कार्य छोडीने जिनपूजा करे छे. अने हुं महापापी दरीद्री धन मेलववानी इच्छाथी प्रभातमांज अहीं आवीने पामरोनां मुखो जोउं छुं, माटे मारां जीवतरने धिक्कार छे, एवी रीतना शुद्ध ध्यानरूपी जलथी ते हमेशां पोतानां कर्मोरूपी मेलने दूर करतो हतो, अने पुण्यरूपी बीजने सिंचतो हतो. नंदक हमेशां एम चिंतवतो हतो के, हुं ज्यारे देवपूजामां रोकाउं छुं त्यारे महा पक्को भद्रक ग्राहको पासेथी खूब धन कमाइ ले छे; पण करुं शुं ? केमके में मूर्खे देवपूजानो अभिग्रह लीधो छे; हवे ते देवपूजाथी मलवानुं फल तो एकबाजु रह्युं, पण आथी तो उलटुं द्रव्य पण पेदा थइ शकतुं नथी. एवी रीतना कुविकल्पोथी नंदक पोतानुं पुण्य हारी गयो; एम विचारि डाह्या माणसोए एकतानथी जिनपूजन करवुं.

एकैव हि जिनपूजा, दुर्गतिगमनं नृणां निवारयति ॥
प्रापयति श्रियमखिला-मामुक्तेर्भक्तितो विहिता ॥ १ ॥

अर्थ— एकज जिनपूजा माणसोना दुर्गतिगमनने निवारे छे, तेम भक्तिथी छेक मोक्षसुधिनी सघली लक्ष्मीने प्राप्त करावे छे. (वली आ जिनपूजा सर्व पुण्यकरणीउमां मुख्य होवाथी का-

रण पछ्वे निःसंग यतिउपण भव्य जीवोने तेनो उपदेश देइने वज्रस्वामिनी पेठे करावे छे.)

फलं पूजाविधातुः स्या-त्सौभाग्यं जनमान्यता ॥
ऐश्वर्यं रूपमारोग्यं, स्वर्गमोक्षसुखान्यपि ॥ १ ॥

अर्थ- पूजा करनार माणसने, सौभाग्य, लोकोतरफनुं मान, मोटाई, रूप, आरोग्यपणुं, अने स्वर्ग तथा मोक्षनां सुखो पण फलरूपे थाय छे. कह्युं छे के,

खीरेण जोभिसेअं, करइ जिणंदस्स भत्तिराएण ॥
सो खीरधवलविमलो, रमइ विमाणेसु चिरकालं ॥१॥

अर्थ- जे माणस भक्तिरागथी जिनेश्वरप्रभुने दूधथी अभिषेक करे छे, ते दूधसरखो उज्ज्वल अने निर्मल थईने लांबा वखतसुधि विमानोमां रमे छे.

कंचणमोत्तियविद्दुम-रयणाभरणेहिं भावसंजुत्तो ॥
जो पूयएइ जिणंदं, सो पावेइ सासयं ठाणं ॥ १ ॥

अर्थ- कंचन, मोती, परवालां तथा रत्नआदिकनां आभरणोथी भावसहित जे माणस जिनेश्वरप्रभुने पूजे छे, ते खरेखर मोक्षसुख पामे छे. (जेम श्रीवस्तुपालमंत्रीए पोतेज भरावेलां सवालाख जिनबिंबोने, तथा शत्रुंजयपरना जिनबिंबोने सुवर्ण अने रत्नोनां आभूषणो पहेराव्यां हतां.)

यः पुष्पैर्जिनमर्चति स्मितसुरस्त्रीलोचनैः सोऽर्च्यते
यस्तं वंदत एकशस्त्रिजगता सोऽहर्निशं वंद्यते ॥
यस्तं स्तौति परत्र वृत्रदमनस्तोमेन स स्तूयते
यस्तं ध्यायति क्लृप्तकर्मनिधनः स ध्यायते योगिभिः १

अर्थ- जे माणस चंपक आदिक सुगंधि पुष्पोथी जिनेश्वर प्रभुनी पूजा करे छे, ते माणस विकस्वर थएलां एवां देवांगना-

उनां नयनोथी पूजाय छे. अने जे माणस प्रभुने एकज वखत वंदन करे छे, ते हमेशां त्रणे जगतोथी वंदाय छे. वळी जे माणस जिनेश्वरप्रभुनी स्तुति करे छे, ते परलोकमां इंद्रोना समूहथी स्तवाय छे, अने जे माणस तेमनुं ध्यान धरे छे, ते कर्मरहित थईने योगीउथी पण ध्यावाय छे.

नौरेषा भववारिधौ शिवपदप्रासादनिःश्रेणिका
मार्गःस्वर्गपुरस्य दुर्गतिपुरद्वारप्रवेशार्गला ॥
कर्मग्रंथिशिलोच्चयस्य दलने दंभोलिधारासमा
कल्याणैकनिकेतनं निगदिता पूजा जिनानां परा १

अर्थ— श्री जिनेश्वर प्रभुनी पूजा आ भवरूपी समुद्रमां नावसमान छे, तेम मोक्षपदरूपी मेहेलनी नीसरणी छे, स्वर्गपुरनो मार्ग छे, दुर्गति नगरनां द्वारमां प्रवेश करवाने आडी भागोलसरखी छे, भोगांतराय तथा दानांतराय आदिक कर्मोरूपी पत्थरोना समूहने भांगवामां वज्रधारासरखी छे, अने कल्याणना एक स्थानकरूप छे.

नेत्रानंदकरी भवोदधितरी श्रेयस्तरोर्मंजरी
श्रीमद्धर्ममहानरेंद्रनगरी व्यापल्लताधूमरी ॥
हर्षोत्कर्षशुभप्रभावलहरी भावद्विषां जित्वरी
पूजा श्रीजिनपुंगवस्य विहिता श्रेयस्करी देहिनाम्

अर्थ— श्री जिनेश्वरप्रभुनी करेली पूजा नेत्रोने आनंद करनारी छे, भवरूपी समुद्रमां वहाणसमान छे, कल्याणरूपी वृक्षनी मांजर छे, श्रीमान् धर्मराजानी नगरी छे, आपदारूपी वेलोने नाश करवामां धूमरीसरखी छे, हर्षनो उत्कृष्ट तथा उत्तम भावोनी लहरीसरखी छे, भावशत्रुउने जीतनारी छे, तथा प्राणीउनुं कल्याण करनारी छे. (तेपर दृष्टांत कहे छे.)

जयंती नामनी नगरीमां एक नरसिंह नामे राजा हतो. ते निःपुत्रीउ हतो. तेज नगरमां एक कमल नामे शेठ वसतो हतो, तेने रूप, लावण्य, सौभाग्य तथा विनयादिक गुणोथी मनोहर एवो सुंदरकुमार नामे पुत्र हतो. राजानी तेनापर अत्यंत प्रीति थवाथी तेणे तेने पुत्र करीने राख्यो, अने तेथी ते हमेशां राजानी-साथे अरधा आसनपर बेसतो. एक दहाडो ते नगरमां एक श्री-पाल नामे कोटिध्वजशेठ छत्रीस जातनां करीआणाउंसहित व्यापार करवाने आव्यो. तेणे रत्न, मोती, प्रबालांविगेरेथी एक सुवर्णनो थाल भरीने, तेपर एक दिव्यसुगंधिवालुं एक हजार पांखडीउंनुं कमल मुक्युं, अने ते थाल राजाने भेट कर्यो. ते व-खते कमलनी सुगंधिथी सर्व सभा खुशी थई. राजाए पण ते कमल हाथमां लेइ विचार्युं के, आवुं मनोहर कमल मारे सुं-दरकुमारनेज आपवुं,. एम विचारि तेणे ते कमल ते कुमारने आप्युं. ते लेइ सुंदरकुमार ज्यारे घेर आववा लाग्यो, त्यारे मार्गमां जिनमंदिर जोइ तेणे विचार्युं के, आ उत्तम कमलतो जिनेश्वर प्रभुने चडाववुं तेज योग्य छे. एम विचारी तेणे ते क-मल जिनमंदिरमां आवीने जिनप्रतिमाना मुकुटपर मुक्युं, अने तेथी ते प्रतिमा बहुज सुंदर देखावा लागी. एटलामां त्यां दर्शन करवा माटे व्यापारीनी चार पुत्रीउ आवी हती. तेउए ते दीव्य कमल जोइने सुंदर कुमारनी अत्यंत अनुमोदना करी. अनुक्रमे ते सुंदरकुमार ते चारे कन्याने परण्यो. अने ते पुण्यथी ते पांचे त्यांथी काल करीने देवलोकमां महा ऋद्धिवंत देवो थया. त्यांथी चवीने तेउ एक मोटा व्यापारीना पुत्रो थया, अने यांपण एक दहाडो उत्तम जिनपूजा जोइने तेउने जातिस्मरण ज्ञान थयुं. पछी दीक्षा लेइ केवलज्ञान पामी तेउ मोक्षे गया.

दर्शनाद्दुरितध्वंसी, वंदनाद्वांछितप्रदः ॥
पूजनात्पूरकः श्रीणां, जिनः साक्षात्सुरद्रुमः ॥१॥

अर्थ– जिनेश्वर प्रभु (तेमनां) दर्शनथी पापोनो नाश करनारा छे, वंदनथी वांछित अर्थने देनारा छे, पूजवाथी लक्ष्मीने पूरनारा छे, अने एवी रीते ते साक्षात् कल्पवृक्ष सरखा छे. (तेपर दृष्टांत कहेछे.)

अर्बुदाचलना परमारवंशना राजा पाल्हणे एक पित्तलनी प्रतिमा गलावी नांखी, अने ते पापथी तेने गलत्कुष्टनो रोग थयो. गोत्रीउंए तेनुं राज्य लेइ लीधुं; पछी मृत्युना डरथी ते देशांतरमां गयो. एक दहाडो भमतां थकां तेने शीलधवल नामना आचार्यजीनो मेलाप थयो. तेमनी पासे तेणे पोतानुं पाप कही बताव्युं गुरुए पण तेने प्रतिबोध आप्यो. पछी पश्चात्ताप थवाथी तेणे गुरुजीने चरणे नमी कह्युं के, हे भगवन्! आप कृपा करीने ते पातकना क्षयनो उपाय कहो? त्यारे गुरुए तेने कह्युं के, हे राजन्! हवे तमो जिनमंदिर तथा जिनप्रतिमा आदिक पुण्यनां कार्यो करो? ते सांभली तेणे पोताना नामथी प्रल्हादनपुर (पालणपुर) नामनुं नगर वसाव्युं, अने त्यां तेणे सुवर्णना शोल कोंगरांवालुं पाल्हणविहार नामनुं जिनमदिर बंधाव्युं. ते मंदिरमां तेणे श्री पार्श्वनाथजीनी प्रतिमा स्थापी. ते पुण्यना प्रभावथी तेना कुष्टरोगनो नाश थयो. जीवित पर्यंत जिनभक्ति करीने ते देवलोके गयो.

पापं लुंपति दुर्गतिं दलयति व्यापादयत्यापदं
पुण्यं संचिनुते श्रियं वितनुते पुष्णाति नीरोगताम् ॥
वैराग्यं विदधाति पल्लवयति प्रीतिं प्रसूते यशः
स्वर्गं यछति निर्वृतिं च रचयत्यर्चार्हतां निर्मिता ॥ १ ॥

अर्थ– करेली एवी श्री अरिहंत प्रभुनी पूजा पापने लोपे छे, दुर्गतिने दले छे, आपदाने नष्ट करे छे, पुण्यने एकठुं करे छे, लक्ष्मीने विस्तारे छे, आरोग्यपणाने पुष्ट करे छे, वैराग्य करे छे, प्री-

तिने नवपल्लव करे छे, यशने उत्पन्न करे छे, स्वर्ग आपे छे, तथा मोक्षने रची मेले छे.

यांति दुष्टदुरितानि दूरतः, कुर्वते सपदि संपदः पदम् ॥
भूषयंति भुवनानि कीर्तयः, पूजया विहितया जगद्गुरोः

अर्थ– जगतना गुरु एवा श्री तीर्थंकर प्रभुनी पूजा करवाथी दुष्ट पापो दूर जाय छे, संपदाउ पोतानुं स्थानक करे छे, तथा कीर्तिउ भुवनने शोभावे छे. (तेनापर दृष्टांत कहे छे.)

वाणारसी नामनी नगरीमां देवपाल नामे एक व्यापारी वसतो हतो. तेणे लक्ष्मीनुं चंचलपणुं जाणीने पोतानुं धन साते क्षेत्रोमां खरची नांख्युं, अने पोते चणावेलां जिनमंदिरमां ते हमेशां विविध प्रकारनी पूजा करावतो हतो. अनुक्रमे ते निर्धन थइ गयो, तेथी ते एक पासेना गाममां गयो, अने त्यां खेती आदिक करीने घणीज मुशीबते ते पोतानी आजीविका चलाववा लाग्यो, तथा निर्धन होवाथी ते पोताना जिनमंदिरमां कंइ पण पूजादिक कार्य करी शक्यो नहीं. ते जोइ प्रतिमाना अधिष्ठायक देवे विचार्युं के, हालमां आ मंदिरमां पूजादिक कार्य केम थतुं नथी? पछी अवधिज्ञानथी ज्यारे तेणे शेठनुं स्वरूप जाण्युं, त्यारे तेनापर उपकार करवा माटे ते देव दूर देशमां रहेला एवा तेना भाणेजानुं स्वरूप करीने तेने घेर आव्यो, अने पोतानी मामीने पूछ्युं के, मारा मामा क्यां छे? तेणीए कह्युं के ते खेतरे गया छे. ते सांभली ते मामाने मलवा माटे खेतरे गयो, अने त्यां मामाने प्रणाम करीने तेणे तेनी आजीविकानुं स्वरूप पूछ्युं. त्यारे शेठे पण पोतानुं सर्व वृत्तांत तेने कही बताव्युं. पछी ज्यारे मध्यान्हकाल थयो त्यारे भाणेजे कह्युं के, हे मामाजी! चालो हवे आपणे भोजन माटे घेर जइएं. ते सांभली मामाए कह्युं के, आटला सांठाउ ज्यारे कपाइ रहेशे, त्यारे घेर जवाशे. ते सांभली ते

नाणेज रूप थएला देवे ते सर्व सांगाउं एकदम वाढी नांख्या. अने तेनो नारो बांध्यो. पछी ते नारो लेइने जेवा तेउं बन्ने घेर आव्या के ते समये मामीए पोताना यारमाटे उत्तम नोजन करी राख्युं हतुं; पछी जेवी ते यारने नोजनमाटे बेसाडे छे, तेवा ते मामोनाणेज बन्ने घरमां दाखल थया. तेउंने आवता जोइ ते दुष्ट मामीए पोताना जारने ढोरनी कोडमां संताड्यो अने तेनापर घास नाखी दीधुं. नाणेजे पण पेलो सांगानो नारो ते यारपर नांख्यो. पछी मामो ज्यारे नोजनमाटे बेसवा लाग्यो त्यारे नाणेजे कह्युं के, हे मामाजी! तमो देवपूजा कर्याविना केम नोजन करो छो? त्यारे मामाए कह्युं के, निर्धनपणाथी ते सर्व कार्य हुं विसरी गयो छउं. त्यारे जिनपूजा विना नोजन न करवुं एवुं नियम नाणेजे मामाने आप्युं. पछी तेउं बन्ने ज्यारे नोजन माटे बेठा त्यारे दुष्ट मामीए तेउंने अत्यंत रसविनानुं नोजन पीरस्युं. ते जोइ नाणेजे कह्युं के, अरे! वासणमां रहेली लापसी, दाल, नात विगेरे पीरसोनी? ते सांनली मामीए ते नोजन पीरस्यां. पछी नोजन कर्या बाद नाणेजे कह्युं के, हे मामाजी! हवे तो चालो तो आपणे बजारमां जइएं. ते सांनली मामाए कह्युं के, हजु तो आ सांगाउंमांथी अनाजना कणो कहाडवाना छे. ते सांनली नाणेजे मुशल लेइने ते नारापर जोरथी मारवा मांड्युं, अने तेथी अनाजना कणीआउंतो छुटा पड्या, पण अंदर रहेला ते दुष्ट यारना हाडकां खोखरां थइ गयां. पछी नाणेजे मामीने कह्युं के, हवे तमो आ दाणा एकठा करी लेजो? एम कही तेउं बन्ने बजारमां गया. त्यार बाद शेठाणीए पोताना यारने तेमांथी कहाड्यो, तथा ज्यां रुधिर निकल्युं हतुं त्यां त्यां शंखनी चूर्ण दाबीने तेने पोताने घेर रवाना कर्यो. हवे ते नाणेजरूप थएला देवे हमेशां जिनपूजानुं माहात्म्य देखाडीने, तथा

द्रव्यनो भंडार पण देखामीने शेठने धर्ममां दृढ कर्यो. पछी संपत्ति थवाथी तेणे पोताना एक पुत्रनो विवाह करवा मांड्यो. तेमां मांडवाने दिवसे ते शेठे सघला सगाउने तथा नातीलाउने भोजन माटे तेड्या; मामीए पोताना यारने पण नोतरुं आप्युं हतुं. अने तेथी ते पण स्त्रीनो वेष लेइने पंगतमां छेडे बेसी गयो. ते वखते सघला पुरुषवर्गनी आगतास्वागता शेठ करवा लाग्या, अने भाणेज स्त्रीउनी आगतास्वागता करवा लाग्यो. पछी स्त्रीउनी पंगतमां पीरसतो पीरसतो भाणेज ज्यारे ते यार आगल आवतो, त्यारे तेने धीमेथी ते कहेतो के, ते दिवसे सांढाउनी नीचे तुं हतो के? त्यारे ते कहे तो के, “ नहीं, नहीं, हुं नहीं. ” त्यारे ते भाणेज लोकोने एम समजावतो के, आ स्त्री कहेछे के, मारे ते लाडु जोइता नथी. एवी रीते वारंवार कहीने ते भाणेजे तेने कशुं पण पीरस्युं नहीं. पछी ते वातनी मामीने खबर पडवाथी तेणीए गुप्तरीते पोताना ते यारने बार लाडुउ आप्या, अने ते लाडुउ तेणे काखमां कंचुक नीचे संताडी राख्या. पछी भोजन कर्याबाद सर्व स्त्रीउ ज्यारे पोतपोताने घेर जवा लागी, त्यारे भाणेजे तेणीउने कह्युं के, तमो सर्वे मारा मामाना मांडवाने वधावती जाउ? ते सांभली सघली स्त्रीउ पोताना हाथो उंचा करीने एक पछी एक वधावती चाली. अनुक्रमे ते स्त्रीवेषधारी यारनो पण वारो आव्यो, अने तेथी तेणे पोताना हाथो उंचा नहीं करतां एमने एमज मंदपने वधाव्यो. ते जोइ भाणेजे कह्युं के, एम बंधहाथे न वधावाय, एम कही बलात्कारे ज्यारे तेना हस्तो लांबा कर्या, के तुरत पेला चोरेला लाडुउ नीचे जइ पड्या. पछी ते शेठाणीनुं सघलुं दुष्ट वृत्तांत लोकोमां जाहेर थयुं. छेवटे ते भाणेजरूप देव शेठने प्रतिबोधीने पोताने स्थानके गयो. शेठे पण दीक्षा लेइ तप तपीने पोतानुं आत्मकार्य साध्युं.

श्रीमज्जिनेंद्रपदपंकजपूजनेन
ज्ञानक्रियाकलितसद्गुरुसेवनेन ॥
स्वाध्यायसंयमतपोविनयादिना च
कस्यापि पुण्यपुरुषस्य दिनानि यांति ॥ १ ॥

अर्थ– श्रीमान् जिनेश्वर प्रभुना चरणकमलोने पूजवाथी, ज्ञान क्रियावाला उत्तम गुरुने सेववाथी तथा सज्झायध्यान, संयम, तप, अने विनयादिकथी कोइ पुण्यशाली पुरुषनाज दिवसो जाय छे.

कोइक पंडित माणसज जिनेश्वर प्रभुने नमीने पोतानां मस्तकने, तेमना गुणो सांभलीने पोताना कर्णोने, तेमनी मूर्ति जोइने पोतानां नेत्रोने, तेमनुं स्तवन करीने पोतानी जिह्वाने, तेमनुं पूजन करीने पोताना हस्तोने, तेमने मंदिरे जइ पोताना चरणोने, तथा तेमनुं स्मरण करीने पोताना मनने पवित्र करे छे. जिनपूजन कर्या विनानी सर्व क्रिआउं निष्फल छे. कह्युं छे के, हे, नाथ! जेणे तमोने वांद्या नथी, पूज्या नथी, भक्तिथी स्तव्या नथी, तथा उत्तम ध्यानथी तमोने ध्याव्या नथी, तेणे वनमां रहेली मालतीनी पेठे पोतानो जन्म निरर्थक गुमाव्यो छे. माटे तेज माणसने धन्य जाणवो के, जेनुं द्रव्य जिनपूजा माटे वपराय छे. कह्युं छे के, जिनपूजा, जिनमंदिर, जिनबिंब, तथा जिनयात्रा आदिकमां विधिपूर्वक जे द्रव्य खरचाय छे, तेज सफल छे, बाकीनुं द्रव्य तो निष्फल छे. हवे तेपर दृष्टांत कहेछे.

गजपुर नामना नगरमां श्रीधर नामे एक वणिक् रहेतो हतो. तेणे एक दहाडो साधुउंना मुखथी जिनपूजानुं फल सांभल्युं. अने तेथी ते हमेशां त्रिकाल जिनपूजा करवा लाग्यो. एक दहाडो धूपपजा करतां थकां तेणे एवो अभिग्रह लीधो के, ज्यारे आ धूप थइ रहेशे त्यारे हुं अहींथी जइश. एटलामां त्यां एक

सर्प आवी चड्यो, तेने जोइने पण ते निर्जय थइने त्यां स्थिर रह्यो. पछी क्रोधथी सर्प जेटलामां तेने डंखवा आव्यो के, तुरत शासन देवताए ते सर्पने उपाडीने दूर फेंकी दीधो, अने लक्ष्मीनी वृद्धि करनारुं एक रत्न ते श्रीधर शेठने आप्युं. ते रत्नना प्रजावथी ते कोटीध्वज थयो. एक दहाडो तेणे लोकोना मुखथी सांजळ्युं के, कामरूप नामना यक्षनी पूजा करवाथी सर्व वांछित फळे छे. ते सांजळी लोजने वश थइ तेणे ते यक्षनी पूजा करी, तथा लोकोनां वचनथी तेणे चंडी, गणेश विगेरेनी पण पूजा करवा मांडी. एम करतां थकां एक दहाडो चोरोनी धाडे आवीने तेनुं सर्व द्रव्य लुंटी लीधुं. अने तेथी तेनी आजीविका पण बहु दुःखथी चालवा लागी. ते जोइ तेणे त्रण उपवास करीने गोत्रदेवीनी आराधना करी. त्यारे तेणीए प्रत्यक्ष थइ कह्युं के, तें मने तजीने यक्ष, चंडी विगेरेनी आराधना करी छे, माटे ते तने द्रव्य आपशे, एम कही ते तो गुस्सामांज अंतर्ध्यान थइ गइ. पछी तेणे शासन देवीनुं आराधन कर्युं, तो तेणीए प्रत्यक्ष थइ तेने फरीने जैनधर्ममां दृढ कर्यो, तथा क्रोडोगमे सोनामोहोरो आपी. त्यारबाद ते श्रीधर शेठ त्रिकाल जिनपूजा करतो थको छेवटे मृत्यु पामीने देवलोकमां देवपणे उत्पन्न थयो.

वरपूजया जिनानां, धर्मश्रवणेन सुगुरुसेवनया ॥
शासनजासनयोगैः, सृजंति सफलं निजं जन्म ॥१॥

अर्थ- (माणसो) जिनेश्वर प्रजुनी उत्तम पूजाथी, धर्म श्रवणथी, गुरुसेवाथी, तथा शासनोद्योतना योगथी पोतानो जन्म सफल करे छे.

जिनपूजनविना राज्यादिक पण निष्फलज छे. कह्युं छे के, जे माणस वीतरागप्रजुनुं मंदिर के तेमनुं बिंब, के तेमनी पूजा करतो नथी, तेनुं राज्य, तेनुं धन, तेनुं शरीर, तेनां आजूषणो, तेनी

पंडिताइ, तथा तेनुं उत्तम कुल पण शा उपयोगनुं छे ? क्रोध, राग, द्वेष तथा मानथी रहित थइने एकाग्रमनथी जिनपूजा करवी. धर्मने सांजलवाथी, जोवाथी, करवाथी, करावववाथी, तथा अनुमोदवाथी, पण ते छेक सात पेहेडीउं सुधि पवित्र करे छे. ते धर्मनुं श्रवण गुरुसेवाथी थाय छे. केमके, विचक्षण माणस पण गुरुनी सहायताविना धर्मने जाणी शकतो नथी. कारण के, उत्तम लोचनवालो माणस पण अंधकारमां रहेली वस्तुने दीपकनी सहायता विना जोइ शकतो नथी. ते पर दृष्टांत कहेछे.

गोपगिरिमां एक दहाडो केटलाक मातंग नाटककारो आव्या; तेउमां एक नटी घणीज स्वरूपवान हती. तेणीने जोइ त्यांनो आम राजा मोहित थयो, अने तेणीनी साथे जोगविलास करवानी तेनी इछा थइ. ते बाबतनी तेना माननीक गुरु श्री बप्पजट्टीजीने खबर पडवाथी तेमणे राजाने प्रतिबोधवा माटे तेना मेहेलना द्वारपर अन्योक्तिनुं नीचे प्रमाणे काव्य खडीथी लख्युं.

शैत्यं नाम गुणस्तवैव जवतः स्वाजाविकी स्वछता
किं ब्रूमः शुचितां व्रजंत्यशुचयः संगेन यस्यापरे ॥
किं चातः परमस्ति ते स्तुतिपदं त्वं जीवितं देहिनां
त्वं चेन्नीचपथेन गछसि पयः कस्त्वां निरोद्धुं क्षमः ॥१॥

अर्थ– हे पाणी ! तारो गुण शीतल छे, तेम तारी स्वछता पण स्वाजाविक छे, वली तारां पवित्रपणानां अमो शुं वखाण करीयें ? केमके तारा संगथी बीजा अशुचि पदार्थो पण पवित्र थाय छे, वली तारा समान बीजी कइ पवित्र वस्तु छे ? तुं प्राणीउने जीवित आपनार छे; एवुं पण तुं जो नीच मार्गमां जशे, तो पछी तने अटकाववाने कोण समर्थ थशे?

इत्यादिक काव्योथी प्रतिबोधिने आचार्यजीए तेने ते अकार्यथी अटकाव्यो. आम राजाए पण तेथी जीवित पर्यंत परस्त्री-

गमननी बाधा लीधी; अने ते पापना प्रायश्चित्त माटे तेणे जिनमंदिर बंधाव्युं. इत्यादि तेनो विशेष वृत्तांत बप्पभट्टीप्रबंधथी जाणी लेवो. तथा हेमचंद्राचार्य अने कुमारपाल राजा आदिकना पण गुरुमहात्म्यना प्रबंधो जाणी लेवा.

अज्ञानतिमिरांधानां, ज्ञानांजनशलाकया ॥
नेत्रमुन्मीलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥ १ ॥

अर्थ– अज्ञानरूपी अंधकारथी अंध थएला माणसोनां नेत्रने जे गुरुमहाराजे ज्ञानरूपी अंजनशलाकाथी खुल्लां कर्यां छे, एवा श्री गुरुमहाराजप्रते नमस्कार थाउ ?

जिनबिंबार्चनं सेवा, गुरूणां प्राणिनां दया ॥
शमो दानं तपः शील-मेष धर्मो जिनोदितः ॥ १ ॥

अर्थ– जिनबिंबनी पूजा, गुरुनी सेवा, प्राणीउपरनी दया, समता, दान, तप, अने शील, ए रूप धर्म श्री जिनेश्वरोए कह्यो छे.

माणसोए एवी रीतनो धर्म आराधीने पोताना जन्मने सफल करवो. कह्युं छे के, जिनपूजा, गुरुसेवा, जीवदया, सुपात्रदान, गुणोनो अनुराग, तथा आगमश्रवण एटलां आ मनुष्य जन्मरूपी वृक्षनां फलो छे. तेमां पण जिनपूजा छे ते, अत्यंत मंगलकारी, पापोने नाश करनारी, तथा मनोरथोने पूरनारी छे. ते पूजाना ध्यानथी पण अत्यंत लाभ थाय छे.

तेपर दृष्टांत कहेछे.

काकंदी नामनी नगरीमां ज्यारे जितारि नामे राजा राज्य करतो हतो, त्यारे त्यां एक महा दरिद्री डोशी वसती हती. एक दहाडो त्यां श्री वीर प्रभु आवीने समोसर्या. तेमने वांदवा माटे जितारि राजा प्रजा सहित तेमनी पासे आव्यो. ते अवसरे ते वृद्धडोशी त्यांथी लाकडांनो भारो लेइने चाली जती हती. ए-

टलामां राजादिकथी पूजाता श्री वीर प्रजुने तेणीए पण जोया. तेमने जोइ अत्यंत हर्षथी विस्मित थइने ते विचारवा लागी के, अहो आ जगतमां एक आज खरेखर देव छे, केमके, तेमने सुर असुर विगेरे आवीने सेवे छे. में पूर्व जवमां खरेखर आवा वीतराग प्रजुने पूज्या नथी, अने तेथी आ जवमां हुं आवुं कष्ट सहन करुं छुं. माटे हवे आ समये तो ते श्री वीर प्रजुने पूजुं, के जेथी आवता जवमां मने कष्ट सहन करवुं पडे नहीं. एम विचारिने ते डोशी तो त्यां काष्ठनो जारो छोडीने, तथा केटलांक त्यांथी पुष्पो लेइने प्रजुने पूजवामांटे तुरत आवी, पण घरूपणने लीधे तेनी आंखो नबली होवाथी ते मार्गमां पत्थरनी ठेस लागवाथी पडी गइ, अने त्यां रहेलो एक खीलो तेना मस्तकमां खुंची जवाथी ते त्यांज मृत्यु पामीने, पूजाना ध्यानना प्रजावथी देव रूपे थइ. त्यां अवधिज्ञानथी पोताना पूर्वजवनो वृत्तांत जाणीने ते देव श्री वीर प्रजुने वांदवा माटे आव्यो. एटलामां त्यां जितारि राजा पण आवी पहोंच्यो, तथा ते देवने जोइ तेणे प्रजुने पूछ्युं के, हे जगवन्! आ देव अत्यंत कांतिवालो केम छे? ते सांजली प्रजुए कह्युं के, हे राजन्! तें मार्गमां जे डोशीने मृत्यु पामेली जोइ छे, तेनोज जीव अमारी पूजाना ध्यानथी आ देवरूपे थयो छे, अने ते हलुकर्मी होवाथी थोडीज मुदतमां मोक्षे जशे.

जिनजवनं जिनबिंबं, जिनपूजां जिनमतं च यः कुर्यात्॥
तस्य नरामरशिवसुख-फलानि करपल्लवस्थानि ॥ १ ॥

अर्थ— जिनमंदिर, जिनबिंब, जिनपूजा, तथा जिनमतने जे करेछे, तेने मनुष्य, देव, तथा मोक्षसुखनां फलो हथेलीमां आवे छे. कह्युं छे के, काष्ठ आदिकनां जिनमंदिरमां जेटलां परमाणुउं छे, तेटलां लाख वर्षोसुधि तेनो कर्ता स्वर्ग जोगवनारो थाय छे.

अहीं ३६ हजार जिनप्रासाद बंधावनार संप्रति राजा, चौदसो चम्मालीस जिनप्रासाद बंधावनार कुमारपाल राजा, पांचहजार जिनप्रासाद बंधावनार वस्तुपाल मंत्री, शत्रुंजय, तथा भृगुकच्छादिकनो उद्धार करनार बाहड मंत्री, चोर्यासी जिनप्रासाद बंधावनार पेथडशाह, तथा साजन कोटवाल आदिकनां दृष्टांतो जाणी लेवां.

जिनबिंब करावनारने, कुगति, दलिद्रता के दुर्भाग्यपणुं पण आवतुं नथी. अहीं सवाक्रोड जिनबिंबो भरावनार संप्रति राजा, सवालाख बिंबो भरावनार वस्तुपालमंत्री, जावडशाह आदिकना दृष्टांतो भावी लेवां.

वली जे माणस जिनपूजा करे छे, तेने चक्रवर्तीपणुं, वासुदेवपणुं, तीर्थंकरपणुं, तथा इंद्रपणुं विगेरे उत्तम पदवीउ प्राप्त थाय छे, अने छेवटे मोक्षसुख पण मले छे.

पूजा, पच्चरकाण, पडिकमणुं, पोसह तथा परोपकार ए पांचे पकारो आ जगतमां दुर्लभ छे. जिनपूजा प्रभावतीनी पेठे करवी. पच्चखाण कपर्दी यक्षनी पेठे करवुं. पडिकमणुं पण पदसंपदा सहित मौनमुद्राथी एक चित्तथी करवुं. तेपर दृष्टांत कहे छे.

दीह्हीमां साजणसिंह नामे एक श्रावक वसतो हतो. ते हमेशां बन्ने वखत पडिकमणुं करतो हतो. अने तेने एवुं नियम हतुं के, पडिकमणाविना मारे भोजन करवुं नहीं. एक दहाडो पीरोजशाह बादशाहे तेने केदखाने नाख्यो. त्यां रही तेणे चोकीदारोने पचास सोनामोहोरो आपीने पचास पडिकमणां कर्यां. एटलामां बादशाहे तेनापर तुष्टमान थइने तेने पेहेरामणी आपी छोडी मेह्यो, अने तेथी ते वाजित्रादिकना मोटा उत्सवपूर्वक पोताने घेर गयो. ते जोइ भय पामेला ते चोकीदारो भेटनो मिष करीने तेने ते पचास सोनामोहोरो पाछी देवा आव्या. ते वखते शेठे तेउने कह्युं के, ते समये जो तमोए पचास तो शुं? पण प-

चास हजार सोनामोहोरो मागी होते तो हुं तमोने ते आपीने पण मारुं प्रतिक्रमण करवानो हतो. एम कही तेणे बहुमानपूर्वक ते सोनामोहोरो तेउने आपी दीधी.

पर्वतिथिने दिवसे पौषध करवो.

पांचमा परोपकारनुं वर्णन ग्रंथकार अरधा श्लोकथी कहेछे.

परोपकारः पुण्याय, पापाय परपीडनम्।

अर्थ—परोपकार छे ते पुण्य माटे थाय छे, तथा परने जे दुःख देवुं ते पापने अर्थे थाय छे.

अहीं श्रीकृष्ण, तीर्थंकर प्रभुउ, मुनिसुव्रतस्वामी विगेरेनां दृष्टांतो पोतानी मेलेज नावी लेवां.

श्रीकृष्णे संतुष्ट थएला देवे दीधेली नेरी वगाडीने द्वारिका नगरीमां वारंवार छ मासने अंते मरकीना उपद्रवने शांत कर्यो हतो. तीर्थंकरोए सांवत्सरिक दान देइने जगतने अनृणी करेलुं छे. मुनिसुव्रतस्वामिजी पण प्रतिष्ठानपुरथी एक रात्रिमां साठ योजन विहार करीने अश्वने प्रतिबोधवा माटे तथा तेनी रक्षा माटे भृगुकछमां आवेला हता. इत्यादि परोपकारनां घणां दृष्टांतो शास्त्रोमां प्रसिद्ध छे.

उपसर्गाः क्षयं यांति, छिद्यंते विघ्नवल्लयः ॥
मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥ १ ॥

अर्थ— श्री जिनेश्वर प्रभुनी पूजा करवाथी उपसर्गोनो नाश थाय छे, विघ्ननी वल्लीउ छेदाइ जाय छे, तथा मनने आनंद थायछे.

जेम पूर्वनवमां क्रोध पामेला द्वैपायन असुरे द्वारिका नगरीनो नंग करवाने इछयुं हतुं, पण नगरना लोकोए जिनपूजा, स्नात्रपूजा, तथा आंबेल आदिक तपो कर्यां, अने ते पुण्यथी बार वर्षोसुधिमां त्यां कंइ पण उपद्रव थयो नहीं. अने पछी लोकोनां पुण्य शिथिल थवाथी ते उपसर्ग त्यां थयो. श्री शांति-

नाथ प्रजु पण ज्यारे गर्भमां हता, त्यारे तेमनी अचिरा माताजीना स्नानोदकथी मरकीनो उपद्रव शांत थयो हतो. हालमां पण अष्टोत्तरी पूजाथी जूत, प्रेत, पिशाच आदिकथी थता उपद्रवो शांत पामेछे.

पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ॥
जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ॥ १ ॥

अर्थ– क्रोडो जिनपूजा करवाथी जे पुण्य थायछे, ते पुण्य एक जिनगुणोना स्तवनथी थाय छे, अने क्रोमोगमे तेवां जिनस्तवनोथी जे पुण्य थाय छे, ते पुण्य नमस्काररूप जिनेश्वर प्रजुना जपथी थाय छे; तेम क्रोमोगमे तेवा जपथी जे पुण्य थायछे, ते पुण्य प्रजुना निरन्तर ध्यानथी थायछे; अने जे पुण्य तेवा क्रोमो गमे ध्यानोथी थायछे, ते पुण्य मोह, मान, मद विगेरेथी रहित थइने एकाग्रताथी तेमां लीन थवाथी थाय छे. पण ते सर्वमां उत्तम जाव होवो जोइए. कह्युं छे के,

मंत्रे देवे गुरौ तीर्थे, दैवज्ञे स्वप्नजेषजे ॥
यादृशी जावना यस्य, सिद्धिर्जवति तादृशी ॥ १ ॥

अर्थ– मंत्रमां, देवमां, गुरुमां, तीर्थमां, निमित्तिआमां, स्वप्नमां, तथा औषधमां जेवी जेनी जावना तेवी सिद्धि थायछे. हवे तेपर दृष्टांत कहेछे.

कुसुमपुर नामना नगरमां धनसार नामे एक शेठ हतो, ते हमेशां त्रिकाल जिनपूजा करतो हतो. एक दहाडो तेणे पोतानां न्यायोपार्जित द्रव्यथी एक जिनमंदिर बंधाव्युं. पण ते कार्य तेना पुत्रोने रुच्युं नहीं. कर्मवशे अनुक्रमे ते शेठ निर्धन थयो, त्यारे तेना पुत्रो तेने कहेवा लाग्या के, तमोए पुण्य कर्युं, तेथी सर्व धन नष्ट थयुं. एवी रीते सांजलतां छतां पण शेठ तो श्रद्धा राखीने हमेशां थोडुं थोडुं पण पुण्य करवा लाग्यो. एक दहामो

गुरुए तेने पूछयुं के, हालमां तमोने सुख तो छेनी! त्यारे तेणे कह्युं के, संतोषरूपी सुख छे, पण लोकोमां धर्मनी अपभ्राजना थाय छे. ते सांभळी गुरुए तेने पार्श्वमंत्र नामनो महामंत्र आप्यो. पछी ते शेठे पोताना जिनमंदिरमां रहेली प्रतिमापासे कमल आदिकनी पूजापूर्वक ते मंत्रनो जाप कर्यो. तेथी संतुष्ट थएला धरणेंद्रे प्रगट थइ तेने कह्युं के, तुं इच्छित वस्तु मागी ले? त्यारे शेठे कह्युं के, आ कमलनी पूजाथी मने जेटलुं पुण्य मळयुं छे, तेटलुं द्रव्य आपो? ते सांभळी धरणेंद्रे कह्युं के, तेटलां पुण्यनुं फल आपवाने तो चोसठे इंद्रो पण समर्थ नथी, अने ते पुण्यनुं वर्णन करवाने केवलीउ पण समर्थ नथी. कह्युं छे के, सागरोपमनुं आयुष्य होय, तेम ते आयुष्य व्याधि आदिकथी रहित होय, सर्व वस्तुउ संबंधि पंडितपणुं होय, अने क्रोडोगमे जीहाउ होय तोपण श्री जिनपूजाना फलनुं वर्णन करवाने ते शक्तिवान नथी. त्यारे शेठे कह्युं के, एक पुष्पनुं फल आपो? तेटलुं आपवाने पण ज्यारे ते असमर्थ थयो त्यारे तेणे एक पांखडीनुं फल माग्युं, पछी तेटलुं पण ज्यारे ते आपवाने असमर्थ थयो त्यारे शेठे तेने कह्युं के, त्यारे तो आप आपने स्थानके पधारो? पछी धरणेंद्रे कह्युं के, देवदर्शन वृथा होय नहीं, माटे में तारा घरना चारे खुणाउमां रत्नोथी भरेला कुंभो राख्या छे, एम कही ते अदृश्य थयो. पछी शेठे पुत्रोने पुण्यनुं फल देखाडीने तेमने धर्ममां स्थिर कर्या. अने ते धनथी ते जीवितपर्यंत जिनपूजामां तत्पर रहीने सुखी थयो.

संसारांभोधिबेडा शिवपुरपदवी दुर्गदारिद्र्यभूभृद्
भंगे दंभोलिभूता सुरनरविभवप्राप्तिकल्पद्रुकल्पा ॥
दुःखाग्नेरंबुधारा सकलसुकरी रूपसौभाग्यभर्त्री
पूजा तीर्थेश्वराणां भवतु भवभृतां सर्वकल्याणकर्त्री ॥१॥

अर्थ– संसाररूपी समुद्रमांथी तरवाने नाव सरखी, मोक्ष-पदनी पदवी सरखी, भयंकर दलिद्रतारूपी पर्वतने भेदवामां वज्रसरखी, सुर, नर विगेरेनां सुखोनी प्राप्ति कराववामां कल्प-वृक्ष सरखी, दुःखरूपी अग्निने ठारवामां जलधारा सरखी, स-कल सुखोने करनारी, तथा रूप अने सौभाग्य वधावनारी, एवी जिनपूजा प्राणीओने सर्व कल्याणोनी करनारी थाओ ?

श्री जिनेश्वर प्रभुनी पूजा भोगो अने मुक्ति देनारी छे, माटे ते पूजा हमेशां करवी. आ लोक अने परलोकनां सुखोनी इच्छा करनार एवा जे माणसे जिनेश्वर प्रभुनी पूजा करी नथी, ते माणस दुःखीज थाय छे. अने जिनपूजा करनार हमेशां सुखी थाय छे. ते पर दृष्टांत कहेछे.

दशपुर नामना नगरमां वज्रकर्ण नामे राजा हतो. तेने शि-कार करवानुं व्यसन पड्युं हतुं. एक दहाडो वनमां कोइक जै-नमुनिए तेने उपदेश कर्यो के, हे राजन् ! जीवहिंसा करवाथी आ भव अने परभव, बन्नेमां दुःख भोगववां पडे छे. ते सांभली राजाए तेमने कह्युं के, हे भगवन् ! त्यारे हवे मारां कर्मो शी रीते नष्ट थाय ? त्यारे मुनिए कह्युं के, शुद्ध एवा श्री वीतराग प्रभुनी पूजा करवाथी कर्मोनो क्षय थाय छे. ते सांभली राजाए एवो अभिग्रह लीधो के, आजथी हवे मारे श्री जिनेश्वर प्रभु शिवाय बीजा कोइने पण नमस्कार करवो नहीं. एक दहाडो तेणे पोताना स्वामी सिंहोदर राजाने नमतां थकां तात्विक रीते तो मुद्रिकामां रहेली जिनप्रतिमानेज तेणे नमस्कार कर्यो. ते जोइ क्रोध पामेला सिंहोदरे मोटा लश्करथी तेनी नगरीने घेरो घाल्यो. ते समये रामचंद्रजी तथा लक्ष्मणजीए पोताना साध-र्मिक एवा वज्रकर्ण राजाने मदद करीने सिंहोदरने बांध्यो. तथा पछी तेने वज्रकर्ण साथे मित्राइ करावी आपी. शास्त्रमां पण कह्युं छे के.

अहो सात्विकमूर्धन्यो, वज्रकर्णो महीपतिः ॥
सर्वनाशेऽपि योऽन्यस्मै, न ननाम जिनंविना ॥ १ ॥

अर्थ– अहो ! वज्रकर्ण राजा खरेखर महासात्विकशिरोमणि हतो, केमके सर्वस्वनो नाश थया छतां पण तेणे श्री जिनेश्वर प्रभु शिवाय बीजाने नमस्कार कर्यो नहीं. (आ वज्रकर्ण राजानी सविस्तर कथा रामायणथी वांची लेवी.)

ये देवं स्नपयंति शाम्यतितमां तेषां रजः कर्मणां
ये नाथं परिपूजयंति जगतः पूज्या भवंत्येव ते ॥
मंगल्यानि जिनस्य ये विदधते तद्विघ्ननाशो भवेत्
पादाब्जे प्रणमंति ये भगवतस्ते वंदनीयाः सताम् ॥ १ ॥

अर्थ– जे माणसो श्री जिनेश्वर प्रभुने स्नान करावे छे, तेउंनी कर्मोरूपी रज शांत थाय छे, वली जेउ प्रभुने पूजे छे, तेउ जगतने पण पूजनिक थाय छे, तेम जे माणसो श्री जिनेश्वर प्रभुपासे मंगल धरे छे, तेउंनां विघ्नोनो नाश थाय छे, तथा जेउ ते प्रभुनां चरणकमलने नमे छे, ते विद्वानोने पण वंदनीक थाय छे.

वली घणी वाटोवाली आरति प्रभुपासे करवाथी क्रोमो कल्पोसुधि माणसो देवलोकमां वसे छे, तथा तेमां कर्पूर मेल्याथी छेवटे तेने मोक्ष पण मले छे. वली कह्युं छे के, धूप पापोने बाले छे, दीपक मृत्युने नाश करनारो छे, नैवेद्य पूजाथी विस्तीर्ण राज्य मले छे, तथा प्रभुने प्रदिक्षणा करवाथी मोक्ष मले छे, वली जिनपूजा वखते यथाशक्ति दान पण आपवुं, केमके, आम्रदेवे भृगुपुरमां श्री मुनिसुव्रतस्वामीजीनी पूजा करीने याचकोने बत्रीस लाख सोनामोहोरो आपी हती.

गंधैश्चारुविलेपनैः सुकुसुमैर्धूपैरखंडाक्षतै-
र्दीपैर्भोज्यवरैर्विभूषणगणैर्वस्त्रैर्विचित्रैः फलैः ॥
नानावर्णसुवर्णपूर्णकलशैः स्तोत्रैश्च गीतादिभिः
पूजां पूज्यपदस्य केऽपि कृतिनः कुर्वंति सौख्यावहाम् ॥

अर्थ— सुगंधिउंथी, मनोहर विलेपनोथी, उत्तम पुष्पोथी, धूपोथी, अखंड अक्षतोथी, दीपकोथी, उत्तम नैवेद्योथी, आभूषणोनां समूहोथी, वस्त्रोथी, विचित्र फलोथी, नाना प्रकारना सुवर्ण कलशोथी, स्तोत्रोथी, तथा गीतादिकोथी, कोइक कृतार्थ माणसोज सुखो आपनारी श्री जिनेश्वर प्रभुनी पूजा करे छे.

इत्यादि बहु भेदोनी रचनापूर्वक जेउ देवपूजा करे छे, तेउ स्वर्गादिकनां सुखो भोगवे छे. वधारे शुं कहेवुं? कोइपण प्रकारे करेली जिनपूजा निष्फल जतीज नथी. कह्युं छे के,

असर्वभावेन यहच्छया वा, परानुवृत्त्या विचिकित्सया वा ॥
ये त्वां नमस्यंति चिनेंद्रचंद्र, तेऽप्यामरीं संपदमाप्नुवंति

अहीं मणिकार श्रेष्ठि तथा सेडक विप्रादिकथी कथा वांची लेवी. पुण्यवान माणसोए वली पर्वने दिवसे तो जिनपूजा, तप, दान, शील आदिक पुण्यनां कार्यो विशेष प्रकारे करवां. जेम जगतमां दीवाली आदिकने दिवसे लोको लाडु आदिकनां उत्तम भोजनो जमे छे, सारां सारां वस्त्रो पहेरे छे, तेम पर्युषणादिक पर्वमां विशेष प्रकारे पुण्य करवुं. कह्युं छे के, मंत्रोमां जेम परमेष्ठि मंत्र, तीर्थोमां जेम शत्रुंजय, दानोमां जेम अभयदान, गुणोमां जेम विनय, व्रतोमां जेम ब्रह्मचर्य, नियमोमां जेम संतोष, तथा तपोमां जेम समता छे, तेम सर्व पर्वोमां पर्युषणापर्व श्रेष्ठ छे. वली तेवीज रीते असाड चोमासुं, कार्तिक चोमासुं, फागण चोमासुं, अने चैत्र तथा आश्विन मासनी अ-

ठाइ पण उत्तम पर्वो छे. इत्यादि पवतिथिउमां प्रतिक्रमण आदिक कर्याथी शुभकर्मो बंधाय छे. कह्युं छे के अष्टमीनी तिथि आठे कर्मोनो नाश करनारी छे, चतुर्दशी मोक्ष आपनारी छे, अने पंचमी केवल ज्ञान आपनारी छे.

अष्टाह्निकादिमहिमां जिनपुंगवानां
कुर्वंति ये सुकृतिनः कृतिनः सुभक्त्या ॥
कर्माष्टकं जगति ते हि भवाष्टकस्य
मध्ये विधूय शिवदं शिवधाम यांति ॥ १ ॥

अर्थ— जे पुण्यशाली जीवो उत्तम भक्तिथी श्री जिनेश्वर प्रभुउनो अठ्ठाइ महोत्सव करे छे, तेउ आ जगतमां खरेखर आठ भवनी अंदर आठे कर्मोनो नाश करीने सुख देनारां मोक्षप्रते जाय छे.

सामायिक, प्रतिक्रमण, पौषध, जिनपूजा, स्नात्रपूजा, विलेपनपूजा, ब्रह्मचर्य, दान, दया प्रमुख क्रिआउ चतुर्मासनां आभूषणो छे. वली ते चतुर्मासमां श्रावकोए व्याख्यानश्रवण, जिनदर्शन, गुरुवंदन, प्रत्याख्यान, आगमश्रवण, तथा शक्तिमुजब तप विगेरे पण कार्यो करवां. वली सांवत्सरिक पर्वने पण उपली क्रीयाउनी साथे आलोचना तथा क्षमायाचन पूर्वक सफल करवुं.

जिणाणं पूअजत्ताए, साहूणं पज्जुवासणे ॥
आवस्सयंमि सज्झाए, उज्जमेह दिणे दिणे ॥ १ ॥

अर्थ— जिनेश्वरोनी पूजामां, साधुउनी पर्युपासनामां, आवश्यकमां, तथा सज्झाय ध्यानमां दिनदिनप्रते उद्यम करवो.

एक दहाडो श्री हेमचंद्राचार्ये कुमारपाल राजाने उपदेश दीधाथी ते त्रिकाल जिनपूजामां तत्पर थया, हमेशां अढारसो

कोटीध्वज शाहुकारोसहित पोताना बनावेला तिहुअणविहार नामना जिनमंदिरमां ते स्नात्रपूजा करवा लाग्या, चतुर्दशीने दिवसे पौषधव्रत लेवा लाग्या, साधर्मीउनां वात्सल्य करवापूर्वक ञोजन करवा लाग्या, दरेक वरसे गरीब श्रावकोने क्रोमोगमे सोनामोहोरो देवा लाग्या, पोताना अगीयार लाख घोडाउने हमेशां वस्त्रथी गालेलुं पाणी पावानो तेमणे माणसोने हुकम कर्यो हतो, साते व्यसनोनुं निवारण कर्युं, एवी रीते अनेक पुण्यनां कार्यो ते राजाए करेलां ढे.

देवपूजा दया दानं, दाक्षिण्यं दमदक्षते ॥
यस्यैते षट् दकाराः स्युः, स देवांशी नरः स्मृतः ॥१॥

अर्थ– देवपूजा, दया, दान, दाक्षिणता, दमता, तथा दक्षता (डहापण) ए ढ " दकारो " जेनी पासे ढे, तेने देवांशी पुरुष जाणवो.

जेम श्री विक्रमादित्य राजाए, सिद्धसेनदिवाकरे प्रगट करेली पार्श्व प्रञुनी प्रतिमा जोइने अत्यंत ञावपूर्वक तेनी पूजा करी हती. वली एक दहाम्रो तेज राजाए नीचे पडेला अक्षतना कणने, हाथी उपरथी पोते उतरीने पोताना मस्तकपर चडाव्या, ते जोइ धान्यनी अधिष्ठाता देवीए खुशी थइने तेने वरदान मागवानुं कह्युं, त्यारे विक्रम राजाए कह्युं के, मारा मालवदेशमां कोइपण दिवसे डुकाल न पडे तेवुं वरदान आपो ? ते सांञली देवीए तेवुं वरदान आप्युं, अन तेथी आजदनसुधि पण मालवामां डुकाल पडतो नथी. वली तेज राजाए सुवर्णपुरुषनी सिद्धिथी ढेक जीवितपर्यंत सघली पृथ्वीने करजरहित करी हती, अने तेथी आजे पण तेनो संवत्सर चाले ढे.

पूज्यपूजा दया दानं, तीर्थयात्रा जपस्तपः ॥
श्रुतं परोपकारश्च, मर्त्यजन्मफलाष्टकम् ॥ १ ॥

अर्थ– जिनपूजा, दया, दान, तीर्थयात्रा, जप, तप, ज्ञान, अने परोपकार ए आठे मनुष्य जन्मनां फलो छे. कह्युं छे के,

त्रिकाल देवपूजा करवी, यशने एकठो करवो, लक्ष्मीने सुपात्रे आपवी, न्यायमार्गपर मनने दोडाववुं, काम, क्रोध आदिक शत्रुउने मारवा, प्राणीउ प्रते दया करवी, जिनेश्वर प्रभुए कहेला सिद्धांतो सांभलवां, अने तेम करीने वेगथी मुक्तिरूपी स्त्रीने वरवी. जिनपूजा करवाथी भय थतो नथी, दरिद्रता नाश पामे छे, तथा कुगति पण मलती नथी.

देवपूजा गुरूपास्तिः, स्वाध्यायः संयमस्तपः ॥
दानं चेति गृहस्थानां, षट् कर्माणि दिने दिने ॥ १ ॥

अर्थ– देवपूजा, गुरुसेवा, सज्झायध्यान, संयम, तप, अने दान ए छ कार्यो गृहस्थोए हमेशां करवां.

श्रावकोनां गृहकार्य, दुकाननुं कार्य, व्यापार, धनोपार्जन आदिक कार्यो तो आ लोकने साधनारां छे, पण उपर जणावेलां छ कार्यो परलोक साधनारां छे, माटे श्रावकोए ते कार्यो हमेशां करवां. शास्त्रमां कह्युं छे के, त्रिकाल जिनपूजा करवी, हमेशां संघनुं सन्मान करवुं, सज्झायध्यान करवुं, गुरुसेवा करवी, विधिपूर्वक दान देवुं, प्रतिक्रमण करवुं, शक्तिप्रमाणे व्रत पालवुं, ज्ञाननो पाठ करवो, इत्यादि धर्मकार्यो श्रावकोए करवां. मंडपदुर्गमां कुंवरपाल नामना श्रावक हमेशां दरेक पहोरे सीता महासतीए करावेली श्री सुपार्श्वनाथ प्रभुनी प्रतिमानी पूजा करता जेम श्रेणिक राजाए विविध प्रकारनां पुष्पादिकोथी जिनपूजा करेली छे, तेम जिनपूजा करवी, श्रीकृष्णे जेम नेमीश्वर प्रभु प्रमुख अढार हजार साधुउने वांद्या हता तेम गुरुमहाराजने वंदन करवुं. श्रेयांसकुमारनी पेठे दान देवुं, सुदर्शन शेठनी पेठे शील पालवुं.

आदीश्वर प्रजुनी पेठे तप करवो. जरत चक्रीनी पेठे जावना जाववी. वधारे शुं कहेवुं ? कामदेव श्रावकनी पेठे धर्ममां दृढता राखवी.

एक दहाडो श्रेणिक राजा तथा अजय कुमारे नगरनी बहार श्वेत अने श्याम रंगना बे मेहेलो बंधाव्या. पछी धर्मी अने पापी-उनी परीक्षामाटे तेउए नगरमां एवो पटह वगडाव्यो के, जेउ धर्मी होय तेउए श्वेत मेहेलमां जवुं, अने जेउ पापी होय ते-उए श्याम मेहेलमां जवुं. ते सांजली सघला व्यापारीउ तथा कालकसूकर आदिक पापीउ श्वेत प्रासादमां दाखल थया, अने आनंद श्रावक तथा कामदेव श्रावक बन्ने जण श्याम प्रासादमां दाखल थया. ते जोइ श्रेणिक राजाए तेउने पूछ्युं के, तमो अहीं केम आव्या ? त्यारे ते बन्ने महान् श्रावकोए कह्युं के, अमो तो गृहस्थीउ छीए माटे महा आरंज विगेरे पापोमां पडेला छीए. ते सांजली राजाए तेउने नमस्कार करी तेउनुं पूजन कर्युं.

जिनपूजा, विवेक, सत्य, पवित्रता, सुपात्रदान विगेरे श्राव-कोनां आजूषणो छे, पण मुकुट, कंकण, हार, मुद्रिका विरेरे ख-रेखरां कंइ आजूषणो नथी. कह्युं छे के, गुरुनी आज्ञा, ते तिलक-रूप छे, आगमोनां वचनोनुं श्रवण कुंडलरूप छे, ज्ञान हाररूप छे, दान कंकणरूप छे, महान् तीर्थोनी यात्रा करवी ते चरणोनुं जूषण छे, एवी रीतनां दिव्य आजूषणो उत्तम श्रावकोए अं-गीकार करवां.

एक दहाडो द्वारिका नगरीमां श्री नेमिनाथ प्रजु संध्या समये आवीने समोसर्या. त्यारे श्रीकृष्णे पोतानी सजामां कह्युं के, प्रजातमां श्री नेमिनाथ प्रजुने जे माणस प्रथम जइने नमस्कार करशे तेने हुं मारो पाटवी घोडो आपीश. ते सांजली घोडानी लालचथी अश्वपाल रात्रिएज प्रजुने जइ वांदी आव्यो. शांबकु-मारे पोताना घरमांज रहीने प्रजुनी दिशासन्मुख सात आठ प-

गलां चालीने तथा उत्तरासंग करीने, एकसो आठ काव्योनी स्तुतिपूर्वक प्रभुने वंदन कर्युं. प्रभाते प्रभुना मुखथी ते बन्नेनो वृत्तांत जाणीने श्रीकृष्णे शांबकुमारने ते पाटवी घोडो आप्यो, अने अश्वपालने अभव्य जाणीने नगरमांथी कहाडी मेल्यो.

किंकरंति सुरास्तस्य, तस्य मित्रंति शत्रवः ॥
येन जन्मांतरोपात्ता, पूजा पुण्यमहौषधी ॥ १ ॥

अर्थ— जे माणसे जन्मांतरमां पुण्यरूपी महान् औषधिरूप जिनपूजा मेलवेली छे, तेनी पासे देवो तो चाकररूप थइने रहेछे, तथा शत्रुउपण तेना मित्रो थाय छे.

परोपकारः सुकृतैकमूलं, परोपकारः कमलाउकूलम् ॥
परोपकारः प्रभुताविधाता, परापकारः शिवसौख्यदाता

अर्थ— परोपकार छे, ते पुण्यनुं मूल छे, लक्ष्मीनी साडी छे, मोटाइ करनारो छे, तथा मोक्ष सुखने आपनारो छे. (तेपर दृष्टांत कहेछे.)

एक दहाडो सौधर्मेंद्रे पोतानी सभामां कह्युं के, हे देवो ? श्रीकृष्ण वासुदेव कोइनो पण अवगुण बोलता नथी. ते सांभली कोइक देवे तेनी परीक्षामाटे श्रीकृष्णने जवाना मार्गमां एक कुतरानुं मुडदुं मेल्युं, अने तेमांथी अत्यंत दुर्गंध फेलावा लागी. ते जोइ श्रीकृष्णे तेना सर्व अवगुणो दूर करीने कह्युं के, नीलमना थालमां जेम मोतीउ, तथा आकशमां जेम ताराउ तेम आ कुतराना श्याम शरीरमां तेना दांतोनी श्रेणि शोभे छे. ते जोइ तुष्टमान थएला देवे प्रत्यक्ष थइ तेमने वरदान मागवानुं कह्युं. त्यारे श्रीकृष्णे कह्युं के, जो तुं मारापर तुष्टमान थयो होय तो तुं तेम कर के, जेथी सर्व लोकोने रोगनो उपद्रव न थाय. केमके, आ मारुं अने आ परनुं एवी गणना तो क्षुद्र माणसोनी

होय छे, उदार माणसोने तो आ सर्व पृथ्वी कुटुंबरूपज छे. ते सांभली ते देवे तेमने एक चंदननी भेरी आपी, अने कह्युं के, आ भेरी वगाडवाथी छ माससुधिमां रोगनो उपद्रव नहीं थाय, एम कही ते देव अंतर्ध्यान थयो. पछी केटलेक काले ते भेरी साचवनार माणसे लोभथी तेना टुकडा करी वेची नाख्या. पछी रोगनी शांति माटे श्रीकृष्णे धन्वंतरि अने वैतरणी नामे बे वैद्यो बनाव्या. एम विचारि सर्व लोकोए परोपकार करवो.

पूजामाचरतां जगत्त्रयपतेः संघार्चनं कुर्वताम्
तीर्थानामभिवंदनं विदधतां जैनं वचः शृण्वताम् ॥
सद्दानं ददतां तपश्च चरतां सत्वानुकंपाकृतां
येषां यांति दिनानि जन्मसफलं तेषां सपुण्यात्मनाम् ॥

अर्थ– त्रणे जगतना स्वामिनी पूजा करतां थकां, संघनी भक्ति करतां थकां, तीर्थोनी यात्रा करतां थकां, जैनवचन सांभलता थकां, सुपात्रे दान आपतां थकां, तप तपतां थकां, तथा प्राणीउपर दया करतां थकां जे पुण्यशालीउना दिवसो निर्गमन थाय छे, तेउनोज जन्म सफल छे.

वली देवनी पूजा करतां थकां, सत्य वचन बोलतां, थकां, सज्जनोनो संग करतां थकां, तथा दान देतां थकां जेना दिवसो जाय छे, तेनाज गोत्रने जन्मने अने जीवितने अमो उत्तम मानीए छीए. निद्रा लीधाबाद पंचपरमेष्ठीनुं ध्यान धरवुं, दिवसे जिनपूजा कर्याबाद व्यापार आदिक कार्य करवुं, साधुउने वंदन करवुं, प्रमादनो त्याग करवो, सिद्धांतो सांभलवां, सर्वपर उपकार करवो, सुपात्रे दान आपवुं, विगेरे उत्तम कार्यो करवां.

हवे तेपर दृष्टांत कहेछे.

चंपा नामनी नगरीमां जिनदास नामे एक श्रावक वसतो हतो ते त्रिकाल जिनपूजन करतो हतो, बन्ने वखत प्रतिक्रमण करतो

हतो, तथा प्रत्याख्यान आदिक करीने गुरुसेवामां पण तत्पर रहेतो हतो. एक दहाडो ते आठमने दिवसे पौषधव्रत लेइने रात्रिए एक शून्य घरमां कायोत्सर्ग ध्यानमां रह्यो हतो. एटलामां परपुरुषमां आसक्त थएली तेनी स्त्री पोताना यारसहित तेज घरमां एक खाटलो लेइने आवी. ते खाटलाना पायामां एक अणीवालो खीलो हतो. अंधारामां ते खाटलो तेणीए त्यां नाख्यो, अने तेथी ते खीलो जिनदासना पगमां खुंची गयो. तेथी तेने घणुं कष्ट थयुं, मेरुनी पेठे निष्कंप रही कोयोत्सर्ग ध्यानमांज ते मृत्यु पामीने देवलोकमां देवपणे उत्पन्न थयो. तथा त्यांथी आवीने तेणे पोतानी स्त्रीने प्रतिबोध आप्यो.

वंद्यास्तीर्थकृतः सुरेंद्रमहिताः पूजां विधायामलां
सेव्याः सन्मुनयश्च पूज्यचरणाः श्रव्यं च जैनं वचः ॥
सच्छीलं परिपालनीयमतुलं कार्यं तपो निर्मलं
ध्येया पंचनमस्कृतिश्च सततं भाव्या च सद्भावना ॥१॥

अर्थ— इंद्रोथी पूजाएला एमा तीर्थंकरोनी निर्मल पूजा करीने तेमने वांदवा, पूज्यपाद एवा उत्तम मुनिओने सेववा, जिनवचन सांभलवुं, निर्मल तप तपवो, हमेशां पंचपरमेष्ठीनुं ध्यान धरवुं तथा शुभ भावना भाववी.

कर्तव्यं जिनवंदनं विधिपरैर्हर्षोल्लसन्मानसैः
सच्चारित्रविभूषिताः प्रतिदिनं सेव्याः सदा साधवः ॥
श्रोतव्यं च दिने दिने जिनवचो मिथ्यात्वनिर्नाशनं
दानादौ व्रतपालने च सततं कार्या रतिः श्रावकैः ॥१॥

अर्थ— हर्षथी उल्लसायमान मनवाला थइने हमेशां विधिपूर्वक जिनवंदन करवुं, उत्तम चारित्रथी भूषित थएला मुनिओने हमेशां सेववा, दन दनप्रते मिथ्यात्वनो नाश करनारुं एवुं जिन-

वचन सांजलवुं तथा व्रत पालवामां अने दानादिकमां पण ह-
मेशां श्रावकोए प्रीती करवी.

अहीं कुमारपाल राजानुं, चिलातिपुत्रनुं, वंकचूलनुं, मास-
तुसमुनिनुं, चंदनबालानुं, मूलदेवनुं, तथा शालिनद्रनुं अंबडप-
रिव्राजकनुं विगेरे दृष्टांतो जिनपूजनादिक उपरे जाणी लेवां.

दया दीनेषु वैराग्यं, विधिवज्जिनपूजनं ॥
विशुध्धा न्यायवृत्तिश्च, पुण्यं पुण्यानुबंध्यदः ॥ १ ॥

अर्थ– गरीबो प्रते दया, वैराग्य, विधिपूर्वक जिनपूजा, अने
शुध्ध न्यायवृत्ति, ए पुण्यानुबंधि पुण्य छे.

इति तपगछेश श्री सोमसुंदरसूरि श्री रत्नशेखरसूरि पं० नंदि-
रत्नगणि शिष्य पं० रत्नमंदिरगणि गुंफितायां श्री उपदेशतरंग-
ण्यां पूजापंचाशक नामा तृतीयस्तरंगः समाप्तः ॥ श्रीरस्तु ॥

चतुर्थस्तरंगः प्रारभ्यते

हवे तीर्थयात्राना उपदेशरूप चोथो तरंग कहे छे.

वपुः पवित्रीकुरु तीर्थयात्रया, चित्तं पवित्रीकुरु धर्मवांछया।
वित्तं पवित्रीकुरु पात्रदानतः, कुलं पवित्रीकुरु सच्चरित्रैः

अर्थ– हे जव्य माणस ! तुं तीर्थयात्राथी शरीरने पवित्र कर?
धर्मनी इछाथी मनने पवित्र कर? सुपात्र दानथी धनने पवित्र
कर? तथा उत्तम आचरणोथी कुलने पवित्र कर?

श्रीसिध्धसेन दिवाकरजीना प्रतिबोधथी विक्रमराजाए चौद
मुकुटबध्ध राजाउ, सीत्तेर लाख श्रावको, सिध्धसेनदिवाकर
प्रमुख पांच हजार आचार्यो, एकसो उगणोतेर सुवर्णनां जिन-
मंदिरो, एक क्रोड दश लाख अने पांच हजार गाडांउ, अढार

लाख घोडाउं, उत्रीससो हाथीउं, तथा बीजी पण केटलीक सामग्रीउं सहित श्रीशत्रुंजय तीर्थनी यात्रा करी हती.

प्रन्नावना श्रीजिनराजचैत्यं,
जिनप्रतिष्ठा जिनतीर्थयात्रा ॥
अमारिरेतानि महावृषाणि,
पंचापि पंचांगरमाकराणि ॥ १ ॥

अर्थ— प्रन्नावना, जिनमंदिर, जिनबिंबनी प्रतिष्ठा, जिनतीर्थोनी यात्रा, तथा अमारिपटह ए पांचे महाधर्मनां कार्यो, पंचांगी लक्ष्मीना हाथोरूप छे.

हवे तेपर दृष्टांत कहेछे.

एक दहाडो अढारसो कोटिध्वज व्यापारिउंनी साथे कुमारपाल राजाए पौषध ग्रहण करेलो हतो, ते वखते कुमारपाल राजा श्री हेमचंद्र महाराजने वांदिने तेमनी पासे बेठा हता. ते वखते हेमचंद्रजी महाराजे तेमने तीर्थयात्रानो उपदेश आप्यो के, आरंन्नोनी निवृत्ति, द्रव्यनी सफलता, संघनुं वात्सल्य, जीर्ण चैत्योनो उद्धार, ए सघलां तीर्थयात्रानां फलो छे, अने तेथी तीर्थंकर गोत्र बंधाइने छेवटे मोक्ष मले छे. ते सांन्नली कुमारपाल राजाए तेमने पूछ्युं के, हे न्नगवन्! यात्रा केटला प्रकारनी छे? त्यारे आचार्य महाराजे कह्युं के, अष्टाह्निका, रथयात्रा, तथा तीर्थयात्रा एम यात्रा त्रण प्रकारोनी छे. ते सांन्नली कुमारपाल राजाए बहोतेर राणा तथा अढारसो कोटिध्वज शाहुकारो अने लाखो गमे बीजा श्रावकोना संघसहित श्री विमलाचल, गिरनार विगेरे तीर्थोनी घणाज आडंबरथी यात्रा करी. तेमां दरेक स्थानके स्नात्रमहोत्सव, ध्वजारोपण, संघवात्सल्य, आदिक कार्यो तेमणे कर्यां, तेनो विशेष वृत्तांत जिनमंडन वाचकना रचेला कुमारपाल प्रबंधथी जाणी लेवो.

हवे ते तीर्थयात्रा नीचेप्रमाणे विधिपूर्वक करवी.

एकाहारी भूमिसंस्तारकारी,
पद्भ्यां चारी शुद्धसम्यक्त्वधारी ॥
यात्राकाले सर्वसच्चित्तहारी,
पुण्यात्मा स्याद् ब्रह्मचारी विवेकी ॥ १ ॥

अर्थ– विवेकी एवो पुण्यशाली माणस यात्रा समये एक वखतज भोजन करनारो होय, पृथ्वीपर संथारो करनारो होय, पगे चालनारो होय, शुद्ध सम्यक्त्वने धरनारो होय, सर्व प्रकारनां सचित्तोने परिहरनारो होय, तथा ब्रह्मचारी होय.

आबुजी पासे रहेला उवर नामना गाममां रहेनार पारसशाहना पुत्र देशलशाहे चौद क्रोड सोनामोहोरो खरचीने शत्रुंजय आदिक सात तीर्थोनी यात्रा करी छे. कह्युं छे के,

श्रीदेशलः सुकृतपेशलवित्तकोटी-
श्चंचच्चतुर्दशजगज्जनितावदातः ॥
शत्रुंजयप्रमुखविश्रुतसप्ततीर्थ-
यात्राश्चतुर्दश चकार महामहेन ॥ १ ॥

वली तेज देशलशाहना वंशमां थएला लल्लशाह तथा वीजडशाहे विक्रम संवत १३५३नी सालमां विमलवसतिनो उद्धार कर्यो छे.

सदा शुभध्यानमसारलक्ष्म्याः,
फलं चतुर्धा सुकृताप्तिरुच्चैः ॥
तीर्थोन्नतिस्तीर्थकृतां पदाप्ति-
र्गुणा हि यात्राप्रभवाः स्युरेते ॥ १ ॥

अर्थ– हमेशां शुभध्यान, असार एवी लक्ष्मीनुं फल, उंचे प्रकारे पुण्यनी प्राप्ति, तीर्थनी उन्नति, तथा तीर्थंकरपदनी प्राप्ति एटलां तीर्थयात्राथी थतां फलो जाणवां.

तीर्थयात्रामां मार्गमां देवपूजा, दरेक गामनां चैत्योनी परिपाटी, संघवात्सल्य आदिक कार्यो करवाथी शुभ ध्यानज रहेछे, पण धान्य, घृत, चर्म, वस्त्र आदिकना व्यापारीनी पेठे ते समये, "दुकाल आदिक थाय तो ठीक" एवी रीतनुं दुर्ध्यान कंइ थतुं नथी. वली ते समये चंचल एवी लक्ष्मीने साते क्षेत्रोमां जोडवाथी तेनी सफलता पण थाय छे. वली छरी पालवाथी दान, शील, तप तथा भावनारूप पुण्योनी प्राप्ति थाय छे; वली ते समये जगो जगोए महोत्सव करवाथी तीर्थनी उन्नति पण थाय छे, अने परभवमां तेथी तीर्थंकरगोत्र थाय छे.

जेम थारापद्र नामना नगरना रहेवासी श्रीमाल ज्ञातिना शेठे मोटा आडंबरथी श्री शत्रुंजय तीर्थनी यत्रा करी हती. ते समये तेनी साथे सातसो तो देवालय हतां; तेमां एक हजार पांचसोने दश जिनबिंबो हतां. चार हजार गाडां हतां. पांच हजार घोडाउ हता. बावीसो उंटो हता; नेवु पालखीउ हती. सात पाणीनी परबो हती. बेंतालीस जल वहन करनारा बलदो हता. त्रीस जलवहन करनारा पाडाउ हता. एकसो रसोइ करवानां मोटां कडायां हतां. छत्रीस आचार्यो हता. एकसो कंदोइ हता. एकसो बीजा रसोइआ हता. बसो मालीउ हता. एकसो तंबोली हता. एकसो छत्रीस दुकानो हती. चौद लुहारो हता. सोल सुतारो हता. अने ते तीर्थयात्रामां तेणे बारक्रोड सोनामोहोरो खरची हती. एक क्रोड सोनामोहोरो खरचीने तेणे ज्ञानभंडार कराव्यो, अने ते ज्ञानभंडारमां छलाख अने उगणचालीस हजार पुस्तको तेणे लखाव्यां. ते दरेक पुस्तकनी अकेकी प्रति तेणे सुवर्णनी शाहीथी लखावी, अने बाकी सघलीउ मषीनी शाहीथी लखावी. वली त्रणसो आठ श्रावकोने तेणे पोताना सरखाज धनाढ्य कर्या. वली तेणे बे एवी तो उत्तम कोरणीनां जिनमंदिरो बंधाव्यां के, एकेक जिनमंदिरनी किम्मतथी साधा-

रण कोरणीनां तेवां चोर्यासी चोर्यासी जिनमंदिरो थाय. वळी पोताना मृत्यु समये तेणे साते क्षेत्रोमां सात क्रोड सोनामोहोरोनो व्यय कर्यो.

श्रीतीर्थपांथरजसा विरजीभवंति,
तीर्थेषु बंभ्रमणतो न भवे भ्रमंति ॥
द्रव्यव्ययादिह नराः स्थिरसंपदः स्युः,
पूज्या भवंति जगदीशमथार्चयंतः ॥ १ ॥

अर्थ- श्री तीर्थमार्गनी रजथी प्राणीओ कर्मोरूपी रजथी मुक्त थाय छे, तीर्थोमां भमवाथी आ भवमां भमवुं पडतुं नथी, तीर्थमां द्रव्यनो व्यय करवाथी प्राणीओ स्थिर संपदावाळा थाय छे, अने प्रभुने पूजवाथी तेओ पण पूजनीक थाय छे.

जेम श्रीवस्तुपाळे विक्रम संवत १२८५ मां पेहेली श्री शत्रुंजय तीर्थनी यात्रा करी हती. ते समये तेमनी साथे चोवीस तो हाथीदांतनां जिनमंदिरो हतां, एकसो वीस काष्ठनां जिनमंदिरो हतां, पस्ताळीससो गाडां हतां, सातसो पाळखीओ हती. पांचसो कारिगरो हता, सातसो आचार्यो हता, बे हजार श्वेतांबर मुनिओ हता, अग्यारसो दिगंबरो हता, ओगणीससो साधवीओ हती, चार हजार घोडाओ हता, बे हजार ऊंटो हता, अने, सात लाख तो माणसो हतां. एवी रीते पेहेली यात्रा कर्या बाद तेथी पण अधिक अधिक आडंबरथी तेमणे बीजी यात्राओ करी हती.

सुराष्ट्र देशमां आवेला गोमंडल नामना गामना रहेवासी धाराकशाह नामे शेठ हता. तेने सात पुत्रो हता, सातसो सुभटो हता, तेरसो गाडां हतां, अने तेर क्रोड सोनामोहोरो तेनी पासे हती. तेटली सामग्रीसहित श्री शत्रुंजय तीर्थनी यात्रा करीने ते रैवताचळपर गया. पण ते समये ते तीर्थने दिगंबरोए स्वाधिन

करेलुं हतुं. अने तेथी तेणे त्यांना राजा खेंगारसाथे युद्ध करवुं पड्युं. तेमां तेनां सात पुत्रो, तथा सातसो सुभटो मार्या गया. तेथी ते शेठ बप्पभटीजीसूरिना सेवक आमराजापासे गोपगिरिमां गया. अने त्यां व्याख्यानमां जइ तेमणे पोतानो वृत्तांत आचार्यजी महाराज पासे निवेदन कर्यो. ते सांभली श्री बप्पभट्टीजी सूरिराजे ते श्री गिरनार तीर्थनो महिमा व्याख्यानमां कही बताव्यो. ते सांभली आमराजाए एवो अभिग्रह लीधो के, गिरनारपर श्री नेमिनाथ प्रभुनां दर्शन कर्याविना मारे भोजन करवुं नहीं. ते जोइ त्यांना बीजा एक हजार श्रावकोए पण तेवोज अभिग्रह लीधो. पछी त्यांथी संघ चालवा लाग्यो ते वखते एक लाख सुभटो, एकलाख घोडाउ, सातसो हाथीउ, वीसहजार उंटो, त्रण लाख पालाउ, वीसहजार श्रावको विगेरेनो परिवार हतो. बत्रीस उपवासे ते राजा अनुक्रमे स्तंभतीर्थमां पधार्या. तथा पछी अंबिका देवीना प्रसादथी दिगंबरोनो पराजय कर्यो, अने त्यांथी प्रयाण करी गिरनारनुं तीर्थ स्वाधिन कर्युं.

सद्द्रव्यं सत्कुले जन्म, सिद्धक्षेत्रं समाधयः ॥
संघश्चतुर्विधो लोके, सकाराः पंच दुर्लभाः ॥ १ ॥

अर्थ– सद्द्रव्य, सुकुलमां जन्म, सिद्धक्षेत्र, समाधि तथा चतुर्विध संघ ए पांच सकारो आ जगतमां दुर्लभ छे.

शत्रुंजयः शिवपुरं, नदी शत्रुंजयाभिधा ॥
श्रीशांतिः शमिनां दानं, शकाराः पंच दुर्लभाः॥१॥

अर्थ– शत्रुंजय तीर्थ, शिवपुर, शत्रुंजयी नदी, शांतिनाथ प्रभु तथा शमियो (मुनियो) प्रते दान, ए पांच शकारो दुर्लभ छे.

जे माणसो सर्व प्रकारोथी विधिपूर्वक आ तीर्थयात्रा

करेछे, तेउए चंद्रमां पोतानुं निर्मल नाम लखेलुं छे, तेउए आ पृथ्वीने पवित्र करेली छे, वली ते कृतार्थ पुरुषो सज्जनोने वंदनीक छे, तेम ते वंशना आभूषण रूप छे, वली अत्यंत द्रव्यवान थया थका जीवे छे, अने जय पामे छे, तथा तेउज कल्याणना स्थानक रूप छे.

एवी रीतनो उपदेश श्री धर्मघोष सूरिजीना मुखथी सांभलीने पेथडशाह तथा झांझणशाहे विमलाचलनी घणाज आडंबरथी यात्रा करी हती. तेनो विशेष वृत्तांत रत्नमंडन सूरिजीए करेला सागरकाव्यथी जाणी लेवो.

भरत चक्रीए शत्रुंजय तीर्थपर स्वर्णमय प्रासाद बंधावीने तेमां मणिमय प्रतिमाउ स्थापी हती. तेमना समयमां नवाणुं क्रोड नेव्यासी लाख अने चोर्यासी हजार राजाउ संघपति थया हता. सगर चक्रीए ताम्रमय प्रासाद बंधावीने तेमां रत्नमय बिंबो स्थापन कर्यां हतां. तेना समयमां पचास क्रोड पंचाणुलाख अने पंचोतेर हजार राजाउ संघपति थया हता. पांडवो अने विक्रमादित्य वच्चे चोर्यासी हजार राजाउ संघपति थया हता.

तैरात्मा सुपवित्रितो निजकुलं तैर्निर्मलं निर्मितं
तैः संसारमहांधकूपपततां हस्तावलंबो ददे ॥
लब्धं जन्मफलं कृतं च कुगतिद्वारैकसंरोधनं
ये शत्रुंजयमुख्यतीर्थनिवहे यात्रासु कृतोद्यमाः ॥ १ ॥

अर्थ– जेउए श्री शत्रुंजय तीर्थनी यात्रामां उद्यम करेलो छे, तेउए आत्माने पवित्र करेलो छे, पोताना कुलने निर्मल करेलुं छे, संसाररूप अंधकुवामां पडता माणसोने हस्तावलंबन दीधेलुं छे, जन्मनुं फल मेलव्युं छे, तथा कुगतिना द्वारने अटकाव्युं छे.

कह्युं छे के, हजारो गमे पापो करीने, तथा सेंकडो गमे जीवोने मारीने पण आ तीर्थ मेलवीते तिर्यंचो पण मोक्षे गएला छे. आतीर्थनो सर्व महिमा शत्रुंजयमाहात्म्यथी जाणी लेवो. वली अहीं बावन देवालयनी यात्रा करनारा सारंगशाह, चम्मालीस देवालयनी यात्रा करनार सोनपाल शाह, चोविस देवालयनी यात्रा करनार सालिंगशाह,समराशाह विगेरेनां दृष्टांतो जाणी लेवां.

श्री बप्पभट्टीजी सूरिजी आकाशगामिनी नामनी विद्याना बलथी हमेशां पंचतीर्थीनी यात्रा करता हता.

इति श्री तपागछ नायक श्री सोमसुंदर सूरि श्री रत्नशेखर सूरि पं० नंदिरत्नगणि शिष्य पं० रत्नमंदिरगणि गुंफितायां श्री उपदेशतरंगिण्यां चतुर्थस्तीर्थयात्रोपदेशस्तरंगः ॥ श्रीरस्तु ॥

पंचमस्तरंगः प्रारभ्यते

हवे धर्मोपदे रूप पांचमो तरंग कहेछे.

यत्कल्याणकरोऽवतारसमयः स्वप्नानि जन्मोत्सवो
यद्रत्नादिकवृष्टिरिंद्रविहिता यद्रूपराज्यश्रियः ॥
यद्दानं व्रतसंपदुज्ज्वलतरा यत्केवलश्रीर्नवा
यद्रम्यातिशया जिने तदखिलं धर्मस्य विस्फुर्जितम्॥१॥

अर्थ– जिनेश्वर प्रभुना जन्मसमये जे कल्याणक थाय छे, तेमनी माताने जे उत्तम स्वप्नो आवे छे, तेमनो जे जन्मोत्सव थाय छे, इंद्र जे तेमनी पासे रत्नोनी वृष्टि करे छे, वली तेमने जे रूप अने राज्यनी शोभा मले छे, तेमनुं जे वरसीदान छे, उत्तम व्रत छे, तेम केवलज्ञाननी जे तेमने लक्ष्मी छे, तेम तेमने जे उत्तम अतिशयो छे, ते सघलुं धर्मनुं माहात्म्य छे.

वली निराधार एवा पण कुमारपालने जे अढार देशोना रज्यनी प्राप्ति थइ, श्रीपालराजाना कुष्टनी शांति थइ, विक्रमराजाने

अग्निवेताल वश थयो, भरत राजाने चक्रीपणानी प्राप्ति थइ, बाहुबलीने अत्यंत बल प्राप्त थयुं, अभयकुमार तथा शालिभ-द्रादिकोने अपूर्व ऋद्धि प्राप्त थइ, सुभूम चक्रीने माढाउंनो थाल चक्ररूप थयो, ते सघलुं धर्मनुंज माहात्म्य जाणवुं. वली धर्मथी-ज समुद्र, मेघ, अग्निविगेरे वश थाय छे. इंद्र, चक्री, वासुदेव विगेरे जे संपदाउंने भोगवे छे, ते सघलुं धर्मनुंज महात्म्य छे. सौधर्मेंद्रने बत्रीसलाख विमानो, चोर्यासी हजार सामानिक दे-वो विगेरेनी ऋद्धि धर्मथीज मलेली छे. वली चक्रवर्तिने छ खंड-भरतक्षेत्र, बत्रीसहजार देशो,नव निधानो,चौद रत्नो,छन्नुं क्रोड गा-म, छन्नुं क्रोड पाला, चोर्यासीलाख हाथी, तेटलाज घोडा, तथा तेटलाज रथो, चोसठहजार राणीउं, एकलाख अठाविस हजार वारांगनाउं, सेवा करनारा बत्रीसहजार मुकुटबद्ध राजाउं, विगेरे जे संपदाउं मलेली छे, ते पण धर्मना प्रभावथीज मलेली छे. वा-सुदेवने तेथी अर्धि ऋद्धि मले छे, तेम कोइने चिंतामणिरत्न, का-मधेनु, दक्षिणावर्तशंख, चित्रावेली, सुवर्णसिद्धि, कल्पवृक्ष विगेरे जे उत्तम पदार्थो मले छे, ते पण धर्मनोज प्रभाव जाणवो.

आरोग्यं सौभाग्यं, धनाढ्यता नायकत्वमानंदः ॥
कृतपुण्यस्य स्यादिह, सदा जयो वांछितावाप्तिः ॥ १ ॥

अर्थ— पुण्यशाली पुरुषने आ जगतमां हमेशां आरोग्यता, सौभाग्य, धनाढ्यपणुं, नायकपणुं, आनंद तथा इच्छित वस्तुनी प्राप्ति थाय छे.

धर्मथी श्री आदिनाथ प्रभुनी पेठे आरोग्यपणुं मले छे. के-मके, चोर्यासीलाख पूर्वना आयुष्यनी अंदर कोइपण दिवसे ते-मनुं मस्तक पण दुःख्युं नथी; वली वरसीतपने पारणे भारी एवा सेलडीरसना पारणाथी पण तेमने कंइ नुकशानी थइ नहीं. वसुदेवनी पेठे धर्मथी सौभाग्य थाय छे; केमके, सामान्यप-

णामां पण तेमनां बहोतेर हजार कन्याउ साथे लग्न थयां हतां. शालिजजादिकने धर्मथी धनाढ्यपणुं प्राप्त थयुं छे. कुमारपाला-दिकने धर्मथी राज्य मल्युं छे. रोहिणी राणीने धर्मथीज शोकनो अजाव अने आनंद थयो छे. तेम बाहुबलि आदिकने धर्मथीज इच्छित वस्तुनि प्राप्ति थएली छे.

दिने दिने मंजुलमंगलावलिः,
सुसंपदः सौख्यपरंपरा च ॥
इष्टार्थसिद्धिर्बहुला च बुद्धिः,
सर्वत्र सिद्धिर्जवति हि धर्मात् ॥ १ ॥

अर्थ- दनदन प्रते मनोहर मंगलोनी श्रेणि, उत्तम संपदाउ, सुखोनी श्रेणिउ, वांछित पदार्थोनी सिद्धि, अत्यंत बुद्धि, अने सर्व जगोए सिद्धि धर्मथीज थाय छे.

मंगलो आ जगतमां इव्यथी अने जावथी एम बे प्रकारनां छे. दधि, दूर्वा, अक्षत, चंदन विगेरे इव्य मंगलरूप छे. पण तेथी पण अधिक धर्मरूप मंगल छे. वली दर्पण, जजासन, स्व-स्तिक, कलश, मत्स्य, पुष्पमाला, श्रीवत्स, तथा नंदावर्त नामना आठ मंगलोपण इव्य मंगलरूप छे. वली पुण्यशाली पुरुषोने घेर देवपूजा, गुरुसेवा, विवाह आदिक महोत्सव, बंदिउना जयजय शब्दो विगेरे मंगलो हमेशां थाय छे. वली घरना द्वार-पासे मदोन्मत्त हाथीउ फुले छे; सोनेरी साजथी जूषित थएला घोडाउ हेषारव करे छे; वीणा, मृदंग, शंख विगेरेना मंगलिक शब्दो थाय छे, ते सघलुं धर्मनुंज महात्म्य छे. अहीं श्री शांति-नाथ चक्री आदिकनां दृष्टांतो जाणी लेवां. वली धर्मथीज ध-म्मिल्ल आदिकनी पेठे उत्तम संपदाउ मले छे. विक्रमराजानी पेठे धर्मथीज सुवर्ण पुरुषनी प्राप्ति थाय छे. वली धर्मथीज अजय-

कुमार आदिकनी पेठे उत्पादिकी, वैनयिकी, कार्मकी, अने पारिणामिकी नामनी चार प्रकारनी बुद्धिउं प्राप्त थाय छे.

पुंसां शिरोमणीयंते, धर्मार्जनपरा नराः ।
आश्रियंते च संपद्भि-र्लताभिरिव पादपाः ॥ १ ॥

अर्थ– धर्म उपार्जन करवामां तत्पर एवा पुरुषो जगतमां शिरोमणिरूप थाय छे, तेम लताउंथी जेम वृक्षो तेम संपदाउंथी तेउं आश्रित थाय छे.

अहीं सारंगशाह, समराशाह, जगसिंशाह, पेथडशाह, वस्तुपाल, विमलशाह, जावडशाह, बाहडमंत्री, कुमारपाल राजा, आमराजा विगेरेनां दृष्टांतो जाणी लेवां.

वली नागिलाने तजनार भवदेवना भाइ भवदत्तनी पेठे लज्जाथी धर्म थाय छे, मेतार्य मुनिने हणनार सोनीनी पेठे भयथी धर्म थाय छे, वितर्कथी चंडरुद्राचार्यना शिष्यनी पेठे धर्म थाय छे, स्थूलभद्र पर मात्सर्य करनार सिंहगुफानिवासी साधुनी पेठे मात्सर्यथी धर्म थाय छे, अर्हन्नक यति मातानी पेठे अथवा स्थूलभद्रना नाना भाइ श्रीयकनी पेठे स्नेहथी धर्म थाय छे, सुहस्ति महाराजे प्रतिबोधेला द्रमकनी पेठे लोभथी धर्म थाय छे, बाहुबलिनी पेठे हठथी धर्म थाय छे, दशार्णभद्र राजानी पेठे अभिमानथी धर्म थाय छे, (अहंकारना संबंधमां गौतमस्वामी, सिद्धसेन दिवाकर, हरिभद्र सूरि विगेरेनां संबंधो पण जाणी लेवा.) नमि विनमिनी पेठे विनयथी धर्म थाय छे, ब्रह्मदत्त चक्रीनी पेठे शृंगारथी धर्म थाय छे, आभीर तथा आर्यरक्षित आचार्यनी पेठे कीर्तिथी धर्म थाय छे, कार्तिक शेठनी पेठे दुःखथी धर्म थाय छे, गौतम स्वामिए प्रतिबोधेला पंदरसो त्रण तापसनी पेठे कौतुकथी धर्म थाय छे, इलापुत्रनी पेठे विस्मयथी धर्म थाय छे, अभयकुमार तथा आर्द्रकुमारनी पेठे व्य-

वहारथी धर्म थाय छे, भरतचक्री तथा चंद्रावतंसनी पेठे भा-
वथी धर्म थाय छे, कीर्तिधर, सुकोशील, आदिकनी पेठे कुला-
चारथी धर्म थाय छे, जंबूस्वामी, धनगिरि, वज्रस्वामी, प्रसन्न-
चंद्र तथा चिलातिपुत्रादिकनी पेठे वैराग्यथी धर्म थाय छे. द-
माने विषे गजसुकुमाल, कुरगडुकमुनि, वीरप्रभु, पार्श्वप्रभु, खं-
धकमुनि आदिकनां दृष्टांतो जाणवां. शीलविषे सुदर्शन श्रेष्ठी,
मल्ली प्रभु, नेमिनाथजी, स्थूलभद्रजी, सीता, द्रौपदी, राजीमती
आदिकनां दृष्टांतो जाणवां. सम्यक्त्वविषे श्रेणिकराजा, नारा-
यण, तथा विक्रमराजा आदिकनां दृष्टांतो जाणवां. प्रभाविकप-
णाविषे श्री हेमचंद्राचार्य, जीवदेवसूरि, कालिकाचार्य, जिनप्रभ-
सूरि, विष्णुकुमार, यशोदेवसूरि, आर्यखपुटाचार्य, बप्पभट्टी-
सूरि, पादलिप्तसूरि, धर्मघोषसूरि, मानदेवसूरि, मानतुंगसूरि, ह-
रिभद्रसूरि विगेरेनां दृष्टांतो जाणवां, वधारे शुं कहेवुं? सर्व प्र-
कारथी करेलो धर्म महालाभकारी थाय छे. कह्युं छे के,

धर्मः श्रुतोऽपि दृष्टोऽपि, कृतो वा कारितोऽपि च ॥
अनुमोदितोऽपि राजेंद्र, पुनात्यासप्तमं कुलम् ॥ १ ॥

अर्थ– हे राजेंद्र! सांभलेलो, दीठेलो, करेलो, करावेलो अने
अनुमोदेलो एवो पण धर्म छेक सात पेहेढीउं सुधि पवित्र करे छे.

फलं च पुष्पं च सुतरुस्तनोति,
वित्तं च तेजश्च नृपप्रसादः ॥
ऋद्धिं प्रसिद्धिं ननुते सुपुत्रो,
भुक्तिं च मुक्तिं च जिनेंद्रधर्मः ॥ १ ॥

अर्थ– उत्तम वृक्ष फल अने पुष्पने विस्तारे छे, राजानी
कृपा धनने अने तेजने वधारे छे, उत्तम पुत्र धन अने प्रशंसाने
विस्तारे छे, अने जिनधर्म भुक्ति अने मुक्तिने विस्तारे छे.

आंबा, दाडिम आदिक उत्तम वृक्षो स्वादिष्ट तथा मनोहर

फलो आपे छे, तथा चंपक आदिक उत्तम जातिनां पुष्पवृक्षो सुगंधि पुष्पोने आपे छे, राजानी मेहेरबानी होय तो उदयन, वाग्भट्ट आदिकोनी पेठे द्रव्यनी तथा तेजनी प्राप्ति थाय छे, उत्तम पुत्र पोताना कुलनी अने पूर्वजोनी प्रख्याति करे छे. तेने माटे श्री आदिनाथ प्रभु, वीरप्रभु, रामचंद्रजी आदिकनां दृष्टांतो जाणी लेवां. तेवीज रीते श्री जैनधर्म पांडवो तथा सगरचक्री आदिकनी पेठे आ लोकमां राजऋद्धि आदिकना भोगो तथा परलोकमां मोक्ष आपे छे.

राजप्रसादो दिव्यास्त्रं, वाणिज्यं हस्तिरत्नयोः ॥
जैनधर्मस्तथैकोऽपि, महालाभाय जायते ॥ १ ॥

अर्थ— राजानी कृपा, दिव्य शस्त्र, तथा हाथी अने रत्नोनो व्यापार जेम, तेम एक पण जैनधर्म महालाभकारी थाय छे.

राजानी कृपा जेम तीर्थोद्धार, यात्रा आदिकनां महा लाभ माटे थाय छे, तेम जेम चक्र रत्न आदिक दिव्य शस्त्रोथी भरतचक्री, वासुदेव, बलदेव, चेडाराजा, कोणिकराजा, करकंडु, शिलादित्य आदिक राजाउए राज्यसमृद्धिउ मेलवेली छे, वली श्वेतहाथी विक्रम राजाने आपवाथी जावडना पिता भावडशाहे तेमना पासेथी मधुमती आदिक चोर्यासी गामो मेलव्यां हतां, वली मेतार्य अने कृतपुण्ये श्रेणिक राजाने रत्न आपवाथी तेनी पुत्री साथे लग्न कर्यां हतां, तथा आभड श्रावके सिद्धराजने मणि आपीने पांचसो गामोनी मालेकी, तथा सवाक्रोड सोनामोहोरो मेलवी हती, तेम जैनधर्म पण मोक्ष आदिकनो महालाभ आपे छे. कह्युं छे के,

द्युमणिस्पर्शपाषाण-दक्षिणावर्तशंखवत् ॥
कृष्णचित्रकवल्लिव-ल्लाभदं जिनशासनम् ॥ १ ॥

अर्थ— चिंतामणि रत्नना स्पर्शथी जेम पाषाण, तथा दक्षिणावर्त शंख, अने चित्रावेलीनी पेठे जिनशासन लाभ देनारुं छे.

अतिनिर्मला विशाला, सकलजनानंदकारिणी प्रवरा ॥
कीर्तिर्विद्या लक्ष्मी-र्धर्मेण विजृंभते लोके ॥ १ ॥

अर्थ– धर्मथी आ लोकमां अति निर्मल, विशाल, सघला लोकोने आनंद करनारी एवी कीर्ति, विद्या तथा लक्ष्मी फेलाय छे.

कीर्ति भाग्यथी मले छे, कह्युं छे के, जे माणसने राजाउ सज्जनो तथा गुरुउ वखाणे छे, तेने उत्तम पुरुष जाणवो. वली जे माणसने लुच्चाउ, चारणो, तथा वेश्याउ वखाणे छे, तेने अधम पुरुष जाणवो. निर्मल ब्रह्मचर्यव्रत पालनारा स्थूलभद्रजीनी, रामचंद्रजीना न्यायी राजनी, तेम श्री युगादि देवनी पण कीर्ति हजु विद्यमानज छे. विद्या पण पुण्यथीज मले छे. जेम श्रीबप्पभट्टीजी महाराज सातसो श्लोको हमेशां कंठे करता, वज्रस्वामीजीए पालणामां सुतां थकांज अग्यारे अंगोनो अभ्यास कर्यो हतो, दुर्बलिका पुष्पमित्रमुनि हमेशां घृतादिक स्निग्ध पदार्थोनुं भोजन करता हता, छतां विद्याना अध्ययनना श्रमथी ते हमेशां दुर्बलज रहेता हता; श्री सोमप्रभसूरिजीने एक गाथाना एकसो अर्थो करवानी शक्ति हती; देवसूरिजी महाराजनी वादलब्धि जगतमां प्रसिद्धज छे; हेमचंद्राचार्यजीने व्याकरणादिक अनेकशास्त्रो रचवानी शक्ति हती. मलयगिरिजी तथा अभयदेवसूरिजी महाराजने अनेक सिद्धांतोपर टीकाउ करवानी शक्ति हती. ते सघलो धर्मनोज प्रभाव हतो. वली लक्ष्मीपण पुण्यने अनुसरनारीज छे. जेम मुहणसिंह शेठ जगतमां सत्यवादी प्रसिद्ध हता. एक दहाडो तेने जूठुं बोलाववा माटे बादशाहे सभा समक्ष पूछयुं के, तारा घरमां केटलुं द्रव्य छे? त्यारे मुहणसिंह शेठे पोतानी सर्व देशावरोनी पेहेढीउनुं सरवायुं वांची कह्युं के, मारा स्वाधिनमां चोर्यासी लाख सोनामोहोरो छे. ते सांभली संतुष्ट थएला बादशाहे तेने बीजी सोल लाख सोनामोहोरो आपीने तेने कोटीध्वज कर्यो. तथा मोटा उत्सवपूर्वक तेना घरपर तेणे को-

टिध्वजनी पताका बंधावी आपी. पछी ते लक्ष्मीने शेठे दान आपीने कृतार्थ करी.

सुकुलजन्म विभूतिरनेकधा,
प्रियसमागमसौख्यपरंपरा ॥
नृपकुले गुरुता विमलं यशो,
भवति धर्मतरोः फलमीदृशम् ॥ १ ॥

अर्थ– उत्तम कुलमां जन्म, अनेक प्रकारनी विभूति, प्रिय सज्जनोनो समागम, सुखनी श्रेणिर्ज, राज्यकुलमां मोटाइ, तथा निर्मल यश ए सघलां धर्मरूपी वृक्षनां फलो छे.

ईक्ष्वाकु आदिक उत्तम कुलोमां धर्मना माहात्म्यथीज जन्म थाय छे; वली ते जन्मने शोभावनारी लक्ष्मी पण धर्मथीज थाय छे लक्ष्मी छे ते खरेखरुं मनुष्यनुं भूषण छे. केमके रामचंद्रजी महाराज उत्तम कुलना हता, तोपण वनवास समये ज्यारे ते वशिष्ठ ऋषिना आश्रममां पधार्या, त्यारे ते समये ते निर्धन होवाथी ऋषिए तेमने कंइ सन्मान आप्युं नहीं. पछी रावणनो जय करीने, अने लंकानुं अधिपतिपणुं मेलवीने ज्यारे ते पाछा तेज आश्रममां आव्या त्यारे वशिष्ठ ऋषि उभा थइ तेनी सन्मुख गया, तथा तेमने आसन आदिक आपी तेमनी घणीज आगत-स्वागत करी. त्यारे रामचंद्रजीए तेमने कह्युं के, तेज तमो छो, अने तेज हुं छुं, तथा तेज तमारो आश्रम छे, पण पूर्वे तो तमो मने कंइ पण आदरमान आप्युं नहीं, अने हमणां आपो छो तेनुं शुं कारण छे? त्यारे वशिष्ठ ऋषिए कह्युं के, तेज तमो छो, तेज हुं छुं अने तेज अमारो आश्रम छे, पण पूर्वे ज्यारे तमो पधार्या हता, त्यारे तमो निर्धन हता, अने हमणा तो तमो सधन थया छो, अने तेने लेइने हुं तमोने आदरमान आपुं छुं. माटे

धनमर्जय काकुस्थ, धनमूलमिदं जगत् ॥
अंतरं नैव पश्यामि, निर्धनस्य मृतस्य च ॥१॥

अर्थ– हे रामचंद्रजी ! तमो धन मेलवो ? केमके, आ जगत धन छे मूल जेनुं एवुंज छे; निर्धन माणस अने मुडदां वच्चे कंइंपण हुं अंतर जोतो नथी.

धर्मो महामंगलमंगभाजां, धर्मःपिता पूरितसर्वकामः॥
धर्मो जनन्युद्दलिताखिलार्तिः,धर्मः सुहृद्वर्धितनित्यहर्षः

अर्थ– प्राणीउने धर्म महामंगलरूप छे, तेम पितानी पेठे सर्व इछितोने आपनारो छे, वली मातानी पेठे सर्व पीमाउने दूर करनारो, तथा मित्रनी पेठे हर्ष वधारनारो छे.

बुद्धेः फलं तत्वविचारणं च,
देहस्य सारं व्रतधारणं च ॥
अर्थस्य सारं किल पात्रदानं,
वाचः फलं प्रीतिकरं नराणाम् ॥ १ ॥

अर्थ– बुद्धिनुं फल तत्वविचार छे, शरीरनुं सार्थक व्रतधारवारूप छे, धननुं फल सुपात्रदान छे, अने वाणीनुं फल लोकोने प्रेम उपजाववो, ते छे.

एवी रीते आ श्री उपदेशतरंगिणी नामना ग्रंथनुं गुजराती भावार्थवालुं भाषांतर जामनगर निवासि पंमित श्रावक हीरालाल वि. हंसराजे गुरुमाहाराज श्री चारित्रविजयजीनी कृपाथी करेलुं छे. तेमां जे भूल चुक थइ होय ते "मिछामिछुक्कडं"

इति तपगछेश श्री सोमसुंदर सूरि श्री रत्नशेखर सूरि. पं० नंदि रत्नगणि शिष्य श्री रत्नमंदिरगणि गुंफितायां. श्री उपदेश तरंगिण्यां धर्मोपदेश रूपः पंचम स्तरंगः समाप्तः ॥ श्रीरस्तु ॥

हीनपुण्या न पश्यंति, रागांधास्तत्वसंस्थितिम् ॥
लाभेऽलाभफलं चैव, लभंते ते नराधमाः ॥ १ ॥

समाप्तोऽयं ग्रंथः ॥ श्रीरस्तु ॥